
કુમાર

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ પિસ્તાળીસમું · અંક દસમો
ઑક્ટોબર · ઓગણીસસો અડસઠ
તંત્રી · બ. રાવત



નાગદમન · એક પ્રાચીન શિલ્પનું રેખાંકન
નાગનાગિણીના શરીરવળાંકની મનોરમ રચના
(શ્રી પ્રભાશંકર સોમપુરાની ચિત્રનોંધ પરથી)

ઑક્ટોબર ૧૯૬૮ • અંક ૫૩૮

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી



राष्ट्रस्य पितरौ वंदे

ફોટો • લેફ. કર્નલ બલવન્ત ભટ્ટ

આ એક વ્યક્તિએ અપાર કરુણા ને વત્સલતાથી, જાગ્રત પરિણામ દૃષ્ટિથી અને સતત ક્રિયાશીલતાથી આ દેશના પ્રશ્નોને વિધાયક દૃષ્ટિએ ઉકેલવા પ્રયાસ કર્યો હતો. એ પદ્ધતિની પાછળ સ્વાર્થ નહિ પણ સ્નેહ હતો, સત્તાની આકાંક્ષા નહિ પણ ગીતાપ્રોક્ત સ્પૃહારહિત કર્તવ્યબુદ્ધિ હતી, મમત નહિ પણ જાગ્રત નિરહંકાર હતો. જો આ જ સમાજકલ્યાણનું વ્યાકરણ હોય, તો એ ગાંધીજીને કોઠે હતું. એથી જ, પોતાના આયુષ્યકાળમાં એ ચમત્કારો સરજી શક્યા, એક દરિદ્ર, મૂઢ, પરવશ પ્રજાની ચેતનાને ઢંઢોળીને એક મહાન સાંસ્કૃતિક વારસાનું આત્મભાન તેનામાં પ્રકટાવી શક્યા, એક વિશાળ સામ્રાજ્યને હચમચાવી શક્યા અને દેશને સ્વરાજ્યને કાંઠે નાંગરી શક્યા.

—યશવંત શુક્લ

યુગયોગી સમા પતિની પતની:
સતી અંતર એક હતી લગની;
મારું આપોપું આખુંય ઓગાળીને
એના આદર્શની રહું છાયા બની!

અને એ વ્રતની વ્રતિની બનીને જેણે જીવનને ધન્ય નામ કર્યું.
એનું સ્મારક, અર્પણ-ઓપતી પૃથ્વીના એકએક અણુ માંહીં ભર્યું.

—કરસનદાસ માણેક



રાગિણી ધનાશ્રી રાગમાળાનાં ચિત્રો એ ૧૭મી સદીનું એક અનોખું કલાસર્જન છે. વિવિધ રાગરાગિણીઓમાં સજીવારોપણ કરી એની આસપાસ પ્રકૃતિ દ્વારા એનાં ભાવલક્ષણોને જે કલામયતાથી તાદશ કરાયાં છે તેમાં એ કાળની સંસ્કારસમૃદ્ધિનું દર્શન પણ થાય છે. કલ્લિનાથમત અનુસાર રાગિણી ધનાશ્રીને મેઘ રાગની ચોથી સ્ત્રી માનવામાં આવે છે. વર્ષોત્તર કાળમાં આ રાગિણીમાં શૃંગાર રસનું નિરૂપણ કરાય છે. અહીં ચિત્રકારે પણ વર્ષા પછીની પ્રફુલ્લિત પ્રકૃતિને તાદશ કરવા સાથે તેમાં ધનાશ્રીને મૂર્તિમંત કરી ચિત્રમાં સજીવતા આરોપી છે.
(બ્લૉકો : 'સમર્પણ'ના સૌજન્યથી)

વિદાય / હરિકૃષ્ણ પાઠક

ઢોલ અને શરણાઈ તણા જ્યાં શમ્યા ઝ્હાવરા સૂર,
મિલનની વેળાનાં વસમાં વહ્યાં સામટાં પૂર.

ભર્યું તો ય ઘર લાગે ખાલી, ખખડે ખાલી વાટ,
લીલાં અતલસ ઓઢી જ્યાં અળગી ચાલી આ' માટ.

વિદાયની બે વાતો આછાં ફૂસકાં લઈને ફૂબી,
આંસુના છલછલ સાગરમાં, હામ હયાંની ખૂટી.

હવા નિસાસા લૈને ફરતી, અપલક ઊભી ભીંત,
મૂગા ઓળા ભમે, હોઠથી ખરી પડયાં રે ગીત.

ઠામઠેકાણેથી ટહૌકે એની યાદભર્યા ભણકાર,
રિક્ત રિક્ત હૈયામાં વ્યાપે ઘૂઘવતો સૂનકાર.

ઊઘડયું જ્યાં ભોર / વ્રજલાલ દવે

નેણમાં ઊઘડયું જ્યાં ભોર,
સૂકલે લાકડે અંકોર!
ઝાંખરે વળગ્યાં કંકોળ
એનાં રટવાં શાં ઘોળ!
સાખને પંચમના રોળ
સાથે બેઠા મલકી ર્હોર...
વેણુને સૂસવતે દાગ
જલતા જળના સોહાગ,
કૂની આંટો લેતી આગ
સાગને પાંદડે ઝિંગોર...
ટીંબે તો કાળી ધોળી ધૂળ,
કાળનાં બટકેલાં મૂળ;
તૃણની ઝલે તોય ઝૂલ
ઊગ્યા જલના કલશોર...
નેણમાં ઊઘડયું જ્યાં ભોર
સૂકેલ લાકડે અંકોર...

'ડાળ ભરાયો
પતંગ' ચીસો પાડે
વા સૂસવતો.
(કનુભાઈ જાની)

વાંસળી કોની વાગે? / ઉસ્માન પઠાન

પ્રીતમ તારા ગાનને મારગ વાંસળી કોની વાગે?
રેતી પર પથરાતું હૈયું તો ય કાં સૂનું લાગે?
કેવડિયાનો કૂણો કાંટો કાળજડાને પજવે,
આકડે ઊડતું ઊજળું છોગું અંતર મારું સજવે!
નાવલિયાના બોલ બધાયે વગડે વગડે ગાજે...
વાંસળી કોના વાગે?
થોરના થડમાં તેતરબચ્ચું કિલકિલ હૈયે રમતું
તરણે તરણે તાનમાં આવ્યું ઝાકળિયું ઝરમરતું;
ચીલે ચીલે પંથ બનીને પ્રત્યેક પગલું જાગે...
વાંસળી કોની વાગે?
ખીણની ખૂંધી ભેખડ કાંધે ગરજે ઘનસિંહ ઘેલો,
ડુંગરિયા દે હાથ દઈને નભને અંતરહેલો!
સાગરિયાની ગોદમાં ઊંઆં ઢોલ જોબનનાં બાજે...
વાંસળી કોની વાગે?

નહિ મળે / જગદીશ ભટ્ટ / (ગઝલ)

કોને ખબર કે આપનો ઉત્તર નહિ મળે?
અમને હતું કે રાહમાં પથ્થર નહિ મળે.

પગલાં અલગ અલગ રહીને વિસ્તરી જશે,
રસ્તા પછી તો આપણા પગભર નહિ મળે.

પાણી વિહોણા મીન સમો થઈ જશે આ શ્વાસ,
જ્યારે તમારી ઝંખના ક્ષણભર નહિ મળે.

જગના અનુભવે જ શીખાયું છે આ બધું,
કંટકને પાનખર સમું કો' ઘર નહિ મળે.

આવો, હે અશ્રુઓ! હું હથેળીમાં સાચવું,
તમને મહેક મેં'દીની મનભર નહિ મળે.

જીવનદર્શન · ૧૬

દુઃખની છાયા

ફાધર વાલેસ

દુઃખ વિષે વાત કરવી એ સહેલું કામ નથી. પોતે દુઃખમાં હોઇએ ત્યારે વાત જ ન સૂઝે, અને સુખમાં હોઇએ ત્યારે દુઃખની વાત કરવાનો શો અધિકાર રહે? પણ જીવનમાં દુઃખ છે એટલે સાચા જીવનદર્શનમાં દુઃખની વાત આવવી જોઇએ.

ઑસ્પિટાલના ખાટલામાં કુમળી બાળા પડેલી છે. મોટરના અકસ્માતમાં તેનાં માબાપ માર્યાં ગયાં છે અને પોતાને ઈજા થઈ છે. તે હજી ભાનમાં આવી નથી. માથે પાટો છે. શ્વાસોચ્છ્વાસ ધીમે ચાલે છે. આંખો ઉઘાડશે ત્યારે 'પપ્પા, મમ્મી' કરશે અને ખબર પડશે કે દુનિયામાં હવે એનું કોઈ નથી. એની શાંત, નિર્દોષ, મોહક મુખમુદ્રા નિહાળીને મનમાં ત્રાસ સાથે પ્રશ્ન ઊઠે છે, આમ કેમ?

ઘર આજે સૂનમૂન છે. કોઈ બોલતું નથી. મિલમાં તંગી આવતાં માલિકે કામદારો ઓછા કર્યા છે, અને એમાં પાંચ જીવ માટે રોટલો રળનાર સપડાયો છે. ઘેર અન્ન નહિ, પૈસો ય નહિ. એક પ્રામાણિક કુટુંબ માટે દુઃખના દિવસો શરૂ થયા. આમ કેમ?

એ છોકરાએ સારી મહેનત કરી હતી. મહેનત કર્યા વગર એને પાલવે એમ નહોતું કારણ કે એ સ્કોલરશિપ લઈને ભણતો હતો અને જો એક વાર પણ નાપાસ થાય તો સ્કોલરશિપ બંધ થાય અને ભણવાનું પણ બંધ થાય. પણ પરીક્ષા પહેલાં માંદગી આવી. બેઠો તો થયો પણ અશક્તિ રહી, અકળામણ આવી, પહેલું પેપર બગડયું. પરીક્ષા જેમતેમ પૂરી કરી ને ચિંતા સાથે પરિણામની રાહ જોવા બેઠો. આજે પરિણામનો દિવસ છે. જુએ છે ત્યારે છાપામાં એનો નંબર નથી. અને એના દિલમાં હવે જીવવાનો ઉત્સાહ પણ નથી. આમ કેમ?

દુઃખનાં દર્શન રોજ થાય છે. તો યે દિલ ટેવાઈ જતું નથી. માણસ દુઃખ પોતાનામાં જુએ કે બીજામાં જુએ, સગામાં જુએ કે પારકામાં જુએ, મિત્રમાં જુએ કે દુશ્મનમાં જુએ, પણ એ અશુભનો અવતાર જોતાં એના મન ઉપર ગ્લાનિ છવાય છે અને એનું દિલ પોકારી ઊઠે છે, આમ કેમ?

પ્રશ્ન દિલનો હોવાથી પંડિતોના જવાબ એમાં કામ ન લાગે. દુઃખ (ને સુખ) કેવળ માયા છે, અવિદ્યા છે, મનનું સર્જન છે; વાસ્તવમાં સુખ પરમ નથી ને દુઃખ પણ નથી, તડકા ને છાયાનો ખેલ છે, ભરતી ને ઓટની

ઘટમાળ છે, પ્રકાશ ને અંધારાનો આભાસ છે, પણ સાચો સાધક એ દ્વંદ્વોથી પર છે, એ માયાથી અલિપ્ત છે, શાશ્વત બ્રહ્માવસ્થામાં રાચે છે. હશે; પણ પેલી ઑસ્પિટલની ઓરડીમાં પેલી નિર્દોષ બાળાની આગળ એ વાક્યો ઉચ્ચારીએ તો પાપ લાગે. સાચા જીવનસાધકને દુઃખ પણ થાય ને સુખ પણ થાય. એ પથ્થર નથી, માણસ છે અને માનવ-ધર્મ પાળવામાં જ એનો ઉગારો છે દુઃખની અવગણના એ દુઃખનું નિવારણ નથી. આંખો બંધ કરવાથી રસ્તો જડવાનો નથી.

આંખો જરા ઉઘાડીએ દુઃખની કળ વળી હોય. વિયોગની વ્યથા કંઈક શમી હોય, લાચારીનાં આંસુ સુકાઈ જાય ત્યારે જરા સ્વસ્થ થઈને વિચાર કરીએ કે દુનિયામાં દુઃખ ન હોત તો? પૃથ્વીમાં કોઈ પણ અપ્રિય તત્ત્વનો બિલકુલ પગપેસારો ન હોત તો? દેહને કદી કષ્ટ ન હોત, મનને ચિંતા ન હોત, હૃદયને દુઃખનો સ્પર્શ પણ ન હોત તો? તો તો જીવનમાં કેવી મઝા આવત! બસ, સુખ, સુખ ને સુખ. પૃથ્વી ઉપર સ્વર્ગ એમ? પણ ત્યારે વિચાર આવે છે કે જો જીવનમાં કોઈ અગવડ ન હોત, મુશ્કેલી ન હોત, દુઃખ આપી શકે એવી કોઈ વસ્તુ ન હોત તો બીજાને માટે પ્રેમ છે એ આપણે શી રીતે સિદ્ધ કરી આપત? કહે છે સંસ્કૃત સુભાષિતમાં—કે મિત્રની પરીક્ષા આપત્તિ વખતે થાય, શૂરવીરની પરીક્ષા રણક્ષેત્રમાં થાય, સ્ત્રીની પરીક્ષા નિર્ધન ઘરમાં થાય અને ભક્તની પરીક્ષા ફજેતીમાં થાય. મિત્ર સાચો હોય કે બનાવટી હોય, પણ માથે આપત્તિ આવી પડશે ત્યારે સાચો મિત્ર રહેશે ને બનાવટી મિત્ર જશે. સૈનિકો તો પરેડમાં બધા બહાદુર લાગે છે પણ રણમેદાનમાં ચડે છે ત્યારે કોણ શૂર ને કોણ કાયર એ માલૂમ પડે છે. લગ્નમંડપમાં કન્યા સુંદર લાગે, પણ ઘરનું ધન લુંટાય ત્યારે તેનું સોનું પરખાય. ભક્તિ તો ઘણા કરે પણ ભક્તિ કરતાં આબરૂ જાય ત્યારે ઓછા ભક્તિને વળગતા રહે. હવે એ સાચા મિત્રને પોતાની સાચી લાગણી સાબિત કરવી છે, શૂરવીરને પોતાની બહાદુરી દુનિયાને બતાવવી છે, સતીને પોતાનું સમર્પણ સિદ્ધ કરવું છે, સાચા ભક્તને પોતાની ભક્તિની ખાતરી કરાવવી છે. પરંતુ જો આપત્તિ ન હોત, જો યુદ્ધ ન હોત, જો કસોટી ન હોત, જો ફજેતી ન હોત તો એ મિત્ર ને એ સૈનિક ને એ સ્ત્રી ને એ ભક્ત પોતાના દિલના ગુણ કેવી રીતે બતાવી શકત? પૃથ્વી ઉપર જો દુઃખ ન હોત તો માણસ બીજા માણસ માટે પોતાનો પ્રેમ કેવી રીતે સિદ્ધ કરી શકત? અને પોતાનો પ્રેમ સિદ્ધ કર્યા વગર કેવી રીતે જીવી પણ શકત?

માતા પોતાના પેટના બાળક માટે ઘણું ઘણું સહન કરે છે અને હસતે મોંએ સહન કરે છે કારણ કે એ પોતાના પ્રેમનું પ્રમાણ છે. વેદનામાં જન્મ આપે એટલે જનેતા કહેવાય બાળક મોટું થશે ન બની માએ એને માટે શું શું કર્યું છે એનો ખયાલ એને આવશે ત્યારે એના પ્રેમની કદર કરશે. બલિદાન એ પ્રેમનું પ્રમાણ.

માનવહૃદયનો ભારેમાં ભારે કોડ એ રહ્યો: જેમના માટે એને દિલની લાગણી છે તેમની આગળ એ પ્રેમ સિદ્ધ કરવાનો. ને એમાં એને દુઃખની પાસેથી મદદ લેવી પડે છે. 'મેં તારી ખાતર આટલું બધું સહન કર્યું તો તારા માટે મને કેટલો પ્રેમ હશે?' એ સનાતન ન્યાય થયો. માટે પૃથ્વી ઉપર દુઃખ ન હોત તો માણસ એ ક્યાંથી પકડી લાવ્યો હોત. દુઃખ વિના એનો પ્રેમવ્યવહાર ન ચાલે, એનું જીવન ન ચાલે.

અને બીજાઓ ઉપર તો ઠીક, પણ ભગવાન ઉપરનો પોતાનો પ્રેમ માણસ કેવી રીતે બતાવશે? એ એનો જીવનપ્રશ્ન છે. પોતાના સર્જનહાર, પોતાના પ્રભુ પોતાના પિતા માટે એ પોતાનો પ્રેમ બતાવી આપે તો જ એ ખરો. અને એમાંય દુઃખ કામ લાગે. એ સર્જનહારની સૃષ્ટિમાં માણસને દુઃખ નડે, એ પ્રભુના અમલમાં એને અગવડ પડે, એ વિધાનની આજ્ઞા અને અપ્રિય લાગે ત્યારે જ પોતાની શરણાગતિ અને પોતાની ભક્તિ ને પોતાનો પ્રેમ બતાવવાની એને તક મળે. પરીક્ષા ન હોય તો વિદ્યાર્થી પોતાની લાયકાત શી રીતે બતાવે?

તેજસ્વી વિદ્યાર્થીની કસોટી કરવા શિક્ષક એને અઘરું પેપર આપે ને વિદ્યાર્થી એ માટે ફરિયાદ કરતો નથી, ઊલટું એમાં ગર્વ અનુભવે છે કારણ કે એથી એની કદર થઈ છે ને એનો બદલો પણ વધારે મળશે. ભગવાન પણ માણસ માટે શું એવું નહિ કરતો હોય? અને તેથી 'બીજાઓ કરતા મને જિંદગીમાં વધારે દુઃખ મળ્યું છે' એ પોકળ ફરિયાદ કરવાને બદલે એ અઘરું પેપર લઈને આપણે ઉત્સાહથી એના જવાબ લખવા બેસીએ એ શું વધારે ઉચિત નથી?

દુઃખ તો ભગવાનને ત્યાંથી આવે છે. દુઃખ એ જીવનની દવા છે. તે એટલી ગુણકારી છે ને એટલી કડવી પણ છે કે તે આપવાનો અધિકાર ફક્ત એ પરમ વૈદ્યનો જ હોઈ શકે. અને તે એ આપે છે આપણી મૂર્ચ્છા મટાડવા માટે, આપણી તંદ્રામાંથી આપણને જગાડવા માટે, આપણા સાચા સ્વભાવ અને સાચા લક્ષની યાદ દેવરાવવા માટે. આપણને પૃથ્વી પર ફાવ્યું હતું એટલે ઉપર નજર રાખવાનું ભૂલી ગયા હતા, સંસારમાં ગમ્યું એટલે ત્યાં ધામો નાખ્યો ગાડીમાં બેઠા હતા પણ એ ગાડી એવી તો ગમી ગઈ કે તે આપણું ઘર જ છે એમ માનીને ત્યાં ઠરીઠામ થયા હતા. અને ત્યારે ભગવાન પોતાનો એ આગવો દૂત મોકલે છે, નિષ્ફળતા મોકલે છે, આપત્તિ મોકલે છે, દુઃખ મોકલે છે, ને એ આપણને યાદ દેવરાવે છે, ભાન કરાવે છે કે આ ગાડી તે ગાડી જ છે, સંસાર તે સંસાર જ છે, પૃથ્વી તે પૃથ્વી જ છે, પણ આપણું ખરું ઘર બીજે છે, વતન બીજે છે, સ્વર્ગ બીજે છે.

વિનોબાજીને કોઈએ પૂછ્યું કે, આ સૃષ્ટિમાં મચ્છર સાપ, વાઘ ને એવા ત્રાસદાયી જીવો કેમ હોય? એમણે જવાબ આપ્યો કે 'આ આપણું ઘર નથી તે આપણને યાદ દેવરાવવા માટે.' અને ગાંધીજી કહેતા કે દુઃખ એ એક દોરડું છે અને એ જો જોરથી પકડીએ તો એ આપણને ઠેઠ ઉપર ભગવાન સુધી ખેંચી લાવે. જોરથી પકડવાની શરત તો આવશ્યક છે. નહિ તો ઊલટા ખાડામાં પડીશું. જે માણસ દુઃખથી ભડકે, બીએ, નાસે તે વધુ ઊંડા દુઃખમાં પડી જાય. પણ જે માણસ ભગવાનના હાથમાંથી દુઃખ સ્વીકારે વધાવે, અપનાવે, જે શ્રદ્ધાથી ને આત્મબળથી એ દોરડું પકડે, જોરથી પકડે, હાથ છોલાય તો ય પકડતો રહે, સાંધા દુખે તો ય પકડતો રહે, કરાડ પર અધ્ધર ઊંચકાય તો ય પકડતો રહે એ માણસ ઊંચે ને ઊંચે ચડશે, સાધનાની ટોચ સુધી પહોંચશે ભગવાનની ગોદમાં સમાઈ જશે. તાત્કાલિક દુઃખ એ શાશ્વત સુખનું બીજ છે.

દુઃખ તો બધાને સ્પર્શે, જીવનના કોઈ ને કોઈ પ્રસંગે બધાને હરાવે, બધાને ઉગારે માટે આમાં ડહાપણ કરવાનો કોઈ હેતુ ન હતો. દુઃખ એ જીવનનું પરમ રહસ્ય છે, મર્મ છે. તેની ચાવી માણસની પાસે નથી. માટે નમ્રતાથી, આદરપૂર્વક, હળવે રહીને, પોતે દુઃખની દીક્ષા લીધા પછી એવા બીજા દીક્ષાર્થીઓની સાથે વિચારો—ને દિલના ભાવોની—આપલે કરવાનો હેતુ હતો. ઑસ્પિટલની ઓરડીમાં પેલી નિર્દોષ બાળા પાસે બેસીને, તેના શાંત ચહેરા તરફ જોઈને, તેનો કુમળો હાથ વહાલથી દબાવીને હૃદયના ઊંડાણમાં ઉદ્‌ભવેલા આ વિચારો છે, મંથન છે. પ્રસંગ આવશે ત્યારે ફરીથી એ મંથન ચાલશે.

આજથી બરાબર પંચોતેર વર્ષ પહેલાં શિકાગોની જે વિશ્વ-ધર્મ-પરિષદમાં સ્વામી વિવેકાનંદે હિંદુ ધર્મનું પ્રબળ પ્રતિનિધિત્વ કર્યું હતું એ જ પરિષદમાં જૈનધર્મ-સિદ્ધાંતની વિદ્વત્તાપૂર્ણ રજૂઆત કરનાર

વીરચંદ રાઘવજી ગાંધી

બધા ધર્મના પ્રતિનિધિઓ એક મંચ પર એકઠા થઈ વિચાર-વિનિમય કરી શકે અને ધર્મવિમુખ થએલા લોકોને ધર્માભિમુખ કરી શકાય એ માટે ઈ. ૧૮૯૩માં અમેરિકાના શિકાગોમાં ભરાએલી વિશ્વ ધર્મ-પરિષદમાં ભારતમાંથી ગએલા જુદાજુદા ધર્મના પ્રતિનિધિઓમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે શ્રી વીરચંદ રાઘવજી ગાંધી હતા, જેમની વિદ્વત્તાએ શ્રી વિવેકાનંદની જેમ અનેક વિદેશીઓને આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા

વીરચંદભાઇનો જન્મ ભાવનગર પાસેના પ્રાચીન નગર મહુવા (મધુમતી)માં ઈ. ૧૮૬૪ના ઑગસ્ટની ૨૫મીએ (સં ૧૯૨૦ શ્રાવણ વદ ૮) ધર્મનિષ્ઠ છતાં સુધારક પિતા રાઘવજી અને માતા માનબાઈને ત્યાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ મહુવામાં પ્રાપ્ત કરી તેઓ માધ્યમિક શિક્ષણ મેળવવા ભાવનગર ગયા અને ઈ ૧૮૮૦માં મૅટ્રિકની પરીક્ષા ભાવનગર જિલ્લામા પ્રથમ આવી પાસ કરી સર જસવંતસિંહજી સ્કૉલરશિપ પ્રાપ્ત કરી. લગભગ એ અરસામાં એમનાં લગ્ન થયાં.

ભાવનગરમાં ઉચ્ચ શિક્ષણની સુવિધા ન હોવાથી અને પુત્રનાં વિદ્યાપ્રીતિ, અધ્યયનશીલતા, બુદ્ધિ પ્રભાવ અને અસાધારણ એકાગ્રતા જોતાં અને ઉચ્ચ શિક્ષણથી વંચિત રાખવો એ યોગ્ય ન લાગતાં પિતા એમના ઉચ્ચ અભ્યાસ માટે જ સકુટુંબ મુંબાઈ આવીને વસ્યા અને મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં એમનું અધ્યયન શરૂ થયું. ઈ. ૧૮૮૪માં તેઓએ માનસહિત બી. એ. થઈને જૈનસમાજના પ્રથમ સ્નાતક થવાનો યશ પ્રાપ્ત કર્યો. એ પછી તરત જ જૈન ધર્મના ટ્રસ્ટ ફંડ અને ધર્મખાતાઓની દેખરેખ રાખવા, પશુવધ અને તીર્થસ્થાનોમાં યાત્રીઓને પડતી મુશ્કેલીઓ અટકાવવા, તેમ જ જૈન સમાજને સંગઠિત કરી એની સામાજિક-નૈતિક ઉન્નતિ કરવા ઈ. ૧૮૮૨માં સ્થપાએલા 'શ્રી જૈન એસોસીએશન ઑાવ ઇન્ડિયા'ના મંત્રી તરીકે એમની નિમણૂક થતાં એમના સામાજિક ને જાહેર જીવનનો પ્રારંભ થયો.



શ્રી વીરચંદ રાઘવજી ગાંધી
(ફોટો • શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબાઈના સૌજન્યથી)

મંત્રી તરીકે ફરજ બજાવતાં એમણે પોતાની કાર્યદક્ષતાથી પાર પાડેલાં કેટલાંક કાર્યોમાં પહેલું હતું પાલીતાણા આવતા યાત્રીઓ પરનો મૂંડકાવેરો નાબૂદ કરાવવાનું. જૈનોના તીર્થક્ષેત્ર પાલીતાણા આવતા યાત્રીઓ પર ઠાકોર સુરસિંહજીએ મૂંડકાવેરો નાખવા ઉપરાંત બીજી અનેક પ્રકારની રંજાડ પણ કરેલી, પરિણામે જૈન સમાજમાં ફેલાએલી રોષની લાગણીથી દુભાઈ આણંદજી કલ્યાણજીની પેઢીએ ઠાકોર સામે કેસ કર્યો પણ ઠાકોરની લાગવગથી પોલિટિકલ એજન્ટે શુદ્ધ ન્યાય ન આપ્યો. એથી આ પ્રશ્ન હાથમાં લઈ વીરચંદભાઇએ ગવર્નર લૉર્ડ રે અને પોલિટિકલ ઍજન્ટ વૉટને મળી સમર્થ રજૂઆત કરી મૂંડકાવેરો નાબૂદ કરાવ્યો.

'Charity begins at home'માં માનનારા આ સમાજ સુધારકે ઈ. ૧૮૯૦માં પિતાનું અવસાન થતાં રડવા-કૂટવા જેવી કેટલીક રૂઢિઓને તિલાંજલી આપેલી અને એ પ્રસંગે 'રડવા કૂટવાથી થતી હાનિ' નામનો નિબંધ પણ લખેલો.

સમેતશિખર પરનાં ડુક્કરોનાં ચરબી-માંસનું કારખાનું બંધ કરાવી તેઓએ કરેલી જૈન ધર્મ ને સમાજની સેવા પણ ચિરસ્મરણીય રહેશે. જૈનોના અગત્યના તીર્થધામ સમેતશિખર પર્વત પર પાલગંજના રાજાની સત્તા હોઈ એણે બેડમ નામના એક અંગ્રેજને એ પર્વત ભાડે આપ્યો હતો, જ્યાં બેડમે ડુક્કરોને મારી ચરબી, માંસ તૈયાર કરવાનું એક કારખાનું શરૂ કર્યું હતું. એની સામે કલકત્તાના રાય બહાદુર બાબુ બદ્રીદાસે કરેલી ફરિયાદ નિષ્ફળ જતાં 'જૈન એસોસીએશન ઑાવ ઇન્ડિયા'-એ સંપૂર્ણ બહુમતિથી વીરચંદભાઇને આ કેસની અપીલમાં સહાય કરવા કલકત્તા મોકલી આપ્યા. છ મહિના કલકત્તામાં રહી બંગાળી ભાષાનો અભ્યાસ કરી, દસ્તાવેજોના તરજુમા કરાવી એમાં થએલા ફેરફારો બતાવી તેમ જ પ્રાચીન પુસ્તકો, તામ્રપત્રો ને શિલાલેખોના ફોટોગ્રાફ્સ રજૂ કરી તેઓએ કેસને મજબૂત કર્યો અને 'સમેત શિખર જૈનોનું તીર્થસ્થાન છે, બીજા કોઇને ત્યાં દખલ કરવાનો અધિકાર નથી' એવો ચુકાદો મેળવી બેડમ સાહેબનું કારખાનું દૂર કરાવીને જ તેઓ જંપ્યા.

પણ વીરચંદભાઈની વિદ્વત્તાને અભિવ્યક્તિ આપતું એમનું સૌથી વધુ યશોદાયી કાર્ય તો છે એમણે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મના સિદ્ધાંતો સમજાવી એને વિશ્વખ્યાત કરવાનો પુરુષાર્થ કર્યો તે. અમેરિકાની આ સર્વધર્મ પરિષદમાં રેવરન્ડ જ્યૉર્જ એફ. પેન્ટેકોસ્ટ નામના લંડનના એક પ્રતિનિધિએ દક્ષિણ ભારતનાં કેટલાંક મંદિરોમાં દેવદાસી પ્રથાનો ઉલ્લેખ કરી એ સંબંધમાં અજુગતી નિંદા કરી ધર્મચર્ચાનું ગૌરવ જાળવ્યું નહિ. વીર-

ચંદભાઈએ એ પ્રતિનિધિની નિંદ્ય વાતને પડકારી અને દેવદાસીની પ્રથા વિશે સત્ય હકીકતો રજૂ કરી પરદેશીઓના ભ્રમનું નિરસન કર્યું.

અમેરિકાની પ્રજા સમક્ષ એક પ્રેરણાદાયી પ્રવચનમાં તેમણે ઈસુ ખ્રિસ્તને નામે થતાં જુલમો અને અન્યાયની આકરી ટીકા કરી. એમના એ ઉદ્ગારો આજે પણ સ્મરણીય છે:

'આ દેશમાં હું જ્યારથી આવ્યો છું ત્યારથી ઈસાઈ જગતની ઉદ્ઘોષણા છે કે આખુ વિશ્વ જિસસનું છે. આ બધું શું છે? આનો અર્થ શો છે? એ કોણ ઈસુ છે જેના નામ પર તમે વિશ્વ પર વિજય મેળવવા ઇચ્છો છો? શું અત્યાચારના કોઈ ઈસુ છે? શું અન્યાયના ઈસુ છે? શું સર્વ અધિકારોના નિષેધના કોઈ ઈસુ છે?...જો આવા ઈસુના નામ ઉપર તમે અમને જીતવા માગશો તો અમે પરાજિત નહિ થઈએ. પરંતુ જો તમે અમારી પાસે શિક્ષા, ભ્રાતૃભાવ અને વિશ્વપ્રેમના ઈસુના નામ પર આવશો તો તમારું સ્વાગત કરીશું. એવા જિસસને અમે જાણીએ છીએ અને અમને એમનો ભય નથી.'

જ્યાં વિશ્વના દસ હજાર જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને એક હજારથી વધારે નિબંધ વંચાયા હતા એવી આ વિશ્વધર્મ પરિષદમાં હાજર રહેવાનું આમંત્રણ તો મળ્યું હતું યુરોપ અને અમેરિકામાં પોતાની વિદ્વત્તાથી ખ્યાતિ પામેલા જૈન ધર્મના આચાર્ય શ્રી વિજયાનંદ સૂરિ (પૂ. આત્મારામજી) મહારાજને; પણ જૈન ધર્મની પ્રણાલિકા અનુસાર વિદેશ પ્રવાસ એમને બાધક હોઈ ધર્મપરિષદના સંચાલકોએ પ્રતિનિધિ તરીકે શ્રી વીરચંદભાઈને પસંદ કર્યા અને પરિષદમાં રજૂ કરવાના નિબંધ તરીકે 'શિકાગો પ્રશ્નોત્તર' નામનું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું.

પૂજ્ય આત્મારામ મહારાજ પાસે છ માસ રહી જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનો તલસ્પર્શી અભ્યાસ કરી વીરચંદભાઈ સ્વદેશી પહેરવેશ અને રોજિંદા જીવનમાં સંયમ રાખવાનો આદેશ મેળવી ઈ. ૧૮૯૩ના ઑગસ્ટમાં 'આસામ' સ્ટીમર મારફત શિકાગો ગયા. ત્યાં વિશ્વધર્મ પરિષદમાં ૨૫મી સપ્ટેમ્બરે જૈનધર્મના સિદ્ધાંતોની રજૂઆત એટલી વિદ્વત્તાથી કરી કે કેટલાંક વર્તમાનપત્રોએ એમનાં પ્રવચનોની અક્ષરશઃ રજૂઆત કરી. જૈનધર્મ પરના એમના પ્રવચનથી આકર્ષાઈ લોકોએ ઠેરઠેર એમનાં પ્રવચનો યોજ્યાં. અમેરિકાના બે વર્ષના વસવાટ દરમિયાન તેઓએ 'ગાંધી ફિલૉસૉફિકલ સોસાએટી' અને 'સ્કૂલ ઑવ ઓરીએન્ટલ ફિલૉસૉફી' નામની બે સંસ્થાઓ સ્થાપી ભારતીય દર્શનોનું તત્ત્વજ્ઞાન અમેરિકન પ્રજાને પીરસ્યું. અમેરિકન પ્રજાએ ખૂબ રસથી એમનાં પ્રવચનો સાંભળ્યાં એટલું જ નહિ પણ પરિષદે એમને રૌપ્યચંદ્રક આપી એમનું બહુમાન પણ કર્યું.

વિશ્વધર્મ પરિષદમાં પ્રતિનિધિત્વ કરી વીરચંદભાઈ પાછા ફર્યા ત્યારે સમાજમાં એક બાજુ એમના પરદેશગમન સામે વિરોધનો વંટોળ ઊઠ્યો હતો તો બીજી બાજુએ એમના પ્રશંસકોએ બુદ્ધિવર્ધક અને આર્યસમાજ સંસ્થાના ઉપક્રમે એમનાં પ્રવચનો ગોઠવ્યાં હતાં. પરિણામ એ આવ્યું કે મહાદેવ ગોવિંદ રાનડેના પ્રમુખસ્થાને ગોઠવાએલા એમના એક અભિનંદન સમારંભમાં ભારે ધાંધલ મચી અને લોકોએ એમને નાતબહાર મૂકવાની માગણી કરી. મુંબાઈ સંઘની વિરુદ્ધ પડી વીરચંદભાઈને વિદેશ મોકલવામાં આર્થિક સહાય કરનાર મગનલાલ દલપતરામે આ કટોકટીના સમયે નૈતિક હિંમત દાખવી અને એમની સાથે જમણવ્યવહાર રાખવા ઉપરાંત ભાયખલામાં બીજા બસો મહેમાનોનો જમણવાર રાખી એમનો પક્ષ મજબૂત બનાવ્યો.

વાતાવરણ વધુ તંગ બન્યું હોવાથી આગેવાનોએ વીરચંદભાઈને પ્રાયશ્ચિત્ત આપવા અંબાલા (પંજાબ) વસતા પૂ. આત્મારામજી મહારાજને લખ્યું પણ મહારાજે તો સ્પષ્ટ જણાવી દીધું કે વીરચંદભાઈએ વિદેશમાં આચારનું શુદ્ધ પાલન કર્યું હોઈ એમને તેની જરૂર નથી.

આ વાતથી વિરોધીઓને સંતોષ ન થયો એથી એમણે પૂ. મોહનલાલજી મહારાજનું માર્ગદર્શન માગ્યું. વીરચંદભાઈના સંપર્કમાં આવેલા મોહનલાલજી મહારાજે એકબાજુ એમને ખાનગીમાં મુંબાઈ ન આવવા જણાવ્યું અને બીજી બાજુ પોતાનાં વ્યાખ્યાનોમાં સમયને ઓળખવાની રાગદ્વેષથી પર રહેવાની સલાહ આપવાનું શરૂ કર્યું. ધીરે ધીરે લોકોના મનમાંથી આ વાત ભુંસાતી ચાલી અને અંતે જિતેન્દ્ર ભગવાનની સ્નાત્રપૂજા ભણાવ્યા બાદ એમને સમાજમાં સ્થાન અપાયું.

સ્વદેશ પાછા ફર્યા બાદ વીરચંદભાઈએ હેમચન્દ્રાચાર્ય વર્ગની સ્થાપના કરી અને વિશ્વધર્મ પરિષદના ધોરણે જ અજમેરમાં ભરાએલા 'ધર્મ મહોત્સવ'માં જૈનધર્મના પ્રતિનિધિ તરીકે હાજરી આપી.

આ સમય દરમિયાન અમેરિકામાં જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિના અધ્યયન માટે જિજ્ઞાસાનું વાતાવરણ જાગતાં તેઓને ફરી અમેરિકાનું આમંત્રણ મળ્યું. તા. ૨૦ ઑગસ્ટ ૧૮૯૬ના રોજ સ્વ. શ્રી પ્રેમચંદ રાયચંદ શેઠના પ્રમુખસ્થાને મળેલી સભામાં માનપત્ર મેળવી તેઓ અમેરિકા ગયા. અમેરિકામાં એમણે ઈ. ૧૮૯૬માં હિંદમાં પડેલા ભયંકર દુષ્કાળના સમાચાર સાંભળતાં વાર શિકાગોની જનતાને અપીલ કરીને રૂ. ૪૦,૦૦૦ રોકડા એકઠા કરી મોકલી આપ્યા અને તાત્કાલિક રાહત માટે અન્ન ભરેલું એક વહાણ પણ રવાના કરાવરાવ્યું.

આ દરમિયાન શત્રુંજય તીર્થ પર કોઈ આફત આવી પડવાથી જૈન સમાજે એમને પાછા સ્વદેશ બોલાવ્યા અને એ કેસ લડવા માટે ૧૮૯૭માં એમને લંડનમાં જવું પડ્યું. ત્યાં ફરી એક વાર એમણે શત્રુંજયતીર્થને બચાવી લીધું. એ ઉપરાંત ફ્રાન્સ, જર્મની અને યુરોપનાં કેટલાંય મોટાં શહેરોમાં ફરી અપૂર્વ માન અને યશ પ્રાપ્ત કર્યાં.

ઈ. ૧૮૯૯માં એમણે 'આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદ'માં એશિયાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી પોસ્ટ પાર્સલપદ્ધતિ સુધારવા, અને એને વિસ્તૃત કરી વિકસાવવા તેમ જ સંપૂર્ણ વાણિજ્ય શિક્ષણ આપવા અંગે મહત્ત્વનાં સૂચનો કર્યાં. તબિયત સારી ન રહેતી હોવાથી ઈ. ૧૯૦૧ના જુલાઈમાં તેઓ સ્વદેશ પાછા ફર્યા અને ભારતના ખૂણે ખૂણે ફરી જૈન ધર્મનો પ્રચાર કરવા ઇચ્છતા આ ધર્મવીરનું એ જ વર્ષના ઑગસ્ટની ૭મીએ મુંબાઈ મુકામે અવસાન થયું.

'હિંદુઓનું પ્રાગૈતિહાસિક જીવન', 'ભારતમાં લગ્નદરજ્જો', 'ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ', 'ભારતીય પ્રજાનાં સામાજિક રીત રિવાજો', 'હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મનું મુખ્ય તત્ત્વજ્ઞાન', 'ધી લૉ ઑવ ઍથિકલ કૉઝેશન', 'એ સોલ્યુશન ઑવ લાઈફ', 'રાજકીય ભારત', 'હિન્દુ, મુસ્લિમ અને અંગ્રેજ', 'હિન્દુ સ્ત્રીઓ-ભૂત, વર્તમાન અને ભાવિ', 'ઑકિટઝમ', 'ગાયનવિદ્યા', 'ભારતનો અમેરિકાને સંદેશ', 'ભારતની અમેરિકાને ભેટ', 'દર્શનની ત્રણ મૌલિક પ્રથાઓ', 'ભારતની રાજ્યનૈતિક અવસ્થા' વગેરે અનેક વિષયો પરનાં એમનાં વિદ્વત્તાપૂર્ણ ને મનનીય પ્રવચનો જૈન ફિલૉસૉફી કર્મ ફિલૉસૉફી, યોગ ફિલૉસૉફી વગેરે પુસ્તકોમાં પ્રસિદ્ધ થયાં છે. એ ઉપરાંત Notovitch નામના ફ્રેન્ચ લેખકના પુસ્તકનો An unknown life of Jesus Christ નામે કરેલો એમનો અનુવાદ ઈ. ૧૮૯૪માં શિકાગોમાં પ્રસિદ્ધ થયો ત્યારે એને ખૂબ આવકાર મળેલો.

શિકાગો, લંડન અને યુરોપના દેશોનાં અનેક મોટાં શહેરોમાં વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો આપનાર આ ધર્મવીરને કેટલાક એકનિષ્ઠ અનુયાયીઓ મળેલા, જેમાં હર્બર્ટ વોરન અને મિસિસ હાવર્ડ મુખ્ય છે. ઈ. ૧૮૯૪માં લંડન આવી વીરચંદભાઈએ (અનુસંધાન પૃ. ૪૦૮)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળ



બૉમ્બે આર્ટ સોસાયટીનો સુવર્ણ-ચંદ્રક મળ્યો તે નિમિત્તે સં. ૧૯૭૦માં મહેમદ ઉમંગથી તારાપોરવાલાને ત્યાં ખેંચાવેલો ફોટોગ્રાફ

૩૮૩. બૉમ્બે આર્ટ સોસાયટી

માર્ચમાં તો મારી છેલ્લી સ્કૂલ-ટર્મ પૂરી થવાની હતી, એટલે હવે મારે જાહેર ચિત્રકાર તરીકે બહાર નીકળવું પડવાનું; આ માટે દરેક વિદ્યાર્થી જાહેર પ્રદર્શન દ્વારા પોતાનું મૂલ્ય સ્થાપવાની ઇચ્છા રાખતો, તેમ મેં પણ વિચાર્યું. તે માટે મુંબાઈની આર્ટ સોસાએટી હિંદુસ્તાનભરમાં કલાસ્પર્ધાનું ક્ષેત્ર બની હતી કલકત્તા-મદ્રાસમાં પણ ચિત્રકામનું ક્ષેત્ર હજી વિશાળ થયું નહોતું. કલકત્તામાં તો 'ઇન્ડિયન સોસાએટી ઑવ ઓરીએન્ટલ આર્ટ'ની બોલબાલા હતી પણ પાશ્ચાત્ય ધોરણોની શ્રેષ્ઠતા માનતો વર્ગ ત્યાં બહુમતિમાં હતો, એટલે કલકત્તાના સારા ચિત્રકારો પણ તેમની કૃતિઓ મુંબાઈ મોકલતા. કોઈ કોઈ સીમલાના પ્રદર્શનમાં પણ મોકલતા. પરંતુ ઊગતા કલાકારોમાંથી ભાગ્યે જ કોઈ એવાં દૂરનાં પાર્સલો કરતા. મુંબાઈના ચિત્રકારોમાં મહારાષ્ટ્રીય ચિત્રકારોનું જૂથ મોટું હતું અને અગાઉ નીકળી ગએલા ધુરંધર, મ્હાત્રે ત્રિન્દાદ, હલદનકર આદિ મોખરે રહેતા. તે સાથે નવોદિતોમાં માધવરાવ જોષી, સરદેસાઈ, સજીવ, રાંગણેકર પરાંદેકર, વગેરે નિયમિતરીતે પ્રદર્શનમાં કૃતિઓ આપતા. પારસી ચિત્રકારો મોટે ભાગે પૉર્ટ્રેટ તસવીરો જ લાવતા. સર્જિત ચિત્રો માટે મુલ્લરનું નામ ગાજતું. બાકી 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'ના યુરોપીઅન ચિત્રકારો પણ આગળપડતો ભાગ લેતા. મહારાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંના કેટલાક સારાં દૃશ્યચિત્રો કે લોકપાત્રોનાં ચિત્રો ત્રીજા વર્ષમાંથી મોકલવાનું શરૂ કરતા અને ચિત્ર પ્રદર્શન માટે ચૂંટાય તેમાં પણ સફળતાનો સંતોષ લેતા. તેમાં વળી recommended કે highly recommended. (સ્તુત્ય અને અતિસ્તુત્ય)ની પટ્ટીઓ લાગે તો મોટી વાહવાહ સમજતા. કાંસ્ય, તામ્ર, રૌપ્ય અને સુવર્ણચંદ્રક તો નવીન કલાકારોનું સ્વપ્ન ગણાતું. એ માટે તો વર્ષોવર્ષ પ્રદર્શનમાં ઊભા રહેતા પ્રૌઢ ચિત્રકારોમાં જ સ્પર્ધા રહેતી. ચિત્રપરીક્ષણ માટે નિષ્ણાતો અને અનુભવી જનોની સમિતિ નિમાતી. અને પ્રદર્શનનું ઘણાં ચિત્ર બ્લૉકોવાળું એક સૂચિપત્ર છપાતું. પ્રદર્શનનું ઉદ્‌ઘાટન અચૂકપણે ગવર્નરના હાથે થતું. જેમની ચિત્રકૃતિ પ્રદર્શનમાં રજૂ થઈ હોય તેમને જ એ સમારંભમાં નિમંત્રણ મળતું. જેમનાં ચિત્રો ખપી જાય તેમને ભારે ધન્યવાદ મળતો. પાંચ વર્ષથી હું આ પ્રવૃત્તિઓ જોયા કરતો પણ જાહેરમાં ચિત્રો મૂકવાનો ઉમળકો કદી આવ્યો ન હતો.

પરદેશના ચિત્રકારોનાં ચરિત્રોનાં વાચનથી મારી તો માન્યતા બંધાઈ હતી કે વર્ષોના પરિપાક પછી જ લોકો કલાકારની કદર કરતા થાય છે. આરંભનાં વર્ષો તો અવગણના અને વિગ્રહનાં જ હોય છે. મારા મન પર ઇંગ્લંડ-યુરોપનાં પ્રદર્શનોનાં ધોરણ સવાર થઈ ગયાં હતાં. એવું કામ થઈ શકે નહિ ત્યાં સુધી 'આર્ટિસ્ટ' નામ ધારણ કરવામાં હું દંભ માનતો.

૩૮૪. પ્રદર્શનમાં પ્રથમ પ્રવેશ અને—

પણ હવે મારી વિદ્યાર્થી-અવસ્થા પૂરી થવા આવી હતી અને ધંધાદારી થવા માટે માથું ઊંચું કરી જગતમાં માર્ગ કરી લેવાની દરેક તકનો ઉપયોગ કરવાનો હતો. એટલે કંઈક કસોટી તો આપવી જ પડશે એ ઇરાદાથી મેં જાન્યુઆરીમાં મારાં ત્રણ ચિત્રો પ્રદર્શનમાં મૂકવાનો નિશ્ચય કર્યો, અને તેને ફ્રેમ કરાવવા માટે કાલબાદેવી પર મારા મિત્ર બચુભાઈએ ઓળખાવેલા ડોસા માધવજી મિસ્ત્રી પાસે લઈ ગયો. એ ડોસો પણ માયાળુ હતો. તે કહે : 'ના ભાઈ ના, તું હજી વિદ્યાર્થી છો, તે સસ્તામાં કામ કરી આપીશ.' તે ખરેખર સસ્તો તો હતો પણ તેને પ્રદર્શનની રીતભાતની ગમ નહોતી, તેમ એવી સજાવટ કરવાનો સામાન પણ તેની પાસે નહોતો.

પ્રદર્શનમાં ચિત્રો પહોંચાડવા આડે એક દિવસ બાકી હતો ત્યારે મેં હાજીને વાત કરી કે હું મારાં ચિત્રો હવે પ્રથમ વાર આ પ્રદર્શનમાં મૂકવાનો છું, અને તેમાં 'બિલ્વમંગળ'નું ચિત્ર પણ પસંદ કર્યું છે. હાજીએ પૂછ્યું 'ફ્રેમો ક્યાં અને કેવી રીતે કરાવી છે તે મને બતાવો.' હું તેમને માધવજી મિસ્ત્રીની ગોલકમાં લઈ ગયો. તસવીરકામ તરીકે મારા પિતાશ્રીનું પોર્ટ્રેટ અને બીજું એક નાનું ચિત્ર હતું તે તેમના ધ્યાનમાં ન આવ્યું, પણ 'બિલ્વ મંગળ'નું ચિત્ર ગોળ કટવાળા બ્રાઉન માઉન્ટમાં અને કાળા વાર્નિશની ફ્રેમમાં જોઈ બોલી ઊઠ્યા : 'અરરર...આ શું કર્યું? ચિત્રને સાવ મારી નાખ્યું છે! તમને ખબર નથી કે બીજી ફ્રેમો વચ્ચે આના શા હાલ થશે. ગોલ્ડ માઉન્ટ અને ગોલ્ડ ફ્રેમ વિના પ્રદર્શન કમિટીની નજરમાં પણ આ નહિ આવે. આ તો ભઈ, સ્કૂલના ચાર્ટ માટેની ફ્રેમ છે. મિસ્ત્રીને તેના પૈસા આપી દેજો અને હમણાં જ ચાલો મારી સાથે કોટમાં. સ્ટાર ફ્રેમવાળા વિના કોઈ સુધારી ચકશે નહિ'. આમ કહી, એમણે તો મને બાઘો બનાવી ચિત્ર સાથે ઉપાડ્યો વિક્ટોરિયામાં અને લઈ ગયા કોટની મૅડોઝ સ્ટ્રીટમાં સ્ટારવાલા પારસીની દુકાનમાં.

આ દુકાન હું વારંવાર જોતો. ત્યાંની ફ્રેમો અને ચિત્રો તો મુંબાઈના અમીરોનાં ઘરમાં જ શોભે એવાં રહેતાં. અને હું તો તે બહારના કાચમાંથી જ જોતો. ઘરાક તરીકે ત્યાં જવાનું તો સપનું યે ન કરું, પણ આજે તો હાજીએ ત્યાંના જાડા સરખા પારસી બાવાજી સામે મને ખડો કરી અને તેની હાજરીમાં જ મને બિચારા ચોપડી દઈને કહ્યું : 'બાવાજી, આ બચ્ચકને હવે તમારે આશરે તરવું છે. ગમે તેમ કરી તેનું કામ સુધારી આપો.'

'એ નહિ બને શેઠ. કાલે સવારે દસ વાગ્યે તો ટાઉન હૉલમાં સોંપી દેવાનું છે — એ તો નહિ બને.'

'અરે બાવા, પણ તમારી પાસ આયા છે શું કામ? કંઈક મુશ્કેલી હશે તો ને? પિક્ચર કેવું છે?'—'પિક્ચર તો બેનમૂન છે, પણ આય





શ્રી-તી તારાપોરવાલા. ઈ. ૧૯૧૭માં સુવર્ણચંદ્ર મળ્યા નિમિત્તે તારાપોરવાલાને ત્યાં ફોટો પડાવવા ગયા ત્યારે કરેલો સ્કેચ.

બિલ્વ મંગળ
બૉમ્બે આર્ટ સોસાઍટીના ઈ. ૧૯૧૭ના ચિત્રપ્રદર્શનમાં જે એકમાત્ર ચિત્રમાં ભારતીય કલાતત્ત્વો હોવાને કારણે તેને સુવર્ણચંદ્રક મળેલો.

ભંગાર ફ્રેમ?' હાજીએ અંતે બાવાજીને પિગળાવ્યા, ત્યારે બોલ્યા 'જાઓ કાલે દસ વાગ્યે મારો દીકરો ફ્રેમ લઈ ટાઉન હૉલ પર આવશે. તેને તુરત રોકડા પંદર રૂપિયા આપી દેજો.'

મેં કદી ચિત્રની ફ્રેમ પર પંદર રૂપિયા ખર્ચ્યા નહોતા. હું તો મૂંઝાઈ ગયો કે આ વધારાના પંદર રૂપિયાનો ખાડો શી રીતે સહન થશે? પણ હાજી મને હાથ પકડી બહાર લાવ્યા અને કહ્યું : 'તમને જરા ખખડાવ્યા તે પેલા બાવાજીને મનાવી લેવા માટે. હવે ખુદાનો અહેસાન માનો કે કાલે તમને ટાઉન હૉલ પર ફ્રેમ મળી જશે. તેને આપવાના રૂ. ૧૫. સાથે જ રાખજો.'

બીજે દિવસે ટાઉન હૉલના બારણે હું પહોંચ્યો ત્યારે કેટલા યે ચિત્રકારો નાનાંમોટાં ચિત્રો લઈ કારકુનને આપી રહ્યા હતા ત્યાં સ્ટારવાળાનો જુવાન દીકરો સોનેરી માઉન્ટ અને સોનેરી ફ્રેમમાં મઢેલું મારું ચિત્ર લઈ ઊભો જ હતો. મેં દીલે હૈયે તેને પૈસા આપી દીધા અને ચિત્રો દાખલ કરાવી ઘેર ગયો.

૩૮૫. પછી શું બન્યું?

રણજિતરામના આગ્રહથી મુનશીએ તેમની 'પાટણની પ્રભુતા' પછીના સોલંકી યુગની નવલકથા 'વીસમી સદી'માં આગળ લેવા કબૂલ્યું હતું. અને હાજીએ અતિ ઉત્સાહથી તેનાં ચિત્રોનો ભાર મારા પર નાખ્યો હતો એટલે તેમના સૂચનથી તા. ૧૧ની બપોરે હું મુનશીજીની ચૅમ્બરમાં ગયો અને સોલંકી યુગનાં પાત્રો, પોશાકો. અલંકારો અને દશ્યો સંબંધી તેમના ખયાલો સાંભળ્યા. એટલામાં રણજિતરામ અને દુર્ગાશંકર શાસ્ત્રી પણ ત્યાં આવી મળ્યા. એટલે ચિત્રસામગ્રી જોવા માટે તેમની સાથે ટાઉન હૉલના નીચેના ભાગમાં આવેલી રૉયલ એશિયાટિક લાયબ્રેરીમાં ગયો. તેમણે મને ડૉ. રાજેન્દ્રલાલ મિત્રનું Ancient Indiaનું પુસ્તક વાંચવા મેળવી આપ્યું, એ વખતે હાજીમહમદ મિ. તારાપોરવાળાને ત્યાં પ્રદર્શનની વિગત જાણવા ગયા હતા, અને મારે માટે સંદેશો મોકલ્યો હતો કે સાંજે પાંચ વાગ્યે મારે તેમને 'સાંજ વર્તમાન' પ્રેસમાં મળવું.

હું સાંજે ત્યાં ગયો ત્યારે તેઓ કંપોઝખાતામાં મુખ્ય માણસને પૃષ્ઠની ગોઠવણો સૂચવતા હતા. હું તેમને કામમાં જોઈ નજીકના સ્ટૂલ પર બેઠો. તેઓ તે વખતે બહુ જ ગંભીર રૂપમાં હતા, પણ વખતોવખત મારી તરફ જોયા કરતા હતા એટલે મેં પૂછ્યું : 'કંઈ જાણવા જેવું છે?' 'હા છે.' તેમણે કહ્યું, 'જરા બેસો.' તેમની બાજુમાં લાલભાઈ ઊભા હતા, તે પણ મારી સામે મલકાઈને જોતા હતા. થોડી વારે તેને કેટલાંક કામ સમજાવી હાજીએ વિદાય કર્યા અને મારી સાથે વાત ઉપાડી: 'જુઓ, બહુ અજબ સમાચાર છે. હજુ ચોક્કસ થયું નથી, પણ પંચાણું ટકા ગોલ્ડ મેડલ મિ. રાવળને મળ્યો છે!'

આ શબ્દોની મારા મન પર ઘણી જ વિચિત્ર અસર થઈ. મારા મનમાં હું ઊંડો ઊતરી ગયો. આ શું સંભવિત છે? આવા સુપ્રસિદ્ધ પ્રદર્શનમાં અનેક જૂના અને પ્રૌઢ ચિત્રકારોને બાજુએ રાખી પહેલી જ વાર પ્રદર્શનમાં ચિત્રો મૂકનાર વિદ્યાર્થી, જેને ગોલ્ડ મેડલનું સ્વપ્ન પણ ન હોય તેને એ ચંદ્રક?' પાંચેક મિનિટ સુધી હું બોલી શક્યો નહિ. પણ હાજીમહમદ તો ઉમળકા અને ઉત્સાહથી છલકાતા હતા. મને ધક્કો ન લાગે માટે વાત ધીરેધીરે બહાર મૂકતા હતા. મને તેમણે કહ્યું : 'હવે જાઓ! વાર નહિ કરો, જે ટ્રેઇન મળે તેમાં ઘેર જઈ કપડાં બદલી વળતી ટ્રેઇને પાછા આવો. પ્રદર્શનના મેળાવડા માટેનું તમારું આમંત્રણ મારી પાસે છે. વિક્ટોરિયા કરી ટાઉનહૉલ પર આવો,

હું તો ધક્કેલાયો. મન વિચાર કરતું અટકી ગયું લાગ્યું. યંત્રવત્

સ્ટેશને પહોંચ્યો. ગાડીમાં પણ વિચારમગ્ન જ હતો. પણ શા વિચાર કરતો હતો તે પછી પણ યાદ ન આવ્યું.

૩૮૬. ગોલ્ડ મેડલ


ઘણી ઝડપ કરી છતાં યે રાત્રે સાડા નવ વાગ્યે ટાઉન હૉલ પહોંચ્યો. ઉદ્‌ઘાટન-પ્રસંગ તો પતી ગયો હતો. ઘણા મહેમાનો પાછા વળતા હતા. પણ હાજીમહમદ, કલાકાર ગોરક્ષકર અને લાલ પ્રદર્શનના બારણે જ મારી રાહ જોતા ઊભા હતા. 'પ્રદર્શન પછી જોજો' કહીને હાજી મને મારા ચિત્ર આગળ લઈ ગયા અને ૩૭૦ નંબરના ચિત્ર પરનું લેબલ વંચાવ્યું: 'Awarded Gold Medal of the year for the best painting in the exhibition' તુરત હાજી બોલ્યા, 'ખાતરી થઈને? હવે ચાલો બહાર, પ્રદર્શન પછી નિરાંતે જોજો.' મુંબાઈના કેટલક શેઠિયાઓ, યુરોપીઅનો અને પારસીઓ ખૂણા પરના થાંભલા આગળનું મારું ચિત્ર જોયા કરતા હતા. મારા મનમાં થયું: પ્રભુ મારી સાધનાનું ફળ આટલું જલદી કેમ? મને તો હજી ખૂબ આગળ જવાની ધગશ છે. મારામાં આ પ્રસગનો જરા પણ ગર્વ નહોતો.

ટાઉન હૉલનાં પગથિયાં ઊતરી હાજીએ વિક્ટોરિયા બોલાવી અને અમે ગયા ખોજા મહોલ્લામાં 'વીસમી સદી'ની ઑફિસમાં. હાજી કહે: 'આજ મોટી ખુશાલી છે. તમારે હવે લાડુ ખવડાવવા પડશે. પણ અત્યારે તો તમે કંઈક લ્યો!' પછી તેમના બબરચીને બોલાવી નીચેથી હિંદુ હોટેલમાંથી ચા અને લેમન મંગાવ્યાં. હું ત્યારે એવો જડ હતો કે સમાજની મર્યાદા ચુસ્તપણે સાચવવા મેં તેમને ત્યાં કદી ચા પણ લીધી ન હતી. આજે તેમના અંતરમાંથી આનંદ અને પ્યારનો પ્રવાહ વહેતો મેં જોયો. એમણે કદી યે મારી જડતા પર ઉપહાસ કે કટાક્ષ કર્યો નહતો. આજે લેમનના પ્યાલાથી તેમનો શુકન રાખીને ઊઠ્યો ત્યારે તેમણે વળી કહ્યું: 'ગુરુવારે સાંજે ચાર વાગ્યે તારાપોરના સ્ટુડિયોમાં તમારે આવવાનું છે. આ તો 'વીસમી સદી'ની વાહવાહ છે. તમારો સારો ફોટો મારે આપવો જ છે.' મેં કહ્યું: 'એ બધું રહેવા દો. સમાચાર છાપો એટલું બસ નથી?' પણ તેમણે કહ્યું: 'તમે જરાય ચિંતા ન કરો.

ગુરુવારે હું તારાપોરના સ્ટુડિયોમાં તેમની સાથે ગયો ત્યારે તારાપોરે મને સફેદ કોટ ને કાઠિયાવાડી ફેંટા સાથે આવેલો જોઈ કહ્યું: 'કાળા કોટ વગર મોને આગળ લાવવું મુશ્કેલ થશે.' પણ હાજી મદદે આવ્યા ને કહ્યું: 'અરે ભાઈ, તમે કાળા કોટની લપ છોડોને! એ ભાઈ માંડમાંડ ફોટો પડાવવા આવ્યા છે અને બ્લૉક માટે સંમતિ આપી છે.' તારાપોર હસી પડ્યા: 'દોસ્ત, મને જો આવો ગોલ્ડ મેડલ મળ્યો હોત તો તેની પર હું ધૂમ જાહેરાત કરી દેત. આના પર તો કેરીઅર જમાવી દેવાની હોય!' તે દિવસે મેં તેમનાં પત્નીનો સ્કેચ કરેલો તેમજ તે ભાવનગરનાં ઉમરીગર કુટુંબનાં છે તે જાણી આનંદ દર્શાવેલો.

શ્રી ગોરક્ષકરનું ચિત્ર highly commended ગણાયું હતું તે, તેમજ પુરુષોત્તમ મથુરદાસને ઇનામ મળેલું તે, તથા સાથે શ્રી ધુરંધરની જાહેર કદરો. રામરાવનાં ચિત્રોની પ્રશંસા વગેરે હકીકતો ભેગી રાખીને 'અમારા ચિત્રકારો: તેમની જાહેર કદર' એવા મથાળાથી 'વીસમી સદી'માં તારાપોરને ત્યાં પાડેલો મારો ફોટોગ્રાફ હાજીએ છાપ્યો. તેની સાથે લખ્યું કે, 'શ્રી રવિશંકર રાવળને ઉત્તમોત્તમ ચિત્ર માટે પહેલી પંક્તિનું ઇનામ 'સોનાનો ચાંદ' મળ્યો; તે માન મેળવનાર પહેલા ગુજરાતી શ્રી રાવળ જ છે. તે માટે ગુજરાતે અભિમાન ધરવાનું છે. અમારા અંતઃકરણના આશીર્વાદ છે કે શ્રી રાવળની શક્તિ દિનપ્રતિદિન પ્રગતિ પામે ને ભારતના અખૂટ સાહિત્યની ખૂબીવાળાં સુંદર ચિત્રો તેમના હાથે પ્રગટ થાય.'




Bombay Art Society.
Exhibition of 1917.
Prize The Society's Gold medal for the best work in Exhibition
awarded to Mr. R. M. Raval
for Love is not quenched by many waters. No. 370. (water Colour)
President
Hony. Secretary

'બૉમ્બે આર્ટ સોસાએટી'ને શ્રી રાવળને અપાએલો
સુવર્ણપદક તથા તે અંગેનું પ્રમાણપત્ર

એ કાળે ગુજરાતી સમાજમાં કે ગુજરાતી વર્તમાનપત્રોમાં ચિત્રકલાના સમાચાર માટે કોઈ પ્રકારની જિજ્ઞાસા-કુતૂહલ પણ નહોતાં. ગુજરાતમાંથી સુવર્ણચંદ્રક પહેલી જ વાર મેળવનાર યુવાન માટે તે કંઈ ગણનાપાત્ર સિદ્ધિ હોય તેવું કોઈને લાગ્યું નહોતું. માત્ર અઠવાડિક 'ગુજરાતી' પત્રના સમાચાર વિભાગમાં એક ફકરો હતો અને ગુજરાતનું ગૌરવ સદાયે હૈયે ધરતા રણજિતરામે આ પ્રસંગને ગુજરાતી અસ્મિતાનું દ્યોતક ગણી અભિનંદન આપતો જાહેરપત્ર છપાવ્યો હતો. ઉપરાંત તેમણે મારા પિતાશ્રીને પણ આ બાબત ખુશાલી દર્શાવતો પત્ર લખ્યો હતો. મારા કુટુંબમાં પણ કોઈને તેનો ખાસ ઉમંગ જણાયો નહોતો. બધાંના મનમાં 'આથી વળ્યું શું?' એવો જ ભાવ જાગતો. પણ એ સારું હતું. તેથી હું ઘમંડથી બચ્યો.

૩૮૭. ચિત્રનું શું થયું?

સર્વ કોઈ આશા રાખતું હતું કે કોઈ પણ ગુજરાતી હિન્દુ વ્યક્તિ કંઈ નહિ તો પોતાના વતનવાસીને ઉત્તેજન આપવા જરૂર તે ખરીદી લેશે. પણ આશ્ચર્યની વાત એ છે કે પ્રદર્શન જે દિવસે બંધ થવાનું હતું તેની સાંજ સુધીમાં મુંબાઈમાં અનેક ધનાઢ્યો છતાં હિંદુ કોમમાંથી કોઈએ એ ચિત્ર ખરીદવાની દરકાર ન કરી. આ સમયે સર ફાજલભાઈ દિલ્હી હતા. ત્યાંથી આવ્યા પછી પ્રદર્શનનો અંતિમ દિવસ છે એમ જાણી તે જોવા ગયા. ત્યાં સુવર્ણપદક પામેલા ચિત્રે તેમનું ધ્યાન ખેંચ્યું. સાથે હાજી હતા તેમને એ શો પ્રસંગ છે તે માટે તેમણે પૂછ્યું. હાજીએ 'બિલ્વ મંગળ'ની કથા સહેજ સંભળાવતાં પોતે જ એક હિન્દી દુહાનું સ્મરણ કર્યું—

'જૈસો હેત હરાય સે, વૈસો હરિસે હોય.' કહીને ચિત્ર તુરત ખરીદી લીધું! આખરે હિન્દુ ચિત્રકારની કદર એક ગુર્જર મુસ્લિમ ગૃહસ્થના હાથે થઈ. તેમના સંગ્રહમાં તો મુઘલ કલમનાં અતિ મૂલ્યવાન ચિત્રોનો ઐતિહાસિક અને અદ્વિતીય સંગ્રહ છે. (સર ફાજલભાઈ પરના શ્રી જયસુખલાલ મહેતાના લેખમાંથી)

આ સાથે મારા મનને સમતોલ રાખનારા બીજા અભિપ્રાયો પણ મારે યાદ કરવા જોઈએ. હું સ્કૂલ ઑવ આર્ટમાં ગયો ત્યારે વિદ્યાર્થીઓમાં મારા માટે કંઈકંઈ ચણભણ ચાલતી જણાઈ કોઈ શિક્ષક સામા મળે તો કતરાતી આંખે પસાર થતા. મને પાછળથી ખબર મળેલા કે પ્રદર્શનના છેવટના નિર્ણય વખતે મારું ચિત્ર સ્કૂલ ઑવ આર્ટના વયોવૃદ્ધ શિક્ષક શ્રી ત્રિંદાદના 'ભજનિક' નામે એક તસ્વીરપાત્રના ચિત્ર સાથે સ્પર્ધામાં હતું. શ્રી ત્રિંદાદ માટે મારા મનમાં પણ ઘણો અહોભાવ હતો. તેમની પીંછીની ચોકસાઈ અને સિફત મને શ્રેષ્ઠ લાગતી, પણ તેમણે એ આખું યે ચિત્ર એક જીવંત પાત્રને સામે બેસાડીને તેને બજરુ ખમીસ પહેરાવીને કરેલું હતું ને હાથમાં પકડાવેલા તંબૂરા સિવાય તેના ચહેરા પર ભજનિકનો કોઈ લાક્ષણિક ભાવ ન હતો. ચિત્રની હથોટી સિદ્ધ, પણ સંસ્કૃતિદર્શન કે કલ્પના નહિ. મારા ચિત્રમાં રેખામંડળની સંયોજના રંગોની માવજત અને સંસ્કૃતિની પ્રતિષ્ઠા હતી. જસ્ટીસ બેસિલ સ્કૉટ પરીક્ષક કમિટીના પ્રમુખ હતા. તેમના મનમાં એ ગુણો વસ્યા હશે. શ્રી ત્રિંદાદની યુરોપીય ચિત્રશૈલીનો તો હું પણ હમેશાં પ્રશંસક રહ્યો હતો. અને આવા ગુરુજનની સ્પર્ધામાં હું મુકાયો તેનો મને મહાખેદ હતો.

૩૮૮. 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'નો અભિપ્રાય

'ટાઈમ્સ ઑવ ઈંડિયા' પત્રે પ્રદર્શનનું અવલોકન કરતાં 'Gold Medalist's work'ના મથાળા નીચે લખેલું :... Apart from the intrinsic qualities in the work itself, the reasons in favour of this award are obvious, namely, that of all the pictures exhibited by Indian Painters in the Exhibition, this work is the one more fully imbued with the spirit of Indian Art and the traditional and decorative point of view which the art of the past has always regarded nature. That this point of view should receive all the encouragement that can be given to it, without tying the artists down to the slavish copying of old models is the accepted opinion of everyone who has the best interests of the future of Indian art in view. The picture in question has faults which are easily discernible, but these are faults of immaturity which study will rectify; but the spirit of something new and distinctly Indian is there, and apparently the judges considered this quality vastly outweighed any technical defects, and we consider they were fully justified in doing so...The more work of this character we can get from Indian artists, and the more encouragement the Art Society can give to it, the better for the artists of India, and for the interest in the Annual Exhibition.

અંગ્રેજી નોંધનો તરજૂમો

'આ ચિત્રમાંના અંતર્ગત ગુણો ઉપરાંત તેને સુવર્ણપદક આપવાને બીજાં પણ દેખીતાં કારણો છે. આ પ્રદર્શનમાં ભારતીય ચિત્રકારોનાં ચિત્રોના સમૂહમાંથી આ ચિત્ર એક જ એવું છે કે જેમાં ભારતીય કળાનાં તત્ત્વો વિશેષ પ્રમાણમાં છે. તેમજ નિસર્ગનાં રૂપોને પરંપરા અને સુશોભનપ્રણાલીમાં ઉતારવાની જે રીતો છે તેનો પ્રયોગ થયો છે.

વળી ભારતીય કળાનું હિત ધરાવનારાઓનો દરેકનો નિશ્ચિત અભિપ્રાય છે કે પરંપરાગત પાત્રોની નરી નકલો કરવામાં ચિત્રકારને જકડી ન રાખતાં આ અભિપ્રાયને બને તેટલું પ્રોત્સાહન આપવું જોઈએ. પ્રસ્તુત ચિત્રમાં કેટલાક દોષો સ્પષ્ટ જોઈ શકાય એવા છે, પણ આ ખામી માત્ર પરિપક્વતાના અભાવે છે, જે આગળ વિશેષ કામ કરતાં દૂર થઈ જશે, પણ તેમાં કંઈક નવીનતા અને અચૂકપણે ભારતીયતાનું સ્વરૂપ તો દેખાય જ છે. પરીક્ષકોએ પણ ટેકનિકલ ખામીઓને સામે પલ્લે આ જ ગુણને સવિશેષ મહત્ત્વનો ગણ્યો છે, અને અમે માનીએ છીએ કે તેમાં તેઓ સંપૂર્ણ રીતે ન્યાયપૂર્ણ રહ્યા છે. હિંદી ચિત્રકારો તરફથી આ પ્રકારનું કામ જેટલું વધુ આપણને મળશે અને આર્ટ સોસાયટી તેને વધુ પ્રોત્સાહન આપશે તેટલું ભારતીય કલાકારો માટે વધુ ઇષ્ટ થશે અને વાર્ષિક પ્રદર્શનના પણ હિતમાં ગણાશે.'

...અને અન્ય પ્રતિભાવો

પણ ત્રીજે જ દિવસે 'સાંજ વર્તમાન'ની કટારમાં મુંબાઈના જાણીતા તસ્વીરકાર પીઠાવાળાએ 'નુક્તે ચીન'ની સહીથી ચર્ચાપત્ર લખ્યું કે આ ચિત્ર છાયાપ્રકાશ અને પરસ્પેક્ટિવનાં બંધનો તોડીને તાકાની છાપ જેવું બની ગયું છે. આ ઉપરાંત બીજું પણ ઘણું સોસાએટી સંબંધે લખ્યું હતું. તથા પ્રદર્શનમાં ચિત્રકાર અને સ્કૂલ ઑવ આર્ટના શિક્ષક શ્રી ત્રિંદાદે પ્રત્યક્ષ પાત્ર ઉપરથી કરેલા 'ભજનિક'ના ચિત્ર (જેને ગવર્નરનું ઇનામ મળ્યું હતું તે)ની પ્રશંસા કરી હતી.

આર્ટ સ્કૂલમાં પણ ઘણું આશ્ચર્ય અને કુતૂહલ થયું હતું. મારી પાછળ કેટલું બોલાતું હશે તે તો ઈશ્વર જાણે, પણ મને મારા સહાધ્યાયી પાવનજીએ એક વાત કરી કે ઉપરના હૉલમાં વિદ્યાર્થીઓનું કામ જોતાં શ્રી ધુરંધર બોલી ગયા કે, 'Whatever it may be Mr. Raval did not deserve the Gold Medal (ગમે તેમ કહો, પણ રાવળ ગોલ્ડ મેડલ માટે લાયક ન કહેવાય)' તે જ વખતે મિત્ર તરીકે પાવનજીને બહુ લાગી આવ્યું. તેનાથી રહેવાયું નહિ અને કહી નાખ્યું, 'Sir, excuse me but I dare say, there is no one else in the school at present who knows more about composition. (સાહેબ, માફ કરજો, પણ હું હિંમતથી કહું છું કે ચિત્રસંયોજનમાં રાવળના જેવી સમજ હાલ સ્કૂલના કોઈ વિદ્યાર્થીમાં નથી.)' ધુરંધર જરા વીલા થઈ ગયા અને તુરત બોલ્યા: 'Oh I am sorry; I did not mean offence. (હું દિલગીર છું મારો ઇરાદો કોઈને માઠું લગાડવાનો નહોતો)' એ પછી એ જ શ્રી ધુરંધરે પોતાની આત્મકથામાં ત્રણચાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ સાથે મારી છબિ અને જીવનકાર્યની ભાવપૂર્ણ નોંધ આ લખી છે. (ચાલુ)

ભાસ*રચિત, સંસ્કૃત સાહિત્યના એક અમર નાટકનું વાર્તાંતર

સ્વપ્નવાસવદત્તા

ડૉ. મધુસૂદન પારેખ

વત્સદેશનો રાજા ઉદયન આકુળવ્યાકુળ થઈ ગયો હતો. એના ચિત્તને ચેન ન હતું; સ્વપ્નની જેમ એકાએક શું બની ગયું તેની તેને સમજ પડતી નહોતી એની બાવરી વિકળ આંખો અવકાશમાં એની પ્રિય રાણી વાસવદત્તાને શોધી રહી હતી. વાસવદત્તા એની શિષ્યા હતી, પ્રિયા હતી; પટરાણી હતી. એકાએક આ શું બની ગયું? એને આ જગતમાં એકલવાયો મૂકીને વાસવદત્તા ક્યાં અલોપ થઈ ગઈ? રાખના ઢગલામાંથી તેણે પ્રિયાનાં આભૂષણો શોધ્યાં. એ અલંકારો તેણે હૃદયસરસા ચાંપ્યા; તેનું મન ચિત્કાર કરી ઊઠયું : 'હા, પ્રિયા! વાસવદત્તા!' વાસવદત્તા વિવિધરૂપે એની દૃષ્ટિ સમક્ષ તરવરી રહી.

એ અવંતીના રાજવી પ્રદ્યોત મહાસેનની રાજકન્યા હતી;—રૂપાળી રઢિયાળી ને રસવતી. પ્રદ્યોત મહાસેન પ્રતાપી રાજા હતો. તેની આણ સર્વત્ર પ્રસરી હતી; માત્ર ઉદયને તેનું આધિપત્ય સ્વીકાર્યું ન હતું. પ્રદ્યોતને આ વાત ખૂબ ખટકતી. પોતાનું આધિપત્ય ન સ્વીકારનાર ઉદયન પ્રત્યે તેને રોષ હતો. સાથેસાથે તેના સ્વતંત્ર મિજાજ માટે પ્રશંસાની લાગણી પણ હતી. ખૂબ ઊંડેઊંડે એના મનમાં એક છૂપી અભિલાષા સળવળી રહી હતી. એ સ-ફળ થાય તો?

પ્રદ્યોતે ઉદયનને પકડવાનો પેંતરો રચ્યો. વત્સરાજ્યના સીમાડે તેણે એક કૃત્રિમ હાથી બનાવીને મૂક્યો. એ હાથીમાં કરામત હતી. પ્રદ્યોતના સૈનિકો તેમાં સંતાઈ રહ્યા હતા. પ્રદ્યોતને ઉદયનના મૃગયા–શૉખની જાણ હતી. અને સાચે જ ઉદયન ભોળવાયો-ભરમાયો. કોઈક અદ્ભુત ગજરાજ નગરને સીમાડે આવ્યો છે એવા સમાચાર સાંભળ્યા પછી ઉદયનનું હૈયું હાથમાં ન રહ્યું. ઉદયન પાસે મનોહર વીણા હતી. ઉદયન 'પ્ર-વીણ' હતો. વીણાવાદનથી આ ગજરાજને વશ કરવાનો તેણે મનોરથ સેવ્યો. તેના પ્રધાનોએ તેને સમજાવ્યો, વાર્યો; પણ આત્મવિશ્વાસ એના અંગેઅંગમાં ઊછળતો હતો ગજરાજને વીણાથી વશ કરીને પોતાની કળાનું પારખું એને કરવું હતું. ઉદયન ત્યાં પહોંચ્યો. અને એ સપડાયો, કેદ થયો. પ્રદ્યોતે એક રાજવીને છાજે તે રીતનો વર્તાવ તેની સાથે કર્યો. એ રાજમહેલમાં કેદી બનીને રહ્યો. ઉદયનની વીણા એ રાજમહેલમાં સુપરિચિત હતી. પ્રદ્યોતની રાજકન્યા વાસવદત્તા ઉદયન પાસે વીણા શીખવા લાગી. વીણાવાદ્ય પર કુશળપણે સરકતી કોમળ કરાંગુલિ પ્રત્યે ઉદયનને અનેરો ભાવ થયો. વાસવદત્તા એની પ્રિય શિષ્યા બની રહી. કામદેવે એની કળા કરી. બંને વચ્ચે અનુરાગ પેદા થયો. ગુરુ અને શિષ્યા—ના, પ્રેમી અને પ્રિયા તક જોઇને અવંતીના રાજમહેલમાંથી નાસી છૂટ્યાં ને વત્સનગરીમાં સુખરૂપ પહોંચી ગયાં. પ્રદ્યોત મહાસેન અને તેની રાણી અંગારવતીએ થોડો વસવસો કરીને મન વાળ્યું. અંતે તો તે ઇષ્ટાપત્તિ જ નીવડી હતી.

વાસવદત્તા ઉદયનની હૃદયેશ્વરી બની રહી. રાજા એના મોહમાં ઘેલો બની ગયો અને રાજધર્મ ચૂકી ગયો. એનું અનિષ્ટ પરિણામ આવ્યું. ઉદયનની ગાફેલ અવસ્થાનો લાભ લઇને તેના એક શત્રુરાજા આરુણિએ વત્સદેશ પર આક્રમણ કર્યું. શૃંગારમાં લુબ્ધ બનેલો ઉદયન હાર્યો અને પાસેના લાવાણક નગરમાં નાસી છૂટ્યો. રાજાની પ્રમાદ અવસ્થાનું આ પરિણામ જોઈને ઉદયનના પ્રધાનો ખૂબ દુ:ખી થયા. પરંતુ ઉદયન હાર્યો છતાં વાસવદત્તામાં જ મગ્ન હતો. એ જ એનું જીવન હતું; એ જ જગત હતું.

રાજાનો એક માનીતો પ્રધાન હતો-યૌગન્ધરાયણ. રાજાનો એ પરમ વિશ્વાસુ. અવંતીમાંથી રાજા અને વાસવદત્તાને નસાડવાના પ્રપંચમાં કુશળ તંત્રી પણ એ જ હતો. એની બુદ્ધિ વિચક્ષણ હતી. ઉદયન રાજાનો પરાજય એને શલ્યની જેમ સાલ્યો. પરંતુ ઇલાજ શો હતો? ઉદયન પ્રેમવીર મટીને પાછો રાજવીર બને તો જ સહુનો જયવારો થાય. યૌગન્ધરાયણે વાસવદત્તાની મુલાકાત લીધી. વાસવદત્તાને પણ તેનામાં અપાર વિશ્વાસ હતો. ઉદયન અને વાસવદત્તા બંનેનો એ નિકટનો સ્વજન હતો. યૌગન્ધરાયણે વાસવદત્તાને સમગ્ર પરિસ્થિતિ સમજાવી, રાજાની મોહવશતાને કારણે રાજ્યનું કેવું ભારે અનિષ્ટ થયું તેની ચર્ચા કરી. પરંતુ વાસવદત્તાના હાથમાં વાત ક્યાં હતી? રાજાને તો સર્વત્ર વાસવદત્તા જ દેખાતી હતી! એ મોહવશ હતો; યૌગન્ધરાયણ તેની સાથે ચર્ચામસલત કરીને વિદાય થયો.

થોડા દિવસમાં રાજ્યમાં આકસ્મિક ને ભયંકર ઘટના બની. ઉદયન મૃગયા રમવા ગયો ત્યારે અચાનક લાવાણકના રાજમહેલમાં આગ લાગી. આગના તાંડવમાં રાજમહેલ ભસ્મીભૂત થઈ ગયો. રાજાની પ્રિય રાણી વાસવદત્તા તેમાં બળીને રાખ થઈ ગઈ. તેનો વિશ્વાસુ પ્રધાન પણ તેમાં હોમાઈ ગયો.

વાસવદત્તાનું વારંવાર સ્મરણ કરતો એનાં આભૂષણોને હૃદયસરસાં ચાંપતો રાજા કરુણ વિલાપ કરતો જ રહ્યો વાસવદત્તાના વિયોગથી એ વ્યાકુળ બની ગયો. એનો બીજો એક પ્રધાન રુમણ્વાન એની તહેનાતમાં રહી તેના દાઝ્યા દિલને આશ્વાસન આપી રહ્યો.

દિવસો વીત્યા. ઉદયન જીવનની શૂન્યતાનો તીવ્ર અનુભવ કરી રહ્યો હતો એ સમયે એક તપોવનમાં વાસવદત્તા અને યૌગન્ધરાયણની પદયાત્રા ચાલતી હતી. વાસવદત્તાની સંમતિથી યૌગન્ધરાયણે રાજાને ફરી રાજધર્મ પ્રત્યે અભિમુખ કરવા આગમાં બળી મરવાનું 'નાટક' ગોઠવ્યું હતું. રાજ્યના જ્યોતિષીઓએ ઉદયનનું ભવિષ્ય ભાખ્યું હતું કે મગધની રાજપુત્રી પદ્માવતી તેની રાણી થશે. પદ્માવતી જો ઉદયનની

*ભાસ. ઈ. સ. પૂર્વે ૪૫૦થી ૩૭૦ના સમયનો ગણાતો મગધ દેશનો વિષ્ણુઉપાસક એક વિખ્યાત નાટકકાર. એણે મહાભારતના કથાવસ્તુ પરથી 'માધ્યમવ્યાયોગ', 'પંચરાત્ર', 'દૂતવાક્ય', 'દૂતઘટોત્કચ', 'કર્ણભાર' ને 'ઊરુભંગ' નાટકો રચ્યાં છે. રામાયણ પર આધારિત 'પ્રતિમા' અને 'અભિષેક' તથા હરિવંશ પરથી 'બાલચરિત' ઉપરાંત વત્સરાજ ઉદયન અને વાસવદત્તાની ઐતિહાસિક પ્રેમકથાના આધારે 'પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ' તથા 'સ્વપ્નવાસવદત્તા' એ બે નાટકો લખ્યાં છે. આમાં ઉદયન અને પ્રદ્યોતનાં પાત્રો ઐતિહાસિક છે. અવિમારક અને ચારુદત્ત નામનાં એનાં બે બીજાં નાટકો પણ છે જે શાના પર આધારિત છે તે નિશ્ચિત નથી. ભાસની લેખનશૈલી સામાન્ય નાટકો કરતાં કંઇક નિરાળી છે. એનાં નાટકોનો અંત નિશ્ચિત સ્વરૂપે જ આવે છે. એમાં આર્ષ પ્રયોગ પણ સારી પેઠે જોવા મળે છે. આ કૃતિઓમાં ગ્રંથકારનું નામ નથી, પરંતુ અભ્યાસ કરતાં જણાય છે કે એ બધી એક જ વ્યક્તિ, અને તે મહાકવિ કાલિદાસની પ્રશંસા પામેલા ભાસની જ લખેલી છે. 'સ્વપ્નવાસવદત્તા' એનું વિખ્યાત નાટક છે. કવિ રાજશેખરે એક સ્થળે એની પ્રશસ્તિ કરતાં લખ્યું છે કે 'વિદ્વાનોએ પરીક્ષા માટે ભાસની સઘળી નાટ્યકૃતિઓને અગ્નિમાં નાખી તેમાંથી 'વાસવદત્તા' જ આંચ પામ્યા વિના બહાર આવી.'

રાણી થાય તો મગધના રાજાની કીમતી સહાય ઉદયનને મળે અને પોતાના દુશ્મનને હરાવીને એ રાજ્ય પાછું પ્રાપ્ત કરી શકે. પરંતુ ક્યાં પદ્માવતી? ક્યાં ઉદયન ને ક્યાં આ તપોવન?

વાસવદત્તાને કોઈ સુરક્ષિત સ્થાનમાં મૂકી જવાની યૌગન્ધરાયણની ઇચ્છા હતી. રાજાનું અને રાજ્યનું હિત વિચારીને વાસવદત્તાએ આ વિશ્વાસુ પ્રધાનની સમગ્ર યોજનામાં પોતાની સંમતિ આપી હતી. એ અને યૌગન્ધરાયણ તપોવનમાં વિસામો શોધતાં હતાં ત્યાં ભાગ્યવશાત્ મગધની રાજકન્યા પદ્માવતી સાથે તેમનો ભેટો થઈ ગયો. મગધના મહારાજા દર્શકની માતા આ તપોવનમાં નિવાસ કરતી હતી. તેને મળવા માટે પદ્માવની આવી હતી. પદ્માવતી અને વાસવદત્તા બંનેની દૃષ્ટિ મળી. એકબીજા પર ઠરી. પહેલી નજરે જ તેમની વચ્ચે આત્મીયતા બંધાઈ ગઈ. યૌગન્ધરાયણે સોનેરી તક જોઈ, તેણે વાસવદત્તાની સોંપણી પદ્માવતીને કરી: 'આ મારી બહેન છે, આવંતિકા. એનો પતિ પરદેશ છે. થોડો સમય તમે એને રક્ષણ આપશો?'

પદ્માવતીએ વાસવદત્તાને સ્વીકારી. યૌગન્ધરાયણના મનને મોટી નિરાંત થઈ. હવે વાસવદત્તા સર્વ વાતે નિર્ભય હતી. યૌગન્ધરાયણ વિદાય થવાની તૈયારીમાં જ હતો ત્યાં લાવાણકથી એક બ્રહ્મચારી આવી ચડ્યો. એના વિદ્યાભ્યાસમાં વિઘ્ન આવી પડ્યું હતું. યૌગન્ધરાયણે તેને વિઘ્નની વિગત પૂછી.

બ્રહ્મચારીએ રાજા ઉદયનનું નામ દીધું અને વાસવદત્તાના કાન સરવા થયા, નેત્રો આતુર બની ગયાં. બ્રહ્મચારીએ દુર્ભાગ્યકથા કહેવા માંડી: 'હા, લાવાણકના મહેલની આગમાં રાજા ઉદયનની પ્રિય રાણી વાસવદત્તા બળી ગઈ.'

વાસવદત્તાએ ઊંડો નિશ્વાસ નાખ્યો: 'અરે, હું મંદભાગિની આ જીવતી રહી!' 'પછી?' યૌગન્ધરાયણને રાજાની ચિંતા હતી.

'પ્રધાન પણ આગમાં કૂદી પડ્યો ને ખાક થઈ ગયો અને...'

'અને...અને શું?' યૌગન્ધરાયણ અને વાસવદત્તા બંને ઉત્કંઠ બની રહ્યાં.

'રાજા આવેગમાં આવીને રાણીની પાછળ કૂદી પડવા જતા હતા તેને અમાત્યોએ મહાપ્રયત્ને રોક્યા...' 'પછી?'

'વાસવદત્તાનાં આભૂષણો હૃદય સાથે ચાંપીને રાજા મૂર્છિત થઈ ગયા.' 'પછી? પછી?'

'અમાત્યોની આસનાવાસનાથી તે ભાનમાં આવ્યા પણ એ વિરહવ્યાકુળ બની ગયા છે. વાસવદત્તાનું જ રટણ કર્યા કરે છે...'

'રે, રે! હું કેવી અભાગિની!' વાસવદત્તા સજળનેત્રે ગણગણી.

રુમણ્વાન અને બીજા અમાત્યો રાજાને ત્યાંથી બીજે સ્થાનફેર કરાવવા લઈ ગયા છે એ સમાચાર સાંભળીને યૌગન્ધરાયણને રાહત થઈ. વાસવદત્તાને પદ્માવતીની પાસે થાપણ તરીકે મૂકીને તે વિદાય થયો.

વાસવદત્તા અને પદ્માવતીનાં સખીપણાં ગાઢ બનવા માંડ્યાં. પદ્માવતી કુંવારી હતી. એક પ્રસંગે સખીઓએ એને સતાવવા એને માટે વરની વાત છેડી. પદ્માવતીએ તો પતિ નક્કી કરી નાખ્યો હતો— ઉદયન. એનો આ મનોરથ સાંભળતાં જ વાસવદત્તા ચમકી ગઈ: 'અરે! આ આર્યપુત્રને ઝંખે છે?' એના ચિત્તમાં ચણચણાટ થવા માંડ્યો. પદ્માવતી એની પ્રિય સખી હતી. રૂપવતી અને કુલીન હતી. બંને વચ્ચે પ્રેમની રેશમી ગાંઠ બંધાઈ ચૂકી હતી; છતાં...છતાં વાસવદત્તાનું હૃદય આંદોલિત બની ગયું. વિવિધ અને વિચિત્ર લાગણીના વમળમાં તે અટવાઈ રહી: 'આર્યપુત્ર એને પરણશે? પરણશે? મારા સ્વામી પદ્માવતીને પરણશે?'

અચાનક એની વિચારમાળા તૂટી. એને કાને શબ્દો સંભળાયા. 'પદ્માવતીનું વેવિશાળ રાજા ઉદયન સાથે થઈ ગયું.' વાસવદત્તાને થોડી વાર તો આ વાત પર વિશ્વાસ બેઠો નહિ. તેણે હળવેહળવે હૈયું સ્વસ્થ કરી બધી વાત સાંભળી. રાજા ઉદયન કંઈક પ્રયોજનસર અહીં આવ્યા હતા. મગધના રાજા દર્શકે એમનાં રૂપ, કુળ અને કળા જોઇને પદ્માવતીનું તેમની સાથે વેવિશાળ કરવાનું વિચાર્યું. ઉદયને તેમાં સંમતિ આપી અને વિવાહ નિશ્ચિત થઈ ગયા. વાસવદત્તાના કાળજે ઘા લાગ્યો. 'આર્યપુત્ર મારા મટી ગયા? પરાયા બની ગયા? હવે આ જીવતર કોને માટે? મોત આવે તો કેવું ભલું! પણ દુર્ભાગી માટે મોત પણ દૂર છે! આર્યપુત્રને જોવાના અભરખામાં હું મંદભાગિની જીવતી રહી છું આર્યપુત્ર મળશે? ક્યાં? ક્યારે?' વાસવદત્તા દુ:ખી અને નિરાશ બનીને પ્રમદવનમાં બેઠી હતી. ત્યાં દાઝ્યા પર ડામ જેવી બીજી ઘટના બની. પદ્માવતીની દાસી તેની પાસે આવી: 'આ ફૂલોની કૌતુકમાળા ગૂંથી આપો.' 'કોને માટે?'

'કેમ, ભૂલી ગયાં? પદ્માવતીનાં લગ્ન માટે. ઝટ ગૂંથી આપશોને!'

વાસવદત્તા વિધાતાની વક્રતાને વખોડી રહી: 'આ પણ ભાગ્ય! મારા પતિને પરણનારીના સૌભાગ્ય માટે કૌતુકમાળા ગૂંથવાની! અને તે પણ મારે?' તીવ્ર વેદના તેને પીડી રહી. એના જીવને જંપ નહતો. એના સ્વામીને બીજી સહચરી મળી ગઈ! આર્યપુત્ર હવે પરાયા બની ગયા; પૂર્વનો સ્નેહ વિસરી ગયા! વાસવદત્તા અત્યંત અસ્વસ્થ બની ગઈ. જીવનમાં તેને સૂનકાર લાગવા માંડ્યો.

ઉદયન અને પદ્માવતીનાં લગ્નનો શુભ અવસર પતી ગયો. પદ્માવતી હવે ઉદયનના સ્નેહનું પાત્ર બની. ઉદયનના પ્રેમતરસ્યા હૃદયને તૃપ્તિ મળી, પરંતુ વાસવદત્તા એના અણુઅણુમાં ભળી ગઈ હતી. પદ્માવતી પણ રાજાની આ છૂપી વેદના સમજતી હતી. ઉદયનને વીણા ખૂબ પ્રિય હતી; વાસવદત્તા એની પાસે વીણાવાદન શીખી હતી; અને એમાંથી જ સ્નેહના તાણાવાણા ગૂંથાયા હતા. પદ્માવતીને પણ વીણા શીખવાનો મનોરથ થયો. ઉદયનને એણે એક વાર કહ્યું: 'મને વીણાવાદન શીખવો તો? મને તે ખૂબ ગમશે.'

વીણાનું નામ શ્રવણે પડતાં જ ઉદયનના ચિત્ત સમક્ષ વાસવદત્તાની મૂર્તિ પ્રકટ થઈ. 'ઓહ! એ વીણા ક્યાં? વાસવદત્તા ક્યાં?' ઉદયને માંડ આંસુ રોક્યાં. પદ્માવતી રાજાની વ્યથા બરાબર સમજી ગઈ. તેણે આ વાત સખી વાસવદત્તાને કહી; વાસવદત્તા ધન્ય બની રહી.

રાજાનો એક મિત્ર હતો, વસંતક. ભારે ટીખળી ને આખાબોલો; અક્કલનો અધૂરો પણ ખરો. એક પ્રસંગે પદ્માવતી, વાસવદત્તા અને દાસી સાથે પ્રમદવનમાં ફૂલ વીણતી હતી. ત્યાં અચાનક રાજા ઉદયન અને વસંતક ત્યાં આવી પહોંચ્યા. સખીમંડળે માધવીલતાના મંડપમાં સંતાઈને વિસામો લીધો. ઉદયનને છૂપી રીતે જોતાં જ વાસવદત્તાનું હૈયું તરલ બની ગયું. પોતાના પ્રિય સ્વામીને એણે મનભર નિહાળ્યો. અચાનક રાજાના મિત્ર વસંતકને ટીખળ સૂઝ્યું. એણે રાજાને પ્રશ્ન પૂછ્યો, 'તમને વધારે વહાલું કોણ? વાસવદત્તા કે પદ્માવતી?'

વાસવદત્તાનો શ્વાસ અધ્ધર તોળાઈ રહ્યો. પદ્માવતી પણ ઉત્તરની પ્રતીક્ષા કરતી આતુર બની રહી. રાજાએ પ્રશ્ન ટાળવા માંડ્યો. પણ વસંતકના હઠાગ્રહ આગળ નમતું જોખ્યું: 'મિત્ર, પદ્માવતી પ્રત્યે મને અત્યંત પ્રેમ છે, તથાપિ વાસવદત્તા તે વાસવદત્તા જ.'

વાસવદત્તાને થયું: 'હાશ, આજે જનમારો સફળ થઈ ગયો.'

વાસવદત્તાનું તીવ્ર સ્મરણ ઉદયનને થઈ આવ્યું. એની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. પદ્માવતીને રાજાની કુલીનતા ગમી. છતાં ઊંડે ઊંડે તેના ચિત્તને ચોટ પણ લાગી. રાજાનો એકરાર સાંભળી તે થોડી બેચેન બની ગઈ. તેના વિશ્રામ માટે દાસીએ સમુદ્રગૃહમાં શય્યા

તૈયાર કરી. ઉદયને પદ્માવતીના શરીરની બિમારીની જાણી કે તરત તે અધીરો બની સમુદ્રગૃહમાં તેને મળવા ગયો. પરંતુ પદ્માવતી ત્યાં નહોતી. રાજા એ શય્યામાં બેઠો અને મિત્ર વસંતકની ગપગોષ્ઠિ સાંભળતો શીતળ પવનની લહેરમાં પોઢી ગયો. વસંતક વિદાય થયો. રાજા એકાંતે પદ્માવતીની શય્યામાં પોઢેલો હતો ત્યાં પદ્માવતીની નાજુક તબિયતના સમાચાર સાંભળી વાસવદત્તા એને મળવા સમુદ્રગૃહમાં દોડી આવી. શાલ ઓઢીને સૂતેલા રાજાને જોઇને વાસવદત્તા ભુલાવામાં પડી. એ એની પાસે જ બિછાના પર બેસી ગઈ. પદ્માવતી પર એના અંતરમાં ઉમળકો આવ્યો. તે એને ભેટવા માટે ઝૂકી પણ 'હા, પ્રિયા, વાસવદત્તા!' એવો ઉદ્‌ગાર સાંભળી ચમકી ગઈ-ઊભી થઈ ગઈ. એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ: 'અરે, આ તો આર્યપુત્ર! ત્યારે પદ્માવતી ક્યાં?'

ફરી વાર એ ચમકી 'પ્રિય શિષ્યે! ઉત્તર નથી આપતી?' રાજા સ્વપ્નમાં ઉદ્‌ગાર કરી રહ્યો હતો.

અધીર આતુર વાસવદત્તા બોલી ઊઠી: 'બોલું છું, સ્વામીનાથ બોલું છું' 'મારા પર રોષે ભરાઈ છે?'

'ના મહારાજ, દુઃખિયારી છું–મંદભાગિની છું.'

'તારા અલકાર ક્યાં?'

વાસવદત્તા ભાનમાં આવી ગઈ. સ્વપ્નસ્થ સ્વામી સાથે પોતે વાર્તાલાપ કર્યો! જીવનનો પરમ લહાવો કેટલે વખતે તે પામી! રાજાનો શય્યાની બહાર લટકતો હાથ તેણે પોતાના નાજુક હાથમાં ગ્રહ્યો; પલંગમાં મૂક્યો ને ત્વરાથી તે સરકી ગઈ. રાજાની આંખ ઊઘડી ગઈ. તેને સરી જતી વાસવદત્તાની જરાક ઝાંખી થઈ ગઈ. એ સફાળો ઊઠ્યો: 'આ તે સ્વપ્ન કે સત્ય!' વસંતક આવ્યો કે તરત જ રાજાએ વધામણી ખાધી: 'મિત્ર, વાસવદત્તા જીવિત છે.'

વસંતકે રાજાની સ્થિતિ સમજી જઇને કહ્યું: 'વાસવદત્તા ક્યાંથી હોય? એ તો ઘણા સમયથી મૃત્યુ પામ્યાં છે.'

'ના, ના.' રાજા હઠપૂર્વક બોલી રહ્યો. 'મને જગાડીને એ જતી રહી.'

'અરે મિત્ર, તમે સ્વપ્ન જોયું.'

'સ્વપ્ન? નહિ નહિ. મારા હાથનો તેણે સ્પર્શ કર્યો તેનો રોમાંચ પણ હજી શમ્યો નથી.'

વસંતકે પ્રયત્નપૂર્વક રાજાને સમજાવ્યો, સ્વસ્થ કર્યો. એટલામાં મગધના રાજાનો તેના પર તાકીદનો સંદેશો લઈને દૂત આવ્યો. આરુણિ ઉપર હુમલો કરવાનો સમય આવી પહોંચ્યો હતો. ઉદયનનો પ્રધાન રુમણ્વાન મોટી સેના સાથે તૈયાર હતો. મગધના રાજાની મહાસેના પણ ઉદયનની સહાય માટે સજ્જ હતી. આ સંદેશો સાંભળતાં જ ઉદયનનું શૌર્યતેજ ઝળકી ઊઠ્યું. પૂર્વે ગુમાવેલો પ્રદેશ પાછો પ્રાપ્ત કરી આરુણિને શિક્ષા કરવા તેના હાથ સળવળી રહ્યા. વાસવદત્તાની ભ્રમણાની વાત ભૂલીને રાજા ઉદયન આરુણિ સામે યુદ્ધ કરવા ઊપડી ગયો.

થોડા સમયમાં જ યુદ્ધનો અંજામ આવી ગયો. ઉદયન આરુણિને પરાજય આપી વાજતેગાજતે વિજેતા તરીકે પાછો ફર્યો. વિજયની ખુશાલીમાં રાજા પૂર્વેનું દુઃખ કંઈક ભૂલ્યો હતો. એના દિવસો સુખમાં વીતતા હતા. પરંતુ અચાનક એક દિવસ વીણાના સ્વરો સાંભળતાં જ રાજાના હૃદયમાં કંપ જાગ્યો. એને ઘોષવતી વીણા સાંભરી–વીણાધારિણી શિષ્યા વાસવદત્તાનું સ્મરણ થયું. રાજાએ વીણાના સૂરો સાંભળીને એ વીણાની તપાસ કરી. એને સમાચાર સાંપડ્યા, 'નર્મદાના તીરેથી ઘાસના ગંજમાંથી ઘોષવતી વીણા મળી આવી છે.'

એ વીણા ખોળામાં લેતાં જ ઉદયનના ચિત્તના તંતુએ તંતુ ઊછળી રહ્યા. વાસવદત્તા રોમરોમ એને સ્પર્શી રહી. રાજા મૂર્છિત થઈ ગયો. વીણા મળી પણ 'પ્રવીણા'–વાસવદત્તા ક્યાં? રાજાને ઘેરો વિષાદ વ્યાપી વળ્યો. એ સમયે વાસવદત્તાની ધાત્રી વસુંધરાના તથા કંચુકીના આગમનના સમાચાર પ્રતિહારે આપ્યા. રાજા સંકોચ પામ્યો. પોતે વાસવદત્તાનું હરણ કરી લાવ્યો પણ એને જાળવી શક્યો નહિ, હવે એમને મોં કેમ બતાવવું? પરંતુ એનો એ મુલાકાત વિના છૂટકો નહતો. એ અને પદ્માવતી આર્યા વસુંધરાને મળ્યાં. એમની સાથે આવેલાં કંચુકીએ ઉદયનને પ્રદ્યોત મહાસેન તરફથી વિજય માટે અભિનંદન પાઠવ્યાં. મહાસેનની આ મમતા જોઈ ઉદયન આર્દ્ર બની ગયો. આર્યા વસુંધરાએ રાજાને ખૂબ દિલાસો દીધો અને કહ્યું: 'તમને વાસવદત્તા સોંપવાને માટે જ અવંતીનગરીમાં આણ્યા હતા. તમે તો પ્રદ્યોતના પુત્રવત્ છો. વીણા શીખવાનું તો નિમિત્ત હતું. અમે એ મિષે અગ્નિની સાક્ષી વિના જ વાસવદત્તા તમને સોંપી હતી. પરંતુ તમે વિવાહનો મંગલ પ્રસંગ આવે તે પહેલાં જ વિદાય થઈ ગયાં. એટલે અમે તમારી અને વાસવદત્તાની છબિ ચીતરીને લગ્નોત્સવ ઊજવ્યો. મહારાણી અંગારવતીએ આ બધી વાત ખાસ તમને કહેવા માટે મને અહીં મોકલી છે. આ ચિત્રફલક પણ તમને મોકલાવ્યું છે.'

ચિત્ર જોવાનું પદ્માવતીને સહજ કુતૂહલ થયું. ચિત્રમાં વાસવદત્તાને જોઈને એ ચકિત થઈ ઊઠી: 'આ તો આપણી આવંતિકા! મારી પ્રિય સખી! આર્યપુત્ર, આ ચિત્રમાં આલેખી છે તેવી જ એ છે.'

રાજાએ અધીરતાપૂર્વક તેને ત્યાં બોલાવવાની આજ્ઞા કરી.

'આર્યપુત્ર', પદ્માવતીએ કહ્યું: 'એક બ્રાહ્મણ, "એ મારી બહેન છે" એમ કહીને તેની મને સોંપણી કરી ગયો છે. એનો પતિ પરદેશ હોવાથી એ પરપુરુષનું દર્શન કરતી નથી. આપ એને શી રીતે જોઈ શકશો?'

રાજાનો આવેગ મંદ પડી ગયો: 'બ્રાહ્મણની બહેન છે? ત્યારે તો કોઈક અન્ય સ્ત્રી હશે. ભલે...'

ત્યાં પ્રતિહારે સમાચાર આપ્યા: 'કોઈ બ્રાહ્મણ દ્વાર પર ઊભો છે. રાણીજી પાસે મૂકેલી પોતાની બહેનને પાછી લેવા આવ્યો છે.'

રાજાએ તેને અંદર તેડાવ્યો. પદ્માવતી વાસવદત્તાને લેવા અંદર ગઈ. યૌગન્ધરાયણની યોજના પાર પડી હતી. ઉદયન રાજાએ પોતાનું રાજ્ય પરાક્રમ કરીને પાછું મેળવ્યું હતું. પરંતુ યૌગન્ધરાયણના મનમાં અંદેશો હતો: 'મેં આ 'નાટક' કર્યું તે જાણી મહારાજ શું કહેશે?'

થોડી વારમાં પદ્માવતી મુખ ઢાંકેલી વાસવદત્તાને લઇને આવી. રાજાએ બ્રાહ્મણની થોડી પૂછપરછ કરી અને સર્વની સાક્ષીએ તેણે બ્રાહ્મણને તેની બહેન સોંપી. આર્યા વસુંધરા તેનું મુખ નિહાળતાં વાર ચકિત થઈ બોલી ઊઠ્યાં: 'આ તો રાજકુમારી વાસવદત્તા!'

રાજા તેનું મુખદર્શન કરવા ઉત્કંઠ બની ગયો. યૌગન્ધરાયણે વિરોધ સાથે કહ્યું: 'એ ન હોય તમારી રાજકુમારી; એ તો મારી બહેન છે.'

રાજા વિચારમાં પડ્યો. પછી કહે: 'ભલે, આપણે તપાસ કરીએ. એના મુખ પરનું આવરણ દૂર કરો.'

અને એ જ વખતે યૌગન્ધરાયણ રાજાના પગમાં પડ્યો: 'મહારાજ, મને ન ઓળખ્યો? હું આપનો વિશ્વાસુ યૌગન્ધરાયણ...'

'અરે...!'

'હા... ને આ મહારાણી વાસવદત્તા. મેં આપની પાસેથી તેમને દૂર કરીને આપનો મહાઅપરાધ કર્યો છે.'

રાજા ફરી સ્વપ્ન અને સત્યની ભ્રમણામાં પળભર ડૂબી ગયો. પદ્માવતી ખૂબ લજ્જા પામી. સંકોચથી વાસવદત્તાના ચરણ પર ઝૂકી પડી. વાસવદત્તા પ્રેમથી તેને ભેટી પડી.

ઉદયન પરસ્પર વિંટળાયેલી એ બે જીવન-લતાને મનભર નીરખી રહ્યો. આર્યા વસુંધરા કૃતાર્થ થઈ ગયાં. અને યૌગન્ધરાયણ પોતાનો મનોરથ અંતે પાર પડ્યો તે માટે હર્ષ-રોમાંચ અનુભવી રહ્યો.

'ડૉક્ટર આવતાં પહેલાં'ની પ્રાથમિક સારવારની સમજણ આપનારી **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની** લેખમાળા

[૧૩]

ઝેર ચડવું

જે તે પદાર્થ કોઈ પણ માર્ગે ચામડીમાં કે લોહીમાં જવાથી શરીર કથળે કે જિંદગીનો અંત આવે એ ઝેર છે. એના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે. કોરોઝિવ (નાશકારી), દાહક (ઇરિટન્ટ) અને ઘેન કે નિદ્રા લાવનારાં. કોરોઝિવ પદાર્થો લેવાથી મોઢું, ગળું અને અન્નનળી દાઝે છે, બળે છે અને નાશ પામે છે. દાહક પદાર્થો લેવાથી મોંથી માંડી હોજરી સુધી દાહ ને સોજો થાય છે. ઘેન અને નિદ્રાદાયી ઝેર, શ્વાસમાં લીધાથી કે ઇન્જેક્શન વાટે લોહીમાં ગયા બાદ જ્ઞાનતંત્ર ઉપર અસર ઊપજીને બેભાનાવસ્થા, ઉન્માદ કે આંચકી આવે છે.

અકસ્માત કે ગુના ભરેલા કૃત્યથી ઝેર ચડવાના પ્રસંગો બને છે. આપઘાતના ઇરાદાથી કોઈક ઝેર લે છે તો કેટલાક વ્યવસાયને લીધે ઝેરી અસરોના ભોગ બને છે.

સાજીસમી વ્યક્તિને ખોરાક પ્રવાહી કે ઔષધ લીધા બાદ ઝેરને કારણે ઊલટી, ઝાડા, પેટમાં ચૂંક, પગમાં ફાટ, સન્નિપાત, બેભાનાવસ્થા વગેરે થાય છે અને રોગીમાં ઝેર ચડ્યાનાં ચિહ્નો ઉત્તરોત્તર વધુ સ્પષ્ટ થવા લાગે છે. અફીણ, ધતૂરો ને ભાંગના સેવનથી રોગી ગાઢ નિદ્રા (ઘેન)માં રહી છેવટે બેભાન બને છે. અફીણ લેવાયું હોય તો લેનારના મોંમાંથી તેની વાસ આવે છે. ઍસિડ કે અલ્કલી પદાર્થ લેવાયાં હોય ત્યારે મોંમાં અને પેટમાં લાહ્ય બળવાનાં ચિહ્નો હોય છે. તદુપરાંત રોગી પાસે પડેલી બાટલી કે સાધનો, કબાટમાં ખાલી થએલી ઝેરી દવાની શીશી કે ઊંદર મચ્છર યા માંકડ મારવાની ઝેરી દવાથી ખરડાએલા બાળકના હાથ વગેરે ઝેર લેવાયાની સાબિતીરૂપ થઈ પડે છે. ભાનમાં રહેલો રોગી પૂછેલા પ્રશ્નોના જવાબમાં સાચી હકીકત કહી દે છે. કદીક પીવાની દવાના બદલે ભૂલથી ચોળવાની ઝેરી દવા પી જવાના બનાવ પણ બને છે. બીજી બાજુ રોગીનું આત્મહત્યાનું વલણ કે માનસિક ખિન્નતા વિષે જાણવા મળવાથી તેણે ઝેર લીધાની સાબિતી મળે છે.

ઝેરની અસરમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર મળે તો રોગીનો જીવ બચી જાય છે. હોજરીમાં ગએલું ઝેર શોષાતાં અગાઉ બહાર કાઢી નાખવામાં આવે તો કદાચ રોગીને મૃત્યુ-મુખમાંથી પાછો લાવી શકાય છે, પણ લોહીમાં ઝેર ફરી વળ્યા પછી બધા ઉપાયો નકામા નીવડે છે.

પ્રથમ તો ઝેરનો પ્રકાર જાણવા પ્રયત્ન કરવો. જરૂર જણાય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા; સાથોસાથ આ દરમિયાન તુરત દાક્તરને બોલાવવા અગર તો રોગીને દવાખાનામાં ખસેડવાની તૈયારી કરવી.

ઝેરના બનાવમાં અપાતી પ્રાથમિક સારવારના બે મુદ્દા છે. એક તો ઝેરને ઓગાળી નાખી બહાર કાઢવું ને બીજું, ઝેરને નિર્દોષ બનાવવું.

ઝેરને લીધે જો ઓઠ અને મોં બળ્યાનાં કે દાઝ્યાનાં કોઈ લક્ષણો ન હોય તો ઝેર બહાર કાઢવા માટે ઊલટી કરાવવા આ ઇલાજો લેવા: રોગીના ગળામાં બે આંગળીઓ, પીછું કે ચમચાનો હાથો નાખી ગલીપચી કરવાથી ઊલટી થશે. જો આ રીતે ઊલટી ન થાય તો (૧) મોટા પ્યાલા જેટલા હૂંફાળા પાણીમાં ચમચો ભરીને મીઠું, અથવા (૨) ચમચાભર વાટેલી રાઈ યા (૩) પાણીમાં નાહવાના સાબુનું ફીણ બનાવીને પાંચ છ મોટા પ્યાલા ભરીને રોગીને પાઈ દેવું. આથી ઊલટી થશે. હોજરીમાંથી ચોખ્ખું પાણી ન આવે ત્યાં સુધી આમ ઊલટી કરાવવી. ઊલટી કરાવતી વખતે રોગીનું માથું એના થાપા કરતાં નીચું રહે એવી રીતે એને ઊંધો સુવાડવો જેથી ઊલટીનું દ્રવ્ય ફેફસાંમાં ન જાય અને વધારે નુકસાન ન થાય. રોગીને રેઢો મૂકી એનાથી દૂર જતા ન રહેવું. ઝેર વખતે આઘાતની સ્થિતિ હોય છે જ. તેના માટે રોગીને હૂંફમાં રાખવો ને યોગ્ય ઉત્તેજક દવા આપવી. દાક્તરના નિરીક્ષણ કે પોલીસની તપાસ માટે ઊલટી સંઘરી રાખવી.

જો આ અરસામાં દાક્તરની મદદ ન મળે તો મોટો ચમચો ભરી વિલાયતી મીઠું (મેગ સલ્ફ) પાણીમાં ઓગાળી પાઈ દેવું કે જેથી આંતરડાંમાં પહોંચેલું ઝેર પણ ઝાડા વાટે નીકળી જાય.

પેટમાં ઝેર ધોઈ નાખવા સાથે તે નિર્મૂળ થાય એવી દવાઓનો વપરાશ પણ જરૂરી છે. હોજરી અને આંતરડાંમાં ઝેર હોય ત્યાં સુધી જ આ ઉપાય ઉપયોગી નીવડે છે. ઊલટી કરાવવાની દવાઓ સાથે વિષહર દવાઓ પણ પાણીમાં આપવી અગર તો ઊલટી કરાવવા દરમિયાન આ દવાઓ વારંવાર વાપરવી.

વિષહર દવાઓમાં ચાક, સોડા બાય-કાર્બ, સરકો, લીંબુનો રસ, ટૅનિક ઍસિડ અને પોટાશ પરમેન્ગેનેટનો સમાવેશ થાય છે.

જો ઝેરી પદાર્થની જાણ થાય તો ચોક્કસ પ્રતિવિષ આપવું જેનાથી ઝેર નિર્મૂળ કે બિનઈજાકારી બને. જેમ કે ઑક્ઝેલિક ઍસિડ પીવાઈ ગયો હોય તો ચાક, દૂધ, દૂધમાં ભેળવેલી ઈંડાંની સફેદી કે તેલ આપવાં. અગર તો ઝેરની અસર શમ બનાવવા વિરુદ્ધ અસર ઉપજાવે એવો પદાર્થ આપવો. જો ઝેરના પદાર્થની જાણકારી ન થાય તો દૂધ, દૂધ કે પાણીમાં ભેળવેલાં ઈંડાં, મલાઈ અને લોટનું મિશ્રણ, કડક ચા કે વારંવાર પુષ્કળ પાણી આપવાં.

જો રોગી બેભાન હોય, એને તાણો આવતી હોય, જો તેણે કેરોસિન, ગૅસોલિન જેવી પેટ્રોલિયમની પેદાશો પીધી હોય અગર તો તેણે ઍસિડ કે અલ્કલીના કોરોઝિવ પદાર્થો લીધાથી ગળામાં પુષ્કળ લાહ્યની ફરિયાદ હોય તો તેને કદી ઊલટી ન કરાવવી.

ઍસેટિક ઍસિડ, સલ્ફ્યુરિક ઍસિડ નાઇટ્રિક ઍસિડ, ઑક્ઝેલિક ઍસિડ, આયોડિન અને સિલ્વર નાઇટ્રેટ એ ઍસિડ કે ઍસિડ જેવા કોરોઝિવ પદાર્થો છે.

અલ્કલી કોરોઝિવમાં સોડિયમ હાઇડ્રૉક્સાઈડ, ધોવાનો સોડા, ધોવાનો બ્લિચિંગ પાવડર અને ઍમોનિયા છે. કોરોઝિવ ઝેરમાં રોગીને મોં અને ગળામાં પુષ્કળ લાહ્ય બળે છે. આ વખતે જો રોગી ગળી શકતો હોય તો તેને ઍસિડ માટે દૂધ, પાણી કે પ્યાલાભર પાણીમાં ચમચાપુર મિલ્ક ઑફ મૅગ્નેશિયા આપવું.

અલ્કલી માટે દૂધ, પાણી, કોઈ ફળનો રસ કે સરકો આપવો. આનું પ્રમાણ એકથી પાંચ વર્ષની ઉંમર સુધી એકથી બે પ્યાલા, અને પાંચથી મોટી ઉમરના માટે અઢી શેર સુધી લઈ શકાય. (ચાલુ)

અંતરગડરી-૧૦

પિંજરની બહાર છતાં સૂનકાર

ચન્દ્રવદન ચી. મહેતા

રાતે નાટક જોઈને પાછા ફર્યા. બારણામાં દાખલ થતાં જૅક રૅશિન્યોનાં ધર્મપત્ની ભારતીય સાડીમાં સજ્જ થઈ આવકાર આપતાં અંગ્રેજીમાં થૅંક્સ, થૅંક્સ અને પછી ભારોભાર ઇટાલિયનમાં ધાણીચણા ફૂટે એમ દસપંદર વાક્યો દડદડાવી ગયાં! મોં ઉપરથી અને ત્રુટક શબ્દોની અરધીપરધી સમજ ઉપરથી બાઈ ઘણાં ખુશ લાગ્યા, એટલે મેં પણ એ જ રીતે જવાબ વાળ્યો. જૅકભાઈ પણ ખુશીના ઇશારા કરતા હતા. મારા અંગ્રેજી ઉપરથી એમણે ઇટાલિયનમાં જવાબ સમજાવી દીધો અને મારી તરફ વળી, નમી નમી અંદર લઈ જઈ ધર્મપત્નીનાં વાક્યોનો અંગ્રેજીમાં મને સાર સમજાવ્યો. જાણવા મળ્યું કે મેં જે ફર્નિચર એને ઘેર ભેટ તરીકે મોકલ્યું એ માટે બાઈ મારો ઘણોઘણો આભાર માને છે. જૅકને હું સારી રીતે ઓળખું એટલે આવી બાબતમાં વિરોધ કે અજ્ઞાનના સૂર કાઢવાના જ નહિ. ઘણાં વખાણથી લજ્જા પામતાં તંગ ચહેરે મેં 'અરે, એમાં શું, એમાં શું' એટલાથી આગળ ગયા વિના એકના એક શબ્દો બોલ્યા કર્યા, એના જૅકે ઘણી રીતે તરજૂમા કરી પોતાની મહેરદારને સમજાવ્યા. બાઈ સાહેબ હસી-નમી રાંધણીમાં જઈ. બીજા ખંડમાં જમવાનું ટેબલ બિછાવવા અંદર સિધાવ્યાં ત્યારે જૅકે એની હમેશની રીત પ્રમાણે નાકે આંગળી મૂકી ચૂપકીદી સૂચવી, તરત બે આંગળીઓ હેઠે લગાડી ઊડણચકલી જેવું. 'શાબાશ છે, બરાબર છે'. એવાં સૂચન પ્રેરતું ઊડણચુંબન ફરકાવ્યું.

જમ્યા બાદ છૂટા પડતાં જૅકે અમને છાપામાં એક મકાનની છબિ બતાવી, ઘણે કટાણે મોંઢે છાપા ઉપર આંગળી ટકોરતાં કહ્યું: 'આ એસ્ટર એટલે કે મારી વહુનું ઘર છે. હમણાં જ બંધાવ્યું છે. ચાર ભાગીદારોમાં, પણ અમે અભાગિયાં નીકળ્યાં, તે મકાન પડુંપડું થઈ ગયું છે, એવી દહેશત અને વાત ફેલાતાં, બધા જ ભાડૂતો ત્યાંથી ખાલી કરી જાય છે. અમે એથી જરા અપસેટ છીએ. કાલે સવારે સી. સી. તમે વહેલો નાસ્તો કરી તૈયાર રહેજો. આપણે મિલાનમાંના આ અમારા વાંકા વળનારા મકાન પાસે જઈ, એની પાકી ખબર કાઢી તમારે માઈકલ ઍંજેલો ઉપર કોઈને મળવા જવું છે, ત્યાં જીનોવા જઈ ત્યાંથી સાંટા મારગારિટા જઈશું. વધારે વાત સવારે, ગૂડ નાઈટ, સિનોર બારોનીની તમને હોટેલ પર મૂકી આવશે. બનશે તો રાતે એક વાર ફોન કરીશ. તમે હોટેલમાં જ છો એની ખાતરી કરવા!' કહી, દસ અર્થ નીકળે એવા પ્રકારનું હસી, મારાથી છૂટા પડયા.

સવારે મિલાનના એક મોટા રસ્તા ઉપર બાજુમાં ગાડી ઊભી રાખી અમે ઊતર્યા. જૅકે કહ્યું: 'આ સામેનું ઘર મારી વહુનું, તમને ઢળી પડેલું લાગે છે?' મેં ના કહી. દરમ્યાન અમે રસ્તો ઓળંગી ઘર નજીક આવ્યા. ત્યાં એક બંબાવાળો અને એક પોલીસ, એમ બે જણ ઊભા હતા. અમે એને કંઈ પૂછીએ, એટલામાં સામેથી એક મોટર આવી, એમાંથી એક સદ્‌ગૃહસ્થ ઊતર્યા તે જૅકના ઓળખીતા નીકળ્યા અને એ બે વાતે વળગ્યા. એ પતી જતાં જૅકે મને કહ્યું, 'આ અમારા આર્કિટેક્ટ. એ કહે છે કે એનું બાંધેલું મકાન એમ પડે જ નહિ. કોઈ એની આબરૂ ઉપર બટ્ટો લગાડવા માગે છે, એટલે આ અફવા ઉડાડી.' પછી



ભારતીય સાડીમાં સજ્જ પત્ની અને પુત્ર સાથે જૅક રૅશિન્યો

અમે ત્રણે મકાનની લિફ્ટ આગળ ગયા, ત્યાં પોલીસે અટકાવ્યા. એક મકાન બાંધનાર અને એક માલિક એમ કહ્યું એટલે પોલીસે મને પૂછ્યું. 'હા, હા,' એટલે 'સી. સી.' એ ભાષામાં, એટલી મને આવડત એથી મેં 'સી. સી.' કહ્યું અને અમને ઉપર જવા દેવામાં આવ્યા. આખું મકાન ખાલી, ફક્ત બે ભાડૂત મક્કમ. તે હઠયા હઠે નહિ એવા. એસ્ટરનું આ 'ટાવર ઑવ પિસા' સલામત છે એની આર્કિટેક્ટની ખાતરી થતાં, બહારથી જૅકે પોતાની વહુને ફોન પર રિપોર્ટ આપ્યો. 'સબ સલામત' અને અમે મોટરમાં જઈ બેઠા. મોટર હાંકતાં જૅક કહે, 'હવે મારી વહુ ભાડૂતો માટે પૂછે છે. અરે ઘર સલામત તો રહેનારા બીજા બાર આવશે. અમારા આર્કિટેક્ટે તો જમાનો જોયો છે. એ કહે છે કે જે ભાડૂતો ચાલ્યા ગયા એમના ઉપર દાવો માંડો. અ મારી આબરૂ લીધી. ચાલો, હવે એ તો થયા કરશે. વહાલા સી. સી., વાત ગઈ કાલની બગડી હતી. બપોરના આ ખબર આવેલા, એટલે મેં તમને સિનોર બારોનીની સાથે વળગાડયા. મારી વહુ દર ત્રીજી મિનિટે ટેલિફોન કરે, એને ઠંડી પાડવા મેં થોડું ફર્નિચર ખરીદી ઘેર રવાના કરાવ્યું. ફર્નિચર જરા જૂની ઢબનું મળ્યું, એટલે મેં એને કહ્યું કે આ હિન્દુસ્તાનથી આવ્યું છે. પ્રોફેસર મહેતા આપણે માટે ગિફ્ટ તરીકે લાવ્યા છે. કયારનું આવેલું, એ આવ્યા એટલે એમણે કસ્ટમમાંથી છોડાવ્યું. એથી એ ખુશ થઈ ઘણી. ને એ માટે તમારો આભાર મનાયો.'

'પણ જૅક!' 'હા, મેં એમ જૂઠું કેમ કહ્યું? એમ તમે પૂછવા માગો છો? એ જ તો હું કહું છું; આને જૂઠું નહિ કહેવાય. પૈસા તો મેં જ ફરકાવ્યા, એ કિમતમાં મને ફર્નિચર મળ્યું, ઉપરાંત, તમને શાબાશી, મારી વહુ વધારે ખુશ, પેલા ટાવર ઑવ પિસાની ઓછી પૂછપાછ, અને એની ચિંતામાંથી થોડો ઉગારો થયો, અને છેલ્લે સો વાતની એક વાત, આજે આપણે સાંટા મારગારિટા જવું હતું. મારે તમને લઈ જવા હતા, એની તાબડતોબ મારી વહુ પાસેથી નીકળવાની રજા મળી, કારણ તમે–તમે ફર્નિચરની ભેટ આપી, એટલે તમને મારે સાંટા મારગારિટા ફેરવવા લઈ જ જવા જોઈએ, એમ એણે તરત કબૂલી લીધું.'

'પણ વચમાં માઈકલ ઍંજલો કયાંથી જીવતો થઈ આવ્યો, ફિલ્મ?'

'ના, ઇટાલિયનોએ હમણાં એક મોટી નવી સ્ટીમર બાંધી છે. ઇટાલી ટુ ન્યૂ યૉર્ક જાય, એનું નામ 'માઈકલ ઍંજેલો'. તમારે ન જોવી હોય તો આપણે બારોબાર સીધા મારગારિટા જઈશું, પણ સ્ટીમર

જોવા જેવી છે. કંઈક લોકો એ જોવા જાય છે. આપણે જતાં એની ઉપર લંચ લઈશું. હવે સમજ્યા! તમે એક કાંકરે બહુ બહુ તો બે પક્ષી મારતા હશો. હવે ગણો મેં એક ફર્નિચરની વાતમાં કેટલાં પક્ષી માર્યાં? અને આને જૂઠાણું નહિ કહેવાય, અમે ઇટાલિયનો તો કદી પણ ન કહીએ.'

મિલાનોથી જીનોઆનો રસ્તો ડુંગરાળ અને રળિયામણો છે. રસ્તા બાંધવાની કળામાં આ ઇટાલિયનો મશહૂર. બીજી લડાઈમાં ઇટાલિયન કેદીઓએ ઍબિસિનિયામાં નેગુસના પ્રદેશમાં બાંધેલા રસ્તા પ્રખ્યાત છે. પણ મને એની બાંધણીમાં આજે રસ નહોતો. વેગ, ચડઊતર, વળાંક, બુગદા, ક્યાંક કતરાતી જતી રેલપાટા ઉપરની ટ્રેઈન, ખુશનુમા હવા, દર માઇલે ફિયાટ કંપનીએ લોકસેવા માટે ખડા કરેલા ટેલિફોનના થંભા, કે ક્યાંક રસ્તા નીચેથી રસળતી નીકળી જતી નદી, ના, કશામાં મને રસ નહોતો; જીનોઆ પહોંચ્યા, બંદર બારામાં પ્રવેશ્યા, સુશોભિત અક્ષરમાં અડીખમ ઊભેલી સ્ટીમર પર ચીતર્યું–કોતર્યું ઍન્જેલોનું નામ પણ વંચાણું, અને લક્કડપુલ ઓળંગી દરિયાખોળે ઊભેલી આ બોટના તૂતક ઉપર પણ પહોંચ્યા. ત્રણથી ચાર દિવસ એ બોટ અહીં લાંગરવાની હતી, તો પણ વિશાળ ભોજનખંડ ચિકાર હતો. ખૂણામાં એક પણ ટેબલ ન મળ્યું એટલે બરોબર વચ્ચે અમે ગોઠવાયા. અસંખ્ય વાનીઓની યાદીમાંથી બેત્રણ પસંદ કરી, જમી, પાછા મોટર પકડી, મારતી ગાડીએ રેલપાટા સાથે અમળાતા રસ્તા ઉપરથી ડુંગરકોરે દરિયાપાળે એક-બે-ત્રણ એવાં નાનાંનાનાં કંઈક સુંદર ગામડાંઓ વટાવી દરિયામાં લગભગ ટાપુ થવા ઊપસી નીકળેલા એક નાનકડી ડુંગરી જેવા જમીનના ભાગ ઉપરથી પસાર થઈ નીચે ઊતર્યા, ને એક સ્વચ્છ સુંદર રસ્તાને છેડે બાંધેલી નાની ઇમારતના ચોકમાં જઈ ઠર્યા. ઇટાલીભરમાં તો શું, પણ કહે છે કે સોરેન્ટો કે પાલર્મો સિસિલીમાં દરિયે કોતરેલી ખોભણો કરતાં પણ આ ખૂણો જગપ્રખ્યાત છે. આ એ સાંટા મારગારિટા—કિસમકિસમનાં વહાણો એકબીજાને અડીને ઊભાં છે, રસ્તાની એક કોર દરિયો છે, તો બીજી કોર એક જ રંગમાં બારમી-તેરમી સદીની બાંધણીનાં ઘરો પડું પડું થઈ રહ્યાં હોય એવો સ્વાંગ ધરી હારબંધ ગોઠવાયાં છે. નીચે એ આખી પગથાર પર ગણ્યાં ગણાય નહિ એટલાં રેસ્ટોરાં છે. દૂર લીલીછમ ઘેરઘટાટોપવાળી ડુંગરીઓ, રંગબેરંગી ફૂલો અને આસપાસ હસતીખેલતી નહાવાના કપડાંમાં મસ્ત, દેશદેશાવરની રૂપસુંદરીઓ, નવલોહિયા કિશોરો અને એ બધાંમાંથી અનોખી ભાત પાડતી અસલી સાંટા મારગારિટામાં ઊછરેલી ત્યાંની જ મત્સ્યગંધાઓ પસાર થાય છે. જૅક એ જુએ છે, હું પણ એ જોઉં છું, બંનેને એ કશામાં રસ નથી, જૅકનું મન મારામાં, મને રાજી કરવામાં પરોવાયું છે, મારું મન આડ્રિયન સમુદ્રની યે પાર યુગોસ્લાવિયાના મારીબોર ગામમાં ઊડી જઈ બેઠું છે.

એનો, જૅકનો નાનકડો વિલા, ત્રણ ખંડ ઉપરાંત રાંધણી એ જ. ત્યાંની મ્યુનિસિપાલિટીના હુકમ પ્રમાણે, બહારથી તો ઊડી ગએલા નારંગીના રંગે જ રંગેલો, દરેક ઘરને છસો-સાતસો વર્ષ પહેલાં જેવું આ બારું દેખાતું એ પ્રમાણે સાચવી રાખવાની પ્રથા. અંદર ફાવે તેવા રંગરોગાન કરો, નવેસરથી બાંધો, સો વર્ષ પછી રચાય એવાં ટેબલ-ખુરશી લાવો, વીજળી છાંડી એટમની એનર્જી પણ વાપરો, કોઇને કશો વાંધો નહિ. જૅકની વિલા એવી જ અંદરથી અવનવી, પણ ત્યાં સહેજસાજ નાસ્તા ઉપરાંત એ ટક્યો નહિ. બે કરંડિયા ભરી સામાન લઈ, ગાડી દરિયાકિનારે હંકારી. પડખે બાંધેલી એની કીકા નં. ૩ની યાચમાં બધું ગોઠવાવી, મારી બેગ પણ એમાં પટકી, યાચ લંગરમાંથી છોડાવી, છકછક કરતી એને દૂર દરિયામાં હંકારી ગયો. એમાં સૂવાની, રાંધવાની બધી જ સગવડ. સ્ટીઅરિંગ વ્હીલ પર મને બેસાડી બધું સમજાવવા મંડ્યો. ડ્રિંક્સ કાઢ્યાં, ફ્રિજીડેરમાંથી બરફ કાઢ્યો, ફળ કાઢ્યાં, વાતે ચઢ્યો, મધદરિયે જઈ યાચ ઊભી રાખી, ત્યાંથી કોર્સિકા, રોમ, સિસિલી કેટલાં દૂર એ સમજાવવા બેઠો. સાંટા મારગારિટાની આસપાસનાં નાનાં બંદરીગામો–આ હાપાલો અને પણે જીનોઆ વચ્ચે બીજાં દસ બંદરો, નાનાં ગામો, આખી ભૂગોળ ગણાવી ગયો. ક્યાં ક જરા કિનારા બાજુ થઈ હોડી ઊભી રાખી, લંગર નાખી, નહાવા પડ્યો, તર્યો, મારા હાથમાં કૅમેરા પકડાવી પોતાના ફોટા પડાવ્યા ઉપર આવી હોડકાની અંદરના શાવરમાં ફરી નાહ્યો, ફ્લૉરેન્ટાઈન બાટલીમાંથી ફ્લૉરેન્સનો 'વિનોરોસા' ચખાડ્યો, ગરમગરમ રાંધ્યું, જમ્યા, રેડિયો ચલાવ્યો, ગ્રામોફોન સમાર્યું, પાછી હોડી હંકારી. અંધારું થવા માંડ્યું, ત્યાં બત્તીઓ કરી, ડૂબતા સૂરજને બતાવ્યો, આકાશમાં, સાગરમાં, આસપાસના કિનારા ઉપરનાં ઘરો પર કરમાતાં કિરણોને લઈ નીપજતા રંગોની આછી ભૂખરી સુરખીની સમજણ આપી, ઇટાલીના નાટક ઓપેરા શિલ્પ ચિત્રકળા વિષે એક પછી એક રસિક કિસ્સાઓ આલેખ્યા; દરિયાનાં મોજાંમાં છબછબિયાં કરી નહાતો ઝોલા ખાતો ચાંદો નીકળ્યો તે બતાવ્યો, દૂર ભૂખરી ગિરિમાળાની ગોદમાં લપાએલી કોઈ જૂનવાણી આખ્યાયિકા, પૂર્વમાંના પ્રિન્સ ઑવ મોનાકો પશ્ચિમમાં આવેલા ટસ્કાની પ્રાંતની રાજકુંવરીના પ્રેમમાં શી રીતે પડ્યો, સંવનનકાળને કેવો લંબાવ્યો, એક બીજા હરીફને બહાદુરીથી હરાવ્યો, આખરે પરિણામે પરણ્યો, પરણીને પસ્તાયો, પસ્તાતાં અરધો ગાંડો થઈ ગયો. કોઈ પ્રેમમાં પડતાં ગાંડા થાય છે, કોઈ પાછળથી ગાંડા થઈ જાય છે, દુનિયાનો આ વિચિત્ર કાનૂન ધ્યાનમાં રાખવા જેવો, તે કાનૂન સમજાવ્યો. અને પછી હોડકાની બેઠકોને ખેંચીખાંચી, એમાંથી પલંગ જેવી રચના કરી, પથારી બનાવી. પોતાની પથારી કરી સૂવાની તૈયારી કરતાં પહેલાં લૉંચમાંના ટેલિફોન આગળ જઈ રીસીવર હાથમાં લઈ, બોલ્યો: 'વોત ઇઝ ધ નંબર!' 'શાનો?' 'તે ત્યાંનો–શું તો મારીબોરનો, મે બી તમને બંને યાદ હશે, મે બી, તમને એક જ યાદ હશે, મે બી તમારી બેગમાં ડાયરીમાં નોંધેલો હશે. આપણે બંને નબર સાથે એક પછી એક વાતો કરી શકીશું–એડા કે યૂનિકા બંને સાથે એકીવખતે વાત નહિ થાય, સૉરી.'

આમ સૂવા જતાં પહેલાં એણે મને રડાવ્યો. એ પહેલાં તો હું એ સોહામણા હસમુખા પુરુષને બાઝી જ પડ્યો હતો. કેટલી સુકોમલ એની લાગણી અને કાળજી! અને પાંચ જ મિનિટમાં એ જ્યારે મુંબાઈ આવ્યો હતો, ત્યારે અમારી જાણમાં એને મળેલા એક ધનચક્કરની વાત કાઢી, એની ગોટાળાબાજીને બહલાવી એમાં ભારોભાર મીઠું-મરચું ભભરાવી, જૅકે મને ખડખડાટ હસાવ્યો.

નામ નહિ કહું, પણ ભાઈ અમારા મુંબાઈમાંની એક મંડળીના. એ એક દિવસ કહે કે એણે લગ્ન કર્યાં, અને અમે બધા એ જાણી તાજ્જુબ થઈ ગયા. 'તમે પરણ્યા?' તો કહે, 'હા'. 'વહુ કેવી છે, નામ શું, કોની દીકરી, એક વાર એને અહીં લઈ તો આવો' એવા સર્વસાધારણ આપણે પૂછીએ એવા સવાલો અમે પૂછ્યા. પૂછ્યા જ કરીએ, પણ ભાઈસા'બની વાત આગળ ન ચાલે. બજારમાં જાય, તો સાડી ખરીદતા અમે જોઈએ. થોડાં ઘરેણાં પણ લાવ્યા, બંગડીઓનો ઢગલો, હાથમાં બ્લાઉઝનો કકડો લઈ દરજીને ત્યાં જાઉં છું એમ કહે, પણ મહિનાઓ થઈ ગયા, છતાં ભાભીસાહેબનાં અમને દર્શન ન થયાં. છેવટે અમે ફોટોગ્રાફ પર આવ્યા કે ફોટો તો બતાવો, તો તેની હા, પણ ફોટો અમે હજી સુધી જોયો નથી. અમારી બનાવટ કરે એવો એ માણસ નહિ; તાકાત હિંમત ગજુ કે આવડત કશું નહિ. ભલાભાઈ, અમુક પ્રકારની સમજણ પાકી, વહેમી તો નહિ જ, પણ

પોતાની વહુને અમારામાંથી કોઈને એણે બતાવી નહિ. મુંબાઈમાં રહે પણ ઘાટકોપર તરફ, અમે એને ઘેર જવાનું નક્કી કર્યું તો કહે એ બહારગામ જાય છે, બે વાર સીધો એને ઘેર માણસ મોકલ્યો, તો ત્યાં તાળું. ઘરમાં કે બહાર કે કોઈને ત્યાં અચાનક કે અકસ્માત, કોઈના લગ્નમાં કે સિનેમામાં અમે એની વહુને જોઈ શકયા નહિ. કોઈ કોઈ વાર આપણે કહીએ તો કહે કે 'દેશમાં ગઈ છે.' ગજવામાં એની ઉપર લખેલા કાગળ પણ બતાવે, પણ પરણેતરનાં દર્શન અમને થયાં નહિ. આખરે અમે કંટાળ્યા, અને વાત ભૂલી જવા જેવું પણ થયું. એટલામાં અમારા જૅક રેશિન્યો મુંબાઈને પાદરે ઊતર્યા. જૅક એમને ઓળખે એટલે અમે જૅકને અમારો આ અનુભવ કહ્યો. જૅકનો ઉતારો મુંબાઈમાં રીટ્ઝ હોટેલમાં, ત્યાં એ ભાઈ એને મળવા ગયા, ત્યાં જૅકે તો એની વહુને આપવાની જાતજાતની ભેટનો પોતાના ખંડમાં ઢગલો કરી બતાવ્યો. બેએક સાડી, એકાદ હૅન્ડબૅગ, બેત્રણ પરફ્યૂમની બાટલીઓ, પોતે અહીંથી લઈ જવાનાં અત્તરો ખરીદ્યાં હશે, તે એવું બધું ટેબલ પર ગોઠવેલું, અને કહ્યું કે તારી વહુને લઈ આવ, આ બધું હું એને હાથોહાથ આપું બે દિવસ થયા, જૅકભાઈ હિન્દમાં બેત્રણ ઠેકાણે ફરીને પાછા મુંબાઈ આવ્યા, અને એમનો પાછા જવાનો દિવસ પણ ઢૂકડો આવવા લાગ્યો ત્યારે અમે જૅકને 'હારી ગયો' એવો ટોણો માર્યો. જૅકની તો એક જ વાત, 'ઇટાલિયનો કદી હારતા જ નથી, આર્મી એટલે કે કોઈ ફોજ હારે, પણ ઇટાલિયનો તો નહિ જ.'

બે દિવસ જૅક દેખાયા નહિ, હોટેલ પર ટેલિફોન કરીએ તો કહે જૅક નથી. રૂમ છે, પણ મિસ્ટર જૅક નથી, ક્યારે આવશે તે ખબર નથી. અમે ત્રીજે દિવસે સવારે હોટેલ પર ગયા, કોઈને કહ્યા વિના ઉપર એના રૂમ પર ગયા, બારણું ઠોક્યું, તો જૅકે ઉઘાડયું. એના મનમાં કે નોકર ચા-કૉફી કે નાસ્તો લાવ્યો હશે. અને નાસ્તો આવ્યો પણ ખરો. નાસ્તો બે જણનો, જૅકનો અને આપણા ભગાના ભાઈ, વહુ લાવેલા તેનો. અને બંને ત્યાં હાજર જૅક અમને એની હમેશની રીત પ્રમાણે નાક પર આંગળી મૂકી કંઈ પણ બોલવાની ના પાડે, ત્યાં પેલા ભાઈ અમને કરગરે: 'ભાઈ, અહીંથી છોડાવો, જૅક મને મારે ઘેર કે મારી નોકરી પર જવા જ દેતો નથી. અહીં ખવાડે છે, અહીં જ સુવાડે છે અને રાતે બારણે અંદરથી ચાવી મારી દે છે. હવે જૅકની જુબાની સાંભળો. એ કહે છે, 'એને માટે હું આટલી બધી ભેટ લઈ આવ્યો, એ કહે ક લે મારી વહુને લઈ આવીશ, એવી કેટલીક કાલ ગઈ, એટલે મેં એને કહ્યું કે આ બધું બૅગમાં ભરી આપણે એને આપવા જઈએ. તું જ્યાં કહે ત્યાં. તે એ મારી સાથે આવતો નથી. એટલે અમે અહીં બેઠાબેઠા, રૂમની બહાર જ નીકળતા નથી. નીચે હુકમ છે કે કોઈ ફોન લેવો નહિ. એ મારા પર રૂમમાં પૂરી રાખવા માટે દાવો માંડી શકે છે. હું કોર્ટમાં જે બન્યું તે હકીકત કહેવા તૈયાર છું.' આમ બે જણાની વાત બાદ પેલા ભાઈ તો રડવા જેવા થઈ ગયા, પગે લાગ્યા, અને કહેવા લાગ્યા, 'મારે વહુબહુ છે નહિ. પણ વહુ છે એ ખયાલે હું જીવું છું. મને એથી આનંદ આવે છે.'

અમને સૌને એની બહુ દયા આવી. એનું સપનું તૂટી ગયું એથી એને આઘાત થયો. અમે એને વહુ શોધી આપવા વચન આપ્યું તો કહે, 'ના, જીવતી વહુ મને નહિ જોઇએ. એમાં દુ:ખ, ખટપટ, ઝઘડો, કંકાસ, તે મારાથી નહિ વેઠાય.' જૅક તો બે ડઝન ઇટાલિયન છોકરીઓ અહીં મોકલી આપવા તૈયાર, એમાંથી ગમે તેને તે પરણે. એને માટે આજથી પેલી ભેટોનો ઢગલો તૈયાર, પણ આપણા વરરાજા જીવતી વહુ પરણવાની જ ના કહે. છેવટે જૅકે પેલી ભેટો એક બૅગમાં ભરી, એને આપી અને કહ્યું: 'આ લઈ જાઓ. તમારી કલ્પનાની પરણેતરને તમે આ આપજો. તમે જેમ એને વહુ માનો છો, તેમ અમે પણ એને અમારી ભાભી માનીશું, તે રાતે કીકાભાઈ ધીઆને ત્યાં અમે બધા જમ્યા, ત્યાં આ વાત સિવાય બીજી એક પણ વાત નીકળી નહિ. અમે હસ્યા પણ નહિ. અને મૂંઝાયા પણ નહિ. ભગવાન જાતજાતના કોઠા ઘડે છે, એની કરામતોનો જ વિચાર કરતા રહ્યા.

સવારે વિશાળ સાગર ઉપર સૂરજનાં પથરાતાં કુમળાં કિરણો જોયાં. આ વળી નવો જ અનુભવ, નવો જ રોમાંચ. શાંત સૂતેલો સાગર પણ પંખીઓના કિલકિલાટ જેમ ઊર્મિસંવેદનોનો કલરવ શરૂ કરી દે છે. મારી પથારીની પડખેની નાની બારીમાંથી આ જોવાને બદલે હું ઊઠીને બહાર આવ્યો, પણ ઠંડક ઘણી લાગી એટલે પાછો ફર્યો. જૅકભાઈ તો નિરાંતે ઊંઘતા હતા, એટલે હું પણ પાછો પથારીમાં પડ્યો. નિંદર આવતી હતી, છતાં દરિયો જોવાની લ્હાય વધારે જોર પકડતી હતી, એટલે જૅકે ઊઠી, મોં ધોઈ ચા બનાવી ત્યાં સુધી હું પડી રહ્યો. સાગરની વિશાળ છાતી ઉપર નિંદરવાનો આ મારો પહેલો જ અનુભવ હતો. ૩૫ વર્ષ પહેલાં મુંબાઈથી કરાચી જતાં એક રાત કાઢેલી તે બાદ કરીએ તો—પણ આ અનુભવ જુદી જાતનો હતો. એક તો પરદેશી દરિયો અને નાનકડું હોડકું, ક્યાંક લાંગરેલું પાણીની સપાટીની નિકટ. આસપાસ જીવંત શાંતિ.

બે રાત આમ કાઢી અમે કિનારે આવ્યા. દરમ્યાન ચારે કોર ફર્યા. મજા આવી. સાંટા મારગારિટા ગામ જોયું, દરિયે ધોવાતા કિનારી પરના રસ્તા ઉપર મોટર હાંકી, સાંજ પહેલાં મિલાનો તરફ જવા ઊપડયા. બીજે દિવસે કોમો સરોવરની પ્રદક્ષિણા કરી, ડુંગરા જ ડુંગરા. એક બાજુ સ્વિટ્ઝરલૅંડ, બીજી બાજુ ઇટાલી. ત્યાંથી ટ્રેઇનને રસ્તે જીનિવા ગયો. મિલાનોના વજ્રબાંધણીના રાક્ષસી કદના કાળમીંઢ પથરાળ સ્ટેશનના વિશાળ પ્લૅટફૉર્મ ઉપર જૅક અને હું ભેટી છૂટી ઊભા હતા, છેલ્લી પાંચ મિનિટમાં તો આટલા ચંચળ અને ચબરાક વીજળીની છટપટાટવાળા જૅકભાઈ ગઈ કાલે જ જોએલા આલ્પ્સનાં શિખરો ઉપરના હિમ જેવા ઠરીને અવાક્, સ્તબ્ધ, સ્થિર થઈ ગયા હતા. હિમશિખરો તેજના ઝગારા મારે એમ ફક્ત એમની આંખોનું અમી ચમકી રહ્યું હતું. ગાડી ઊપડવાની પંદરેક મિનિટ પહેલાં એક ઇટાલિયન બાઈ પ્રોફેસર સાથે એમણે મને ઓળખાણ કરાવી હતી, તે સિવાય બીજું કશું બોલ્યા નથી. ગાડી ઊપડવાની ઘડી આવી અને હું ડબ્બાના પગથિયે ચઢ્યો, ત્યારે પ્રીતની એ મૂર્તિમંત કાયામાંથી, અને ખાસ કરીને આંખમાંથી લાગણીની જ ધારા વહેવડાવી છે, એ ભૂલવા મથતાં પણ ભુલાશે નહિ.

હજી તો ઇટાલિયન સરહદ ઓળંગી નથી, ડો મોડોસોલાના પ્રખ્યાત ઘાટમાંથી પસાર થયા નથી, તે પહેલાં પેલી બાઈ પ્રોફેસર લૉરેન્ઝા ફેરિસિયાની મને શોધતી આવી ને બોલી: 'જીનિવા પહોંચો ત્યાં સુધી મારે તમારી દેખભાળ રાખવાની છે. આ ટ્રેઇનમાં નાનકડો બાર છે, ચાલો ત્યાં, મેં આપણે બે માટે ટેબલ નક્કી કરાવ્યું છે.' ત્યાં બેસતાં જ મેં જૅકની ઉમળકાભેર અથથી ઇતિ સુધીની વાતો કરી. એ સાંભળ્યા બાદ એણે કહ્યું: 'ગારબો ? ચેટા ગારબો નહિ, અમારી ભાષાનો આ શબ્દ છે. અને એ શબ્દનો શબ્દકોશમાં અર્થ શોધવા જશો તો નહિ મળે. તમે શીખી લ્યો. હું ભાષાશાસ્ત્ર ભણી છું, ભણાવું છું. તમારે ત્યાં 'રસ', અંગ્રેજી ફ્રેન્ચમાં 'ટેસ્ટ' જાપાની ભાષામાં 'યુગન' જેવો અમારો આ ગારબો શબ્દ અનેક અર્થ-વિસ્તાર સૂચવતો રહે છે. દુ:ખ શકય એટલી રીતે દૂર કરવા મથવું, જીવનની નાની અને ક્ષુલ્લક જણાતી પળોને ગૌરવ અર્પવું, ભોજન, ભાષણ, સંવાદ, લખાણ, વર્તન,

શણગાર બધાંને શોભાવવા કોઈ અનોખી રીતે મુકુટ ઉપર છોગું ચઢાવવું, અંદર લિજ્જત લાવવી, એ ગારબો. ધારો કે મારે તમને કંઈ દુઃખદ સમાચાર આપવા છે, તો તેને જરા મુલાયમ બનાવી, સરખી તક સાધી, તમારા દિલને ધોકો કે આંચકો ન પહોંચે એ રીતે તમને કહું, એ કહેવાની રીત તે ગારબો. એ ઝીણી અને ઊંડી સમજણ, તે ગારબો. પ્રેમ પાંગરે, વધે, વિકસે અને એકાએક તૂટી જાય, તો એ જીવડાને જરા હળવાશથી, નજાકતથી, સમજણપૂર્વક વધારે ગેરસમજૂતીઓ ન ઊભી થાય એ રીતે છૂટા પાડવાની ક્રિયા તે ગારબો. સુંદર ઘર બાંધો અને ક્યાંક નજીકમાં, યા આજુબાજુમાં નાનકડા બાગની યા નમણા ફુવારા ઓટલા ઓશરીની ગોઠવણ કરો તે પણ ગારબો. એમાં સંયમનો, આયોજનનો, નજાકતનો, સમજનો, સલૂકાઈનો, વિનયનો સુરુચિનો જાતજાતનો ભાવ સમાએલો છે. તમે જૅકનાં વખાણ કરો છો, પણ જૅક સંસ્કારી વ્યક્તિ છે અને તમારે માટે એને પુષ્કળ લાગણી છે, એટલે આ ત્રણચાર દિવસ એણે સ્વાભાવિક રીતે ગારબો આચર્યો. તમારા દિલના દર્દની ગમગીનીની એને ખબર થતાં જ એણે ઘરમાં મીઠા જૂઠાણાથી તે સાગરસફર સુધીની અણીથી પણી સુધીની આખી યોજના ઘડી અમલમાં મૂકી. તમારી જાણ વિના તમારો જીવ બહેલાય, તમારું દિમાગ ખુશખુશાલ થાય, એ માટે એણે આ તાગડા રચ્યા. મૂળભૂત વંશપરંપરાગત સંસ્કારોનું પરિણામ. જૅક આવી બાબતમાં અજોડ છે, એ ખાનદાન ઉમરાવ દિલનો નબીરો છે.

બહાર આલ્પ્સે અમને એની શોભામાં લપેટી લીધાં હતાં. ખળખળતા ધોધ આહ્લાદક લાગતા હતા, મારી આંખમાંથી દડદડ આંસુ પડતાં હતાં. 'મેં તમને દુઃખી કરવા ગારબોનો અર્થ નહોતો સમજાવ્યો.' લે રેન્ઝાએ કહ્યું. મેં જવાબ આપ્યો, 'દુઃખ તો ઘણું જૅકે નીતારી નાખ્યું હતું, આ તો તમે મને જૅકના હૃદયના એક અનુપમ લક્ષણનું સહસા દર્શન કરાવ્યું, એની ખુશાલીમાં, જૅક જેવી વ્યક્તિની મૈત્રીનો લ્હાવો મળવા માટે અંજલી આપું છું. લોરેન્ઝા! અમારી સમાજવ્યવસ્થામાં કહીએ તો, અખંડ સૌભાગ્યવતી સોળે શણગાર સજી અરીસામાં જોઈ ધીમે રહી પોતાના ગૌર કપોલને શોભે એમ માપસરનો સુકોમલ આંગળીએ હલકભરી રીતે ચાંલ્લો કરી સકળ શણગાર પર કળશ ચઢાવે તેમ, તમે મને આ ગારબોનો અર્થ સમજાવી કૃતાર્થ કર્યો. જૅકના અંતરમાંના એક મનોરમ ભાવની પ્રતીતિ કરાવી.' અમે બંને પૂરપાટ હંકારાતી ટ્રેઇનમાંથી આલ્પ્સનું સૌન્દર્ય જોતાં મૌન ધારી બેઠાં.

ગાડીએ લેક લેમોનની પ્રદક્ષિણા શરૂ કરી, વર્ષો પહેલાં જોએલો શિલૉંગ દુર્ગ જેના પર બાયરને સુંદર કાવ્ય લખ્યું હતું તે દૂરથી જોયો, રિલ્કે કવિની કબર પર અહીંથી થોડે દૂર ફૂલ ચઢાવવા આવ્યા હતા તે યાદ આવ્યું. સોનલ પકવાસા, હવે માનસિંગ સ્ટેશન પર મારી ગાડીની રાહ જોતાં ઊભાં હતાં, એને જોતાં જાતજાતની વિચાર-શ્રેણિમાંથી જાગ્રત થયો. આ અમારું જૂનું જીનિવા. હું જીનિવા શા માટે આવ્યો હતો? (ચાલુ)

અનુસંધાન] **નવા ગગનની નીચે** [પૃ. ૪૨૧થી

ત્યાં મુશ્કેલી હતી મારી જગ્યાએ પહોંચાડનાર બસ કઈ હશે? માણસો થોડા હતા ને જે બેચાર જણા મળ્યા તેમને અંગ્રેજી નહોતું આવડતું. મળી તે બસમાં ચડી ગયો કન્ડક્ટરને અંગ્રેજી નહોતું આવડતું, પણ અર્ધું ઇશારતથી, અર્ધું ભાગ્યુંતૂટ્યું બોલીને અને અર્ધું મારી હોટેલનું કાર્ડ બતાવીને મેં મારું કામ કરી લીધું મારી જગ્યાએ મને એ ઉતારશે એવું વચન પણ માંડમાંડ લઈ લીધું. હાશ કરીને થાકેલા પગને જરા આરામમાં ગોઠવ્યા. ત્યાં એક વૃદ્ધ પુરુષ હાંફળાહાંફળા જેવો આવીને જોડે ગોઠવાઈ ગયો, વિનંતી કરતો હોય એવા સ્વરમાં કહે:

'ભાઈ સાહેબ, તમને અંગ્રેજી આવડે છે?'

'થોડું ઘણું આવડે તો છે.' મેં હસીને કહ્યું.

'તો મને સમજાવશો આ બસ ક્યાં જાય છે?'

'એ તો મને પણ ખબર નથી આ બસ ક્યાં જાય છે એ, કેમ કે હું પણ આ ગામમાં નવો છું.'

'તો તમે જવા માગો છો ત્યાં આ બસ જતી હશે?'

'હા, એ મેં કન્ડક્ટર પાસેથી સમજી લીધું છે.'

'તો કૃપા કરી મારે વિશે પણ સમજી લોને તેની પાસેથી. હું કહું છું તે એ કંઈ નથી સમજતો.'

'હું કહું છું એ પણ ઝાઝું નથી સમજતો,' મેં કહ્યું. 'કેમ?'

'કારણ કે મને અંગ્રેજી આવડે છે, ફ્રેન્ચ નથી આવડતું.'

'તો તમે...' 'માંડમાંડ મારા પૂરતું સમજ્યો છું.'

'અરે રે,' એ નિરાશ બની ગયો, પછી પ્રતિજ્ઞા કરતો હોય તેમ કહે, 'બીજી વાર હું અહીં આવીશ ત્યારે ફ્રેન્ચ શીખીને જ આવીશ.'

'એ જ ઉત્તમ છે.' મેં કહ્યું, ને અમે બન્ને હસી પડ્યા.

એણે આપેલ વચન પ્રમાણે કન્ડક્ટરે મને મારી જગ્યાએ ઉતારી દીધો. મેં પાછું ફરીને જોયું તો પેલો વૃદ્ધ પુરુષ હજી પણ એ જ બસમાં મૂંઝાયેલો જેવો બેઠો હતો.

ખૂબ થાક્યો હતો. જમીને સૂઈ ગયો. સાંજે પાછો નીકળ્યો, ત્યારે લિફ્ટમેન મૈત્રીભર્યું હસ્યો. કહે, 'હું પણ હિંદુસ્તાનમાં હતો.'

'સરસ સરસ,' મેં કહ્યું. પૂછ્યું, 'ગમ્યો એ દેશ?'

'ખૂબ જ. એટલે તો તમને જોઈ રાજી થઈ જાઉં છું.'

'તો મને રસ્તો સમજાવો મારે નોત્રદામનું દેવળ જોવા જવું છે.'

'ખ્રિસ્તી છો?' તેણે પૂછ્યું. 'ના, સાહિત્યિક છું.'

'સમજ્યો સમજ્યો. વિક્તર હ્યુગો.' એ પછી રસ્તાની વિગતવાર સમજણ પાડી. આ વખતે હોટેલના પોર્ટરને રસ્તા સંબંધી પૂછપરછ કરીને પજવ્યા વિના હું બહાર નીકળી ગયો.

એ દેવળ પાસે પહોંચ્યો ત્યારે ઝગઝગાટ કરતું પારી(સ) અદશ્ય થઈ ગયું હતું. શહેરના પુરાણા ભાગમાં આવેલ આ દેવળ પણ પ્રાચીન હતું. આકાશમાં ઓગળી જવા મથતા એના મિનારા પુરાણા જીવનની યાદ આપતા હતા. અંદર ગયો. વિશાળ હતું, પણ અંધારિયું. થોડાં માણસો અંદર અને આસપાસ અવરજવર કરી રહ્યાં હતાં. આ મંદિરમાં હ્યુગોનો ખૂંધિયો પોતાનું જીવન વિતાવી ગયો હશે. અહીં, મેરીની આ મૂર્તિ આગળ, આનાતોલ ફ્રાંસનો મદારી પોતાના ખેલ કરી કરીને માતાની આગળ પોતાની ભક્તિ પ્રદર્શિત કરી રહ્યો હશે. એ બધાને તાદશ કરવામાં સમય કેટલો નીકળી ગયો તેની ખબર પડી નહિ. બહાર આવ્યો ત્યારે હજી અજવાળું હતું પણ અંધારામાં તે થોડા સમયમાં જ લીન થઈ જશે તેની આગાહી વર્તાતી હતી. (ચાલુ)

લેખક-આલેખક
ખોડીદાસ પરમાર

સૌરાષ્ટ્રની ગ્રામપ્રજાનાં પ્રતીક-ચિત્રો * * *


દરેક માનવીનું હૃદય અવારનવાર ઊર્મિનાં સંવેદનો અનુભવે જ છે. આવાં ભાવસ્પંદનોથી એનું અંગેઅંગ તરંગિત થઈને, હૈયું અને હોઠ, હાથ ને પગ ક્રિયાશીલ બની જાય છે. હૈયેથી હોઠે અને હાથેપગે ઝિલાઈને તેનો ઉમંગ બહાર આવે છે, અમૂર્ત મૂર્તિમંત થાય છે. ગીત, નૃત્ય અને ચિત્રનો દેહ કંડારાય છે. માનવહૃદયમાં આનંદની પળો જ્યારેજ્યારે ઝબૂકે છે ત્યારેત્યારે માનવી હમેશાં કંઈક અવનવું લલિત સર્જન કર્યા જ કરે છે.

પણ માનવજીવન કાચી માટીના ઘડૂલા જેવું છે. તે ક્યારે નંદવાઈ જશે તે કોઈ જાણી શક્યું નથી. માનવીમાત્રથી કંઈક અજુગતું પણ થઈ જ જાય છે, પણ તેનો માંહ્યલો હૃદો પશ્ચાત્તાપ કરીને આ સર્વ પાપને નિવારવા તે પુણ્ય, દાન અને જાત્રાઓ કરે છે; પવિત્ર ગંગા-ગોમતીમાં નાહીને પાપ ધોઈ નાખે છે. આમ, દરેક ધાર્મિક હિંદુના મનમાં યાત્રાની ઇચ્છા હોય જ છે. સૌરાષ્ટ્રમાં તો જાત્રાનો મહિમા અતિ ઘણો છે. માણસને ઘડપણની છાયા ઘેરવા લાગે ત્યારથી જ તેને જૂનાગઢ કે દ્વારકાની જાત્રા કરવાની ઇચ્છા થાય છે. જીવને ટાઢક વાળવા અને ખોળિયું સંતોષવા સૌરાષ્ટ્રના એક ગામમાંથી એકસાથે મળીને ૨૦ થી માંડીને ૫૦ જેટલાં વૃદ્ધ સ્ત્રી-પુરુષો ચૈત્ર મહિનામાં જાત્રાએ જવા તૈયાર થાય છે. ચૈત્ર પિતૃઓનો મહિનો ગણાય છે. તેમાં વાર, તિથિ નક્કી કરી વહાલાં સગાંમાં કંકોતરીઓ લખાય છે, અને જવાના દિવસે એ જાત્રાળુને વધાવવા સગાંવહાલાં આવી પહોંચે છે. જાત્રાળુને ઘેર તેમજ ગામ આખામાં એક જાતનો ભક્તિભાવનો હિલોળો ત્યારે ઊછળી રહે છે. સૌ જાત્રાળુ ઠાકરમંદિરે કે ચોરે ભેગાં થાય છે. બાલિકાઓ કંકુચોખાથી એમને વધાવે છે અને સૌ વાજતેગાજતે એમને પાદર સુધી વળાવવા આવે છે. સાથેનું સ્ત્રીમંડળ ધોળમંગલ ગાતું જાય છે.

'મારું મન રે મથુરા દલ દુવારકા,
મારા રુદિયામાં શાળેક્રામ
અમને તેડી હાલ્યા દુવારકા.'

આ ગ્રામજનો ભલે અભણ, પણ નિખાલસ અને કલાવાંછુ છે. તેઓ દરેક ધાર્મિક કે સાંસારિક ઉત્સવ પ્રસંગની મીઠી સ્મૃતિઓ સાચવી રાખવા ઘરની દીવાલ ઉપર તેનાં પ્રસંગાનુરૂપ ચિત્રો આલેખે છે. ગ્રામબાલિકાઓ અને સ્ત્રીઓ પોતાની આગવી પરિપાટીએ ઘરની ઓશરીમાં અને બહાર પ્રસંગ પ્રમાણેનું ચિતરામણ કરે છે.

બાર પંદર દિવસનો કે મહિના માસનો વહાડ કરીને જાત્રાએ ગએલાં વડીલો દેવભુવનનાં દર્શન કરીને ઘેર પાછાં ફરે ત્યારે તેના સ્વાગત માટે ઘરને વાળીઝૂડી, લીંપીગૂંપીને સ્વર્ગભુવન જેવું જ બનાવવું જોઈએને? એટલે તેવતેવડી વહુ-દીકરીઓ ઘરને લીંપીગૂંપીને ઉજમાળું બનાવી દે છે. ઘરમાં અને ઓશરીમાં ખડીથી ધોળ કરે ને બાકીના બધાય ભાગમાં કુંવળવાળી ગાર લીંપી નાખે છે. ધોળેલા ભાગ ઉપર ઘરના મુખ્ય બારસાખની બાજુમાં જાત્રાળુને ગયાને કેટલા દિવસ થયા તેની યાદ રાખવા રોજેરોજ દિવસ ઊગતાંવેંત જ કન્યા કે વહુ કંકાવટી લઈને ચાંદલો માંડે ને તેને ચોખાએ વધાવીને જાત્રાળુનું મંગલ ઇચ્છે છે. આમ રોજ એક સીધી લીટીમાં નવોનવો ચાંદલો માંડીને દિવસો ગણે છે. કાલિદાસના મેઘદૂતની યક્ષિણી પણ ઉંબરે ફૂલ મૂકીમૂકીને દિવસો ગણે છે ને?



ગ્રામનારીએ આલેખેલું નવકુળ નાગનું સ્થાપન

'પે'લાં બાંધી અવધમહીં જે માસ બાકી રહેલા,
બેઠી હોંશે ગણતી, કુસુમો મૂકીને ઉંબરામાં'*


ગુજરાતી લોકગીતમાં પણ વિરહિણી આમ જ દા'ડા ગણે છે.

'...ભાઈને એટલું કે'જો તમારી ગોરી ધાન ન ખાય રે,
દા'ડા ગણે રે પોયર પાંદડે, તેલ માસ છ માસ રે.'


ઘરમાં નવેસરથી ગારગોરમટી થઈ જાય એટલે સ્ત્રીઓ જાત્રાનાં શુકનવંતાં ચિતર આલેખે છે. તેમાં ઓશરીમાં મુખ્ય બારસાખની બંને બાજુએ, પાણિયારે, બહારની ગારલીંપેલી ભીંત ઉપર, ફળીમાં અને ઢોર બાંધવાની કોઢમાં પણ જાત્રાનાં શોભનપ્રતીકો ચીતરી કાઢે છે. આ બધાં ચિત્રો ગ્રામસ્ત્રીઓ પોતાની કલ્પના પ્રમાણે તેમજ અમુક પ્રતીક લઈને દોરે છે. ઓશરીમાં અને પાણિયારે ધોળ કર્યો હોય એટલે ત્યાં માત્ર કંકુથી જ અને જ્યાં ગાર કરી હોય તેના ઉપર ધોળી ખડીથી ચીતરે છે. પ્રથમ બારસાખની જમણી બાજુએ એક ચોરસ ચાકળો આલેખી તેમાં કંકુથી પગલાં, સાથિયો, દેવદેરાં, નિસરણી, આંબા અને ટીલાંટપકાંથી શોભા કરે છે. આ થયાં જાત્રાનાં પગલાં, તેને 'જાત્રાનાં પગલાં પાડયાં' કે 'પગલાં પાછાં ઠર્યાં' કહે છે. આ ચાકળામાં ઘરમાંથી જેટલાં જણ જાત્રાએ ગયાં હોય, તે સૌના મોભા પ્રમાણે નાનાંમોટાં પગલાંની જોડ ચીતરે છે. દેવદેરાં, સાથિયો, નિસરણી, આંબો એ સર્વે શુભ અને મંગલકારી પ્રતીકો છે. પછી તો થોડાંક વરસો સુધી આ પગલાંમાં રંગ પૂરીને તે જાત્રાની યાદ તાજી રખાય છે. અને જાત્રાએ ગયાના કે આવ્યાના દિવસે શક્તિ પ્રમાણે બ્રહ્મભોજન જમાડાય છે. આમ, પગલાં પૂજવાનો રિવાજ 'રામાયણ'-માં પણ મળે છે. ભરત રામની પાદુકા ગાદી પર પધરાવીને તેને પૂજે છે, તેમજ ઈ. સ. પૂર્વેના બીજા સૈકાનાં સાંચી-ભારહુતના શિલ્પમાં તથાગતના પાદપ્રતીકની પૂજા થતી જોવા મળે છે.

સૌરાષ્ટ્રમાં હજી ય લક્ષ્મીનાં ચરણનું પૂજન તો સર્વવિદિત છે. દેવદેવીનાં ચરણપગલાં તથા ગુરુનાં મંગલ પગલાં પૂજાતાં જોવા મળે છે.

* ઉત્તરમેઘ-૨૭ રા. શ્રી. કિલાભાઈ



ભીંતના લીંપણ પર આલેખેલું જાત્રાનું પ્રતીક



ભર્યાભાદર્યા કુટુંબનાં પ્રતીક આંબાનાં ત્રણ સ્વરૂપ

જ્યારે સ્વસ્તિક તો ઘણા જૂના વખતથી પૂજાતો ચાલ્યો આવે છે, સિંધુખીણમાં તેમજ તે પહેલાંની પાષાણગુફાની ચિત્રકલામાં પણ સ્વસ્તિક-પૂજાના અણસાર દેખાય છે. બૌદ્ધ, જૈન તેમજ હિંદુધર્મમાં તો તેની સૌથી પ્રથમ માંડણી થાય છે. જમણા હાથ તરફ ચારે દિશાઓમાં ફરતો સાથિયો મંગલકારી લેખાય છે. જ્યારે વૃક્ષ–આંબાની પૂજા પણ છેક પ્રાગૈતિહાસિક કાળથી ચાલી આવે છે. મોહેં-જો-દરોની મુદ્રા ઉપર પણ જુદાંજુદાં વૃક્ષની છાપ ઉપસાવેલી છે. કલ્પવૃક્ષની ઉપમા વૃક્ષનું જ બહુમાન છે. ગ્રામપ્રજાએ એ લીલુડા આંબાને એ સ્થાન આપ્યું છે. તેનાં પાન મંગલકારી, ફળ મધુરાં અને છાંયડો સુખકારી લેખાય છે. સમગ્ર આંબો એ વિશાળ કુટુંબનું પ્રતીક છે. તેથી જ વારસોની વંશાવળીને 'આંબો' કહે છે. આ આંબાનું આલેખન બે રીતે થાય છે. એકમાં સીધો સોટો કરીને બંને બાજુથી ડાળખાં કાઢી તેમાં લીટાલીટા કરીને પાંદડાં મૂકે છે. અને મીંડાં મૂકીને ફળ ટાંગે છે. તો બીજામાં ચોકડી જેવો આકાર કરીને ઉપર બે કે ત્રણ લીટીઓ કરીને દોરે છે. ધોળ લીંપેલી ભીંત ઉપર કંકુથી અને ગારલીંપણ ઉપર ધોળી ખડીથી રૂંડાની સળી કે દાતણ ઉપર રૂ ચડાવીને આ આંબાનાં ચિત્રો આલેખાય છે. આવા અમૃત આંબાનાં લોકગીતો પણ મઝાનાં છે.

'કિયાભાઈ ઘેર અમરત આંબો રોપીઓ,
કિયાભાઈ ઘેર આવે વળતી છાંય,
તું બોલે રે મારા રૂદિયા પરની કોયલ.'

આ જાત્રા તો આત્માને મંગલ રંગ ચડાવવાનો અનોખો શુભ પ્રસંગ છે. જાત્રાળુ અને ઘરમાં માણસોનાં મનમાં કૂડકપટ ન રહેવું જોઈએ, તેથી જાત્રાળા ઘેર હમેશાં આનંદમંગલ ગવાય છે, અને રોજ ચોક પુરાય છે. તેમાં ઘરના ઉંબરા પાસે કુંમકુંમ પગલાં ચીતરી તેની આજુબાજુ ચડતી દેરડી, એટલે જુવારના દાણાની નાની ઢગલી કરાય છે, શગવાળી એ ઢગલી નાનકડી દેરી જેવી લાગે છે. વળી છ થી દસ મીંડાંની પ્રતીકાત્મક દેરડી પણ આલેખાય છે. જાત્રાળુ તો સ્વર્ગના અધિકારી–ત્યાં પહોંચવામાં એમને સરળતા કરી આપવા સ્વર્ગની સીડી પણ ચીતરાય. જાત્રાનાં આ બધાં મંગલ પ્રતીકો છે. સૌ ગ્રામજનો આ પ્રતીકોને રૂડીપેરે ઓળખે છે. કોઈ કોઈ ઘેર તો હોંશીલી વહુદીકરીઓએ વાનેવધનાં રંગરંગીન તોરણ, ચાકળા અને કાનગોપીનાં રૂડાં ચિત્રોથી શોભાની શગ ચડાવી દીધી હોય છે.

અમસ્થાં યે ગામડાંમાં મુખ્ય બારસાખની બંને બાજુમાં કંકુથી અમુક પ્રતીકો તેમજ સંજ્ઞાઓ તો ઘેરઘેર ચીતરેલી હોય જ છે. આ બધાંની પાછળ પણ કંઈ ને કંઈ અર્થ કે ભાવના સમાએલી છે. ઘરમાં વહુદીકરીઓ જે વરતવરતોલાં કરે છે તેની પૂજાનાં પ્રતીકો એ બારસાખે કે પાણિયારે જ આલેખે છે. જેમ વૃદ્ધોને મન જાત્રાનું મહત્ત્વ છે, તેનાથી વધારે સૌભાગ્યવતી કુલનારીને મન ખોળાના ખૂંદતલનું મહત્ત્વ છે. ઘરબાર સૌ રૂડાંરૂપાળાં હોય પણ આંગણે ને ઉંબરે બાળો સાદ ન હોય, ચાનકીનો માગનાર ન હોય તો ઘર સૂનું લાગે છે. એટલે કુલવધૂઓ મકરસંક્રાન્તિથી ઘોડિયા (પારણા)નું વ્રત આદરે છે. તે આરંભાય ત્યારે એ ઘરના બારસાખ પાસે ભીંત ઉપર એનું પૂજાપ્રતીક ઘોડિયું દોરીને રાણી રાંદલનું ત્યાં પૂજન કરે છે. રાંદલ માતૃત્વની દેવી છે અને આ વ્રતથી પ્રસન્ન થઈને એ ઘેર પારણું બંધાવશે તેમ તેઓ માને છે. કંકુમાં બોળેલી આંગળીથી મોરવાયા, દાંડી અને ચાર પાયાવાયા, સાવ જ સાદા અને સરળ આકારે એ ઘોડિયું ચીતરે છે. એમાં ખોયા જેવો આકાર કરી વચ્ચે ચાંદલો કરે છે. આ ચાંદલો તે બાળકનું પ્રતીક. એ પછી રોજ તે આ પ્રતીક ઉપર ચાંદલો કરી એને ચોખાએ વધાવી વ્રત ચાલે તેટલા દિવસ તેની પૂજા કરે છે. માતૃત્વ માટે ઘેલી ગ્રામનારી હરતાંફરતાં ગાય જ છે ને?

'ઘરને વા'લું રે ઘોડિયું, ઘોડિયાને વા'લાં લાગે બાળ,
બાળને વાલી રે વાટકી, વાટકીને વા'લાં લાગે દૂધ.'


ગામડાંની કુંવારકાઓ વળી ટીલી વ્રત રાખે છે. રોજેરોજ બારસાખ પાસે ચાંદલો કરી એને વધાવીને પછી ૧૧ કે ૧૩ કન્યા અથવા સુહાગણ સ્ત્રીઓનાં કપાળમાં એ ચાંદલા કરી આવે છે. નાનપણમાં આ વ્રત કરવાથી તેનો ચાંદલો–ચૂડલો અખંડ રહે તેવી માન્યતા છે. આ ઉપરાંત કન્યાઓ નિસરણી અને સાથિયાનું વ્રત પણ કરે છે. તેનાં પ્રતીક પાણિયારે કે બારસાખે કંકુથી દોરીને રોજ સવારે તેની પૂજા કરે છે. સાથિયો સાસરવાટમાં તેમજ પિયરપંથમાં બધું મંગલ રાખે, અને નિસરણી સ્વર્ગની સીડી બની રહેશે તેવી માન્યતા તેની પાછળ છે.

માલઢોરને તેમજ ઘરનાં માણસને નાગ કરડે નહિ તે માટે લોકનારીઓ શ્રાવણ વદ પાંચમને નાગપાંચમ તરીકે ઓળખે છે. તે દિવસે ઘરનાં સ્ત્રી કે પુરુષ નાગપાંચમ રહે છે. ઘરની સ્ત્રી સાંજે પાણિયારે નાગનાગણનું જોડું કે નવકુળ નાગનું આલેખન કરીને ઘીનો દીવો કરી તલવટ અને બાજરાના લોટની કુલેર ઝારે છે. સૌરાષ્ટ્રમાં તો ઘેરઘેર નાગપાંચમે આવું નાગપૂજન થાય છે. હડપ્પામાંથી મળેલી એક મુદ્રામાં કોઈ દેવતા પાસે ફેણ ચડાવીને બેઠેલા નાગનું આલેખન છે. લોકો


ઘૂંટણિયે પડીને તેની પૂજા કરે છે. આ જોતાં લાગે છે કે તે વખતે પણ નાગપૂજન થતું હશે. અર્જુને ખાંડવવન બાળીને નાગલોકોને તગડી મૂક્યા હતા જે પહાડની ઘાટીમાં, નર્મદાની આસપાસ તેમજ સૌરાષ્ટ્રમાં જઈને વસ્યા હતા તેમ મનાય છે. સૌરાષ્ટ્રમાં ઘણે સ્થળે નાગ સાથે સંબંધ ધરાવતાં નામો અને ગામો મોજૂદ છે. નાગ વૈદિક દેવતા તો નથી જ, પણ પાછળથી હિંદુ, બૌદ્ધ, જૈન સર્વ ધર્મમાં તેને સ્થાન મળ્યું છે. રામના એક અનુજ સાથે નાગકન્યા કુમુદવતીના લગ્નનો તેમજ મહાભારતમાં અર્જુન નાગકન્યા ઉલૂપીને પરણ્યાનો ઉલ્લેખ મળે છે. ઈ. સ.ની પ્રથમ સદીમાં નાગનાં શિલ્પો પણ થયાં છે અને ગુપ્તકાળમાં તો ચિત્રો પણ ઘણાં થયાં છે. જેમાં તેનું મનુષ્યદેહી નાગરાજ તરીકે તેમજ સર્પ તરીકેનું આલેખન જોવા મળે છે. બળદેવ પણ શેષનાગનો જ અવતાર મનાય છે. ઘણાં ગામને પાદર શરમાળિયાદાદા (નાગ)ની ખાંભી પણ કંડારેલી હોય છે. સાપ કરડે ત્યારે લોકો તેની માનતા કરે છે. વઢવાણ નજીક તો શરમાળિયાનો એક લોકમેળો પણ ભરાય છે.

પણ ઘરમાં તો નાગદાદાનું સ્થાન પાણિયારે જ હોય છે. પણ લોકપ્રજાએ તેને કયા કારણથી પાણિયારે પૂજામાં બેસાર્યો હશે તે નિશ્ચિત થતું નથી. ઘરની સ્ત્રી આંગળીથી ભીનું કંકુ લઈને નાગદાદાનો સમચોરસ ગઢ આલેખે છે. તે ગઢની ચારે દિશાએ ચાર ખુલ્લા દરવાજા રાખે છે. નાગનું સ્થાપન આ ગઢમાં જ મંડાય છે, ગઢ સિવાય બીજે તેનું આલેખન કરતાં નથી. ગઢની વચ્ચોવચ નાગનાગણનું જોડું યા પાંચ, સાત કે નવ નાગ આલેખાય છે. મશ્કોરા બ્રાહ્મણ (અહિછત્ર) પાટલા ઉપર નવકુળ નાગ અને વીંછી પણ ચીતરીને પૂજે છે. નાગસ્થાપન માત્ર કંકુથી જ આલેખાય છે, પણ હોંશીલી સ્ત્રીઓ કંકુ સાથે કાળા રંગનો યે ઉપયોગ કરી એક નાગ કાળો, એક રાતો આલેખે છે. લાલ અને કાળા રંગથી બનતી એ વળવળિયા ભાત ખરેખર સુંદર લાગે છે. નાગના ગઢ પણ ગોળ અને ચોરસ આકારના કરી તેમાં પોતાની કલ્પના પ્રમાણે સુશોભન કરે છે. નાગની આસપાસ ટીલાંટપકાં ઉમેરીને ગ્રામસ્ત્રીઓ આખુંય આલેખન એવું તો રૂપાળું બનાવી દે છે કે ખડી ધોળ્યા પાણિયારાની એ એક કાયમી શોભા જ બની રહે છે.

પેટનાં જણ્યાં અને માલઢોરનું ઓખામાંથી રક્ષણ થાય તે માટે ચૈત્ર વદ ૧૩ને દિવસે ઓખાના દેવ કાકાબળિયાની પૂજા પણ ગ્રામસ્ત્રીઓ કરે છે, તેને 'ઢાકળાં તેરસ' કહે છે. તે દિવસે સ્ત્રીઓ ગોળની કઢી અને ઘઉંની રોટલી જ ખાય છે. સાંજકના નમતા પહોરે કાકાબળિયાનું પ્રતીક આલેખીને તેની પૂજા કરે છે. કાકાબળિયાને ઓરી, અછબડા, નૂરબીબી વગેરે રોગના દેવતા માનવામાં આવે છે તેથી તે ઘેરઘેર પૂજાય છે. તેનું પૂજન પણ પાણિયારે જ થાય છે. પ્રથમ કંકુથી ચાર દરવાજાવાળો ગઢ આલેખીને અંદર કાકાબળિયાની જોડી ચીતરી, આજુબાજુ બાળકનું ઘોડિયું, સાથિયો વગેરે શોભનો આલેખે છે. કાકાબળિયાની એ માનવાકૃતિઓ અણઘડ હાથે દોરાવા છતાંયે સુંદર લાગે છે. આ આકૃતિઓને પ્રાગૈતિહાસિક કાળમાં આલેખાએલા માનવઆકારો સાથે સરખાવી શકાય. પણ પ્રાગૈતિહાસિક ચિત્રોમાં



કાકાબળિયાનાં પ્રતીક તથા વંશવેલાના વધારનાર બાળારાજાની સંજ્ઞારૂપ ઘોડિયાં



પાણિયારે આલેખાતા નાગ-સ્થાપનનાં ત્રણ સ્વરૂપ. ત્રીજામાં નાગ સાથે વીંછી પણ આલેખ્યો છે.

સ્ત્રીપુરુષોને અલગ તારવતી ઓળખસંજ્ઞાઓ છે, જ્યારે કાકાબળિયાના જોડામાં સ્ત્રીપુરુષનો ભેદ નથી દેખાતો. શરીરનાં અંગઉપાંગોની પણ ખાસ વિગતો નથી હોતી. ગોળ માથું, પેટનો લાંબો લીટો, બે હાથ અને બે પગ, આટલી જ વિગત આલેખાય છે. પણ તે જોતાં જ માનવઆકાર સ્પષ્ટ થઈ જાય છે. આ કાકાબળિયાની એક દંતકથા સૌરાષ્ટ્રમાં પ્રચલિત છે. મહાભારતના યુદ્ધ વખતે ચિત્રાંગદા-અર્જુનનો પુત્ર બભ્રુવાહન લડવા ચાલ્યો ત્યારે તેની માતાએ તેને સત્યના પક્ષમાં રહીને લડવાનું કહેલું. યુદ્ધ વખતે એ જોવા તેનું માથું કાપીને મુખ્ય ધ્વજ ઉપર આરોપિત કરેલું. આમ તેણે મહાભારતનું યુદ્ધ જોયું. એ પછી એ ડોકાને અમરત્વ મળ્યું અને તે કાકાબળિયા તરીકે સ્થપાયું. એટલે કાકાબળિયાના મંદિરમાં માત્ર ડોકું જ પૂજાય છે.

કાકાબળિયાનું આલેખનપૂજન ક્ષત્રિયવર્ણમાં રાજપૂત, કાઠી-ગરાસિયા વગેરેને ઘેર પાણિયારે નહિ, પણ ઘરની અંદર કમાડ ઊઘડે તેની પાછળના ભાગમાં, જ્યાં જલદી ન દેખી શકાય ત્યાં ચીતરાય છે. તેનું કારણ એ જ કે તે મડદાનું ચિત્ર છે, એટલે જો તે પાણિયારે હોય તો લડાઈમાં જતાં ક્ષત્રિયવીરને ઓરડા બહાર નીકળતાં પ્રથમ દર્શનમાં જ તેનું મુખ દેખાય અને અપશુકન થાય.

દિવાળી જેવા સપરમા પરબમાં તો સર્વે વર્ણોમાં ઘેરઘેર ઉંબર પૂજાય છે. ઉંબરને નૃસિંહ ભગવાનનું સિંહાસન માનવામાં આવે છે. તેથી તેના પર મંગલસાથિયો દોરી જુવાર કે ચોખાથી તેને વધાવે છે. ઉંબરાની નીચેના ભાગમાં ઓશરીમાં કંકુથી લખમીજીનાં પગલાં, સાથિયા, દેરડી અને ખંપાળી દોરે છે. આ સર્વેનો અર્થ એવો થાય છે કે, આખું વર્ષ સુખમય જાય અને ખૂબ જ બરકત વધે, ખંપાળિયે ખંપાળિયે લખમી અને ધાનના ઢગ ઢસરડાય તેવી સમૃદ્ધિ આ નવા વર્ષે ઘરમાં આવે. ઉજળિયાત વેપારીવર્ણમાં વેપારીઓ લખમીજીની સાથે ગણપતિને પણ પૂજે છે અને નવા ચોપડાના આરંભમાં તેનાં પ્રતીકચિત્રો આલેખી વેપારવણજમાં રત્નાકર સાગરની મહેર અને એકના સવાયા થાય તેવો આશીર્વાદ માગે છે.

આ બધાં પ્રતીકો મોટા ભાગે સ્ત્રીઓ જ આલેખે છે, પણ કેટલાંક પ્રતીકો પુરુષો પણ આલેખે છે. પરંતુ તેઓ એ સિંદૂરને ઘીમાં કાલવીને આંગળીથી દોરે છે. જોકે પુરુષો ખાસ વ્રતવરતોલાં તો કરતા નથી, પણ તેઓ શક્તિના ઉપાસક હોવાથી ખોડિયાર, ચામુંડા, મહાકાળી, બહુચરાજી(?) વગેરે દેવીઓના ભક્તો હોય છે. આ દેવીઓ સૌરાષ્ટ્રમાં કુળદેવીઓ તરીકે પૂજાય છે. તેના નૈવેદ્યને દિવસે પુરુષ દેવીના ફળાને કે ત્રિશૂળને સિંદૂર લગાડે છે અને બાકી વધેલા સિંદૂરથી દેવીના થાનકે તેમજ ઘરના મુખ્ય કમાડ ઉપર એનાં પ્રતીક રૂપ ત્રિશૂળ આલેખે છે. ત્રિશૂળનાં ત્રણ પાંખિયાંમાં વચ્ચે દેવીના માથાની અને આજુબાજુ બે હાથની કલ્પના હોય તેવું લાગે છે. કોઈ સોની મહાજનની દુકાને કે લુહારની કોઢે પણ ત્રિશૂળ કરી વચ્ચેના પાંખિયા-



ઘરના ગોરમા'રાજે ચીતરેલું ગોતરીજનું સ્થાપન

અખાત્રીજ (સૌરાષ્ટ્રમાં વૈશાખ સુદ ત્રીજ) ને દિવસે ઘરનાં બારણે આલેખાતાં કંકુ સિંદૂરનાં પ્રતીક. નીચે લખમીજીનાં પગલાં અને સાથિયા.





સાથિયો, નિસરણી અને શક્તિનાં પ્રતીક રૂપ ત્રિશૂળનાં આલેખનો.

ની બંને બાજુ આંખો દોરે છે. તે જાણે કે દેવી હાજરાહજૂર બેઠી હોય તેવું જ લાગે છે. આ ત્રિશૂળને આદ્યશક્તિનું પ્રતીક માનવામાં આવે છે. જંગલમાં કોઈ તોતિંગ ઝાડના થડે કે નદીકાંઠાની ભેંકાર ભેખડો યા મોટી શિલાઓ ઉપર ત્રિશૂળનાં પ્રતીક દોરીને ઘણાં લોકો દેવીને પૂજે છે. આ ત્રિશૂળનું આલેખન ઘણું પુરાણું છે. મોહેં-જો દરોની એક મુદ્રામાં પશુપતિ દેવ યોગાસન લગાવીને બેઠા છે, તેના માથા ઉપર ત્રણ અણીવાળુ એક શસ્ત્ર છે. તે જમાનાનું એ સમ્માનિત શસ્ત્ર લાગે છે, કારણ કે તે પશુપતિદેવને માથે સ્થાન પામ્યું છે. શિવસંપ્રદાયની સાથે સંબંધિત હોવાથી પાછળથી તે શિવની અર્ધાંગના શક્તિના પ્રતીકરૂપ બની ગયું લાગે છે.

ગણપતિદાદા તો આદ્યસ્થાપન માટેના દેવ છે. સૌપ્રથમ તેની પૂજા થાય છે. સૌરાષ્ટ્રમાં વૈશાખ સુદ ચોથ ગણેશચોથ મનાય છે. તે દિવસે ગણપતિને સિંદૂર ચોપડીને લાડુ ઝારે છે. અને વધેલા સિંદૂરથી ઘરનાં બારસાખ, બારણાં અને ડેલીનાં બારણાં તેમજ સાખ ઉપર પુરુષ ઘી-કાલવ્યા સિંદૂરથી થોડાંક પ્રતીકો આલેખે છે. તેમાં 'ચડતી દેરડી' 'શ્રીલાભ શુભ', તેમ 'શ્રીલાભ સવાયા', આ મુખ્ય હોય છે. ગણપતિદાદા સર્વે વિઘ્ન હરી, વેપારવણજ અને ધંધામાં તેમજ ખેતીવાડીમાં ચડતી કળા રાખે તેમ આ બધાં પ્રતીકો સૂચવે છે.

ગામના શુક્લ કે ગોર વાસ્તુ પ્રસંગે, લગ્ન-પ્રસંગે ગણેશસ્થાપન અને ગોતરીજ-સ્થાપન કરે છે. કાર્ય નિર્વિઘ્ને પતી જાય તે માટે આ સ્થાપન મંડાય છે. આ આલેખનો ગોર ભીના કંકુથી આંગળી વડે હમેશાં ઘરની અંદર જ દોરે છે. તેમાં પણ ચોરસ ગઢ ચીતરીને ઉપર ત્રિકોણ છાપરું દોરે છે. જે ઊર્ધ્વતા સૂચવે છે. જેથી ઘરની તેમજ લગ્નજીવનની હમેશાં અખંડિતતા રહે તેવું મનાય છે. ગઢની અંદર ગણેશનું સ્થાપન થાય છે. તેમાં સ્વસ્તિક, દેરડી, મીંડાં વગેરે આલેખે છે. ઘણાં સ્થળે ગોર ફૂલ, પાંદડાં મોર વગેરેનાં શોભનો પણ આલેખીને આખા ગોતરીજ-સ્થાપનને સુંદર રીતે શણગારે છે.

આ બધાં પ્રતીકોમાં સ્ત્રીઓનાં તેમજ પુરુષોએ દોરેલાં આલેખનોમાં માધ્યમ તેમજ આકાર બંનેમાં ફેર પડે છે. સ્ત્રીઓએ દોરેલાં પ્રતીકોમાં વિશેષતઃ મૂર્તપ્રતીક આકૃતિઓ વિશેષ છે જ્યારે પુરુષોએ દોરેલાં આલેખનોમાં મુખ્યત્વે માત્ર એકથી બે પ્રકારની જ આકૃતિઓ છે, બાકી મીંડાંની સંજ્ઞાઓ અને અક્ષરો છે. સ્ત્રીઓનાં આલેખનો માત્ર પાણીમાં ભીંજવેલા કંકુથી, અને કોઈ વાર સાથે બીજો રંગ લઇને કરેલાં હોય છે. જ્યારે પુરુષો માત્ર સિંદૂરને ઘીમાં કાલવીને તે વડે જ દોરે છે. પુરુષો અને સ્ત્રીઓ આ આલેખનો હાથની આંગળી વડે જ દોરે છે, પણ સ્ત્રીઓ કોઈ વાર દાતણ કે હૂંડાની પાતળી દાંડી પર રૂ વીંટી તેનો પીંછી તરીકે ઉપયોગ કરે છે.

વિશેષતઃ પ્રતીકચિત્રનો રંગ લાલ જ છે. તેમાં કંકુ અને સિંદૂર મુખ્ય છે. લાલ રંગ મંગલ અને શુભકારી મનાયો છે. તેથી જ માંગલિક પ્રસંગોએ કંકુના ચાંદલા થાય છે. સિંદૂરિયો રંગ બલિદાન, શૂરવીરતા અને શક્તિના પ્રતીકરૂપ લેખાય છે, તેનો ઉપયોગ સૌરાષ્ટ્રમાં મુખ્યતઃ પુરુષો જ કરે છે. ગ્રામદેવદેવીને સિંદૂર જ ચડે છે. હનુમાન, ગણપતિ, ખોડિયાર વગેરે દેવોને દેવત્વની આભા દેખાડવા સિંદૂરનો જ ઓપ ચડાવાય છે.

આ પ્રતીક આલેખનો લોકોની ધાર્મિક શ્રદ્ધા તેમજ વહેમથી ઉત્પન્ન થતી બીકને લીધે પણ થાય છે, સદીઓનાં વહાણાં વાયાં છતાં આ આલેખન હજીય એ જ રીતે ઘૂંટાતાં મંડાતાં આવ્યાં છે. માનવજીવનમાં પૂજા, ધર્મ, વહેમ, મંત્રતંત્ર અને શુભાશુભની માન્યતાઓ એ તો માનવઇતિહાસ જેટલી જૂની છે. પૂજા, બીક, જાતીયવૃત્તિ, મંત્રતંત્ર અને શુભાશુભની માન્યતાઓએ જ માનવજીવનમાં દેવ, દાનવ, માંગલિકતા કે ભયંકરતા માટે અવનવાં પ્રતીકો ઉપસાવ્યાં છે. જેમાં પાછળથી કલાતત્ત્વ પ્રવેશ્યું ને તે આકારો અમુક સુંદર પ્રતીક બની પૂજાવા લાગ્યાં, જોકે જાતિભેદે તેમાં થોડીઘણી ભિન્નતા તો થઈ જ છે, પણ તેનું મૂળ તત્ત્વ તો એમ ને એમ જ છે.

ભારતમાં પ્રતીકોની પૂજા ઘણી જૂની છે, તેમાંથી ઘણાં પ્રતીકો તો પ્રાગૈતિહાસિક કાળથી માંડી, હડપ્પાની સંસ્કૃતિમાં પણ દેખાય છે. ત્યાર પછીના પુરાણકાળ, બુદ્ધકાળ વગેરેની સદીઓ વટાવીને અત્યારનાં ગામડાંનાં ઇંટમાટીનાં ઘરો સુધી તેની સાંકળ અતૂટ સચવાઈ રહી છે. ગામડાંમાં થતાં આ આલેખનોમાંની ઘણી સંજ્ઞાઓ તો લોથલમાંથી મળેલી મુદ્રા ઉપરની લિપિ જેવી છે. આ સંજ્ઞાઓ તે કાળમાં શાનાં પ્રતીકરૂપે હશે તે આપણે જાણી શકતા નથી, પણ વર્ષોથી ચાલતી અતૂટ આ સંજ્ઞાઓમાંથી થોડીઘણી સૌરાષ્ટ્રનાં પ્રતીક આલેખનોમાં સચવાઈ રહી છે. આના મૂળમાં શાની અસર હશે તે તો તેના જ્ઞાતા જ વિચારીને કહી શકે.

અનુસંધાન] **વીરચંદ રાઘવજી ગાંધી** [પૃ. ૩૯૧થી

'Philosophical Society'ની સ્થાપના કરેલી. આ સોસાએટી તરફથી ચાલતા વર્ગોમાં શ્રી હર્બર્ટ વૉરન એમના મુખ્ય વિદ્યાર્થી હતા, જેમણે એમનાં પ્રવચનોની નોંધ તૈયાર કરેલી ને એ પરથી Jainism નામનું પુસ્તક પ્રસિદ્ધ કરી પોતાના આ ગુરુને જ અર્પણ કરેલું.

સ્વામી વિવેકાનંદની શિષ્યા ભગિની નિવેદિતા જેવાં નિસિસ હાર્વર્ડનો વીરચંદભાઈએ અજમેરના ધર્મમહોત્સવમાં ફોટો બતાવી જે પરિચય આપેલો, એ સિવાય તેમના વિશે બીજી કશી માહિતી મળતી નથી પણ વીરચંદભાઈની શિષ્યા બનેલાં આ અમેરિકન વિદુષી જૈનોની જેમ વિધિસર સામાયિક કરતાં હતાં એ નિર્વિવાદ હકીકત છે, અને એમને પૂર્વભવનું સ્મરણ થતાં પોતે પૂર્વભવમાં હિન્દમાં જન્મ્યાં હતાં એમ કહેલું એમ કહેવાય છે.

પોતાની અધ્યયનપરાયણતા, વિદ્વત્તા અને અપૂર્વ વાક્પટુતાથી અમેરિકા ઇંગ્લંડ જેવા દેશોમાં અનેક શ્રોતાઓની પ્રશંસા પ્રાપ્ત કરનાર જૈન ધર્મના આ અનન્ય સેવકની ભાવનાઓ લક્ષમાં રાખીને મનુષ્યજાતિ વિકાસને પંથે આગળ વધતી રહે એમ ઇચ્છીએ.'

ઓરિસ્સાના નાટ્યવિશારદ કલાકાર

ડૉ. મિનતિ મિશ્રા

(એમની જ ભાષામાં પરિચય ઉતારનાર)

સુનીલ કોઠારી

મિનતિ એટલે? મિનતિ એટલે બિનતિ–વિનતિ? ના, ઓડિયામાં મ, બ, વ કંઈ અભેદ નથી. બ, વ ખરાં. નહિ તો તો ભારે રમૂજી પરિસ્થિતિ સર્જાય. ઠીક, આટલું તો નામ પૂરતું. પિતાજીનું નામ બસંતકુમાર દાસ ને માનું નામ બસંતી–બાસંતીકુમારી. બાપુજી પિયારીમોહન ઍકૅડેમીમાં હેડમાસ્તર. સારા શિક્ષક. પ્રેસિડેન્ટ ઍવૉર્ડ પણ મળેલો. કટકમાં જાણીતા. સંગીત, કળા વગેરેના રસિયા. બાને એમ કે સૌથી નાની અને એકની એક





ગીતગોવિંદકારની અષ્ટપદીઓને આધારે ડૉ. મિનતિનું ભાવાભિનયસહ નિરૂપણ.



ઉપર ડાબી બાજુ: 'પશ્યતિ દિશિ દિશિ'. કૃષ્ણાગમન માટે દરેક દિશાઓમાં જોતી મિલનોત્સુક રાધિકા. જમણી બાજુ: મુગ્ધભાવે નાયકને જોતી નાયિકા. નીચે ડાબી બાજુ: દર્પણ-ભંગિ.

લાડકી દીકરીને કંઠ્ય સંગીત શીખવીએ તો કશો વાંધો નહિ. 'નાચ' નહિ, ગાય ભલે. મામા ડૉ. સરોજકાન્ત કાનુન્ગો નાટકચેટકમાં ભાગ લે. મયુરભંજ તરફના છાઉ નૃત્યો પણ શીખેલા. અરે પહેલાં વળી ક્યાં આપણું ક્લાસિકલ ભરતનાટ્યમ્ થતું? ઉદયશંકરની અસર હેઠળ 'ઓરીએન્ટલ ડાન્સિંગ' જેવું કરે. બીજા મામા તે ગોકુલચન્દ્ર કાનુન્ગો વાંસળી, તબલા, સેટ ડિઝાઈન વગેરેમાં નિષ્ણાત. એવા એવા સંસ્કારોમાં મારું બાળપણ વીતેલું એટલે ડાન્સ શીખવાની મરજી ખરી, પણ બા કહે 'ના, એવું બધું કરી આપણે ક્યાં 'કેરીઅર' કરવાની છે?' પરંતુ બાનો વિરોધ બાપુજી પાસે બહુ ચાલ્યો નહિ. વળી, મોટા ભાઈ શ્રીકાન્તકુમાર (દાસ) પણ ગાતા, નાટકમાં ભાગ લેતા ને ડાન્સ પણ કરતા. તે ડૉક્ટર થયા. બીજા ભાઈ સુકાન્તચરણ ડેપ્યુટી મેજિસ્ટ્રેટ થયા. બેય જણ મારો પક્ષ તાણે. એટલે આપણે એક દિવસ રીસાયાં, રડયાં, ઝઘડયાં, ખાધું નહિ ને બા પલળ્યાં. પછી શું જોઈએ? 'ઘેણાકીટ ઘેણાકીટ કીડધા કીડધા' ચાલુ.

અને મૅટ્રિક પાસ કરી—પોતે કહીએ તેમાં શી વડાઈ? નાની વયે, બારેક વરસે પાસ થઈ તેથી તરત કૉલેજમાં જવા મળ્યું નહિ. એટલે બે વરસ 'સાખી (સાક્ષી) ગોપાલ', 'કોણારક જાગરણ', 'રાજકુમાર-રાજકુમારી', 'સાગરિતા', 'અજંતા-જાગરણ' વગેરે નૃત્યનાટિકાઓમાં સ્ટેજ પર અમે ધૂમ મચાવવા માંડેલી. અરે બાપ્પા, ત્યારે તો બધા પોશાકો ય 'જાત્રા' કરવાવાળા પહેરે તેવા – જરી મખમલ અને ચંદનના લેપ! ફાવે તેમ માથામાં ગજરા ફૂલ નાખીએ, મુગટ પહેરીએ અને મનમાં ફુલાઇને ફાળકો થઈએ.

ત્યાં વળી એક દહાડો 'ભરતનાટ્યમ્' દીઠું. બસ, હઠ પકડી કે શીખું તો આ ભરતનાટ્યમ્ જ. રુક્મિણીદેવીનું અને કલાક્ષેત્રનું નામ સાંભળેલું. પણ બાપુજી કહે કે એમ બી.એ., એમ.એ. કર્યા વિના જવાનું નથી. અભ્યાસ પૂરો કરીને જવું હોય તો જજે. એટલે ફિલૉસૉફી ને ઓડિયા લિટરેચર એ વિષયો લઈ બી.એ. અને '૫૪માં ઓડિયા લિટરેચર, પ્રાકૃત પાલી અને સંસ્કૃત સાથે એમ.એ. પૂરું કરી ઊપડી સીધી મદ્રાસ ને કલાક્ષેત્રમાં દાખલ થઈ ગઈ.

પછી તો 'સૌક્ય મા?' 'રોમ્બ સંતોષમ્!' 'નલ્લ વીડુ!' અને તમીળ શીખી ગઈ. કલાક્ષેત્રમાં તો બધા અંગ્રેજી પણ જાણે. વળી ઠેઠ કટક-ઓરિસ્સાથી આવેલી એટલે રુક્મિણીદેવી કાળજી ને હેત બેય રાખતા. શરૂમાં બધું 'સાપુડ' ખાવાનું. અડવુંઅડવું લાગે તેથી માંદી પડી. રુક્મિણીદેવી ત્યારે પોતે મારી ઓરડીએ આવતાં ને ખબરઅંતર પૂછતાં. શારદા ટીચર 'અડવુ' (ભરતનાટ્યમ્ નૃત્યોની ટૅકનિક) શીખવતાં ને ખૂબખૂબ મઝા પડતી. પણ તબિયત બગડી એટલે પડતું મૂક્યું. મને ઓરિસ્સા ગવર્નમેન્ટ તરફથી ચાર વરસ માટે નૃત્ય શીખવાની સ્કૉલરશિપ મળી હતી. એ મેળવનાર હું પહેલપહેલી 'પ્રથમ'. બાપુજી કહે કે તું મદ્રાસમાં કશે રહે ને બીજા કોઈ પાસે શીખ-



શાસ્ત્રીય ઓરિસ્સી નૃત્યની વિવિધ ભંગિઓમાં ડૉ. મિનતિ મિશ્રા. અનુક્રમે: અલસ-ભંગિ, મૃદંગ ભંગિ અને (મંજિરાં) વાદ્ય-ભંગિ

એટલે 'વાય. ડબ્લ્યુ. સી. એ.'માં રહી અને ચોક્કલિંગમ પીલ્લે પાસે ભરતનાટ્યમ્ શીખવા માંડી. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફાઇન આર્ટ્સમાં મારી જોડે ત્યારે જીના બ્લો, જીના માર્ક અને એન બ્રુનર વગેરે અમેરિકન સ્વીસ છોકરીઓ પણ શીખતી. ને એવી તો આકરી શૈલી કે એક દિવસ પણ 'ક્લાસ' પડતો મૂકીએ નહિ. આ અરસામાં ફ્રાન્સના જાણીતા ફોટોગ્રાફર મોંસ્યોં લુઈ ફ્રેડરિક ભારતીય નૃત્ય પર ફ્રેંચ ભાષામાં સચિત્ર પુસ્તક તૈયાર કરવા મદ્રાસ આવેલા. ગુરુજીએ મને ભાષાંતર વગેરેનું કામ સોંપ્યું. ઢગલો ફોટો એમણે લીધા. મેં બધી 'ટેક્સ્ટ' તૈયાર કરવામાં મદદ કરેલી અને 'નૉટેશન' લખી દીધા. એથી ખુશ થઈને કહે: 'એય મિનતિ! તું ડાન્સ કરવા યુરોપ જાય ખરી!' મેં થોડી વારે વિચારીને કહ્યું 'હા જરૂર'. સાચ્ચે જ મોંસ્યોં લુઈ સાહેબ બધી વ્યવસ્થા કરશે તેવી કલ્પના નહિ અને '૫૭માં તો હું જર્મની જવા ઊપડી. સંગીત બધું ટેઈપ કરાવી લીધેલું.

ઝુરિકમાં મારે ઇન્ટરનૅશનલ ફોટોગ્રાફિક એસોશીએશનના એન્યુઅલ કન્વેન્શનમાં ભારતીય નૃત્યો રજૂ કરવાના હતા અને ત્રણેક મહિના પછી ભારત પાછા ફરવાનું હતું. એમાં જર્મનીમાં પશ્ચિમ બર્લિનમાં 'ઈન્ટર બૌ' ખાતે આર્કિટેકચરલ કૉન્ફરન્સમાં 'પરફોર્મ' કરવાનું નિમંત્રણ મળ્યું એટલે ઊપડી શીધી જર્મની. દુનિયાભરના શ્રેષ્ઠ સ્થપતિઓ આવેલા. 'ઇન્ટર બૌ' મકાન તે સૌએ બાંધેલું છે. ત્યારે પશ્ચિમ બર્લિનના ટેલિવિઝનના ડાયરેક્ટર હેર ક્લુઅરે મારાં નૃત્યો જોઈ ટેલિવિઝન પર આવવા કહ્યું. અને એમ હું મારી ઈમ્પ્રેસારીઓ ઈલિઝાબેથ રોઓબેરને મળી. તેમણે જર્મનીમાં પ્રતિમાસ મારા કાર્યક્રમો યોજવાનું માથે લીધેલું. એટલે હું તો જર્મનીમાં રહી પડી. આ શાસ્ત્રીય નૃત્યોની રજૂઆત માટે મને સારા એવા 'માર્ક્સ' મળી રહેતા. મેં ઘર લીધું, ગાડી રાખી અને મોટર રેઈસિંગમાંય ભાગ લીધો. સાથે સાથે '૫૭-'૫૮માં મેં પ્રૉફેસર હેનસનની રાહબરી હેઠળ સંસ્કૃતમાં વધુ રીસર્ચનો અભ્યાસક્રમ હાથ ધર્યો. પણ મારે 'વૈદિક લિટરેચર'માં ડૉક્ટરેટ કરવું નહોતું એટલે શરૂમાં ફ્રેંકફર્ટમાં પ્રોફેસર રાવના હાથ નીચે શરૂ કરી '૫૯માં હું મારબર્ગ યુનિવર્સિટીમાં દાખલ થઈ અને ભરતનાટ્યશાસ્ત્રના નવમા પ્રકરણ 'હસ્તલક્ષણ' પર 'થીસીસ' લખવાનું માથે લીધું. સાથે મારે તુલનાત્મક ધર્મનો અને અંગ્રેજી સાહિત્યનો પણ અભ્યાસ કરવો પડ્યો.

એ વરસોમાં ખૂબ જ મહેનત કરવી પડેલી. આ દરમિયાન મને બાપુજીના અવસાનના સમાચાર મળ્યા એટલે બધું છોડી હું ભારત આવવાનું વિચારતી હતી. પરંતુ ઘરેથી ભાઈઓની સલાહ મળી કે પીએચ.ડી. કરીને જ આવવું તેથી '૬૧માં થીસીસ 'સબમિટ' કરીને ઑક્ટોબરમાં પાછી ફરી. અને મદ્રાસ જઈ ફરી 'ભરતનાટ્યમ્' શરૂ કર્યું.

'૬૨ના મેમાં મને ઑક્ટોબર ફેસ્ટ' (ફેસ્ટિવલ)માં ભાગ લેવાનું નિમંત્રણ મળતાં પાછી જર્મની ગઈ. તે ફેસ્ટીવલમાં લુઈ આર્મસ્ટ્રૉન્ગ અને માર્થા ગ્રેહામને મળી શકી અને યુરોપનો પ્રવાસ કરી પાછી ફરી કટક આવી ત્યારે સ્થાનિક ફિલ્મ પ્રોડ્યુસરે બંગાળી ફિલ્મ 'નિર્જન સૈકતે'માં નૃત્ય આપવાની દરખાસ્ત મૂકી. મેં તે સ્વીકારી. પરિણામે (આ બધું તો અમસ્તું જ—હું મુખ્યત્વે નૃત્યકાર તરીકે જ 'કેરીઅર' કરવા માગું છું.) 'સૂર્યમૂખી', 'જીવનસાથી', 'સાધના' વગેરે ઓડિયાભાષી ચલચિત્રોમાં મેં નાયિકાની ભૂમિકા પણ ભજવી. 'સૂર્યમૂખી'માં કામ કરતી હતી ત્યારે તેના નાયક શ્રી મિશ્રાના વડીલ બંધુ નિત્યાનંદ મિશ્રાના પરિચયમાં આવવાનું થયું. અને અમે પરણ્યાં. ત્યારે તેઓ 'કલિંગ ઇન્ડસ્ટ્રીઝ'માં વર્ક્સ મૅનેજર હતા. લગ્ન પછી વરસે મને પુત્રપ્રાપ્તિ થઈ. '૬૫માં વળી હું મદ્રાસ ગઈ અને ભરતનાટ્યમનો 'રીયાઝ' કરતી. ગુરુજીને '૬૫માં સંગીતનાટક અકાદમીનો ઍવૉર્ડ મળ્યો અને

મને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફાઇન આર્ટ્સ તરફથી 'નાટ્યકલા વિશારદ'ની પદવી.

ભૂવનેશ્વરમાં રવીન્દ્ર મંડપમાં 'ઉત્કલ નૃત્ય સંગીત મહાવિદ્યાલય' ચાલે છે. ત્યાં પ્રિન્સિપલની જગ્યા ખાલી પડતાં મેં અરજી કરી અને આમ પ્રિન્સિપલ થઈ છું. પણ મારી યોજના ઓરિસ્સી નૃત્યને ભારતના અન્ય પ્રાંતોમાં તેમજ ભારત બહાર વિદેશોમાં લઈ જવાની છે. યુરોપના મારા અનુભવોના આધારે વ્યવસ્થિત અભ્યાસક્રમ યોજવો છે, માત્ર ટૅકનિક જ નહિ. તે ઉપરાંત અન્ય શાસ્ત્રીય નૃત્યપ્રકારો જોડે તુલના, શિલ્પ સ્થાપત્ય, સાહિત્ય વગેરે કળાઓ જોડેનો સંબંધ સંશોધન, તે વિષે અભ્યાસાત્મક લેખો વગેરે પ્રકટ કરવાનું નક્કી કર્યું છે. ઓરિસ્સી નૃત્યની પુનઃ પ્રતિષ્ઠા પણ કરવી છે. ઓરિસ્સાની ભણેલી બહેનો આ કળાને વધુ અપનાવે તે વિષે સૌનો સહકાર અને શુભેચ્છા ઇચ્છું છું.

(બધા ફોટોગ્રાફ્સ: ધીરજ ચાવડા. કલાવિકાસ કેન્દ્ર (કટક)ના સૌજન્યથી)

ખાલી ધડાકો

વર્તમાનપત્રોનાં મથાળાંમાં પોતાનું નામ જોવાની લાલચ માણસમાં સહજ જાગે છે. કેટલાક જનો જીવનનું કાર્ય હાથમાં લીધું હોય તેની પાછળ એકધારી ભક્તિથી દુર્લભ એવી કીર્તિને લાયક થાય છે અને તેમનું નામ અગ્રપદે મૂકવામાં સાર્થકતા હોય છે, પણ કેટલાક અવનવા નુસખા અજમાવીને સસ્તી પ્રસિદ્ધિ પણ શોધી રહ્યા હોય છે.

હમણાં જ શાંતિનિકેતનના એક યુવાન ચિત્રકારે આ પ્રકારનું દૃષ્ટાંત પૂરું પાડયું છે. તેનું નામ સહેતુક જાહેર કરવું યોગ્ય લાગતું નથી. કલકત્તાની ઍકેડેમી ઑવ ફાઈન આર્ટ્સની ચિત્રવિથિના પ્રદર્શનમાં તેણે નવ કોરા ધાકોર ચિત્રપટો અને એક આરસો રજૂ કર્યાં હતાં. બે દિવસ સુધી તો જનસાધારણ આ (ચિત્ર?)પટો જોઈ મૂંઝવણ ભોગવતો પ્રદર્શન બહાર નીકળી જતો. તેના મનમાં થતું હશે કે આ વળી મૉડર્ન આર્ટનો કોઈ છેલ્લામાં છેલ્લો પ્રકાર હશે. પરંતુ કલકત્તાની સ્થાનિક સરકારી આર્ટ કૉલેજના વિદ્યાર્થીઓ પ્રદર્શનમાં આ કેનવાસો જોઈ ભભૂકી ઊઠયા અને એને દૂર કરવાની ફરજ પાડી. તેઓએ જાહેર કર્યું કે કળાને નામે ચાલતાં આવાં ધતિંગો વધુ સમય નિભાવી ન શકાય.

આવા અણધાર્યા વિરોધનો સામનો કરવા ચિત્રકારે નબળો બચાવ રજૂ કર્યો અને ખુલાસો કર્યો કે ખાલી કેનવાસ જોનારના મનમાં શા પ્રત્યાઘાત થાય છે તે કાચમાં પોતાનાં પ્રતિબિંબમાં જાતે જોઈ શકે માટે આરસો રાખવામાં આવ્યો છે, એટલે કે પોતાની કૃતિઓ માટે જાતે કંઈ કહેવું ન પડે અને પ્રેક્ષક જાતે પોતાના મનોભાવો કાચમાં જોઈ ઉકેલી શકે એવી તેણે જોગવાઈ કરી આપી છે. તેના આ પ્રકારના રદિયાથી કળાભ્યાસીઓને કશી અસર થઈ નહિ અને મોં બગાડી ચાલ્યા ગયા. મૂંઝવણ વધારવા ખાતર ચિત્રકારે ચિત્રપટો ઉપર આવાં નામો લખ્યાં હતાં. Political prisoner (રાજદ્વારી કેદી) અને Transcendental Meditation (પારગમ્ય મનન) વગેરે.

કળાનો પ્રવાહ કદી જ થંભાયો નથી અને તેનો પ્રદેશ વિસ્તારવાને અનેક પ્રકારનાં પ્રયોગવિધાનો આવશ્યક છે. પ્રેક્ષકની દૃષ્ટિમાં તેનો અર્થ કદાચ ન પ્રકટે પણ તેના મહત્ત્વનું ભાન તો થવું જ જોઈએ. પણ જ્યારે ઉપરોક્ત પ્રકારના નવાનવા જે અષ્ટંપષ્ટં કે સ્વગત આવિષ્કારો બની આગળ આવે ત્યારે ચેતવણીનો સૂર ઉઠાવવો જ જોઈ એ. એક બહુ જ જાણીતા કલાવિવેચકે વિધાન કર્યું છે કે 'આજકાલ ચિત્રકારના સંકેતો તેના ખાનગી શબ્દાગારમાંથી આવે છે જેનો પ્રયોગ તે પોતાના સ્વગત સંભાષણમાં જ કરી શકે. આજના ચિત્રકાર અને આજના પ્રેક્ષકમંડળ વચ્ચેનું અંતર દિનપ્રતિદિન વધતું જ જાય છે, એટલે સુધી કે તે દિશામાં પ્રથમ પગલું તે બંધ કરવાનું લેવું અને અન્ય કોઈ પાસેથી કળાનો સાથ શોધવો તેનો વિચાર જગાડે છે.'

પણ અહીં તો સ્પષ્ટ હતું કે આ યુવાન ચિત્રકારને કલાની લેશ પણ પરવા નહે તી. તેનો ઈરાદો એક બુટ્ટો ઉડાવવાનો જ હતો. તેણે પણ અગાઉ જણાવ્યું હતું તેમ વર્તમાનપત્રોમાં હોહા મચાવવાની જ નેમ હતી, જેમાં તે નિષ્ફળ ગયો છે. કોઈ પણ અખબારે આગળ પડતી જગ્યામાં તેની નોંધ મૂકી નથી તેમજ તેની વિચિત્રતાઓ જોવા મેદનીનો ધસારો થયો નથી. કોરાધાકોર ચિત્રપટો મૂકવાની તરકીબ ચાટ પડી છે આ પ્રસંગથી જે સાહસિકો પ્રસિદ્ધિનો ટૂંકો માર્ગ શોધે છે તેમને જરૂર સારો બોધ મળશે. કે. બી.

(નવી દિલ્હીની 'ઑલ ઈંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીની પત્રિકા 'આર્ટ ન્યૂઝ'માંથી)

સ્વ. ડૉ. રાધાકમલ મુખરજી

ઉત્તરપ્રદેશ રાજ્યની લલિતકલા અકાદમીના ઉપાધ્યક્ષ અને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા સમાજતત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર મહાપંડિત ડૉ. રાધાકમલ મુખરજીનું ગયા ઑગસ્ટની ૨૪મી તારીખે અકાદમીની જનરલ કાઉન્સિલની ચાલુ બેઠકમાં સાંજે એકાએક દુઃખદ અવસાન થયું.

ઈ. ૧૮૮૯ની ૭ ડિસેમ્બરે પ. બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના બેરામપુરામાં એમનો જન્મ. કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાં અભ્યાસ કરી પ્રેમચંદ રાયચંદ સ્કૉલરશિપ મેળવી ઈ. ૧૯૨૦માં પીએચ. ડી. થઈ એમણે ૧૯૨૧ થી '૫૨ સુધી લખનૌ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું. ૧૯૫૫ થી '૫૭ તેઓ એ યુનિવર્સિટીના ઉપકુલપતિ પણ હતા. વિસ્તૃત પ્રવાસો કરી એમણે સાત યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો આપેલાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય અનેક સંસ્થાઓનું તેઓ સભ્યપદ ધરાવતા હતા. પણ આ ઉપરાંત ભારતીય કળા અને સૌંદર્યવિજ્ઞાનના તેઓ એક પ્રમાણભૂત રસજ્ઞ જ્ઞાતા હતા. સંખ્યાબંધ કલાકારોનો એમને પરિચય હતો. છેલ્લા પચાસેક વર્ષ દરમિયાન કરેલા એમના અતિમૂલ્ય કલાસંગ્રહમાં અનેક ખ્યાતનામ કલાકારોની તેમજ ઉત્તરપ્રદેશના કેટલાક યુવાન કલાકારોની કૃતિઓ સંઘરાઈ હતી. જેમાંથી એમણે લખનૌ યુનિવર્સિટીની ટાગોર લાયબ્રેરીને લગભગ ૧૫,૦૦૦ રૂપિયાની કિંમતનો કલાસંગ્રહ ભેટ આપેલો. આ જ રીતે રાજ્ય લલિતકલા અકાદમીને પણ એમણે આશરે ૩૦,૦૦૦ રૂપિયાની કલાકૃતિઓ આપી દીધી હતી અને છેલ્લે વસિયતનામા દ્વારા પોતાની પાસેનો બાકીનો કલાસંગ્રહ પણ એમણે ઉત્તરપ્રદેશ રાજ્યની લલિતકલા અકાદમીને સોંપી દીધો છે.

'સોશિયલ ફંક્શન ઑવ આર્ટ' નામનો એમનો એક ગ્રંથ તુલનાત્મક સૌંદર્યશાસ્ત્ર પરની એમની એક પ્રમાણભૂત કૃતિ છે. એમના 'ધી કલ્ચરલ આર્ટ ઑવ ઇંડિયા'નો તો ઇટાલીઅન ભાષામાં અનુવાદ પણ થયો છે. સૈકાઓથી ભારતના સાંસ્કૃતિક વિકાસમાં અગ્રત્યનો ભાગ ભજવનાર તત્ત્વજ્ઞાન, ધર્મ અને કલાના પાયારૂપ ઐક્યની એમણે એમાં ચર્ચા કરી છે એમનાં અન્ય કલાવિષયક ગ્રંથોમાં 'ધી ફલાવરિંગ ઑવ ઇંડયન આર્ટ', 'ધી કૉસ્મિક આર્ટ ઑવ ઇંડિયા,' 'ધી હિસ્ટરી ઑવ ઇંડિયન સિવિલિઝેશન' (બે ભાગ) વગેરે ગણાવી શકાય. છેવટ તેઓ ભારત ઐક્ય પર એક ગ્રંથ તૈયાર કરી રહ્યા હતા. અવસાન સમયે એમની વય ૮૦ વર્ષની હતી. ર. મ. રા.





ડાબી બાજુ: નુરેમ્બર્ગ પશ્ચિમ જર્મનીના એન્ટેરેફ્રીના ૬૦ વર્ષના એક કલાભ્યાસંગીએ માત્ર કાચના ટુકડાઓ સાંધીને 'આજના યુગની વંદનીય વિભૂતિઓ'ની એક છબિશ્રેણી તૈયાર કરી છે. એમાંથી ગાંધીજીની તસવીર. જમણી બાજુ: આ કોઈ વાડા-વંડી નથી પણ 'લંડન મહોત્સવ' નિમિત્તે રજૂ થએલું 'બદ્ધ પ્રવાહ' નામનું શિલ્પ છે. કલાકાર જ્હૉન હિલીઆર્ડે કાચના તંતુ મિશ્રિત પૉલિએસ્ટર રેઝિનમાંથી આ આધુનિક શિલ્પસર્જન કર્યું છે.



લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમના સંગીતવાદ્યોના સંગ્રહમાંનું બ્રિટિશ રાજચિહ્નવાળું આ શોભનખચિત વાયોલિન ચાર્લ્સ બીજા કે જેઈમ્સ બીજાનું મનાય છે.

ટિકિટસંગ્રહ

આ માસ-ઑક્ટોબરમાં ભારતની છ નવી ટપાલટિકિટો બહાર પડે છે. જમણી બાજુ મથાળે પહેલી ૪૦ પૈસાની ખાસ ટિકિટ બીજી ઑક્ટોબરે કલકત્તાની જનરલ પોસ્ટ ઑફિસની શતાબ્દી નિમિત્તે બહાર પડી છે. એના પર એ પોસ્ટઑફિસનું ચિત્ર છે. બીજી ટિકિટ આસામના વિખ્યાત લેખક લક્ષ્મીનાથ બેઝબરુઆની જન્મશતાબ્દી નિમિત્તે ૫મી તારીખે બહાર પડી છે. એમાં એમની છબિ અને એમની લેખન-કારકિર્દીનું સૂચક આલેખન છે. એની નીચેની બે ટિકિટોમાં પહેલી આ વર્ષે મેક્સિકોમાં રમાતી ૧૯મી ઑલિમ્પિક નિમિત્તની બેમાંની એક છે. તે ૧૨ આક્ટોબરે બહાર પડી છે. અને બીજી ક્રાંતિવીર ભગતસિંહની યાદમાં એની છબિ તથા સ્વાતંત્ર્યના સૈનિકોના સરઘસના આલેખન સાથે ૧૯ ઑક્ટોબરે બહાર પડશે.









ડાબી બાજુ નીચેની બે ઊભી ટિકિટોમાંની પહેલી ૨૧ ઑક્ટોબરે બહાર પડશે. જે નેતાજી સુભાષચંદ્ર બોઝે ઈ. ૧૯૪૩માં સ્થાપેલી આઝાદ હિંદ સરકારની રજતજયંતી નિમિત્તની હોઈ એમાં આઝાદ હિંદ સરકારનો ધ્વજ તથા નેતાજીનું ચિત્ર છે. તેની નીચેની ઇંડોચાઈનામાં ઈન્ટરનૅશનલ કંટ્રોલ કમિશનના હિંદી અને અંગ્રેજી પ્રથમાક્ષરોના 'ઑવરપ્રિન્ટ'વાળી ટિકિટ ત્યાં કામ કરતા હિંદી સૈન્યની પોસ્ટઑફિસે આ ગાંધીજયંતી દિને બહાર પાડેલી છે. ફર્સ્ટ-ડે-કવર સાથે આવી આઠ ટિકિટો તેણે બહાર પાડી છે.







↑સુંદર ચિત્રાલેખનોવાળી બ્રિટન-ની ત્રણ નવી બહુરંગી ટિકિટો





ક્રિસ્ટમસના તહેવારોમાં અવનવાં રમકડાંની ભેટ પામતાં બાળકોને અનુલક્ષીને કરેલાં રંગીન ચિત્રોવાળી બ્રિટનની, આવતી ૨૫ નવેમ્બરે બહાર પડનારી આ ત્રણ ખાસ ટપાલટિકિટોમાં કાષ્ઠના ઘોડાથી રમતાં છોકરાછોકરીનું, ઢીંગલીઘર પાસે બેસીને રમતી બાળાનું તથા ચાવીવાળી રેલગાડીથી રમતા કિશોરનું આલેખન છે. રોઝેલિંડ ડીઝ નામની એક સ્ત્રીકલાકારે આ ડિઝાઈનો કરી છે. રૉયલ કૉલેજ ઑવ આર્ટમાં કલાભ્યાસ કરી, ટાઇપોગ્રાફર અને ચિત્રકાર તરીકે કામ કરી એમણે અખબારો, સામયિકો ને પુસ્તકોમાં ચિત્રો, અને કાપડની ભાત આલેખવાં ઉપરાંત ડેવિડ જૅન્ટલમૅન સાથે અગાઉ એમણે 'ચર્ચિલ' અને 'બૅટલ ઑવ બ્રિટન'ની ટિકિટોનાં આલેખન પણ કર્યાં હતાં.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : પરગજુ

આ શબ્દના 'પર+ગજુ' એવા વિભાગ પાડી, જોડણીકોશ 'ગજુ'નો સંબંધ ફારસી 'ગર્જ' (=ગરજ) સાથે જોડે છે. એટલે કે તેને મતે 'પરગરજુ' ઉપરથી 'પરગજુ' બન્યો. પારકાની ગરજને જાણીને જે તેનો ઉપકાર કરે તે પરગજુ—કોઈક એ રીતે અર્થ ઘટાવવાનો રહે.

પણ 'પરગજુ' શબ્દનું જૂનું રૂપ છે 'પરકજૂ'. ઈ. સ. ૧૪૩૦માં હીરાણંદસૂરિએ રચેલા 'કલિકાલરાસ'માં એ મળે છે. 'આપસવારથિ સહૂઈ હોઈ, પરકજૂ છઈ વિરલઉ કોઈ'. એટલે કે આપસ્વાર્થી સૌ હોય છે, પણ પરગજુ કોઈ વિરલો જ હોય છે.

'પરકજૂ' એ સ્વરૂપ ઉપરથી 'પરગજુ'નું મૂળ તરત પકડાય છે. 'પર+કાર્ય' ઉપરથી 'પરકજ્જ', 'પરકજ' બને છે. અને 'પરકજ' કરનાર તે 'પરકજૂ' આમ 'પરકજૂ' એટલે પારકા કામ કરનાર, પરોપકારી, પરાર્થી. આ સાથે હિંદી 'પરકાજી' (= પરોપકારી) સરખાવી શકાય. તે પણ 'પરકાજ' ઉપરથી બન્યો છે.

નામ ઉપરથી વિશેષણ બનાવતો 'ઉ' પ્રત્યય બીજા કેટલાક શબ્દોમાં પણ મળે છે, જેમ કે, આળસ–આળસુ, લાલચ–લાલચુ; ચરસ–ચરસુ, લત–લતૂડો; ગરજ–ગરજૂ, સમજ–સમજુ અને તે જ પ્રમાણે, પરકજ–પરકજૂ (પરકજુ).

વળી, આવા સમાસોમાં આદ્ય 'કા' નો 'ગ' બન્યો હોવાના બીજાં ઉદાહરણ પણ મળે છે: 'કાળ'નું 'ગાળ' (ખેગાળો, કેરીગાળો, લગનગાળો); 'કર'નું 'ગર' (કહ્યાગરો, તેડાગર, કાજગરું, કામગરું); 'કરણુ'નું 'ગરણુ' (નિશાળગરણું); તે અનુસાર પરકજૂ ઉપરથી 'પરગજુ'. આમ 'પરગજુ'ને ફારસી 'ગર્જ'—'ગરજ' સાથે કોઈ સંબંધ નથી.

'સાવરણી', 'તહેવાર', 'જોખમ' 'પરગજુ' જેવા શબ્દોનાં 'સારવણી' 'તિહિવાર', 'જોખિમ', 'પરકજૂ' એવાં જૂનાં સ્વરૂપનો આધાર મળે છે, ત્યારે જ આપણે માટે 'સારવનારી, સાફ કરનારી', 'તિથિવાર', 'યોગક્ષેમ' 'પરકાર્ય કરનાર' એમ મૂળનો અર્થ કે મૂળનું સ્વરૂપ કળવાનું સરળ બને છે.

હરિવલ્લભ ભાયાણી

ઇંગ્લંડનું રાજકવિ (પોએટ લૉરીએટ) પદ

લોકશાહીને મૂર્તિમંત કરતી લોકસભાની જન્મદાતા ભૂમિ (મધર ઑવ પાર્લમેન્ટ) તરીકે જાણીતા ઇંગ્લંડમાં – ને કેવળ ઇંગ્લંડમાં જ 'રાજકવિ'ની પરંપરા પણ આજ ત્રણ સૈકાથી અખંડિત ચાલુ રહી છે તે, પરંપરાની આગ્રહી એ પ્રજાની સંસ્કારચાહનાનું દ્યોતક છે. ગ્રીસ અને રોમમાં રાષ્ટ્રના ઉદ્‌ગાતા ઉત્તમોત્તમ કવિનું રાજ્ય તરફથી પવિત્ર લૉરેલના પલ્લવમુકુટ વડે બહુમાન કરવાની પ્રથા હતી, અને ઈ. ૧૩૪૧માં સૉનેટના જનક પેટ્રાર્કનું એ રીતે રોમમાં લોકાભિનંદન થએલું. એ પદ્ધતિને અનુસરીને સત્તરમી સદીમાં શેક્સપીઅરના સમસમયી હરીફ પ્રસિદ્ધ કવિ અને નાટ્યકાર તથા 'ધ માસ્ક ઑવ બ્લૅકનેસ' નામના રાજ્યસ્તુતિ અર્થે લખાએલા મનોરંજક અને ઉપદેશાત્મક કાવ્યગુચ્છના સર્જક બેન જૉન્સનને સ્ટુઅર્ટ રાજા જેમ્સ પહેલાએ સો માર્કનું સાલિયાણું (જે પાછળથી વધારીને ચાર્લ્સ પહેલાએ સો પાઉન્ડ કરી આપેલું) બાંધી આપ્યું ત્યારથી બ્રિટનમાં આ પરંપરાની શરૂઆત થઈ ગણાય. જો કે તે પહેલાં એડવર્ડ ચોથાએ જ્હૉન કૅને 'રાજદરબારના કવિ' તરીકેનો શિરપાવ આપ્યાનું નોંધાએલું છે. પણ એનો દરજ્જો 'રાજકવિ' જેટલો ઊંચો નહોતો. રાજકવિને મહેલના શરાબભંડારમાંથી ખાસ સ્પૅનિશ દારૂનું એક પીપ એની પ્રતિષ્ઠાર્થે ભેટ આપવાની એણે દાખલ કરેલી રસમનો રૉબર્ટ સધીના સમયથી અંત આવ્યો, અને તેને બદલે તેની કિંમત રોકડમાં ભેટ આપવાની રીત દાખલ થઈ છે. ઇંગ્લંડ એ પરંપરાપરસ્ત રાષ્ટ્ર છે તેમજ વિધિઓનું શૉખીન છે. રાજકવિપદના ખિતાબની એનાયત પણ વિધિપૂર્વક કરાય છે. એ માટે રાષ્ટ્રકવિપદે નિયુક્તિ થાય ત્યારે કવિને



સેસિલ ડે લૂઈ પહેલાંના, ઇંગ્લંડના રાજકવિઓ. (જેમની છબિ નથી એમનાં નામ કૌંસમાં આપ્યાં છે.) ઉપર ડાબી બાજુથી અનુક્રમે: ૧ જ્હૉન ડ્રાઈડન, ૨ ટૉમસ શૅડવેલ, (૩ નૅહમ ટેઈટ), ૪ નિકોલસ રૉ, (૫ લૉરેન્સ યુસડેન), ૬ કૉલી સિબ્બર, (૭ વિલિયમ વ્હાઈટહેડ), ૮ ટૉમસ વાર્ટન, ૯ હેન્રી જેઈમ્સ પાઈ, ૧૦ રૉબર્ટ સધી, ૧૧ વિલિયમ્ વર્ડ્ઝવર્થ, ૧૨ આલ્ફ્રેડ ટેનિસન, ૧૩ આલ્ફ્રેડ ઑસ્ટિન, ૧૪ રૉબર્ટ બ્રિજિઝ અને ૧૫ જૉન મેઈઝફીલ્ડ.



રાજમહેલમાં આમંત્રી તેને રાજાના હાથે કેનેથ હૉકિન્સનું લખેલું 'પોએટ લૉરીએટ' નામનું પુસ્તક ભેટ આપવાનો એક ખાસ વિધિ પણ કરવામાં આવે છે.

ચૉસરે રાજકવિ તરીકેનું લોકમાન એના સમયમાં ભોગવેલું અને સ્કેલ્ટન તો પોતાને આપમેળે રાજકવિ કહેવડાવતો. આમ છતાં રાજકવિ તરીકેની કાયદેસરની વિધિયુક્ત ઉપાધિ તો જ્હૉન ડ્રાઈડનને જ સૌપ્રથમ ઈ. સ. ૧૬૭૦માં મળી. ડ્રાઈડન પછી રાજકવિ-પદે આવનાર શૅડવેલે રાજવીની વર્ષગાંઠ તેમજ નવા વર્ષ નિમિત્તે પ્રશસ્તિ લખી એક નવો રવૈયો સ્થાપ્યો, જે રાજકવિની એક ફરજ સમો ગણાવા લાગ્યો. પણ આરંભથી અત્યાર સુધીમાં માત્ર છ જ કવિઓની યોગ્યતા સમયની કસોટીમાં સાચી સાબિત થઈ શકે તેમ છે: જ્હૉન ડ્રાઈડન, રૉબર્ટ સધી, વિલિયમ વર્ડ્ઝવર્થ, આલ્ફ્રેડ ટૅનિસન, રૉબર્ટ બ્રિજિઝ અને જ્હૉન મેઈઝફીલ્ડ. કેટલાક મધ્યમ અને કનિષ્ટ કોટિના કવિઓ પણ રાજકીય–સામાજિક કારણો ઉપરાંત સત્યનિષ્ઠ નિર્લેપ વિવેચનના અભાવે આ પદની ભેટ મેળવી શકેલા ખરા. રૉબર્ટ સધીએ યોગ્ય જ કહ્યું છે કે 'આ લૉરેલનું તેજ એના કેટલાક પહેરનારાઓને કારણે જ પાંખું થયું છે.' તેથીસ્તો પ્રવર્તમાન રાજકવિ સી. ડે લૂઈની નિમણૂક થઈ ત્યાં સુધીમાં અવારનવાર આ પદની હાંસીયુક્ત ટીકાઓ થતી રહી હતી, અને એ પદને રદ કરવાનાં સૂચનો પણ થતાં રહ્યાં છે. એ સિવાય પણ 'દરબારી કવિતા' કવિ અને કાવ્યસાહિત્ય બંનેનું દૂષણ બની રહે છે એ પ્રકારની વિવેચકોની દલીલમાં વજૂદ છે. કોઈક કોઈક કાવ્યતજ્ઞોને 'રાજકવિ' ટૅનિસનની કવિતા 'કવિ' ટૅનિસનની કવિતા કરતાં ઊતરતી કક્ષાની પણ લાગે છે. પ્રસંગોપાત્ત રાષ્ટ્રપ્રશસ્તિનાં કાવ્યો છાપનાર 'લંડન ટાઈમ્સે' આ જગ્યા ચાલુ રાખવાની હિમાયત કરી તેનું કારણ હતું એની 'ઓછામાં ઓછી નિરુપદ્રવતા!'

આમ છતાં પણ રાજકવિને સત્તાધીશોના ભાટ ગણવામાં આવતા નથી જ. એની પસંદગીનું ધોરણ પણ ઊંચું રાખવામાં આવે છે અને સ્થાન મોભાદાર ને ગૌરવવંતું ગણાય છે. મેઈઝફીલ્ડ અને ડે-લૂઇને માત્ર ફરમાસુ બિરદાવલીઓ નહિ લખવાના સોગંદ લેતાં કોઈએ રોક્યા નહોતા. જ્હૉન્સને 'નેપ્ચ્યુન ટ્રાયમ્ફ'માં ખુદ રાજકવિપદની જ ઠેકડી ઉડાડી છે.

લોકશાહીના પરમ ભક્ત એવા ઇંગ્લંડમાં આજે દરબારી કવિતાને નવો વળાંક આપવામાં આવ્યો છે. રાજકવિઓએ શાહી કુટુંબની પ્રશસ્તિ છોડી છે, પણ દેશવાસીઓની પ્રશસ્તિને અયોગ્ય માની નથી. વર્તમાન કવિ સેસિલ ડે લૂઈએ રાજકવિપદેથી સૌથી પહેલું કાવ્ય રચ્યું તેમાં પાંચ વ્યવસાયી અંગ્રેજ સ્ત્રીઓને પોતાની કચેરીઓમાં વધુ સમય કામ કરી તે દ્વારા રાષ્ટ્રવિકાસમાં મદદરૂપ થવાની તત્પરતા બતાવવા માટે બિરદાવી છે. આમ રાજકવિમાંથી રાષ્ટ્રશાયર બનવા તરફ તેમણે પગલાં માંડયાં જણાય છે.

ગમે તેમ, પણ આધુનિક યુગના માનવીની અનેકવિધ પ્રવૃત્તિઓના ધમધમાટમાં પણ કવિતાને આમ માનસ્થાને સ્થાપવાની આ જૂનવાણી ઔપચારિકતા આવકારપાત્ર તો છે.

—ઈલા પાઠક

ગાંધી-શતાબ્દી નિમિત્તે એક અનોખું સંપુટ

ગાંધી ચિત્રકથા

આજના ભારતને અસ્તિત્વ આપી માનવ-સંસ્કૃતિને આગેકદમ કરાવનાર વિશ્વના અભૂતપૂર્વ મહાન પુરુષ ગાંધીજીના જીવનથી પ્રભાવિત થએલા વિશ્વના લેખકો અને કલાકારો તેમજ મહાન મુત્સદ્દીઓએ ભાવભરી અંજલિ આપી છે. પરંતુ ભારતની કલાસૃષ્ટિમાં તેમનું સાચું સ્પષ્ટ પ્રતિવિધાન સરજાયું છે કે નહિ તેનો પ્રત્યુત્તર કલાના સાધક વૃન્દમાંથી મળે ત્યારે ખરો, પણ ભાવના અને પ્રેરણાથી ભરપૂર ભક્તિભાવ શું કરી શકે છે તે સમજવું હોય તો સૌ. શ્રી સરલાબહેન મઝુમદારનું ગાંધીજીના જીવનને સાક્ષાત્ કરાવતું ૨૫ ચિત્રોનું આ સંપુટ–'ગાંધી ચિત્રકથા' જોવું.

ભારતના પ્રૌઢ અને વિખ્યાત ચિત્રકારોના હૃદય સુધી આ મહાન જ્યોતિનો પ્રકાશ



'હિંદ છોડો'નું એલાન આપતા ગાંધીજી
'ગાંધી ચિત્રકથા'માંનું એક ચિત્ર

પહોંચે ત્યારે ખરો, પણ પોતાની કાલીમીઠી ચિત્રશૈલીમાં વ્રતધારીની સાધનાથી ગાંધીજીના જીવનના ક્રમવાર પ્રસંગોની ચિત્રમાળા સરજવામાં શ્રી સરલાબહેનનું કાર્ય બેનમૂન રહે તેવું છે. તેના નિવેદનમાં ઉચિત રીતે કહેવાયું છે કે, 'ચિત્રોમાં એવા પ્રસંગોની પસંદગી થઈ છે કે જેમાં સત્ય અહિંસા પ્રેમ કરુણા અભય આદિ મૂળભૂત સદ્‌ગુણો પ્રકટ થતા હોય. પ્રસંગો અને ચિત્રનિર્માણ માટે શ્રી સરલાબહેન સર્વથા યશભાગી છે. એમના પર ઈશ્વરના આશીર્વાદ હો. રાષ્ટ્રનાં બાળકોની સેવા કરનાર એમના જેવી વ્યક્તિઓ મોજૂદ છે એ વિચાર ઉત્સાહપ્રેરક છે.'

કાકાસાહેબ કાલેલકરે પ્રસ્તાવનામાં તેની ઉચિત કદર કરી છે. 'માણસ સહેજે વર્તી શકે એટલો જ ભાગ ચિત્રમાં યથાર્થદર્શી હોવો જોઈએ... ફોટોગ્રાફમાં જે વ્યક્ત ન થઈ શકે, એ, ગાંધીજીનો સ્વભાવ, એમનું ચારિત્ર્ય, એમની વત્સલતા, એમની દૃઢતા, એમનું ભક્તહૃદય અને કર્મયોગીની નિષ્ઠા એ બધું જે કૅમેરા ન જોઈ શકે તે ચિત્રકાર જુએ છે અને એ વ્યક્ત કરવા મથે છે. સંસ્કૃતિ અને ભાવનાઓની દૃષ્ટિએ આ ચિત્રોમાં વિસદૃશ કે વિસંગત કશું નથી જ, પણ તે તે પ્રસંગનું હાર્દ વ્યક્ત કરવામાં સરલાબહેન ફાવી ગયાં છે. તમના હૃદયની ઉત્કટતા આ ચિત્રોમાં સંતાએલી શી રીતે રહી શકે?'

છેવટ સરલાબહેને પોતાના મનોભાવો બે જ લીટીમાં પ્રકટ કર્યા છે:

'ભક્તિ, આદરથી પ્રેરી પીંછીને રોકી ના શકું,
કળા સાર્થક થાતી એ લોભથી મન વાળું હું.'

૨૫ પૂર્ણરંગી ચિત્રપૃષ્ઠો અને વાચન સહિત ૫૦ પાનાંના, 'કુમાર'ના કદના આ સુંદર પ્રકાશનની કિંમત માત્ર ૨-૦૦ રૂપિયા રાખી છે. (પ્રકાશક: મિ. પે. ઝાંઈવાલા, મંત્રી: મુંબાઇ ગાંધી સ્મારક નિધિ, મણિભવન, ૧૯ લેબરનમ રોડ, ગામદેવી, મુંબાઈ-૭)

ભારતની સર્વ ભાષાઓમાં આ પુસ્તકની આવૃત્તિઓ છાપી એક મોટી દેશસેવા કરી છે. છતાં એક નમ્ર સૂચન કરું કે થોડી વધારે કિંમત આપનાર માટે પાકા પૂઠાંની આવૃત્તિ પણ આપવી જોઈતી હતી.

—ર. મ. રા.

નવાં પ્રકાશનો

વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિ.

૩, રાઉન્ડ બિલ્ડિંગ • મુંબાઈ-૨

ન્હાનાલાલનો કાવ્યપ્રપાત: અર્વાચીન ગુજરાતી સાહિત્યના સૌથી મોટા આ-

ત્મલક્ષી કવિ **શ્રી ન્હાનાલાલનાં** ભાવપ્રધાન લઘુકાવ્યોનું એમની કાવ્યકળાનાં લક્ષણો આપવા સાથે પ્રા. રમણ કોઠારીએ કરેલું રસ દર્શી વિવેચન. પૃ. ૧૧૧, પાકું પૂઠું, રૂા. ૩.

ન્હાનાલાલ: કવિ **શ્રી** ન્હાનાલાલ અને એમની જયાજયંત, વસંતોત્સવ તેમજ એમના વસંતધર્મ ને ગદ્ય વિષેના જાણીતા કવિ-વિવેચક મનસુખલાલ ઝવેરીના **દસ** વિવેચન-લેખોનો સંગ્રહ. પૃ. ૧૭૯, પાકું પૂઠું, રૂા. ૩ા.

ગોવર્ધનરામ: પંડિતયુગના આપણા અગ્રણી સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી અને એમની સર્જક-પ્રતિભાને પામવાની ચાવીરૂપ શ્રી મનસુખલાલ ઝવેરીનાં અગાઉ અન્યત્ર પ્રસિદ્ધ થએલાં છ વિવેચનાત્મક લખાણોનો સંગ્રહ. પૃ. ૧૦૦, રૂા. ૨.

જીવજગતની અજાયબ સૃષ્ટિ: પૃથ્વી પર જીવનસૃષ્ટિનો જન્મ, વિકાસ અને એની વિસ્મયકારક પ્રકૃતિ અંગે વૈજ્ઞાનિક માહિતી આપતા, એ વિષયના બે નિષ્ણાતો-સી. બ્રૂક બર્થ અને રૉબર્ટ કે. એન્ડર્સ-ના પ્રમાણભૂત પુસ્તકનો વિજયગુપ્ત મૌર્યે કરેલો અધિકૃત અનુવાદ, પૃ. ૨૮૨, પાકું પૂઠું, રૂા. ૩.

બાલગોવિંદ પ્રકાશન · અમદાવાદ

દાદાની દેણ: ગુજરાતના મૂકસેવક શ્રી રવિશંકર મહારાજ સમર્થ વિદ્વાન કે અઠંગ અભ્યાસી નથી પણ સાચા જીવનોપાસક ને હૈયાઉકલતથી યુગધર્મને સમજી મંગલ જીવનનું માર્ગદર્શન કરાવનાર તપસ્વી છે. **એમણે** વડોદરામાં કરેલા ત્રણેક ચાતુર્માસ દરમિયાન પ્રગટ કરેલા પ્રેરક ચિંતનઉદ્‌ગારોનો શ્રી **હરિશ્ચંદ્રે** કરેલો સંગ્રહ મહારાજના સુચારિત્ર્ય ને ધાર્મિક-સામાજિક ચિંતનનો સુંદર પડઘો પાડે છે. ધર્મમંગલ જીવનમંગલ ને બોલીપત્ર એ નામના એના ત્રણ વિભાગોમાં અમૂલ્ય સામગ્રી આપેલી છે. પૃ.૧૯૫,પાકું પૂઠું,રૂ.૪.

અંતકળા: સ્વામી આનંદના મનનું ગાણું ગાવાની સ્ફુરણાથી, ચિંતન નિરીક્ષણ વિષયક વિવિધ વિષયો પરના ૧૮ લેખો અને નિબંધોનો સંગ્રહ. પૃ.૨૪૦,પાકું પૂઠું,રૂા.૧૦.

સ્વચ્છતા અને આરોગ્ય: રોજિંદા જીવનમાં સ્વચ્છતા ને આરોગ્ય જાળવવાની પ્રાથમિક ને મહત્ત્વની માહિતીઆપતી બબલભાઈ મહેતાની પુસ્તિકા. પૃ. ૫૫, કિં. ૧.

સંત સેવતાં સુકૃત વાધે: ગાંધીજી સાથેના સહનિવાસનાં સંસ્મરણો ૧૯૬૫માં જન્મભૂમિમાં ક્રમશઃ પ્રગટ કરતી ઊર્મિલ કાવ્યસમી શ્રી નારાયણ દેસાઈની લેખમાળા પુસ્તકાકારે. પૃ. ૧૫૨, રૂા. ૩.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી ચાંપશી ઉદ્દેશી

ગુજરાતના એક પીઢ, સંનિષ્ઠ અનુભવી તંત્રી. વતન ગોંડલ. જન્મ એપ્રિલ ૧૮૯૨માં ટંકારામાં. છેક બચપણથી કલકત્તામાં વસવાટ. શાળામાં, બૅંકમાં તથા વેપારી પેઢીના મૅનેજર તરીકે નોકરી. કલકત્તામાં ગુજરાતની અસ્મિતા જગાડનાર અને ગુજરાતી સાહિત્ય-પ્રવૃત્તિ આદરનાર પ્રથમ વ્યક્તિ. ત્યાંની અવેતન રંગભૂમિ માટે ૮-૧૦ નાટકોનું લેખન, દિગ્દર્શન અને રજૂઆત. વ્યવસાયી રંગભૂમિ માટે પણ ચાર નાટકો લખ્યાં. ૧૯૩૩માં કલકત્તામાં 'ગુજરાતી સાહિત્ય મંડળ'ની સ્થાપના. ૧૯૨૨થી 'નવચેતન' માસિકનું પ્રકાશન. ત્યારથી, યુદ્ધકાળમાં વડોદરાથી, ફરી કલકત્તાથી ને પછી અમદાવાદથી, આજે ૭૭ની વયે પણ રોજ ૮-૯ કલાક નિયમિત કામ કરી એનું સતત ૪૭ વર્ષથી એકલપંડે પ્રકાશન. પ્રથમ પુસ્તક 'કવિતાકલાપ' (કાવ્યસંગ્રહ-૧૯૧૮), જંજીરને ઝણકારે, તાતી તલવાર, માનવહૈયાં વગેરે નવલકથાઓ અને 'સ્મૃતિસંવેદન' (આત્મકથા) મળી ૧૧ પુસ્તકોનું સર્જન.

૧ ગુજરાતી સાહિત્યમાં કયો યુગ આપને વધારે ગમે છે?
◐ પંડિતયુગ. એ યુગમાં જે અભ્યાસ, ચોકસાઈ, સાચી જ્ઞાનવૃત્તિ ને ઉત્કટ સાહિત્યપ્રેમ હતાં એ અત્યારે ક્યાં છે?

૨ આપની સ્વયં અનુભૂતિકૃત સાહિત્યની માન્યતા?
◐ જીવનને 'સાચું જીવન' બનાવવામાં અને 'જીવવા જેવું' બનાવવામાં સહાયક બને એ સાહિત્ય.

૩ આપ સાચી કલા અને સાચો ધર્મ કોને કહો છો?
◐ જીવનમાંગલ્યની ભાવના પોષે એ કલા અને જીવનને સાચે માર્ગે દોરવાની જવાબદારી ધારણ કરે તે ધર્મ.

૪ અને જીવન?
◐ જીવન એટલે સેવા, પરોપકાર અને તપશ્ચર્યાભર્યો કર્તવ્યનિષ્ઠ 'કર્મયોગ'. નિષ્પાપજીવનને હું માનવજીવનનો શ્રેષ્ઠતમ પ્રકાર માનું છું.

૫ આપને સાહિત્યસેવા (માસિક કાઢવું એ સાહિત્યસેવા છે જ)ની ધૂન ક્યારથી અને કઈ રીતે લાગેલી?
◐ ૧૯૧૮ થી ૧૯૨૧ સુધી 'વીસમી સદી' માસિકના ત્રિરંગી બ્લૉકો મારી મારફત કલકત્તામાં થએલા ત્યારથી જ સચિત્ર ને વિવિધરંગી માસિક માટે મને પણ રસ જાગેલો. 'સદી' બંધ પડતાં મારા એ રસને મેં ૧૯૨૨માં મૂર્ત સ્વરૂપ આપ્યું.

૬ માસિકના તંત્રીમાં ખાસ ક્યા ક્યા ગુણો આવશ્યક છે?
◐ માસિકનો તંત્રી બહુશ્રુત અને અંગ્રેજીમાં જેને 'જૅક ઑવ ઑલ ટ્રેડ' કહે છે એવો, નિયમિત, ચીવટવાળો અને લેખકો જોડે કામ પાડવામાં સાગરપેટો હોવો જોઈએ.

૭ ગુજરાતી સાહિત્યમાંથી કયું પાત્ર આપને સૌથી વધારે ગમ્યું?
◐ 'સરસ્વતીચંદ્ર' ભાગ બીજામાંનું ગુણસુંદરીનું પાત્ર. એ પાત્ર સાચા દામ્પત્યજીવનની અને સાચા કુટુંબજીવનની 'ચાવી' સમું છે.

૮ આપનો પ્રિય લેખક? કવિ? પ્રિય પુસ્તક?
◐ પ્રિય લેખક ગોવર્ધનરામ, પ્રિય કવિ નરસિંહ મહેતા, અને પુસ્તક 'સરસ્વતીચંદ્ર' ભાગ બીજો.

૯ વૃદ્ધાવસ્થાની અસર કાર્યમાં વિક્ષેપ પાડે છે?
◐ પાડે એ સ્વાભાવિક ક્રમ છે. પણ પોતાને ગમતી પ્રવૃત્તિ આચરવાથી સંયમિત અને નિયમિત તેમજ નિષ્પાપ જીવન ગાળવાની વૃત્તિ પોષવાથી એ વિક્ષેપની અસર ઘણી હળવી કરી શકાય એવો મારો જાતઅનુભવ છે.

ચાંપશી વિ. ઉદ્દેશી

આપણાં પંખીઓ: પંખીઓનો, એમની ખાસિયતો, ખોરાક રહેઠાણ વગેરેની પ્રાથમિક સચિત્ર પરિચય આપતું ગુજરાત સરકારના માહિતીખાતાએ પ્રસિદ્ધ કરેલું પુસ્તક. પરિચાયક: છોટુભાઈ સુથાર; ચિત્રકાર: સોમાલાલ શાહ. પૃ. ૧૦૨, પાકું પૂઠું, રૂ. ૧૫.

દાદાની દેણ: પૂ. રવિશંકર મહારાજના વર્ષાવાસ દરમિયાનના તેમના સમાજ, ધર્મ અને જીવનવિષયક વાર્તાલાપોની આ નોંધોમાં એમના અસીમ માનવીય જ્ઞાન અને જી-

આવરણ

'પ્રેમ એ પ્રેમીઓની મધ્યમાં આવેલ પારદર્શક આવરણ છે.' ખલીલ જીબ્રાનની આ ઉક્તિનું સમર્થન કરતી, ઘૂંઘટપટમાં છુપાએલ પ્રેયસીને વિનવતી, એનાં દર્શનની ઝંખના વ્યક્ત કરતી ઉર્દૂના નામાંકિત સૂફીઓની થોડીક પંક્તિઓ નીચે આપી છે. પંક્તિઓમાંની એ પ્રેયસી, એ યાર તે સ્વયં પરમબ્રહ્મ (હકીકી) જ છે.

ઘૂંઘટપટ પરની આ પંક્તિઓનું ઉદ્ગમ છે યહૂદીઓના પ્રબોધક હઝરત મૂસા (અ. સ.*)નો એક પ્રસંગ. પંક્તિઓનો ગૂઢાર્થ સમજવા માટે એ પ્રસંગ જાણવો જરૂરી છે.

યહૂદીઓના એ પ્રબોધકે તૂરે-સીનાઈ (ઇજિપ્ત) નામના પહાડ પર પ્રભુદર્શનની રઢ લીધી. પ્રભુએ પ્રસન્ન થઈ પ્રબોધકને પોતાના સ્વરૂપની એક આછી ઝલક (તજલ્લી) આપી ને પરિણામે એ પહાડ બળી ગયો ને ખુદ પ્રબોધક ચાલીસ દિવસ સુધી બેભાન રહ્યા. (સેસીલ બી. ડી મેલોના પ્રખ્યાત ચલચિત્ર 'Ten Commandments'માં આ પ્રસંગ વણી લેવાયો છે.)

મુસ્લિમ મત બ્રહ્મ-જ્યોતિને ખૂબ જ ઉગ્ર ગણે છે, ઉપર્યુક્ત પ્રસંગ એ સત્યનું સમર્થન કરે છે. આમ પાઠક સહેજે સમજી શકશે કે ઉર્દૂ કાવ્યોમાં આવરણ માટે વપરાતા શબ્દો – નકાબ, પર્દા, હિજાબ તેમજ ચિલમન–આકાશ માટે છે, જ્યારે બર્ક (વીજળી), તજલ્લી (જ્યોતિ) બ્રહ્મજ્યોતિ માટે છે.

વિનંતી

તસવ્વુરમેં ચલે આતે, તુમ્હારા ક્યા બિગડ જાતા,
તુમ્હારા પર્દા રહ જાતા, હમેં દીદાર હો જાતા. (અજ્ઞાત)

તમો મારા કલ્પના-ચિત્રમાં પણ આવ્યાં હોત તો કેટલું સારું થાત? તમારે ઘૂંઘટ ઉઠાવવો જ ન પડત ને મને તમારાં દર્શન થાત.

દીદાર જબ નહીં તો યે આંખેં ફુઝૂલ હૈં,
ઉનકો ભી ઢાંક લીજિયે અપને નકાબ મેં. (અજ્ઞાત)

જ્યારે તમારાં દર્શન જ ભાગ્યમાં ન હોય, તો પછી આ નેત્ર શાં કામનાં? એમને પણ તમારા ઘૂંઘટમાં ઢાંકી લો. (ઘૂંઘટ દીપી ઊઠશે.)

આત્મચિંતન

હિજાબ અપની નઝરકા તો હમ ઉઠા ન સકે,
ઉન્હીં કે હુસ્ન કે પરદે ઉઠાયે જાતે હૈં. (સીમાબ)

મારી દૃષ્ટિ પર પડેલું આવરણ તો દૂર કરી શક્યો નથી, એ પહેલાં એમના રૂપને નિરાવૃત્ત કરવા દોડી રહ્યો છું.

એ ઝૌકે નઝર માયૂસ ન હો પરદોં કે ગિરાયે જાને સે,
જબ ઇશ્ક તમાશા બનતા હૈ, જલવે ભી નઝારા કરતે હૈં. (અજ્ઞાત)

ઓ તૃષાતુર આંખ, અગર એ પોતાના ઝરૂખા પર પરદા નાખે તો તું ઉદાસ ન થઈશ. જ્યારે એમના પ્રેમમાં તું ઉન્મત્ત બનીશ, ત્યારે તારા પાગલપણનો તમાશો જોવા (અન્ય સાથે) એ પણ પોતાના ઝરૂખા પરથી ચક હટાવી લેશે.

વાસ્તવિકતા

તાકત કહાં મુશાહિદે બેહિજાબ કી,
મુઝકો તો ફૂંક દેગી તજલ્લી નકાબ કી. (અસગર ગોંડવી)

જ્યારે એમના પ્રજ્વલિત ઘૂંઘટ પરની જ્યોતિ જ બાળી નાખે છે ત્યારે એમનું નિરાવૃત્ત દર્શન, કેમ કરીને સહ્ય બનશે?

'કલીમ' શુક્ર કરો હશ્ર તક ન હોશ આતા,
હુઈ યહ ખૈર કિ વહિ શોખ બેનકાબ ન થા. (અમીર મીનાઇ)

હે હઝરત મૂસા (અ. સ.), પાડ માનો કે એ ચંચળ નિરાવૃત્ત ન હતાં, નહિ તો ન્યાયના દિવસ સુધી આપ ભાનમાં ન આવત.

આત્મજ્ઞાન

નકાબ રૂખસે ઉઠા દી મગર કમાલ યહ હૈ,
મેરી નઝર કા ભી પરદા ઉઠા ગયા હૈ કોઈ. (જોશ મલસીઆની)

કેવું વિચિત્ર! પોતાનું મુખાવરણ તો દૂર કર્યું, સાથેસાથે મારી દૃષ્ટિ પરનું આવરણ પણ દૂર કરતાં ગયાં.

ફતેહ બી. વૈદ્ય

*દિવંગત વ્યક્તિના નામ આગળ આપણે માનાર્થે જેમ સ્વર્ગસ્થ (સ્વ.) શબ્દ મૂકીએ છીએ તેમ હઝરત મુહમ્મદ પયગંબર સિવાયના બધા પયગંબરોનાં નામ પછી અરબી ભાષાના અ. સ. અક્ષરો મુકાય છે. એનું પૂરું રૂપ છે 'અલય હિસ્સલામ' એટલે કે 'અલ્લાહનું (તેમને) રક્ષણ હો'.

વનદર્શનનું સંગ્રહણ થયું છે. સં૦ 'હરિશ્ચંદ્ર' (કાન્તા હરવિલાસ). પૃ. ૧૯૫, રૂા. ૪.

સાહિત્ય સંગમ•સૂરત

કચ્છ ઍવોર્ડ: કચ્છ યુદ્ધવિરામ કરાર માટે નિમાએલ સમિતિએ આપેલા ચુકાદા વિષે ભૂમિકા, ભૂતકાળ, દલીલો, ભૂલો, હકીકતો વગેરેની માહિતી સાથે વિગતવાર ખયાલ આપતી પુસ્તિકા. લે. નાનુભાઈ નાયક. પૃ. ૧૬૮, કાચુ પૂઠું, રૂા. ૨.

મારાં સપનાં, મારી દુનિયા: શ્રી નગીન મોદી કૃત પ્રણયકથા. પૃ. ૨૧૪, રૂા. ૨.

વનાંચલ: આપણા જાણીતા કવિ અને વિવેચક શ્રી જયંત પાઠકની, 'રુચિ'માં ક્રમશઃ પ્રગટ થઈ ચૂકેલી, પંચમહાલ જિલ્લાના પોતાના વતનમાં ગાળેલી પશ્ચાદ્ભૂ સાથેની બાલ્યવયનાં સંસ્મરણો આલેખતી એક નવી શૈલીની સ્મૃતિકથા. પૃ. ૧૨૦, પાકું પૂઠું, રૂ. ૩-૫૦.

મુદિતા બાલારામ: પોતાની જ એક નવલકથા 'તોફાન' ઉપરથી શ્રી નાનુભાઈ નાયકે તૈયાર કરેલું ત્રિઅંકી નાટક. પૃ. ૧૫૨, પાકું પૂઠું, રૂા. ૪.

રમ્યકથા પેપરબૅક સીરીઝ

સૂકી ધરતી સૂકા હોઠ: નવોદિત વાર્તાકાર શ્રી દિલીપ રાણપુરાની, આંદામાનની જેલ સમા શેખડોડ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નિમાએલ એક યુવાનના શિક્ષણખાતાની જડતાએ લીધેલા ભોગનું આલેખન કરતી કથા. પૃ. ૧૯૨, કાચું પૂઠું, રૂા. ૨. પાકું પૂઠું, રૂા. ૪

ઓથાર: 'ધીરે વહે છે દોન'ના જાણીતા અનુવાદક અને એક સારા વિવેચક શ્રી રમણલાલ પાઠકની લખેલી બુદ્ધિવાદી યુવાનના કરુણ અંજામની કથા; પૃ. ૨૧૮, કાચું પૂઠું, રૂ. ૨. પાકું પૂઠું, રૂા. ૩.

મશાલ: શ્રી ચંદ્રકાન્ત બક્ષીનો વાર્તાસંગ્રહ. પૃ. ૨૭૨, રૂા. ૭-૦૦.

આલંબન: શ્રી હસિત હ. બૂચનો વાર્તાસંગ્રહ. પૃ. ૨૭૨, રૂા. ૭-૦૦.

સ્વપ્નલોક ભાગ ૧–૨: નાનુભાઈ નાયકની નવલકથા. ભાગ ૧ પૃ. ૩૨૬ અને ભાગ ૨ પૃ. ૩૧૦, રૂા. ૯–૦૦ દરેકના.

ચૂંદડીએ લાગ્યો ડાઘ: શ્રી હરનામદાસ 'સહરાઈ'ની નવલકથાનો કલાવતી વોરાએ કરેલો અનુવાદ. પૃ. ૧૮૩, રૂા ૨.

ક્રેમલીનની રાજકુમારી સ્વેતલાના: સ્ટાલીન-પુત્રીની જીવનગાથા પૃ. ૧૮૧, રૂ. ૨.

અમેરિકી ગાંધી ડૉ. માર્ટિન લ્યુથર કિંગ: શ્રી નાનુભાઈ નાયકે લખેલી, રંગભેદની ગોળીએ શહીદ થએલા હબસી નેતાની જીવનકથા. પૃ. ૧૬૮, રૂા. ૨-૦૦

(અનુસંધાન જુઓ અન્યત્ર)

ભીમપલાસી

સાકુરામ ન્યામતરાય યોધ

સંસ્કૃત ગ્રંથોમાં વર્ણવેલ 'ધનાશ્રી' રાગ અત્યારે જે રૂપમાં ગવાય છે તેને જ આપણે 'ભીમપલાસી' નામથી ઓળખીએ છીએ. ગ્રંથોક્ત રાગને પ્રચારમાં હાલ આ નામ શાથી મળ્યું છે તે જાણવા મળતું નથી. પરંતુ ઉત્તર હિન્દુસ્તાની સંગીત-પદ્ધતિમાં ગવાતા 'ધનાશ્રી' અંગના ધનાશ્રી, ભીમપલાસી, ધાની, પટમંજરી તથા પ્રદીપકી રાગમાંનો એક રાગ ભીમપલાસી મનાય છે. કાફી મેલજન્ય પટમંજરી ઉપરાંત બિલાવલ મેલજન્ય પટમંજરી નામનો એક રાગ પણ પ્રચારમાં છે. મધ્યાહ્ને ગવાતા સારંગમાં ઋષભ સ્વરનું જેવું પ્રભુત્વ છે તેવું નહિ, પરંતુ સારંગ દર્શાવતું ઋષભ સ્વરનું અંગ પટમંજરીમાં જોવામાં આવે છે. પણ તે સિવાય તેનું સ્વરૂપ ધનાશ્રી રાગાંગવાળા રાગોને મળતું જ છે. આ તમામ રાગો દિવસના ત્રીજા પ્રહરમાં ગવાય છે. તેમાં ગાંધાર, નિષાદ સ્વરો કોમલ હોવા ઉપરાંત આરોહમાં ઋષભ તથા ધૈવત સ્વરો વર્જ્ય છે. અવરોહમાં ઋષભ ધૈવત સ્વરો લેવાય છે પણ એ દુર્બલ રહે છે.

ધનાશ્રી તથા ભીમપલાસી વચ્ચે પણ ઘણું સામ્ય છે. ભીમપલાસીમાં મધ્યમ વિશેષ ચમકે છે. આ જ સ્વરાવલિમાં મધ્યમ સ્વરને દુર્બલ કરી પંચમની પ્રબલ લગાવટથી ધનાશ્રીનું સ્વરૂપ પ્રગટ થાય છે. પ્રચારમાં ધનાશ્રીનો બીજો એક પ્રકાર પણ ગવાય છે.

ભીમપલાસી રાગ ઉપર કહ્યું તેમ દિવસના ત્રીજા પ્રહરમાં ગવાતો રાગ છે. તેની જાતિ ઔડુવ (ઓડવ)-સંપૂર્ણ છે. એમાં ગાંધાર નિષાદ કોમળ છે. આરોહમાં ઋષભ તથા ધૈવત સ્વરો વર્જ્ય છે. અવરોહ સંપૂર્ણ છે. ભીમપલાસીમાં નિષાદ સ્વર કોમળ છે છતાં સ્વરસંગતિના નિયમાનુસાર આરોહમાં શુદ્ધ નિષાદનો પ્રયોગ ક્ષમ્ય ગણાય છે.

આ રાગનું સ્વરૂપ ખૂબ લોકપ્રિય છે. રાગનું ચલન સરળ મનાય છે. સામાન્ય રીતે બપોરના બારથી ત્રણ સુધીના દિવસના બીજા પ્રહરમાં ગવાતા સારંગના વિવિધ પ્રકારોમાં ઋષભ, મધ્યમ તથા પંચમ સ્વરો જોરદાર રીતે ચમકે છે.

ઋષભનું આ બહુલત્વ ત્રીજા પ્રહરમાં એકાએક કમી થઈ એ સ્વર આરોહમાં લુપ્ત થઈ જાય છે. મતલબ કે ત્રીજા પ્રહરમાં ગવાતા રાગોમાં મુખ્યત્વે આરોહમાં ઋષભ તથા ધૈવત સ્વરો વર્જ્ય કરેલા જણાશે. અવરોહમાં આ બન્ને સ્વરો હોવા છતાં દુર્બલ રહે છે. આ ક્રમ રાત્રિગેય ત્રીજા પ્રહરના રાગોમાં પણ જોવા મળે છે, બન્નેમાં કોમલ 'ગ' અને 'નિ'નું વૈચિત્ર્ય પણ સરખું જ જોવા મળે છે.

આપણા સંગીતમાં સ્વરોના બહુલત્વ અને અલ્પત્વને લક્ષ્યમાં રાખી એક રાગચક્રનું આયોજન કરવામાં આવેલું જણાય છે. તેમાં તમામ રાગો દિવસ તથા રાત્રિના એકબીજાના જવાબ જેવા જણાશે.

'ભીમપલાસી'માં પણ આ જ રીતે ઋષભ, ધૈવત અવરોહમાં દુર્બલ છે, ભીમપલાસીનું સમગ્ર ચલન સા, મ, પ, એ સ્વરો પર અવલંબે, છે. રાત્રિગેય રાગોમાં એ સ્થાને 'તાર ષડ્જ' ચમકતો દેખાય છે.

ભીમપલાસીની વિશેષતા એના 'મધ્યમ' સ્વરમાં રહેલી છે; અલગઅલગ સ્વરાવલિમાં મધ્યમનો પ્રયોગ એમાં ખૂબ આકર્ષક અને મનોહારી લાગે છે. 'નિ સા, મ, ગ પ, મ, ગ મ, ગ રે સા' એ તાન સાવકાશ ગાવાથી ભીમપલાસીનું સ્વરૂપ આબેહૂબ ખડું થશે. અવરોહમાં 'નિ ધ મ, મ પ, ગ મ પ, મ, ગ મ ગ રે સા' આ સ્વરાવલિ ભીમપલાસી રાગને તાદશ્ય રૂપમાં રજૂ કરે છે. આ રાગ ક્ષુદ્રગીતાર્હ નથી. મંદ્ર સ્વરોમાં એનો ઉઠાવ વધુ આકર્ષક લાગે છે. સ્વ. ઉસ્તાદ ફૈયાઝખાં સાહેબ વિલંબિત એકતાલમાં 'હરસપિયા'ની 'નાદ સમુદ્રકો મહા કઠિન' આ જ રીતે ગાતા તેમાં મંદ્ર કોમલ નિષાદ પરથી ષડ્જ પર મુકામ કરી ખૂબ ધીમી લયમાં મંદ્રના 'નિ ધ પ' સ્વરો અવરોહમાં લેતા. શ્રોતા તુરત જ ભીમપલાસીની આગાહી કરતો. એ સમયે કદી ગાયક રાગનું નામ જાહેર કરતો નહિ, એનાઉન્સિંગ પ્રથા યે નહોતી. તખ્તા પર બેસી ગાયક સમયનો કે ઋતુનો રાગ શરૂ કરે, વિચક્ષણ શ્રોતાઓ સ્વર પરથી અને સામાન્ય શૈલીનો ચીજ પરથી રાગ ઓળખે. રાગ અપ્રચલિત ભાગ્યે જ હોય એટલે હવા તરત જ જામતી.

ભીમપલાસી આવા બેઠકના જલસાઓમાં શરૂમાં ભાગ્યે જ ગવાય છે. બપોરના ત્રણથી છનો એનો ગાન સમય છે એટલે કોઈ પ્રતિષ્ઠિત સજ્જનને ત્યાં ઘરખાનગી બેઠક હોય અને તેમાં આરામથી ગાવાનું હોય ત્યારે ગાયક આ રાગ ગાવો પસંદ કરે છે. બાકી તો સમયના રાગ પૂર્વી, યમન, બિહાગ શુદ્ધ કલ્યાણ જેવા રાગોથી રાતની મહેફિલ શરૂ થાય અથવા તો પ્રાતઃકાળે ભૈરવ, જોનપુરી, દેસી, કે અલ્હૈયા બિલાવલ ગવાય.

રાગ ભીમપલાસી

तीखे रिध कोमल गमनी आरोहत रिधहीन
सम संवादी वादिते भीमपलासी चिह्न॥ (ચંદ્રિકાસાર)

પ્રાચીન 'ધનાશ્રી' એ જ આ 'ભીમપલાસી' રાગ એવો એક મત છે. કેટલાક 'ભીમ' અને 'પલાસી' એમ બે અલગ રાગો પણ ગણે છે, પણ સામાન્યતઃ એનો પ્રચાર નથી.

રાગની જાતિ : ઔડુવ(ઓડવ)–સંપૂર્ણ
વાદીસ્વર : મધ્યમ (મ), સંવાદી સ્વર ષડ્જ (સા)
ગાવાનો સમય : દિવસનો ત્રીજો પ્રહર

(આરોહમાં ઋષભ અને ધૈવતનો અભાવ કે દુર્બળતા તથા ષડ્જ, મધ્યમ અને પંચમની પ્રબળતા એ આ સમયના રાગોની એક સંજ્ઞા છે.)

આરોહ-અવરોહ
નિ સા મ, પ, નિ સાં | સાં નિ ધ પ મ, ગ રે સા

પકડ
નિ સા મ, મ ગ, પ મ, ગ, મ ગ રે સા

ભીમપલાસી રાગની કેટલીક જાણીતી ચીજો
'વારિવે ગુમાન ન કરિયે'
'લો કચવાવ કરો કિનો'
'તંડરે નાલ મુરૈયાં'

ભીમપલાસી રાગ પર આધારિત કેટલાંક ફિલ્મ ગીતો :
'યે ચાંદ છીપ ના જાના જબ તક મેં ગીત ગાઉં
યે સાજ જિંદગીકા છુ લાર કે મેં બજાઉં' (ફિલ્મ-જવાબ)
'બીના મધુર મધુર કછુ બોલ' (રામરાજ્ય)
'નયનોમેં બદરા છાયે' (મેરા સાયા)
'એ રી મેં તો પ્રેમ દિવાની મેરા દર્દ ન જાને કોઈ'(નવબહાર)

ભીમપલાસી એક અત્યંત લોકપ્રિય રાગ છે. તેની 'નિ સા ગ મ પ, મ પ, નિ ધ પ, મ પ, ગ મ પ, ગ મ ગ રે સા' તાન રાગવાચક છે, અંતરો મધ્યમ કે પંચમથી શરૂ થાય છે પ, ગ, મ, પ નિ, પ નિ, સાં, અથવા મ, પ ગ મ, પ નિ, પ નિ, સાં, આ સ્વરો અંતરામાં વારંવાર લેવાતા સાંભળવા મળે છે.

ગાયકો ભીમપલાસી રાગને ઘણું મહત્ત્વ આપે છે. થાટ પદ્ધતિ પ્રમાણે એને કાફી થાટમાં મૂકવામાં આવ્યો છે. ગાયકો એના 'નિ સા, ગ મ પ, ગ મ ગ રે સા,' વાળા ધનાશ્રી અંગ પર વિશેષ ભાર મૂકે છે. ભીમપલાસીમાં મધ્યમ ખૂબ રંજકત્વ પેદા કરે છે. આમ તો આ રાગ કેવળ ષડ્જ, મધ્યમ તથા પંચમ સ્વરોના વિન્યાસ પર વિસ્તરે છે, છતાં કોમલ નિષાદ એના પાયામાં રહેલો છે. ગાયક કહેશે 'ખૂબ એકાગ્રતાથી ષડ્જ લગાવો, પછી કોમલ નિષાદ યુક્ત મીંડ લઈ મધ્યમ પર મુકામ કરો, અને તુરત જ કોમલ ગાન્ધાર આંદોલિત રૂપમાં લઈ ફરીથી મધ્યમ પર પહોંચો, ત્યાંથી જેવા ગાન્ધાર પર ઊતરશો તેવો જ ભીમપલાસી દેખાવા માંડશે.'

ભીમપલાસીનો વાદી સ્વર મધ્યમ અને સંવાદી ષડ્જ છે.

'ભીમપલાસી' રાગના નામ વિષે વિવિધ ઉક્તિઓ પ્રચલિત છે. કોઈ એને 'ભીમ' તથા 'પલાસી' રાગનું મિશ્રિત રૂપ કહે છે. વિદ્વાનોનો મત છે કે એક સમયે 'પલાશ' એ મગધ તથા વરાડ પ્રાંતોનો નિર્દેશ કરતા પ્રદેશનું નામ હતું. 'ભીમ' શબ્દ શૌર્ય સૂચક વિશેષણ છે. એટલે પરાક્રમી લોકોને પ્રિય પલાશમાં ગવાતો રાગ ભીમપલાસ કહેવાય છે.

ભીમપલાસીને મિશ્ર રાગરૂપ મનનારા ગાયકો કહે છે કે 'ભીમ' રાગમાં કેવળ કોમલ નિષાદ લેવો તથા 'પલાસી'માં કેવળ શુદ્ધ નિષાદનો પ્રયોગ કરવો. પરંતુ સામાન્ય રાગનિયમ એવો છે કે કોમલ નિષાદનો પ્રયોગ થતો હોય તેવા રાગોમાં આરોહમાં શુદ્ધ નિષાદ લેવાથી રાગહાનિ થતી નથી. તેથી આ રીતે 'ભીમ' તથા 'પલાસી'ને જુદા માનવાની યુક્તિ સુસંગત લાગતી નથી. છતાં કોઈ કોઈ ગાયક આરોહ તથા અવરોહમાં ધૈવત વર્જ્ય કરી 'પલાસી' ગવાય છે તેમ માને છે. આ સ્વરૂપ કેટલેક અંશે ઉપયુક્ત છે, છતાં પ્રચારમાં આવો 'પલાસી' રાગ ભાગ્યે જ સાંભળવા મળે છે. આ બધા મતમતાંતરો સ્વીકારવા કરતાં 'ભીમ' તથા 'પલાસી' રાગ સાંભળવામાં આવે તો તેનું સ્પષ્ટ રાગરૂપ 'ભીમ' કે 'પલાસી' રાગને નિરાળા કરી બતાવે તેવું દેખાય છે કે કેમ તેનો નિર્ણય અભિજ્ઞ શ્રોતાએ સાંભળીને નક્કી કરી લેવો ઉચિત થઈ પડશે. ટૂંકમાં એમ કહી શકાય કે ભીમપલાસી રાગને 'ભીમ' તથા 'પલાસી' પરથી રચાએલ મિશ્ર રાગ માનવા કરતાં ભીમપલાસી નામનો સ્વતંત્ર રાગ માનવો વધુ સુસંગત છે.

ભીમપલાસીમાં તીવ્ર સ્વરોનું પ્રાબલ્ય છે. તેથી કોમળ કરતાં શાંત અને પ્રેરક ભાવો એના ગાનથી વધુ જાગૃત થાય છે. તેમાં મધ્યમ તથા પંચમની જોરદાર લગાવટ ઉષ્મા પ્રેરે છે. આમ હોવા છતાં પ્રચારમાં શૃંગારિક ભાવો વ્યક્ત કરતી ગીતરચના જ આમાં પણ જોવા મળે છે. ઋતુવર્ણન ગીતરચનામાં નહિ દેખાય. સ્ત્રીસુલભ કોમલ કંઠે ગવાએલ ભીમપલાસી મૃદુ ભાવો પ્રેરે એ સ્વાભાવિક છે. છતાં એનું રાગસ્વરૂપ બાગેશ્રી કે ખંબાવતી પેઠે કોમલ ભાવોને જાગૃત કરનારું નથી.

પંડિત ભાતખંડેજીનો ભીમપલાસીનો સ્વરૂપ વિષેનો મત કહું: 'કાફી થાટનો આ પ્રસિદ્ધ રાગ છે. એના આરોહમાં ઋષભ તથા ધૈવત વર્જ્ય છે. તથા અવરોહ સંપૂર્ણ છે. એની જાતિ ઔડુવ-સંપૂર્ણ છે વાદી સ્વર મધ્યમ છે. તથા અવારનવાર 'મધ્યમ' એકલો જ મુક્તપણે લેવાથી રાગનું સ્વરૂપ મનોહર તથા રાગછાયા સ્પષ્ટ દેખાય છે. આ રાગ દિવસના ત્રીજા પ્રહરમાં ગવાય છે. આરોહમાં 'રે, ધ' વર્જ્ય કરવાથી રાગનો સમય સ્પષ્ટ થાય છે. આ રાગમાં 'પ ગ' તથા 'મ ગ' એ સ્વરસગતિ અત્યંત કુશળતાથી વ્યક્ત કરવી પડે છે. 'ગ, મ' એ સ્વરો ધીમેથી લેતાં 'મધ્યમ' મુક્ત રીતે લેવાતો દેખાઈ આવે છે.'

આ રાગમાં અનેક પ્રસિદ્ધ ચીજો ગવાઈ છે. રંગભૂમિનાં ગીતો પણ આ રાગમાં ખૂબ રચાયાં છે ને હંમેશ માટે લોકપ્રિય નીવડયાં છે. મરાઠી રંગભૂમિના નટસમ્રાટ સ્વ. બાલગંધર્વે 'સંગીત શારદા'માં ગાયેલ 'મૂર્તિમંત ભીતિ ઊભી મજ સમોર રાહિલી' તથા 'સંગીત સ્વયંવર'માં ગાયેલું 'સ્વકુલ તારક સુતા, સુવરા' એ ભીમપલાસીમાં ગાએલાં પદો ખૂબ જ લોકપ્રિય નીવડયાં હતાં. ભીમપલાસીની મશહૂર ચીજ 'તેંડેરે નાલ' પરથી 'સ્વકુલ તારક' પદ રચાયું છે. ગુજરાતી નાટકોનાં કેટલાંક મશહૂર ગીતો પણ આ રાગ પર આધારિત છે.

ઘણાં વર્ષો પૂર્વે 'રામરાજ્ય' ફિલ્મનું 'બીના મધુર મધુર કછુ બોલ' ગીત ભીમપલાસીમાં ગવાએલું છે. તદુપરાંત હમણાં 'મેરા સાયા' ફિલ્મનું લતા મંગેશકરે ગાએલ 'નયનોં મેં બદરા છાયે' ગીત પણ ભીમપલાસી રાગ પર આધારિત છે.

આ રાગની રેકૉર્ડ્ઝ ઓછી છે. શ્રી નારાયણરાવ વ્યાસે 'ઢોલન મેંડે ઘર આવે' એ ચીજની એચ. એમ. વી.માં ઉતરાવેલ રેકૉર્ડ હાલ પ્રાપ્ત છે. ઉસ્તાદ વિલાયતહુસેને ગાએલ મધ્યલય તિનતાલમાં ભીમપલાસીની એક ચીજ ઑડિયન રેકૉર્ડમાં ઉતારેલી છે. તે પણ ખૂબ આકર્ષક છે. જોકે હાલ આ રેકૉર્ડ અપ્રાપ્ય છે. મળે તો સંગીતરસિકોએ તે જરૂર સાંભળવા જેવી છે.

ભીમપલાસીની કેટલીક બહુ જાણીતી ચીજો નીચે પ્રમાણે છે :

અબ તો બડી બેર ભઈ ટેરત હું મૈં કરમ કરે રબા માંડે સાંઈ

અંતરો

ભંવર જંજાલમેં આન ફસી હું ભવસાગર મેં ગહેં પકરો મોરી બાંઈ

(વિલંબિત એકતાલની આ ચીજ ત્રિતાલમાં પણ ગવાય છે)

એકતાલ (વિલંબિત)

વારિયે ગુમાન ન કરિયે સજની સાહેબ તો ડરિયે

અંતરો

'જો કુચકી તો માંડે રબાનબી તા સખી તા સર પર ડરિયે.

ત્રિતાલ (વિલંબિત)

લો કચવાવ કરો કિનો સખી પ્યારે કી પીત કરીં નઈ ન્યારી

અંતરો

કાહે કો કરત ઈતની બતીયાં મોસે માઈ

કોન સુંને કહી તેરી તું ચલ અબ જારી

ત્રિતાલ (મધ્ય લય)

(૧)

તેંડેરે નાલ મુરૈયાં મિયાંવે ના જાનું કુડિવે લગયા મિયાંવે

અંતરો

લાહિ દિલા જો હતબિચ તાંડે લાહિદિલા જો હતબિચ રે.

(૨)

ગોરે મુખસોં મોરે મન ભાવે લુકછુપ દરસન અતડી સુહાવે

અંતરો

નયન મિરગ સમ ચંદ્રમુખી બદનકમલ અત સદારંગ મન છાંડવે.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૧૫ • પારી(સ)માં પરિભ્રમણ

પારી(સ) શહેરમાં હવે કોઈ નિશ્ચિત ટૂર કરવાની નહોતી એટલે નિરાંતે પગ ખૂંદી શકે તે ધરતીને પોતાની કરવાની હતી. એની શરૂઆત તરીકે નાહી ધોઈ ખાઈ પી તૈયાર થઈને નીકળી પડ્યો. પગ હૉટેલની પાછળની ગલીમાં લઈ ગયા–પહેલે દિવસે જ્યાં ગયો હતો ત્યાં લુવ્રના મહેલની સામે. પણ આજે માત્ર બહારથી જ તેનાં દર્શન કરવાં નહોતાં. અંદર ગયો. ટિકિટ ખરીદી. ત્યાં ગાઈડ આખી ચિત્રશાળા બતાવતા હતા. લંડનમાં વિનાયક પંડ્યાની મદદથી ત્યાંની પ્રખ્યાત ચિત્રશાળાઓ જોઈ હતી એટલે શું જોવું અને કેમ જોવું એનો કંઈક ખ્યાલ પણ આવી ગયો હતો. વળી આ પારી(સ)નાં ચિત્ર બતાવતા ગાઈડ પણ પૂરેપૂરા તૈયાર હતા.

હેન્રી જેમ્સના પુસ્તક 'ધ અમેરિકન' દ્વારા આ ચિત્રશાળામાં થોડું ફરી લીધું હતું. ત્યારે પણ આનંદ આવ્યો હતો. પણ આ વખતનો આનંદ તો એથી અનેકગણો વિશેષ સમૃદ્ધ થઈ પડ્યો. કલાકો સુધી એમાં રખડ્યો. પગ થાકતા જતા હતા, ને આંખ વધારે ને વધારે જોવા તલસતી હતી. અંતે જ્યારે પગનો વિજય થયો ત્યારે ત્યાંથી બહાર નીકળ્યો. બહાર આવી બાંકડા ઉપર આંખ મીંચીને કલાકેક બેસી રહ્યો. એ આંખોની સામે અંદરની રંગ અને રેખાની સમૃદ્ધિ કેટલી યે વાર સુધી ઊપસતી રહી. કેટલો બધો ખજાનો ભર્યો હતો ત્યાં! આ પારી(સ)ને બીજા વિશ્વયુદ્ધ વખતે 'ઓપન સિટી' તરીકે જાહેર કર્યું તે સારું જ કર્યું. એનો વિનાશ સર્જાત તો જગતને –કલાના અને સંસ્કારના જગતને–કેટલું કેટલું શોષવું પડત?

થાક ઊતર્યો એટલે સામે માઇલો સુધી પથરાએલા તુઇલેરિનાં સુંદર લોભામણાં વિશાળ ઉદ્યાનોમાં ફરવા નીકળ્યો. અર્ધા પોણા માઈલ છેટે નેપોલિયનની પ્રખ્યાત 'આર્ક દ ત્રાએમ્ફ' સ્થિર બનીને ઊભી હતી. ત્યાં જવાનું પણ મન થયું. આ હાથવેંતમાં જ છે... હમણાં પહોંચી જવાશે એમ વિચારી ચાલી નીકળ્યો.

ચાલવા લાગ્યો, ન આવી. થાકવા લાગ્યો, તો યે ન આવી; તો યે ચાલ્યો. પણ એ તો દૂરની દૂર જ રહી. અનુભવે દૃષ્ટિનો ભ્રમ પકડી પાડ્યો. એ તો ખરેખર દૂર જ છે. આટલી વિશાળકાય છે એટલે જ આટલી નજીક દેખાય છે. એની ભવ્યતાને આજે તો નહિ જ પામી શકાય. થાકેલા પગે ફરમાવ્યું ત્યાં બેસી ગયો. ભૂખ પણ કકડીને લાગી હતી સામે ફ્રૂટવાળો સરસ રસ પાતો હતો. અને ફળ વેચતો હતો. ત્યાંથી એક સરસ પીચ લીધું. કેવું પીચ! એવું કોમળ, લસલસતું અને સુર્ખ પીચ આપણે ત્યાં તો જોવા પણ નથી મળતું. ઓચિંતું યાદ આવી ગયું. વર્ષો પહેલાં ભરજુવાનીમાં પાર્લામાં ટેનિસ રમતો હતો ત્યારે, એક ભાઈએ કોઈકને વિશે ઉલ્લેખ કર્યો હતો: 'શી ઈઝ એ પીચ' ત્યારે એ ઉલ્લેખની સાર્થકતા નહોતી સમજાઈ. આ પીચની સામે જોતાં એ પૂરેપૂરી સમજાઈ ગઈ.

સાંજનો સમય, ફળની મીઠાશ અને આ વિશાળ ઉદ્યાનમાં આવતાં-જતાં લોકોની સુંદરતાએ સકળ થાક હરી લીધો. રાતનાં અંધારાં ઊતર્યાં તો યે ત્યાં બેસી રહ્યો. પણ અંધારું થયું ને યાદ આવ્યું. આ તો પારી(સ). અહીં કોઈ પણ આવી ચડે. લૂંટી લે, ફસાવે. ઊભો થઈ ગયો. હૉટેલે પહોંચ્યો ત્યારે શરમાયો. કેટલો બધો અન્યાય કરે છે માણસનું મન! સાંભળેલી વાતો પરથી! મને કોણ ફસાવવાનું હતું?

અને ખરેખર, જે નવેક દિવસ હું પારી(સ)માં રહ્યો તે દરમિયાન મને તો કોઈ કરતાં કોઈ એવું ભટક્યું નહોતું જેનો દૂરદૂરનો પણ ઇરાદો મને ફસાવવા ને લલચાવવાનો હોય. નહિતર તો એ પછી યે ઘણી વાર હું રાતના એ બગીચામાં કલાકો સુધી બેસી રહેતો!

જે કામ તે સાંજે ન કર્યું એ બીજે દિવસે સવારના કરી નાખ્યું. તાજોમાજો થઈને હિંમતપૂર્વક ચાલવા લાગ્યો. આર્ક દ ત્રાએમ્ફ સુધી બહુ થાક્યા વિના પહોંચી ગયો. વિજેતાનું એ ભવ્ય સ્મારક સ્તબ્ધ કરી મૂકે એવું છે. વિજય મેળવીને આવતા નેપોલિયનના માનમાં એ રચાએલું. વિશાળ વિસ્તારની વચ્ચોવચ્ચ એ ઊભું હોઈ પોતાના કદને અંગે ભવ્ય લાગે છે. છતાં બંને બાજુની ખુલ્લી વિશાળતા એની ભવ્યતાને માત્ર પ્રદર્શનીય ગૌરવમાં રોળાઈ-ટોળાઈ જવા દેતી નથી. એ સ્મારક પાસે આવીને ગૌરવપૂર્વક ઊભા રહેતાં નેપોલિયનને સેંટ હેલિનાનો ખયાલ આવ્યો હશે ખરો? 'લ' એમ્પરર' કહેવરાવવા મથનાર એને ખયાલ આવ્યો હશે ખરો કે આવતી સદીઓ શહેનશાહતોને ભૂંસી નાખનારી નીવડશે? ફ્રાંસનું ગૌરવ વધારવા મથનાર એને હિટલરને હાથે એ સ્મારકના થનાર ગૌરવભંગનો ખયાલ આવ્યો હશે ખરો? એ જગ્યાએ ઊભો રહ્યો તે દરમિયાન આ અને આવા અનેક વિચારો ચિત્ત ભરાઈ ગયું. તેમાં એક જાતના ઉલ્લાસનો ભાવ પણ, આ બધા ખયાલો છતાં, સર્વોપરિપણે તરી રહ્યો હતો. કેમ કે નેપોલિયન અને તેનું પારી(સ) નાનપણથી જ મારાં પ્રિય પાત્રો બની રહ્યાં હતાં. અત્યારે હું એ બંને પ્રિય પાત્રોની સન્મુખ ઊભો હતો. અને બાકી બધી આળપંપાળ ઓગળી ગઈ હતી. ત્રિકોણ ટોપીવાળો એ બાંઠિયો સેનાપતિ એ પળે એ આર્ક ઑવ ત્રાએમ્ફમાં મારી નજર સામે ગૌરવભેર આંટા મારી રહ્યો હતો.

તેની સામેથી નજર ખેંચી લેવી મુશ્કેલ હતી પણ તેમ કર્યા વિના છૂટકો નહોતો. નેપોલિયનનાં દર્શને નેપોલિયનની પહેલાં થઈ ગએલા રાજવીઓનાં નિવાસસ્થાનનાં દર્શન કરવા જવાનું મેં આજે સવારે જ નક્કી કર્યું હતું તેની યાદ આપી. હાંફળોફાંફળો ત્યાંથી નીકળી પડ્યો. મોડો પડું તો? વરસાઈ (Versailles) જવાની ટૂરમાં જોડાવું જ હોય તો મોડા પડવું પાલવે તેમ નહોતું.

હૉટેલમાં પહોંચ્યો. જરાતરા થાક ઉતારીને નીચે જમવા પહોંચી ગયો. જમવામાં મુશ્કેલી પડતી ભાષાથી. મારું શાકાહારી ખાણું મને મળતું પણ તેમાં સમજણને અભાવે હું વૈવિધ્ય લાવી નહોતો શકતો. પેલી દૂરની શાકાહારી હૉટેલમાં જવું પોષાય તેમ નહોતું. 'અઠે જ દ્વારકા' કરીને હું હિંમતપૂર્વક ભોજનના સ્થાને બેસી ગયો.

મારા ટેબલ ઉપર આવનાર વેઈટર જરા સમભાવભર્યો લાગ્યો. હું સમજતો હતો એ ચીજ લાવવા મેં કહ્યું. એ તો એ સમજ્યો, પણ એ બીજી કશી ચીજ માટે મને પૂછી રહ્યો. અર્ધું હું ન સમજું. અર્ધું એ ન સમજે. છતાં અમારો સંવાદ ચાલ્યો. એ મને કશુંક નવું ખાદ્ય ઓફર કરી રહ્યો હતો. હું એ શાકાહારી હોવું જોઈએ એમ કૂટી રહ્યો હતો. એ ડોકું ધુણાવતો હતો પણ મને વિશ્વાસ નહોતો આવતો. આખરે એ આપતો હતો એ લેવાની મેં ના પાડી. કોણ જાણે શું યે હોય? મારી જ ચીજો મંગાવી, એણે હાથનો પંજો બતાવી મને રાહ જોવા કહ્યું. મેં ઉપર મૈત્રીભર્યું સ્મિત લાગ્યું, અને ચાલ્યો ગયો. મારે

મોડું થાય છે અને આ હજી કેડો છોડતો નથી એથી થોડો કચવાટ પણ થયો. પણ શું થાય? એ તો મને મદદરૂપ થવા માગતો હતો ને હું એને ખસિયાણો પાડી દઉં?

થોડી પળોમાં એ પાછો આવ્યો. હાથમાં ખાદ્ય પદાર્થો લાવ્યો હતો. એ ઊકળતા હતા અને એની વરાળ બહાર નીકળતી હતી. દમામભેર તેણે એ ચીજો મારા ટેબલ ઉપર મૂકી અને પછી ઢાંકણાં ખોલ્યાં. મારી સામે ડોકાઈ રહ્યાં સરસ રીતે રાંધેલો ભાત અને સોડમ મારતું ટમેટાનું શાક. મોંમાં પાણી આવી ગયાં. આંખમાં કૃતજ્ઞતા ઊભરાઈ આવી. ઉમળકાભેર મેં કહ્યું: 'મેર્સી, મેર્સી બુકે.' એ હસ્યો. કૃતકૃત્યતાનું એ હાસ્ય મારા હૃદયમાં અત્યારે યે સંઘરાએલું પડ્યું છે.

પેલા વેઈટરને આ ખોરાકનું ફ્રેન્ચ નામ પણ પૂછી લીધું. બીજી વાર કામ લાગે એટલે, પણ નસીબ હોય તો ને! એ અજાણ્યું નામ હું ભૂલી ગયો, અને પછી એ વેઈટરને કદી યે ઓળખી શક્યો નહિ સહુ સરખા લાગે એ એકસરખા પોશાકમાં.

ખાઈ-પીને તર થઈ ગયો એટલે વરસાઈની ટૂરમાં જવાની મઝા આવી. અંગ્રેજી સમજનારાઓની અલગ બસ તારવી આપી. અંગ્રેજો પણ અંદર હતા અને થોડા મારા જેવા પણ હતા. બધા આનંદ-કિલ્લોલ કરતા હતા. મારી પાછળ બેઠેલી બેત્રણ જુવાન છોકરીઓ જોડે બેત્રણ વૃદ્ધ અંગ્રેજો ફેરવાઈ ગએલા રીતરિવાજ અને બદલાઈ ગએલી બોલીચાલી વિષે મજાક ઉડાવતા હતા. પેલીઓ પણ કમ નહોતી. એવી મશ્કરી કરતી હતી કે માઠું લાગે, પણ પછી એ જ મશ્કરી ઉપર ખુશ થઈને એવું હસતી હતી કે બેવડ વળી જતી હતી. એ હાસ્યમાં કોઈનો પણ ગુસ્સો ઓગળી જાય. પેલા વૃદ્ધોનું પછી શું ગજું?

એમ હસતેરમતે વરસાઈ સુધી પહોંચી ગયો. હવા ખુશનુમા હતી અને વાતાવરણ રમણીય હતું. ફ્રેન્ચ સમ્રાટોના એ વિલાસ સ્થાનને નિહાળવાને મન તલપાપડ થઈ રહ્યું હતું. આ પહેલાંની સદીઓમાં જેને અંગે ફ્રાંસનું નામ જગતભરમાં મશહૂર બન્યું હતું, એ સ્થળ વિશે આકર્ષક કુતૂહલ રહે એ સ્વાભાવિક પણ હતું. ફ્રાંસના રાજવીઓએ આ જગ્યાને સોને મઢી હતી અને સત્તાથી ચકચૂર બનાવી હતી. સત્તાનાં કિરણો અહીંથી નીકળીને ક્યાં ક્યાં સુધી વેરાયાં હશે એનો ખ્યાલ એ મહેલના વિશાળ પટાંગણને જોતાં જ આવી જતો હતો. ચૌદમો લૂઈ ને તેની આપખુદ જાહોજલાલી, સોળમો લૂઈ ને મારી આન્ત્વાનેત, બધાં એક સાથે નજર સમક્ષ તાદશ થઈ ગયાં. એમને એ રીતે તાદશ કરી દેવામાં વરસાઈનો મહેલ બતાવનારી અમારી ભોમિયણ છોકરીનો મોટો હિસ્સો હતો. છોકરી જ હતી એ. માંડ ચોવીસેક વર્ષની હશે. પણ હતી તેજસ્વી. ને એની વાણીમાં તો કાવ્ય પણ ખરું અને તેજાબ પણ ખરો. શાહી દબદબાથી ભરેલા એકએક ઓરડામાંથી લઈ જતી વખતે તે જે બોલતી જતી હતી તેનાથી જાણે પુરાણો ઇતિહાસ ફરી રચાતો જતો હતો. હાસ્યવૃત્તિ પણ ગજબની હતી, શયનખંડમાં ગયા ત્યારે ત્યાંના સુંદર પલંગો બતાવીને કહે, 'અહીં અમારા રાજવીઓ સૂતા. તેમનાં અંગો પવિત્ર ગણાતાં. તેઓ કોઈને સ્પર્શ પણ ન કરે કે કોઈ તેમને સ્પર્શી શકે નહિ.' પછી આંખમાં હાસ્યની ચમક લાવીને કહે: 'હા પણ તેમને યે બાળકો હતાં હોં.'

પણ પુણ્યપ્રકોપ તો તેને ચૌદમા લૂઈની જાહોજલાલી વર્ણવતી વખતે આવતો હતો. મિજબાનીના મોટામોટા ઓરડાઓ, જાહોજલાલીનાં અવનવાં સાધનો દેખાડતી વખતે તે બોલુંબોલું થઈ જતી હતી, પણ ખામોશ રહેતી હતી તે કળાઈ આવતું હતું. એ બધો ઠાઠ અને દમામ જોઈને અમેરિકનો પણ મોંમાં આંગળાં નાખી જતાં હતાં, પણ પેલી સ્ત્રી તો પોતાની તકની રાહ જોતી હતી. સોળમા લૂઈની વાતો કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેનો એ પ્રકોપ પૂરેપૂરો ઠલવાયો. એ બોલી 'We, the wicked people of France, Killed him.' પછી હસી પડી. પછી પાછી ગંભીર થઈ ગઈ. કહે: 'પણ અમે એમાં ભૂલ કરી હતી. ફાંસીએ તો ચૌદમા લૂઈને ચડાવવો જોઈતો હતો. અમારી પ્રજા જ્યારે ભૂખે રીબાતી હતી ત્યારે એ આ જાહોજલાલીમાં મસ્ત હતો, પણ વારો આવ્યો બાપડા સોળમા લૂઈનો. ભાગ્ય છે ને?' ને ફરી હસી. પણ એ હાસ્યમાં ખુશી નહોતી, અગ્નિ હતો.

આ અગાઉ વિન્ડસરનો મહેલ પણ જોયો હતો, પરંતુ આ વરસાઈની વાત જ ઓર હતી. તેનો કણેકણ ઇતિહાસે ભર્યો હતો. ક્રાંતિની ચીનગારીને એ ઇતિહાસ જન્મ દેતો હતો એ પણ સ્પષ્ટ દેખાતું હતું. એટલે તો ત્યાં ખૂબ ફરીને, જોઈને, આરામ કરીને, આઈસ્ક્રીમ ખાઈને પાછા ફર્યા, ત્યારે અમારી બસમાં બધાં શાંત હતાં. જાણે આજના આ યુગમાંથી કોઈ બીજા જ યુગમાં બધાં ફેંકાઈ ગયાં હતાં! ઇતિહાસ ને જીવન જે પરિવર્તનો રચે છે એના ચિન્તનમાં બધાં ડૂબી ગયાં હતાં!

એનો કેફ છેક સવાર સુધી રહ્યો. એણે જ પ્રેરણા પણ આપી. હજી નેપોલિયનની કબર તો મેં જોઈ નહોતી? એ જગ્યાનું નામ Invalides. ત્યાં શી રીતે જવાય એ હોટેલના પોર્ટરને પૂછી લીધું ને પછી ઊપડ્યો. નેપોલિયનના વિજયનું મંદિર જોઈ ચૂક્યો હતો. તેની ચિર સમાધિનું આ સ્થાન જોતાં હૃદય થોડું ઘણું વિષાદથી ભરાઈ ગયું. કેવી જિંદગી જીવ્યો એ માણસ અને કેવું મૃત્યુ પામ્યો! ફ્રાંસની પ્રજાએ એને ચાહ્યો છે ને સ્મૃતિ જાળવી રાખી છે. તેને મૂક નમન કરી એ જ મકાનમાં આવેલ નેપોલિયન ત્રીજાનું પ્રદર્શન જોયું. વિલાસ અને વૈભવનો એ છેલ્લો તણખો હતો. ત્યાંથી નીકળતી વખતે હૃદય ગમગીન બની ગયું હતું. એ ગમગીનીમાંથી છૂટવા નજદીક દેખાતા એફીલ ટાવર તરફ ડગ ભર્યાં.

હોંશમાં ને હોંશમાં ચાલ્યો તો ખરો. પણ ચાલતાંચાલતાં દમ નીકળી ગયો. આર્ક ઑાત્ર ત્રિમ્યોફને વખતે થયેલો અનુભવ ફરીથી થયો. પણ આ તો હજી સવાર હતું ને પાછું આ બાજુ કોણ જાણે નીકળ્યા કે નહિ એ ખ્યાલે ચાલ્યા કર્યું. ચાલ્યા જ કર્યું ને પહોંચી ગયો.

સ્તબ્ધ થઈને ઊભો રહી ગયો. લોખંડનો આવડો ઊંચો મિનારો! પહોળો પણ કેટલો બધો! ઊંચે ચડવાને માટે અંદર લિફ્ટ ચાલે. વચ્ચે આરામ માટેની પણ જગ્યા. આજુબાજુ વિશાળ ઉદ્યાન.

ઊંચામાં ઊંચે માળે ચડી જવાની ટિકિટ કઢાવી. આવડું વિશાળ પારી(સ) પણ તેની ઊંચાઈ પરથી નાનું દેખાતું હતું. ચારેબાજુનું નિરીક્ષણ કરીને એનું રક્ષણ કરવાને માટે લોખંડનો પહેરેગીર ઊભો ન કરી દીધો હોય! ઉપર ઠંડી સુસવતી હતી, છતાં નીચે ઊતરવાનું મન નહોતું થતું. પણ મનુષ્યનું ભાગ્ય તો અંતે એ જ છે ને! ચડવું ને પાછાં ઊતરવું. ઊતર્યો. પણ ત્યાં જ એક નવીન આનંદ સાંપડ્યો. બગીચામાં એક મોટર સાઈકલ આગળ એક પારસી દંપતી ઊભું હતું. પતિનું નામ ફિરોઝ, પત્નીનું નરગીસ. મોટર સાયકલને આશ્રયે જગત જોવા નીકળ્યાં હતાં. બેહરિનથી નીકળેલાં. અર્ધું યુરોપ ખૂંદી વળેલાં. ઇટાલી ખૂંદતાં હતાં ત્યારે તેમને અકસ્માત નડ્યો. મોટર સાયકલ ઊથલી પડી, જીનોઆ આગળ બંનેને વાગ્યું હતું. સહેજસાજ. પણ નરગીસ તો હાથે અને પગે પાટાથી વીંટળાએલી હતી. છતાં તેમણે પોતાની યાત્રા અધૂરી નહોતી મૂકી. આવી જવાંમર્દી અને બહાદુરી યુરોપિયનોમાં જ કલ્પવા ટેવાયેલા આપણા ચિત્તને આનંદ આપે એવું દશ્ય હતું. તેમનાં સાહસોની કથા સાંભળી તેમનું કાલુંકાલું ગુજરાતી પણ દૂરદૂરના દેશમાં વહાલું વહાલું લાગ્યું. પછી એ ઉપર ગયાં અને હું બસના સ્ટૅન્ડ તરફ.

(અનુસંધાન પૃ. ૪૦૩)

પુષ્કરભાઈ ગોકાણી લિખિત

ગુનાશોધન-૩૩

ક્ષ-કિરણો દ્વારા તપાસ

'ઇન્સ્પેક્ટરસાહેબ, હું રીજ રોડ ઉપર આવેલા ગીતા ફ્લૅટ્સના ૧૦૯ નંબરના બ્લૉકમાંથી બોલું છું. આ બ્લૉકના માલિક મદનલાલનું ખૂન થયું છે. મેં પોતે જ એમને મરતા જોયા છે... મારું નામ દિનકરરાય...હું બાજુના જ ૧૧૦ નંબરના બ્લૉકમાં રહું છું...હા, હું અહીં જ છું...હાજી કોઇને ક્યાંય અડવા દઈશ નહિ...હવે તો મદનલાલનો પ્રાણ ઊડી ગયો લાગે છે, પણ હું અહીં આવ્યો ત્યારે તેઓ ઘાયલ થએલા પણ જીવતા હતા...મેં માત્ર એમની નાડ જોઈ છે...ના, ના, કશો ફેરફાર કર્યો નથી.'

થોડી વારમાં ઇન્સ્પેકટર રાઠોડ ગીતા ફ્લૅટ્સમાં આવી પહોંચ્યા. મદનલાલ ત્યાં એકલા જ રહેતા હતા. નોકર હતો પણ આજે રજા પર હતો. દિનકરરાય એમના પડોશી અને મિત્ર હતા. તેઓ પણ એકલા જ રહેતા. બંને હમેશાં સાથે જ જમવા જતા. મદનલાલને એમના સાળા અનિલ સાથે કંઈ ઊંડો મતભેદ હતો. આજે અનિલ અહીં આવ્યો હશે અને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હશે તેમાં આવેશમાં આવી મદનલાલે પોતાની પિસ્તોલ કાઢી અનિલ પર ગોળી છોડી. એનો અવાજ સાંભળીને જ દિનકરરાય ત્યાં દોડી આવ્યા ને તેમણે જોયું કે મદનલાલના ગોળીબારમાંથી બચી ગએલા અનિલે પણ સ્વબચાવમાં પોતાની પિસ્તોલમાંથી સામી ગોળી છોડી જે મદનલાલના ખભામાં વાગી અને એ પડી ગયા. દિનકરરાય એની પાસે દોડી ગયા, દરમિયાન અનિલ ત્યાંથી નાસી ગયો. ઇન્સ્પેક્ટરના પૂછવાથી દિનકરરાયે અનિલનું વર્ણન તથા સરનામું પણ આપ્યું.

ઇન્સ્પેકટરે બાજુના બ્લૉકમાંથી ફોન કરી અનિલને ગિરફતાર કરવાની સૂચના આપી અને પછી મદનલાલના ઘરમાં તપાસ શરૂ કરી. મદનલાલના ડાબા ખભા પર ગોળી વાગી હતી. ગોળી આરપાર નીકળી ગઈ હતી, પણ ઘા એવી જગ્યાએ હતો કે એનાથી મદનલાલ મરે તો નહિ જ. અહીંની કામગીરી પૂરી કરી ઇન્સ્પેક્ટરે શબને પોસ્ટમોર્ટમ માટે મોકલવા વ્યવસ્થા કરી. એટલામાં સમાચાર આવ્યા કે અનિલ જાતે જ તેના વકીલ મિત્ર ગણાત્રા સાથે આવીને પોલીસને સ્વાધીન થઈ ગયો છે અને તેણે જેમાંથી ગોળી છોડેલી એ પિસ્તોલ પણ પોલીસમાં સોંપી દીધી છે. એણે લખાવેલા બયાન પ્રમાણે એણે સ્વબચાવમાં જ ગોળી છોડેલી અને તે પણ ખભા તરફ. મદનલાલને મારી નાખવાનો ઇરાદો નહોતો. મદનલાલના મૃત્યુના સમાચાર તો એને પોલીસ દ્વારા જ જાણવા મળ્યા અને એ સાંભળતાં એને ઘણો આઘાત લાગ્યો હોય તેમ જણાયું.

મદનલાલના મરણના ખબર સાંભળી અનિલને પોલીસ સ્ટેશને જ રાખી વકીલ ગણાત્રા તુરત ગીતા ફ્લૅટ્સમાં દોડી આવ્યા. એ જ વખતે મદનલાલના શબને લઈ જવા ઍમ્બ્યુલન્સ ગાડી પણ ત્યાં પહોંચી. ગણાત્રાએ જરૂરી ઓળખ આપી પોતે અહીંની પરિસ્થિતિનો તાગ મેળવી લે તેટલી વાર શબને હતું તેમ જ રહેવા દેવા વિનતિ કરી. ગણાત્રાની પ્રતિષ્ઠાથી માહિતગાર ઇન્સ્પેક્ટરે એ સ્વીકારી ને દિનકરરાય પાસેથી ટૂંકમાં બનાવની વિગત સમજી લઈ ગણાત્રાએ એ બ્લૉકનું નિરીક્ષણ કરવા માંડ્યું. એણે જોયું કે મદનલાલ ઘાયલ થઈ પડી ગયા છતાં એના હાથમાંની પિસ્તોલની પકડ બરાબર રહી હતી. આ એમને જરા આશ્ચર્યજનક લાગ્યું. દરમિયાન ઇન્સ્પેકટરે પણ કહ્યું કે, 'મદનલાલની પિસ્તોલની ગોળી અનિલને ન વાગતાં એની પાછળ બારસાખમાં પેસી ગઈ છે. અનિલની ગોળી મદનલાલનો ખભો વીંધી એમની પાછળની બારીમાંથી બહાર નીકળી ગઈ લાગે છે.' ગણાત્રાએ એ પણ જોયું કે અનિલની ગોળીનો ઘા મૃત્યુ આવી પડે એવો તો નહોતો જ. અનિલે લખાવેલું બયાન એ રીતે તો ખરું જ લાગ્યું. કદાચ કોઈ તબીબી કારણથી પણ મદનલાલનું મોત થયું હોવાનો સંભવ હતો. છતાં ગણાત્રાએ ઇન્સ્પેક્ટરને વિનતિ કરીને પોસ્ટમોર્ટમ કરતાં પહેલાં મદનલાલના ઘાવાળા ભાગના એક્સ રે ફોટો લેવરાવી લેવાનો આગ્રહ કર્યો.

અનિલે જાતે હાજર થઈને આપેલું બયાન અને દિનકરરાયની સાક્ષી વગેરે પરથી ઇન્સ્પેક્ટરને લાગ્યું કે અનિલે આત્મરક્ષણ અર્થે જ ગોળી છોડેલી અને ઘા જીવલેણ નીવડે જ એવો ન હોઈ કદાચ બહુ તો એને હળવી શિક્ષા થાય એટલે આ કેસમાં હવે વધુ ઊંડી તપાસમાં ઊતરવાનો ખાસ કશો અર્થ નહોતો. એમણે ગણાત્રાને એ કહ્યું પણ ખરું પરંતુ વકીલે પોતાનો આગ્રહ જારી રાખ્યો એટલું જ નહિ, એક્સ-રે ફોટો લેતી વેળા પોતે હાજર રહેવાની ઇચ્છા પણ દર્શાવી.

ગણાત્રાના કહેવા પ્રમાણે મદનલાલના ઘાના જુદા જુદા કોણથી ત્રણ-ચાર ફોટો લેવાયા. ઇન્સ્પેક્ટર પાસેથી બનાવની વિગત જાણી ડૉક્ટરને પણ વધુ શબની ચીરફાડ કરવાની જરૂર લાગી નહિ અને એમણે ગોળી વાગવાને કારણે લાગેલા આઘાતથી હૃદય બંધ પડી મરણ થવાનો રીપોર્ટ ઇન્સ્પેક્ટરને લખી આપ્યો.

પણ વકીલે તાત્કાલિક એક્સ-રે ફોટોના પ્રિન્ટ મેળવ્યા પછી એનું બરાબર નિરીક્ષણ કરી તેઓ ઇન્સ્પેક્ટરને જઈ મળ્યા અને તાત્કાલિક મદનલાલનું શબ અબલમંજલ માટે સોંપાતું અટકાવવા વિનતિ કરી. ઇન્સ્પેક્ટરને નવાઈ તો લાગી જ પણ એને ગણાત્રાની શક્તિનો ખયાલ હતો એટલે એનું માન રાખ્યું અને પછી ખુલાસો પૂછ્યો.

વકીલે જણાવ્યું કે, 'મદનલાલનું શબ એના સંબંધી અનિલને જ સોંપવું જોઈએ.'

'એ ખરું,' ઇન્સ્પેક્ટરે કહ્યું, 'પણ અનિલ પર ખૂનનો આરોપ છે અને એ કસ્ટડીમાં છે. વળી, આ સમયે સગા કરતાં યે વિશેષ ભાવ તો દિનકરરાયે દર્શાવ્યો છે અને અત્યારે શબનો કબજો લેવામાં પણ એ જ અગ્રણી છે.'

'કારણ કે એ ખૂની છે.' ગણાત્રા બોલ્યા.

'ખૂની?' ઇન્સ્પેક્ટર નવાઈ પામી બોલી ઊઠ્યા, 'વકીલસાહેબ, દિનકરરાયની જુબાનીથી જ તો તમારો અસીલ ખૂનના અપરાધમાંથી બચી શકે તેમ છે છતાં તમે દિનકરરાયને ખૂની ઠરાવો છો?'

'મને શક છે.' ગણાત્રા બોલ્યા, 'જુઓ આ એક્સ-રે ફોટો. એમાં આછોઆછો પણ ઘા વાગ્યાનો ભાગ સ્પષ્ટ દેખાય છે અને ગોળી શરીરની બહાર નીકળી ગઈ હોવાનું જણાય છે. અનિલની ગોળી ખભા સોંસરી નીકળી ગઈ છે એ તો તમે પણ કબૂલ કરો છો, અને દિનકરરાય પણ જણાવે છે કે અનિલે આત્મરક્ષણાર્થે જ ગોળી છોડી છે. અનિલ પણ જણાવે છે કે મદનલાલ મરી ન જાય એટલા માટે એણે માત્ર પોતાના બચાવ ખાતર જ એ ગોળી એના ખભા પર છોડી હતી. આ સ્થાન પર વાગેલી ગોળી પ્રાણઘાતક ન જ નીવડે એ પણ આપણે સૌ જાણીએ છીએ. તો મદનલાલનું મૃત્યુ કઈ રીતે થયું? ડૉક્ટર કહે છે કે આઘાતને કારણે મોત થયું છે. ત્યારે હવે આ બીજો એક્સ-રે ફોટો જુઓ. મદનલાલના ખભામાં વાગેલી ગોળીને સ્થાનેથી જ પિસ્તોલની ગોળી પસાર

થઈ હોય તેવો, પહેલી ગોળીના જેવો જ આ બીજો માર્ગ તેના શરીરમાં શાનો દેખાય છે? હવે સમજ્યા સાહેબ? પહેલી ગોળીના ઘામાંથી જ શરીરની અંદર ઊતરે એ રીતે કોઈએ બીજી ગોળી છોડીને મદનલાલનું ખૂન કર્યું છે. દિનકરરાયે જણાવ્યું જ છે કે એ ત્યાં પહોંચ્યા ત્યારે અનિલે ગોળી છોડી એથી મદનલાલ ઘાયલ થઈ પડ્યા પણ મર્યા નહોતા. મદનલાલ પોતે એ પછી તો આ રીતે બીજી ગોળી છોડી જ ન શકે. ને આપે જોયું તો હશે જ કે ઘાયલ થઈ પડવા છતાં યે મદનલાલના હાથમાંથી પિસ્તોલ છૂટી પડી ગઈ નહોતી. શું એ સંભવિત છે? એમ ન બને કે એ પિસ્તોલથી મદનલાલ પર બીજી ગોળી છોડી કોઈકે પિસ્તોલ ફરી એમના હાથમાં પકડાવી દીધી હોય? અને અનિલના ગયા પછી દિનકરરાય સિવાય ત્યાં કોઈ જ હાજર નહોતું એમ તો એ પોતે જ કબૂલ કરે છે. શું દિનકરરાયે જ એ ગોળી ન છોડી હોય? શબનું ફરી પોસ્ટમોર્ટમ કરાવો. કદાચ મારી શંકા સાચી ઠરશે.'

વકીલ ગણાત્રાની દલીલ ઇન્સ્પેક્ટરને વિચારવા જેવી તો લાગી જ. એણે પોતે પણ ફોટાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું ને પછી તુરત વકીલને લઈ ડૉક્ટર પાસે પહોંચ્યા. મદનલાલનું શબ લેવા આવેલા એમના દૂરના સંબંધીઓએ ફરી પોસ્ટમોર્ટમ કરાવવા અંગે કચવાટ કર્યો અને દિનકરરાયે પણ આમ સૌની લાગણી દુભાવવા બદલ લેખિત અરજી આપી વિરોધ કર્યો. ડૉક્ટરે પણ એક રિપોર્ટ આપી દીધા પછી ફરી પોસ્ટમોર્ટમ કરવા માટે કચવાટ તો કર્યો જ, પણ અંતે એને નમતું તોળવું પડ્યું. ફરી પોસ્ટમોર્ટમ થયું અને વકીલ ગણાત્રાની શંકા ખરી ઠરી. મદનલાલના શરીરમાં ખભાથી નીચે બીજા એક્સ-રે ફોટામાં દેખાતા માર્ગની દિશામાં હૃદય તરફ ઊંડેથી ગોળી મળી આવી.

ઇન્સ્પેક્ટરે એ ગોળીની તપાસ કરાવી અને જાણવા મળ્યું કે એ મદનલાલની પિસ્તોલની જ ગોળી હતી. અનિલે છોડેલી ગોળી સિવાય બાકીની પાંચે ગોળીઓ તો એની પિસ્તોલમાં પડી હતી.

ઇન્સ્પેક્ટરે દિનકરરાયનો આ બધા પુરાવા રજૂ કરી ખુલાસો માગ્યો, જેનો એની પાસે કોઈ બચાવ નહોતો. આખરે પોતાની જે કેટલીક વાતો મદનલાલની જાણમાં હતી તેને કારણે એને સતત એમના દાબમાં રહેવું પડતું હતું. એમાંથી છુટકારો પામવા અનિલ કે પોતે ખૂની પણ ન ઠરે અને મદનલાલનું કાટલું નીકળી જાય એવો આ લાગ તેણે સાધી લીધાનું કબૂલ કર્યું.

તબીબી ક્ષેત્રે તો એક્સ-રેનું મહત્ત્વ સૌ જાણે જ છે. ગુનાશોધનમાં પણ આમ, એની સહાય લેવાય છે. અસલને બદલે નકલી ચિત્રકૃતિઓ વેચી એમાંથી મબલખ નાણાં ઊભાં કરવાના ગોરખધંધા પકડવામાં પણ એક્સ-રે તપાસ ઘણી સહાય કરે છે. કોઈ બળતી જ ચીજના ઓઠા તળે જતાં-આવતાં પારસલોને તોડ્યા વિના જ એમાં રહેલી ચીજને તપાસી લેવામાં તો એક્સ-રેનો ઉપયોગ સામાન્ય થઈ પડ્યો છે. ગુનાશોધનનાં આવાં અનેક કાર્યોમાં એક્સ-રે તપાસનું ઘણું મહત્ત્વ છે. બૉમ્બ–સુરંગ વગેરે જે ઉઘાડવાથી ફૂટે અને નુકસાન કરે તેવી વસ્તુઓ તપાસવા માટે પણ ક્ષ-કિરણોનો ઉપયોગ થાય છે.

ગુનાશોધન ક્ષેત્રે સડી ગએલા અને દાઝી ગએલા શબની આંગળાની છાપ લેવામાં તથા શરીરમાં રહેલ (પિસ્તોલ કે અન્ય હથીઆરથી પડેલી) ગોળીની જગ્યા શોધી કાઢવા તથા ત્યાંનો માર્ગ નક્કી કરવા ક્ષ-કિરણોની ફોટોગ્રાફી ઉપયોગી બને છે. શરીરમાં ગોળીએ લીધેલ માર્ગ ઉપરથી ગોળી ક્યાંથી, કેટલે દૂરથી અને કેવી રીતે મારવામાં આવી છે તે જાણી શકાય છે, ઝેર દેવામાં આવ્યું હોય અને તે ઝેર ખનીજ તત્ત્વનું હોય તો ક્ષ-કિરણો વડે તરત ઓળખી શકાય છે.

આમ સાદી ફોટોગ્રાફી વડે, પારજાંબલી, અધોરક્ત અને ક્ષ-કિરણો દ્વારા તથા સ્પેક્ટ્રોસ્કોપી દ્વારા થતી તપાસ ગુનાશોધન ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી બની રહે છે.

ક્ષ-કિરણો વિદ્યુત ચુંબકીય વિકિરણો છે અને તેની તરંગ લંબાઈ પારજાંબલી કિરણોની તરંગ લંબાઈથી ઘણી ઓછી (૦·૦૦૦૦૦૦૫થી ૦·૦૦૦૦૦૦૦૦૦૧ સેન્ટીમીટર) છે. આપણે જોઈ શકીએ તે પ્રકાશની તરંગ લંબાઈ ૦·૦૦૦૦૪ થી ૦·૦૦૦૦૭ સે.મી. જેટલી હોય છે. સામાન્ય પ્રકાશની આડે આપણે ઊભીએ તો પ્રકાશ રોકાય છે અને આપણો પડછાયો પડે છે, પણ ક્ષ-કિરણો તો આપણાં હાડકાં સિવાય શરીરના અંદરથી પણ આરપાર પસાર થઈ જાય છે. તેથી શરીરની અંદર હાડકાં અને અમુક ધમની શિરા અને ભાગોનો ફોટો ક્ષ-કિરણો વડે લઈ શકાય છે. રૉન્ટ્જને ૧૮૯૫માં આ કિરણો શોધ્યા પછી તેના ગુણધર્મો ઘણા સમય સુધી જાણી શકાયા નહિ તેથી તેને 'ક્ષ' કિરણ—એક્સ-રે નામ અપાએલું.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જર્મનીની પત્રમિત્રો બહેનો

(1) Mrs. Liselotte Flade, 65 Mainz–Bretzenheim, Schwedenstr. 19, West Germany—age 26. આ બહેન લેખિકા છે અને ચિત્રકળા તથા માનસશાસ્ત્રમાં રસ ધરાવે છે. ભારતમાં સ્ત્રી-પત્રમિત્રો ઇચ્છે છે. (2) Renate R. Reichel, 8662 Helmbrechts, Friesenstrachts, FriesenstraBe 23, (West Germany) Girl—16, Drawing, Stamps, Literature, View-cards, Match–boxes, Pop–music. (3) Elke Kreil 8664 Kropfmuhle 23, Post Stammbach (W. Germany) Girl—15, Stamps, Drawing, Animals. (4) Ruth Wirth, 8 Munchen 19, Winfried str. 9, (W. Ger.) Girl–17, View-cards, Reading, Dancing, Politics.

હિંદી પત્રમિત્રો

(1) Mohamedrafiq A. Warakhwala, 3819, Dhalgarwad, Pankornaka, Ahmedabad-1 - 18, First–day Covers, Stamps, Cinemas, Photography. (2) Nayan M. Trivedi, Adhyapan Mandir, Cond. Course, A class, Dhrol, Dist. Jamnagar (Saurashtra)—18, Penpals. (3) Pankaj Chandulal Dave, C/o C. J. Dave, Ahmedabad Central Jail Factory Manager, Sabarmati, Ahmedabad-5—15, Penpals. (4) Patel Siddharth R., Govt. Polytechnic Hostel, Rm. No. 89, Sholapur, (Maharashtra) Penpals. (5) Solanki Jaysinh D., Mirwada Sheri Via Kodinar, Dist. Amreli (Saurashtra).—17, Penpals. (6) Kaushik C. Mody, Kalupur Chakla, Ahmedabad-1,—14. Reading, Stamps, View-cards. (7) Nisar Ahmed Mansuri, Mansur Art Studio, Tin Darwaja, Ahmedabad-1—16, Stamps, F.D. Covers, Cinema, Pop-music. (8) Kansara Navinchandra J., 938 Kansara Pole, Mandvi's St., Ahmedabad-1—18, Stamps, View-cards, F. D. Covers, Toys. (9) Bhavsar Dineshchandra Parshottamdas, 429, Vachali Sheri, Raipur, Ahmedabad-1—17, Stamps, View-cards, Photography, Sports.



પચ્ચીસ વર્ષ પહેલાં

ઑક્ટો-નવે ૧૯૪૩ અંક ૨૩૮-૨૩૯

પોતાની જાત પર ઝેરી ઔષધોના અખતરા કરી કરીને ચિકિત્સાશાસ્ત્રમાં જેણે નવો નિયમ સ્થાપ્યો. નવી સારવાર યોજી નવા ઔષધો તૈયાર કર્યાં, તિરસ્કાર અને ભૂખમરો વેઠીને વૈદકના ક્ષેત્રમાં નવું વિશ્વ સર્જ્યું એવા એક મહાન વૈજ્ઞાનિક અને રસાયણશાસ્ત્રી, શરીરશાસ્ત્રી અને માનસશાસ્ત્રી, આરોગ્યશાસ્ત્રી અને સમાજશાસ્ત્રી, ભાષાશાસ્ત્રી અને સાહિત્યસેવક, ચિકિત્સક અને ચિંતકની જન્મશતાબ્દી પ્રસંગે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં એમનું પ્રેરક ચરિત્ર સાત પાનાં ભરીને આવેલું એનો આસ્વાદ:

અનેક કવિઓ, તત્ત્વચિંતકો, પયગંબરો, વૈજ્ઞાનિકો, દ્રષ્ટાઓ અને અગ્રેસરો ઉત્પન્ન કરનાર યુરોપની બ્રાહ્મણ પ્રજા ગણાતી જે જર્મન પ્રજાએ નીત્શે, કાન્ટ અને શૉપનહૉર, માર્ક્સ, ફ્રૉઈડ અને આઇન્સ્ટાઇન, જેવા સુપુત્રો ઉત્પન્ન કર્યા તેણે જ હોમિયોપથીના નવા ચિકિત્સાશાસ્ત્રના શોધક આ હાનેમાનને જન્મ આપ્યો.

જર્મનીના સૅક્સની પરગણાના ડ્રેસ્ડન પાસે આવેલા મૌઇસેન નામના ગામમાં ક્રિશ્ચિયન જી. હાનેમાન નામના વાસણ ઉપર ચિતરામણ કરનાર એક ગરીબ ચિતારાને ત્યાં ઈ. ૧૭૫૫ની ૧૦મી એપ્રિલે એનો જન્મ થયો.

છેક નાની ઉંમરથી જ એણે પોતાની અસામાન્ય પ્રતિભાનો પરિચય આપવા માંડ્યો. બાર વર્ષની ઉંમરે તો જુદી જુદી યુરોપીઅન ભાષાઓનું એવું જ્ઞાન હતું કે એના ગોઠિયાઓને ગ્રીક ભાષાનું પ્રાથમિક શિક્ષણ આપવા માટે એની નિમણૂક થઈ. દરેક સામાન્ય પિતાની પેઠે એના પિતાની પણ ઇચ્છા એને ધંધે વળગાડવાની હતી. તેથી તેને વારંવાર નિશાળેથી ઉઠાડી લેવામાં આવેલો, પણ હાનેમાનને વિદ્યાભ્યાસની એટલી તો લગની હતી કે એ ફરીફરીને અભ્યાસ જ શરૂ કરતો. હાઇસ્કૂલના અભ્યાસ દરમ્યાન અને ત્યાર પછી તો એના પિતાએ એને નિશાળની ફી સરખી યે આપી નહોતી. પણ એનો અભ્યાસ તો અબાધિત ચાલ્યા જ કર્યો. વીસ વર્ષની ઉંમરે તો એણે જર્મન, ફ્રેન્ચ, અંગ્રેજી, ઇટાલિયન, લૅટીન અને ગ્રીક એ છ ભાષાઓ ઉપર પ્રભુત્વ મેળવ્યું. એ ઉપરાંત એણે અરબ્બી અને હિબ્રુ જેવી પૂર્વની ભાષાઓનું પણ સારું જેવું જ્ઞાન મેળવી લીધું. આ પછી લાઇપઝિકમાં એણે વૈદકીય અભ્યાસ આરંભ્યો. ત્યાંની યુનિવર્સિટીમાં આ બધી ભાષાઓનું શિક્ષણ આપી તેમજ તે તે ભાષામાં લખાએલાં વૈદકીય તેમજ અન્ય વિષયોનાં પુસ્તકોનું ભાષાંતર કરી એ પોતાનું ગુજરાન ચલાવતો.

બે વર્ષ પછી ઊંચી કેળવણી માટે એ વીએના ગયો અને ત્યાંથી યુરોપનાં જુદાંજુદાં વિદ્યાધામોમાં ઘૂમી વિદ્યા પ્રાપ્ત કરી, ૧૭૭૯માં ૨૪ વર્ષની ઉંમરે ખાસ સન્માન સાથે એમ. ડી.ની ઉપાધિ મેળવી. સ્વદેશ પાછા ફરતાંવેંત, એની એ ઊગતી જુવાનીમાં જ ડ્રેસ્ડનની ઍસ્પિટલના મુખ્ય સર્જન તરીકે એની નિમણૂક થઈ.

૧૭૯૧માં થેરજેન્થોલની માનસિક રોગોની (ગાંડાની) ઑસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે એની નિમણૂક થઈ એણે જ ગાંડા માણસોને કરવામાં આવતી માર ઝૂડ બંધ કરાવી, એનું સ્થાન માયાળુ તથા બુદ્ધિયુક્ત સારવારને આપ્યું, જે પદ્ધતિ આજ સુધી ચાલુ રહી છે.

એના જમાનાનો તે પ્રથમ પંક્તિનો કેમિસ્ટ (રસાયણવેત્તા) હતો. રસાયણશાસ્ત્રનો એ પારગામી નિષ્ણાત ગણાતો અને એ વિષયનું એનું જ્ઞાન અગાધ હતું. રાસાયણિક વિષયોને લગતા અનેક કીમતી લેખો તથા રાસાયણિક સંશોધનો એણે પ્રગટ કર્યા છે. દારૂમાં કરવામાં આવેલા પદાર્થોનો ભેગ પારખી કાઢવાની કસોટીએ એને અસામાન્ય ખ્યાતિ આપી. ઈ ૧૭૮૬માં એણે સોમલના વિષપ્રયોગ વિષે પુસ્તક બહાર પાડ્યું. જેણે તુર્ત જ એ વિષયના નિષ્ણાતોની નજરમાં વિષતંત્રના પ્રતિષ્ઠિત પુસ્તક તરીકે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું.

પણ એનું ખરું મહાભારત કામ તો ઈ. સ. ૧૭૯૯સુધીમાં એણે The Apothecaries' Lexicon નામની મહાન ફાર્માસ્યુટિકલ ડિક્શનરી (વૈદકીય કોશ) તૈયાર કર્યો તે છે. વર્ષો



વિક્રમાદિત્યનાં નવ રત્ન

ભારતમાં ચાલતા વિક્રમ સંવતની દ્વિસહસ્રાબ્દી આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં ઊજવાઈ તે સમયે જેના સ્મરણમાં એ સંવત શરૂ થયો તે મહારાજા વિક્રમાદિત્ય વિષે વિવિધ સાહિત્ય પણ પ્રકટ થયું હતું 'જ્યોતિર્વિદાભરણ' નામના એક પ્રાચીન ગ્રંથમાંના નીચેના શ્લોકમાં રાજા વિક્રમની સભામાંનાં નવ રત્નોનો ઉલ્લેખ છે.

ધન્વન્તરી ક્ષપણકામરસિંહ શંકુ
વેતાલ ભટ્ટ ઘટખર્પર કાલિદાસ;
ખ્યાતો વરાહમિહિરો કપતે સભાયાં
રત્નાનિ વૈવરરુચિર્નવ વિક્રમસ્ય.

(૧) ધન્વન્તરી-વૈદ્યપ્રવર (૨) ક્ષપણક-બૌદ્ધ સાધુ (૩) અમરસિંહ-જૈન પંડિત (૪) શંકુ-સ્ત્રી વિદૂષી (૫) વેતાળ ભટ્ટ-વૈયાકરણી (૬) ઘટખર્પર-વૈયાકરણી (૭) કાલિદાસ-કવિકુલાવતંસ (૮) વરરુચિ-બ્રહ્મર્ષિ નૈયાયિક (૯) વરાહમિહિર-જ્યોતિષી અને ખગોળવેત્તા. જોકે ઇતિહાસનાં પ્રમાણોથી હવે તો આ બધાં જુદાજુદા સમયનાં ઠર્યા છે, છતાં એ સર્વ ભારતની અપૂર્વ વિદ્યાવિભૂતિઓ હતી અને તેમનાં નામ ભૂતકાળની પ્રતિભાઓના તારામંડળમાં નક્ષત્રો પેઠે ચમકી રહ્યાં છે એ નિર્વિવાદ છે. (શ્રી રવિશંકર રાવળે એ નવે રત્નોનાં કરેલાં ને તે અંકોમાં પ્રકટ થએલાં ચિત્રો સાથે મૂકેલી નોંધ)

સુધી એ વિષયના બિનહરીફ ગ્રંથ તરીકે તેણે પોતાનું સ્થાન જાળવી રાખ્યું.

શિષ્ટ પંડિતો, રસાયણિકો અને વિજ્ઞાનીઓ, ઑસ્પિટલના દાક્તરો અને સર્જનો, સાહિત્યસ્વામીઓ અને અગ્રેસર ચિકિત્સકો, એ સૌના સન્માનને પાત્ર એ થઈ ચૂક્યો હતો. લગભગ દરેક પ્રાચીન અને અર્વાચીન ભાષાથી તેમજ પુરાતન તથા અદ્યતન વૈદકીય સાહિત્યથી એ માહિતગાર હતો. રસાયણશાસ્ત્રી ઉપરાંત એ સારો ખનીજશાસ્ત્રી અને વનસ્પતિવિદ્, સમાજ–સ્વાસ્થ્યશાસ્ત્રી અને અનુભવી, તેમજ વ્યવહારુ ચિકિત્સક હતો, અર્થાત્ એ સર્વગ્રાહી વૈજ્ઞાનિક હતો. આમ, કોઈ પણ સામાન્ય આત્માને સંતુષ્ટ કરવા માટે જે કાંઈ તત્ત્વો જોઈએ તે સઘળાં હાનેમાનના જીવનમાં હતાં; ધન, યૌવન, માન, આબરૂ, વિદ્યા, કલા ને સુખી ગૃહજીવન, એ સૌનો એ અધિષ્ઠાતા હતો. પણ હાનેમાન સામાન્ય આત્મા નહોતો. એના દિલમાં દિવસ ને રાત એક ઉગ્ર અસંતોષ સળગી રહ્યો હતો.

એ જમાનાનું વૈદક કઢંગુ, ક્રૂર અને જંગલી હતું. રોગના કારણ અને નિવારણ વિષે અનેક જાતના મનસ્વીવાદો પ્રવર્તતા હતા. ત્યારની બેવકૂફીભરી, ઘાતકી અને સ્વચ્છંદી સારવારથી દર સાલ હજારો માણસો મરી જતા, અને એથી યે ઘણી મોટી સંખ્યામાં અસાધ્ય રોગોની કારમી પીડાઓથી પીડાતા. હાનેમાનનું દયાળુ હૃદય ને વિચારશીલ મગજ આ બધું જોઈને ત્રાહીત્રાહી પોકારી ઊઠ્યું. એણે પોતાની પ્રૅક્ટિસ બંધ કરી, અને પોતાના જીવનનિર્વાહ માટે પુસ્તકો લખવાનો અને ભાષાંતરો કરવાનો મુશ્કેલ વ્યવહાર શરૂ કર્યો. આ ધંધામાં પરિશ્રમના પ્રમાણમાં બહુ જ ઓછી આવક હતી. દિવસે દિવસે હાનેમાનની ગરીબી વધવા માંડી. એને પોતાનાં જરજવાહીર, રાચરચીલું, કપડાં અને વાસણ પણ વેચી દેવાં પડ્યાં. પણ આ આદર્શવાદી પુરુષે પોતાની પ્રૅક્ટિસ ફરી પાછી શરૂ ન કરી. પોતાની જમવાની થાળી વેચી, પણ પોતાનો આત્મા તો ન જ વેચ્યો.

પ્રૅક્ટિસ છોડી દીધા પછી એ ડ્રેસ્ડન ગયો અને ત્યાં એણે રસાયણશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ફાર્મસી અને વૈદકનો વધુ ઊંડો અભ્યાસ કરવા માંડ્યો. દિવસભર એ પોતાના પ્રયોગો કરતો અને રાત્રે એ ગુજરાન માટે બીજી ભાષાઓમાંથી જર્મનમાં ભાષાંતરો કરતો. ઘણી વખત પોતાની વીર પત્નીને રાત્રે કપડાં ધોવામાં મદદ કરતો. સાબુ ખરીદવા જેટલા પૈસા પાસે ન હોવાથી એ કાચા બટાટાથી કપડાં ધોતાં.

એના સાહિત્યકાર્યમાંની કમાણી એટલી ક્ષુદ્ર હતી અને એનું કુટુંબ એટલું બહોળું હતું, કે એ બધાંને પેટપૂર ખવડાવી શકતો નહિ. પોતાનાં બાળકોને એ તોળીને ભેડ આપતો.

લાઈપઝિકમાં સાહિત્યપ્રવૃત્તિ માટે વધુ અનુકૂળતા જણાવાથી ઈ. ૧૭૯૦માં એ ત્યાં ગયો. એને ત્યાંની યુનિવર્સિટી તરફથી કલનની મૅટીરિયા મેડિકાનું અંગ્રેજીમાંથી જર્મનમાં ભાષાંતર કરવાનું કામ સોંપવામાં આવ્યું. એ પુસ્તકમાં ક્વિનાઈન અને એના કાર્ય વિષે વિગતવાર વર્ણન હતું. ક્વિનાઈન માનવદેહ ઉપર કઈ રીતે કાર્ય કરે છે તે સંબંધે કલને કરેલો ખુલાસો હાનેમાનને ગળે ઊતર્યો નહિ. એણે આ બાબતમાં સત્ય શું છે તે શોધી કાઢવાનો નિર્ણય કર્યો. એને ક્વિનાઈન જાતે ખાઈ એનાં પરિણામો તપાસવાની ઇચ્છા થઈ આવી. એણે ઉપરાછાપરી મોટી માત્રામાં ક્વિનાઈન ખાવા કર્યું પરિણામે એના શરીરમાં એ દવાને લીધે ટાઢિયા તાવનાં બધાંજ લક્ષણોએ દેખા દીધી. થોડો સમય જવા દઈ એણે ફરી પાછો એ જ પ્રયોગ કર્યો. ફરી પાછું એ જ પરિણામ આવવાથી એની ખાતરી થઈ કે દવાઓ માનવદેહ ઉપર શી રીતે કાર્ય કરે છે એને લગતો સનાતન નિયમ પોતાને જડ્યો છે.

આ નિયમ એવો છે કે 'જે દવા મોટી માત્રામાં લેવાથી નીરોગી માણસમાં જે પ્રકારનાં રોગલક્ષણો પેદા કરે, તે જ પ્રકારનાં રોગલક્ષણોના સમૂહને, તે જ દવાની નાની માત્રા માંદા માણસના શરીરમાંથી મટાડી માંદાને સાજો કરી શકે'.

પણ આ નિયમ એકલા હાનેમાને જ શોધી કાઢ્યો છે એમ કહેવું એ એની અગાઉના ચિકિત્સકોને અન્યાય કરવા જેવું થાય. समः समं प्रशमति' એ આર્ય વૈદકનું સૂત્ર હોમિયોપૅથિક નિયમનું દ્યોતક છે. 'Likes are cured by like' એ સિદ્ધાંત હાનેમાનની પહેલાં હીપોક્રેટિસ અને પારાસેલ્સે પણ રજૂ કર્યો હતો; છતાં એ નિયમની પાછળ પોતાનું આખુ જીવન હોમી દઈ, એના બીજમાંથી નૂતન ચિકિત્સાશાસ્ત્રનું આખું યે વટવૃક્ષ ઉછેરવાનો યશ તો હાનેમાનને જ ફાળે જાય છે. એટલા માટે જ હાનેમાન હોમિયોપથી–સામ્યોપચારના નિયમનો શોધક મનાય છે.

ક્વિનાઈનના અનુભવથી ઉત્સાહિત થઈને હાનેમાને પોતાના તેમજ મિત્રો અને સ્નેહીસંબંધીઓનાં શરીર ઉપર એક પછી એક એ રીતે ૯૦ ઔષધોના પ્રયોગો કર્યા, અને દરેક ઔષધથી ઉત્પન્ન થતાં લક્ષણોની ઝીણવટભરી, ચોકસ તથા વિગતવાર નોંધ લઈ લીધી.

આ પછી એણે ફરી પોતાની વૈદકીય પ્રૅક્ટિસ શરૂ કરી. અને દર્દીઓનાં રોગનાં લક્ષણોની નોંધ લઈ તેમને એ લક્ષણોને અનુરૂપ દવાઓ તેણે આપવા માંડી, આ પ્રૅક્ટિસથી લોકોએ નહિ ધારેલાં અને નહિ કલ્પેલાં એવાં અદ્ભુત પરિણામો મળવા માંડ્યાં. શરૂઆતમાં તો તે એના જમાનામાં દવાઓની જે સ્વાભાવિક ચાલુ માત્રા મનાતી તે પ્રમાણે પોતાના દર્દીઓને દવા આપતો. પણ એનાથી દર્દીઓ પુષ્કળ પીડાતા એટલે એણે માત્રાનું પ્રમાણ ઘટાડવા માંડ્યું એણે જોયું કે ૪૦ ગ્રેન દવાથી જે કાર્ય સિદ્ધ થાય છે તેનું તે જ કાર્ય ૧ ગ્રેન દવાથી ઘણા ઓછા નુકસાન સાથે સિદ્ધ થઈ શકે છે. અને જેમજેમ સમય જવા માડ્યો તેમતેમ અનુભવથી એને આ માત્રા પણ ઘણી મોટી લાગી એટલે ઔષધોના વિભાગીકરણ માટે એણે શતાંશ પદ્ધતિ યોજી. આ પદ્ધતિ મુજબ પ્રવાહી ઔષધનું એક ટીપું લઈ તેને ૯૯ ટીપાં પાણી કે આલ્કૉહૉલ સાથે મેળવવામાં આવતું, એટલે એ ૧ શક્તિમત્તાનું ઔષધ થયું. આ દવાને ખૂબ હલાવી નાખી, એમાંથી પાછું એક જ ટીપું લઈ, બીજાં ૯૯ ટીપાં આલ્કૉહૉલ સાથે મેળવવાથી ૨ શક્તિમત્તાનું ઔષધ તૈયાર થતું. આ ઔષધમાં મૂળ ઔષધનો $\frac{૧}{૧૦૦૦૦}$મો ભાગ રહેતો. આ રીતે આગળ ને આગળ વિભાગીકરણ ચાલતું.

હાનેમાને પોતાના અનુભવમાં અજાયબી સાથે જોયું કે આવી રીતે વિભાગીકરણ કરવાથી ઔષધના રોગનિવારક શક્તિ ઘટતી નથી, પણ ઊલટી વધતી જાય છે! એટલે આ પ્રક્રિયાથી પરિણમતી સૂક્ષ્મ માત્રાને એણે 'પોટેન્સી' (શક્તિમત્તા) એવું ગૌરવયુક્ત નામ આપ્યું. ખનીજ પદાર્થોના વિભાગીકરણ માટે મૂળ પદાર્થનો એક અંશ લઈ એને ખૂબ વાટીઘૂંટીને એકાકાર કર્યા પછી, એમાંથી પાછો ૧ ભાગ લઈ ૯૯ ભાગ ખાંડ સાથે ભેળવવામાં આવતો. પરિણામે આ નવીન ચિકિત્સાપદ્ધતિની દવાઓ મીઠી, સફેદ ને દુર્ગંધરહિત બની.

શરૂઆતમાં તો હાનેમાનના સિદ્ધાંતને એના જમાનાની દાક્તરી દુનિયાએ હસી કાઢ્યો. એ વાહિયાત વૈદકીય પરપોટો ટૂંક વખતમાં ફૂટી જશે એવી આગાહીઓ કરવા માંડી. પણ જેમજેમ સમય જતો ગયો તેમતેમ એ સિદ્ધ થતું ગયું કે જેને તે પરપોટો માનતા હતા તે તો પારસમણિ હતો. જે દર્દી ભલભલા દાક્તરોએ અસાધ્ય જાહેર કર્યાં હતાં, તે હાનેમાનની પદ્ધતિની સરળતાથી સુખપૂર્વક અને અણધારી ઝડપથી સારાં થવા લાગ્યાં. તેની આ અભૂતપૂર્વ સફળતા જોઈ દાક્તરો

ને કેમિસ્ટો ક્રોધ, ઈર્ષ્યા ને તેજોદ્વેષથી સળગી ઊઠ્યા, ને એમણે જેટલી રીતે તેને પજવી શકાય તેટલી રીતે પજવવા માંડ્યો. એના એ નવા સિદ્ધાંત મુજબની દવાઓ તૈયાર કરી આપવા કોઈ કેમિસ્ટ તૈયાર થતો નહતો, કેમ કે એવી સાદી ને સરળ દવાઓમાંથી એમને અઢળક નફો મળે એ અશક્ય હતું.

પણ હાનેમાનની પ્રૅક્ટિસ હવે ઝડપથી વધતી ગઈ. પોતાના જમાનાની જંગલી, ઘાતકી ને રાક્ષસી સારવારની પદ્ધતિઓ ઉપર એ પોતાનાં લખાણોમાં નિર્દય પ્રહારો કર્યે જતો હતો.

કેમિસ્ટોએ દવા આપવાની ના પાડી. એટલે હાનેમાને પોતાની દવા પોતાની મેળે બનાવી લેવા માંડી. એ જમાનામાં યુરોપભરમાં દવા બનાવવાનો અને વેચવાનો હક્ક કાયદાથી કેવળ કેમિસ્ટોને જ હતો. એટલે કેમિસ્ટોએ તરત જ હાનેમાન સામે ફરિયાદ કરી. હાનેમાને પોતાનું નિવાસસ્થાન છોડી નવી જગ્યાએ જઈને પ્રૅક્ટિસ શરૂ કરી. ત્યાં પણ ઈર્ષ્યાળુ દાક્તરો અને કેમિસ્ટોએ એક થઈને એની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. આ રીતે એક જગ્યાએથી બીજી જગ્યાએ હિજરત કરતો કરતો હાનેમાન ફરી પાછો લાઈપઝિકમાં આવ્યો. અહીં એના પ્રશંસકોએ ભારે પ્રયાસ કરીને એને લાઈપઝિક યુનિવર્સિટીમાં વૈદક શીખવવાની પરવાનગી અપાવી. ઈ. સ. ૧૮૧૨ થી ૧૮૨૦ સુધીનાં આઠ વર્ષ હાનેમાને લાઈપઝિકમાં ગાળ્યાં. એ દરમ્યાન એણે પોતાની આજુબાજુ અનેક ઉત્સાહી વિદ્યાર્થીઓ ભેગા કર્યા અને એ બધાને આ નવી વિદ્યા ખંત અને પ્રેમપૂર્વક શીખવી. એના વિદ્યાર્થીઓની પણ બીજા દાક્તરો તરફથી ભારે કનડગત થતી. પરંતુ આમાંની કોઈ પણ મુશ્કેલી તે અડગ આત્માને ડગાવી ન શકી. એની કીર્તિ હવે જર્મનીની ભૌગોલિક સીમાઓ ઓળંગી ગઈ હતી.


એ વખતે નેપોલિયનની સામે લડી રહેલાં યુરોપનાં લશ્કરોના સરસેનાપતિ પ્રિન્સ સ્વૉર્ટ્ઝેનબર્ગે હાનેમાનની સારવાર શરૂ કરી. છ માસ સારવાર ચાલી. પણ એ દરમ્યાન પ્રિન્સે પોતાના દાક્તરોની સલાહથી રક્તપાત કરાવ્યો. રક્તપાત કરાવ્યાથી એની હાલત અતિ-

---

સુદર્શન નામના રાજાના ત્રણ જડ કુમારોને નીતિનિપુણ બનાવવા વિષ્ણુશર્મા નામના એક વૃદ્ધ બ્રાહ્મણે મિત્રભેદ, સુહૃદલાભ, સંધિવિગ્રહ, લબ્ધનાશ અને અસંપ્રેક્ષ્યકારિત્વ એ પાંચ તંત્ર–'પંચતંત્ર' રૂપે જે નીતિબોધક કથાઓ રચી સંભળાવેલી એનાં તો પચાસ કરતાં યે અધિક ભાષાઓમાં બસો ઉપરાંત રૂપાંતરો થઈ દુનિયાભરમાં પ્રસાર થએલો. શ્રી દેસાઈ વાલજી ગોવિંદજીએ કરેલું એનું સરળ રૂપાંતર શ્રી રવિશંકર રાવળનાં વિશિષ્ટ ચિત્રો સાથે પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં નિયમિત પ્રકટ થતું રહેલું. એની એક બોધક વાનગી:

એકોદર પૃથગ્ગ્રીવ અન્યોન્યફલભક્ષક।
કુસંપીલા મરે છે જો જેમ ભારંડ પક્ષીઓ ॥

એક સરોવરમાં ભારંડ નામે પક્ષી રહેતું હતું, તેને પેટ એક હતું, પણ ડોકાં બે હતાં. સમુદ્રતીરે તે ફરતું હતું ત્યાં તેને અમૃત જેવું ફળ તરંગ ભેળું કાંઠે આવેલું મળ્યું તે ખાતાં ખાતાં એણે કહ્યું: 'સાગરકલ્લોલે આણેલાં મધુરાં ફળ મેં બહુ ખાધાં, પણ આનો સ્વાદ અપૂર્વ છે તે પારિજાતનું ફળ હશે કે હરિચંદનનું કે કોણ જાણે.' તે સાંભળીને બીજું મુખ બોલ્યું, 'એમ છે તો મનેય થોડુંક દે;' એટલે હસીને પહેલું મુખ કહે, 'આપણને પેટ તો એક જ છે, તૃપ્તિ પણ એક જ થાય છે, એટલે નોખું નોખું શું કામ ખાવું પડે? એના કરતાં વધ્યું છે તે પ્રિયાને આપું.' એમ કરીને એણે ભારંડીને શેષ આપી. તે દિવસથી માંડીને બીજું મુખ ઉદાસ થઈ ગયું, ને એક દિવસ એને વિષફળ મળ્યું, તે જોઈ એણે કહ્યું, 'હે પુરુષાધમ, મને વિષફળ મળ્યું છે તે તેં મારું અપમાન કર્યું છે એટલે હું ખાઉં છું', પહેલું મુખ કહે; 'મૂર્ખ, એમ કર મા. કરીશ તો બેયનો નાશ છે.' તો પણ અપમાનના કારણથી બીજા મોઢાએ ફળ ખાધું, અને બેય મરી ગયાં. એટલે કહું છું 'એકોદર પૃથગ્ગ્રીવ' ઇતિ.



શય ગંભીર બની ગઈ. તુર્ત જ હાનેમાનને બોલાવવામાં આવ્યો. હાનેમાન ખીજાઈ ગયો અને એણે સારવાર કરવાની ના પાડી દીધી. ટૂંક સમય બાદ પ્રિન્સનું મરણ નીપજ્યું આથી હાનેમાનની પ્રતિષ્ઠાને ભારે ફટકો લાગ્યો. આજ સુધી દબાઈચંપાઈ રહેલાં પ્રત્યાઘાતી બળો હવે બમણા વેગથી ઊછળ્યાં. જડસુઓ, રુઢિચુસ્તો ને શાસ્ત્રાંધો પોતાના તમામ બળથી હાનેમાનને છૂંદી નાખવા તત્પર થયા. લાઈપઝિક યુનિવર્સિટીમાંથી એને હાંકી મૂકવામાં આવ્યો. દાક્તર અને કેમિસ્ટ તરીકે એને આપવામાં આવેલા પરવાના ખૂંચવી લેવામાં આવ્યા ને એને ફરમાવવામાં આવ્યું કે હવેથી એ જો કોઈ દર્દીને દવા આપશે તો દવાના દરેક ડોઝ દીઠ એણે પંદર થેલર્સ દંડ આપવો પડશે.

ફરી પાછી રઝળપાટ શરૂ થઈ. એક રજવાડામાંથી બીજા રજવાડામાં એને દોડાદોડ કરવી પડતી. આ ખરે ઍનહોલ્ટના ઠાકોરે એને પોતાનો રાજવૈદ કરી આશ્રય આપ્યો. આ સમય દરમ્યાન જ કૉલેરામાં ઍલૉપથી કરતાં હોમિયોપૅથિક સારવારનું ચડિયાતાપણું આખા યુરોપમાં સિદ્ધ થયું. અહીં એ ચૌદ વર્ષ રહ્યો, પરંતુ એ વર્ષો પણ સુખનાં નહોતાં. એની સામે જર્મનીમાં એટલો બધો જબરદસ્ત પૂર્વગ્રહ હતો, કે જર્મનીનું કોઈ પણ સ્થળ એને માટે સુખદાયક કે સલામત નહોતું.

રસ્તામાં એ જ્યારે ફરવા નીકળતો ત્યારે એની ઉપર તિરસ્કારનો વરસાદ વરસતો. દાક્તરોની શીખવણીથી ખીજાએલા લોકોનાં ટોળાં પથ્થરોના મારાથી એના ઘરની બારીઓ તોડીફોડી નાખતાં. હવે તે ઘરની બહાર પણ ભાગ્યે જ નીકળતો.

આમ ગરીબી, ભૂખમરો, હાડમારી, ચિંતા, રઝળપાટ અને અત્યાચારોની ઝડી વચ્ચે પણ હાનેમાને જે સાહિત્યસેવા કરી છે, એનો તો વૈદકના ઇતિહાસમાં જોટો નથી. એણે પોતાના દેહ ઉપર જે ૯૯ ઔષધો સિદ્ધ કર્યાં, તેના વર્ણનથી ભરેલા ૧૦ ગ્રંથો એણે પ્રગટ કર્યા. રસાયણશાસ્ત્ર તથા વૈદક વિષે ૭૦ મૌલિક ગ્રંથો એણે લખ્યા છે, ને ફ્રેન્ચ, અંગ્રેજી તથા લૅટીનમાંથી ૨૪ લેખકોનાં પુસ્તકોનાં ભાષાંતર કર્યાં છે. ઈ. સ. ૧૮૧૦માં હોમિયોપથી માટે એ પ્રયોગો કરવા માંડ્યા પછી ૨૦ વર્ષે એણે 'ઑર્ગેનૉન' પ્રગટ કર્યું. એ 'ઑર્ગેનૉન' એટલે પ્રેરિત, મૌલિક, સચોટ અને સંગીન મહાગ્રંથ.

એ ગ્રંથમાં સૂત્રશૈલીમાં નૂતન ચિકિત્સાશાસ્ત્રના આદેશો છે. પાંચપાંચ પેઢી સુધી હાનેમાનના હજારો ઉત્સાહી અનુયાયીઓએ એ ગ્રંથમાંથી પ્રેરણાનું અમૃત પીધું છે અને પોતાની ઉપર થતા અત્યાચારો સામે ઝઝૂમવા માટે અખૂટ પ્રોત્સાહન મેળવ્યું છે.

હાનેમાન કેવળ દવા-દાક્તર નહોતો. એણે ઈ. ૧૭૮૪માં હઠીલા રોગોની સારવાર માટે એક પુસ્તક પ્રગટ કર્યું છે જેમાં આ રોગોની જલોપચાર ને માલિશથી શી રીતે સારવાર કરવી તેની સમજ આપી છે. 'આરોગ્યનો મિત્ર' એ નામનું પુસ્તક ખોરાક, સ્વાસ્થ્ય અને સૅનિટેશનને લગતું છે. ખોરાક, કસરત, સ્નાન, આનંદપ્રમોદ અને વિશુદ્ધ હવાને લગતા તેના વિચારો વાંચતાં વીસમી સદીનો લેખક વાંચતા હોઈએ એવો ખ્યાલ ઉત્પન્ન થાય છે.

ઈ. સ. ૧૮૩૦માં એની પ્રથમ પત્નીનું અવસાન થયું. એ અરસામાં એક યુવાન અને સંસ્કારી ફ્રેન્ચ સ્ત્રી પોતાનો અસાધ્ય વ્યાધિ મટાડવા માટે હાનેમાન પાસે આવી. ફ્રાન્સના સર્વશ્રેષ્ઠ દાક્તરોએ એને માટે હાથ ધોઈ નાખ્યા હતા. હાનેમાને એનો રોગ સફળતાપૂર્વક મૂળમાંથી મટાડી દીધો. સ્વાભાવિકરીતે જ એ સ્ત્રીને આ મહાન વૈજ્ઞાનિક તરફ આદરભાવ અને આકર્ષણ થયાં અને ઈ.સ. ૧૮૩૫માં હાનેમાને એની સાથે બીજું લગ્ન કર્યું.

લગ્ન પછી એ દંપતીએ પારી(સ)માં જઈ વસવાનું નક્કી કર્યું. હાનેમાને કોએથેન છોડ્યું ત્યારે પ્રજાજનોમાંથી અનેક લોકો જેઓ હાનેમાનની સારવારથી સાજા થયા હતા (એ ગરીબોની મફત સારવાર કરતો) તેઓ એને વિદાયમાન આપવા આવ્યા, એના પરદેશગમન સામે પોતાની દિલગીરી દર્શાવી, અને એની ઉપર ગુજારેલા ત્રાસ માટે પશ્ચાત્તાપ પ્રગટ કર્યો.


પારી(સ)માં એનો વસવાટ થતાં જ ત્યાંનાં વર્તમાનપત્રોએ એનો પક્ષ લઈ એક જબરદસ્ત ઝુંબેશ ઉઠાવી. છેવટે એને રાજા તરફથી પ્રૅક્ટિસ કરવાનો ને પોતાનાં ઔષધો જાતે જ તૈયાર કરી લેવાનો ખાસ પરવાનો મળ્યો.

ફ્રાન્સમાં ત્યાંના અમીરઉમરાવો, શ્રીમંતો અને અગ્રેસરોમાં એની સફળતાથી એને ખૂબ માન મળ્યું. એની ખ્યાતિ સાંભળી હવે જગતભરમાંથી દરદીઓ ફ્રાન્સ આવતા અને સાજા થઈને પાછા જતા. આ રીતે ધન, વૈભવ, માન, કીર્તિ અને પોતે પ્રેરેલાં વૈદકીય સત્યોનો પ્રચાર જોતાંજોતાં જ એણે જીવનનાં છેવટનાં સુખી વર્ષો પસાર કર્યાં. જીવનભર એ સશક્ત, બળવાન અને બાળક જેટલો જ ઉત્સાહી રહ્યો હતો. લેશમાત્ર આરામ વિના એ અહોરાત્ર પોતાનું કાર્ય આગળ ધપાવ્યે જતો હતો. પણ છેવટે, સોમલના ગુણદોષ સિદ્ધ કરવા માટે એણે એ જાતે ખાવા માંડ્યું. આ જીવલેણ ઝેરથી એની જીવનશક્તિ લથડી ગઈ, અને જુલાઈ ૨, ૧૮૪૩ની સવારે ૮૯ વરસની પાકટ વયે એનું અવસાન થયું. જગતે એ જમાનાનો સર્વશ્રેષ્ઠ ચિકિત્સક ગુમાવ્યો. જનહિતાર્થે જ એનું જીવન વ્યતીત થયું અને જનહિત માટેની શોધ પાછળ જ એનું મરણ થયું.

શતરંજ

ગયા અંકમાં આપણે મૉર્ફીની એક રમત જોઈ હતી તે રમત એક અજાણ્યા ખેલાડી સામે હતી. હવે આપણે તેનું એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા ખેલાડી સાથેનું કોમ્બિનેશન જોઈશું તેમાં એણે પહેલી જ ચાલમાં વજીરનો ભોગ આપીને બધાને ચકિત કર્યા હતા.

MORPHY



PAULSEN

કાળાએ રમવાનું

1..., Q×B!; 2 P×Q, R–N3 ch; 3 K–R1, B–R6; 4 R–Q1 અહીં 4 R–N1? પછી ત્રણ ચાલમાં મ્હાત થાય છે: 4..., R×R ch; 5 K×R, R–K8ch; 6 Q–B1, R×Q mate અને 4 R–K1?? પછી તો બે જ ચાલમાં.

4..., B–N 7 ch; 5 K–N1, B×P dis. ch; 6 K–B 1, B–N7ch. અહીં મૉર્ફી બે ચાલમાં મ્હાત કરી શકે તેમ હતું. 6..., B–K7ch; 7K–K1; B×Q dis. ch. અથવા તો ઉદારભાવે ફક્ત 7..., B–Q 6 કે B5 કે N+ થી પણ તેણે હવે પછી આવતું કૉમ્બિનેશન જોયું જ હશે અને આ હાલકડોલક સ્થિતિ તેમને રમૂજી લાગવાથી આ રીતે રમત આગળ વધારી હશે.

7 K–N1, B–R6 dis. ch; 8 K–R1, B×P. હવે 9..., B–N7 mateની ધમકી છે. તેમાંથી બચવા વજીર આપ્યા વિના છૂટકો નથી.

9 Q–B1, B×Q; 10 R×B, R–K7; 11 R–R1, R–R3; 12 P–Q4, B–K6! અને જીતે છે. દા. ત. 13 B×B, R/3×P ch; 14 K–N1, R/K7–N7 mate.

સુરેશ મોદી





મનગમતી મળતી ક્ષણ જેને, ક્ષણક્ષણમાં એ મ્હાલે,
અંધારાના વગડામાં એ કિરણ-કેડીએ ચાલે.
એને આભ હિયે છે મારગ, ક્ષિતિજ ટૂંકડી લાગે,
અજબ અમલ-ચકચૂર રહી એ મસ્ત નિરંતર જાગે.
દઈ ગગનને તાળી, ભરશે જગને નૂતન તાલે,
ગીત આજ એ ગાશે, એનો ધ્વનિ ગૂંજશે કાલે.

(કવિલોક) —હસિત બૂચ

સ્વર્ગસ્થ સંત તુકડોજી મહારાજ

ભારત સાધુ-સમાજના સ્થાપક સંત તુકડોજી મહારાજનું અમરાવતી જિલ્લામાં મોઝરી ગામે એમના ગુરુકુંજ આશ્રમમાં કૅન્સરને કારણે ગઈ તા. ૧૧ ઑક્ટોબરે સાંજે અવસાન થયું. ગયા જુલાઈના અંતમાં એમના પેટની શસ્ત્રક્રિયા થઈ હતી. ઑગસ્ટમાં એમને મોઝરી લાવવામાં આવ્યા જ્યાં છેલ્લા બેએક દિવસથી તબિયત વધારે ખરાબ થઈ ગએલી. એમનું વય ૫૯ વર્ષનું હતું.

તુકડોજી ગ્રામોદ્ધારના પ્રખર હિમાયતી હતા. જે જે ગામડામાં તેઓ ગયા ત્યાંત્યાં એ બધાંને સ્વેચ્છાએ સહકારી ધોરણે સ્વાવલંબી બની રહેવાનો બોધ તેઓ આપતા અને એ માટે સક્રિય પ્રયત્નો પણ કરતા.

એમના પૂર્વજીવન વિષે વિશેષ માહિતી તો પ્રાપ્ત નથી પણ સંત અકડોજી મહારાજના આશીર્વાદ પામી એ જંગલટેકરીઓમાં રખડીરખડીને સ્વરચિત ભજનો દ્વારા હજારોની મેદની એકઠી કરી એમને પોતાના વિચારો સમજાવતા. ઈ. સ. ૧૯૦૯ની ૨૯ એપ્રિલે અમરાવતી જિલ્લામાં યાવલી મુકામે એમનો જન્મ થએલો. ઈ. ૧૯૪૦માં એમણે સ્થાપેલાં 'અખિલ ભારતીય ગુરુદેવ સેવા મંડળ' એ એમનું એક જીવંત સ્મારક છે. દલિતોના ઉદ્ધારાર્થે સ્થાપેલા એ મંડળની મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર અને આંધ્રમાં હજારો જેટલી શાખાઓ ફેલાએલી છે. એનું મુખ્ય કેન્દ્ર તે ગુરુકુંજ આશ્રમ. આજે એ આશ્રમ દ્વારા એક અદ્યતન હૉસ્પિટલ, પ્રસૂતિગૃહ, બાલસુધાર કેન્દ્ર, ગ્રામ સહાયક કેળવણી મંડળ, અપંગ બાળકો માટે એક ગૃહ, આયુર્વેદિક કૉલેજ ને ખાદી-ગ્રામોદ્યોગ કેન્દ્રો ચાલે છે. ગ્રામોદ્ધાર માટે એમણે ઘણું કામ કર્યું છે. ભૂદાન પ્રવૃત્તિમાં પણ એમનો ટેકો રહેલો. પોતે પ્રગતિવાળા સમાજ-સુધારક હોઈ, મર્યાદિત શાળા-શિક્ષણ પામ્યા હોવા છતાં એમણે ધર્મ-સંબંધી હિંદી અને મરાઠી ભાષામાં એકસો જેટલી ચોપડીઓ લખી હતી.

ઈ. ૧૯૩૬માં તેઓ સેવાગ્રામમાં ગાંધીજી સાથે પણ રહેલા. સામુહિક ભજનો ને પ્રાર્થના દ્વારા રાષ્ટ્રીયતાનો સંદેશ ફેલાવવાની તુકડોજીની રીતને ગાંધીજીએ પણ વખાણી હતી અને એમની રાજકીય તથા સામાજિક પ્રવૃત્તિઓને લોકોએ એમને 'રાષ્ટ્ર સંત'નું બિરુદ આપી નવાજી હતી. 'ગ્રામ-ગીતા' નામે એમણે ગામડાંમાં રચનાત્મક કાર્ય અંગે માર્ગદર્શન આપતી એક પ્રેરક કૃતિ પણ રચેલી છે. ઈ. ૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળ વખતે એમનાં ભજનોએ નાગપુર જિલ્લામાં બ્રિટિશ રાજ્ય સામે જે આગ ફેલાવી હતી એથી દાઝીને બ્રિટિશ સરકારે એમને કેદમાં નાખેલા.



ઈ. ૧૯૫૬માં એમણે 'ભારત સાધુ-સમાજ'ની સ્થાપના કરી અને ત્રણ વર્ષ તેના પ્રમુખ રહેલા. ૧૯૫૫માં જાપાનમાં યોજાએલી વિશ્વધર્મ-પરિષદમાં પણ એમણે ભાગ લઈને ત્યાં વિશ્વબંધુત્વ અને જગતશાંતિ માટે વ્યાખ્યાન આપેલાં. તેઓ અમેરિકામાં પણ વ્યાખ્યાન-

વહાણકથા-૧૦



વાઈકિંગ વહાણો બાદ કરતાં મધ્યકાળનાં પશ્ચિમ યુરોપનાં જહાજો બેડોળ દેખાતાં. પણ મુસ્લિમ આક્રમણો સામેનાં ધર્મયુદ્ધોમાં ઊંચા ગંજાવર તુર્ક યુદ્ધજહાજો સામે યુરોપનાં વહાણો તો બચૂકડાં લાગતાં. પથ્થર ફેંકવાનાં યંત્રો અને તીરકામઠાં સિવાય દૂરથી લડવા માટે યુરોપનાં જહાજોમાં કોઈ ખાસ રણ-સગવડ નહોતાં. તોપો તો ત્યારે શોધાઈ પણ નહોતી. પરંતુ યુરોપને પૂર્વની દુનિયામાંથી જે નવું જોવાજાણવા મળ્યું તેને પરિણામે ત્યાંની વહાણ બાંધવાની કળા પણ સારો વિકાસ પામી. તુર્ક જહાજો સામે સરસાઈ મેળવવા યુરોપના વહાણોમાં મોરે-છેડે ઊંચા તખ્તા ઉમેરાયા. કૂવાથંભ ઉપર પણ ઊંચે એક નાનો તખ્તો જોડવામાં આવ્યો. આ પછી ઉત્તરોત્તર જેમજેમ પશ્ચિમ યુરોપનાં દેશો સમૃદ્ધ થવા લાગ્યા તેમતેમ એમનાં વહાણોનાં કદ પણ વધીને ૧૩૦ ફૂટ જેટલાં થવા લાગ્યાં. એ વહાણોને ખેંચવા સઢ પણ વધારવા પડ્યા. આમાં આગળનો પહેલો સઢ ચોરસ અને પાછળનો છેલ્લો સઢ ત્રિકોણ રહેતો. વળી એ ચોરસ સઢ હવે વહાણને સમાંતરે નહિ પણ કાટખૂણે મૂકાતા. સ્પેઈન, પોર્ટુગલ, ફ્લાન્ડર્સ વગેરેએ વહાણ બાંધવાની કળામાં સારી પ્રગતિ કરી. ભૂમધ્ય વિસ્તારમાં અન્યત્ર એની જ નકલો થતી. એ વહાણો કેવાં લાગતાં હશે તેનો મથાળાના ચિત્ર પરથી ખયાલ આવશે.

આ ગાળામાં નૌસંચાલનમાં એક નવું જ ઉમેરણ થયું. અસલ તો આથી યે ઘણા સમય પહેલાં ચીનમાં શોધાએલા હોકાયંત્રનો યુરોપમાં હવે ઉપયોગ થવા લાગ્યો. અલબત્ત, લોહચુંબકત્વના ગુણધર્મોમાં પૂરા માહિતગાર નહિ એવા નાવિકો આરંભમાં તો એના પ્રત્યે અનેક પ્રકારના વહેમથી જોતા, પણ અંતે એની ઉપયોગિતા સમજાતી થઈ. અને ધીરેધીરે યુરોપના દેશોનું વહાણવટું દૂરદૂરનો દરિયો ખેડવાને શક્તિશાળી બનવા લાગ્યું.

પ્રવાસે જવાના હતા પરંતુ માંદગીને લીધે તેમને રોકાઈ જવું પડયું.

માત્ર સદ્ભાવ જન્ય ઇચ્છાથી દલિતોદ્ધાર અને ગ્રામસેવાનું એમણે જે વ્યાપક કાર્ય કરી બતાવ્યું એ કોઈ પણ ક્ષેત્રના કાર્યકરને પ્રેરક બની રહે એવું છે. તેઓ ભગવાં વસ્ત્રધારી સાધુ નહોતા પણ એમણે ભગવો એટલે વીતરાગનો રંગ ધારણ કર્યો હતો. વિદર્ભના આદિવાસીઓમાં તેઓ પૂજ્ય ગુરુ ગણાતા અને ભારતના સર્વોદયવાદીઓ તથા અન્ય સેવાસંસ્થાઓમાં એમનું ઘણું માન હતું.

બાળક જેવા સરળ, ઊર્મિલ એ કવિએ અસંખ્ય ભજનો રચી તેના દ્વારા રાષ્ટ્રવરદની ભાવનાનો સરસ પ્રચાર કરેલો. એમણે સમસ્ત જીવન દેશને ચરણે ધરી વિકાસશીલતાને હમેશાં સાથ આપ્યો હતો.


અમદાવાદની મસ્જિદના હાલતા મિનારાનું વિશ્લેષણ

અમદાવાદની મસ્જિદોના મિનારા હાલે છે એ કુતૂહલપ્રેરક છે તેટલું જ તેનું રહસ્ય ગૂંચવણભર્યું છે. આ મિનારા હાલતા હોવાની નોંધ પણ મસ્જિદોના રચના કાળ પછી બિત્રણ સૈકાઓ બાદ થઈ છે. આ દરમિયાન અહીં અનેક પ્રવાસીઓ આવી ગયા. અહીંના સંતોના રોજા અને મસ્જિદોની મુલાકાત હુમાયું બાદશાહ પણ લઈ ગયો અને જહાંગીર તો છ માસ સુધી અહીં રહી ગયો હતો. પરંતુ આમાંથી કોઈએ આ મિનારા હાલતા હોવાનું નોંધ્યું નથી. એટલે આ ખૂબી સહેતુક લાગતી નથી. મિનારા હાલતા હોવાનું રહસ્ય ઉકેલવાના યે અનેક પ્રયત્નો થયા છે, પણ એમાંનો કોઈ ઉકેલ યોગ્ય ઠર્યો નથી.


અમદાવાદની મોટા ભાગની હાલતા મિનારાવાળી મસ્જિદો મોગલકાળ પહેલાંની, મહંમદ બેગડાના સમયની છે. મસ્જિદમાં મિનારાનો હેતુ મુઅજ્જિન તેના પર ચડીને આઝાન પોકારે તે છે. વળી, મુસ્લિમ સ્થાપત્યનું એ એક આવશ્યક બાહ્યાંગ પણ છે જ. મિનારા પર ચડવા માટે એને અંદરથી પોલા રાખી તેમાં ફરતી ગોળ સીડી રખાઈ છે. સ્વાભાવિક છે કે મસ્જિદની છત કરતાં મિનારાની ઊંચાઈ વધુ જ હોય. આ મિનારા સામાન્યતઃ મસ્જિદની છત સુધી તો એની સાથે જ જોડાએલા છે અને તે પછી લગભગ દોઢી ઊંચાઈએ એ લંબાવેલા છે. કહેવાય છે કે અમદાવાદની બધી મસ્જિદના મિનારા હાલતા હતા, અને જૂની નોંધો જોતાં જણાય છે કે આમ હાલતા મિનારા બધા આ જ પ્રમાણમાં ઊંચા હતા. કાળાનુક્રમે અત્યારે તો માત્ર રાજપુર હીરપુરની બીબીજીની મસ્જિદના તથા સીદી બશીરની મસ્જિદના મિનારા જ સાબૂત રહ્યા છે. આમાં યે બીબીજીની મસ્જિદના બેમાંનો એક મિનારો પણ ખંડિત થઈ ગએલો છે. જ્યારે સીદી બશીરની મસ્જિદના મિનારા માત્ર વચ્ચેથી એક કમાન દ્વારા જ જોડાએલા રહ્યા છે અને એની બાજુની દીવાલો ખલાસ થઈ ગએલી છે. પણ આ બંને મિનારા સાબૂત હોઈ એ હાલતા હોવાનું પ્રમાણ એમાં જ વધુ સ્પષ્ટ અનુભવી શકાય છે. આમાંના એક મિનારાની છેક ઉપરના ઝરૂખામાં જઈ જો એને બહુ જોરથી હલાવીએ તો એની સામેના બીજા મિનારામાં પણ ગતિસંચાર થતો અનુભવાય છે. આનું રહસ્ય સમજવા આપણે આ બંને મસ્જિદના મિનારાની રચના જોઈએ.

સામાન્ય રીતે ગોમતીપુરની મસ્જિદ તરીકે ઓળખાતી બીબીજીની મસ્જિદના મિનારાની દીવાલ પથ્થરના બે થરની બનેલી છે અને તે થર ચૂનાના કૉંક્રેટથી ચણેલા છે. મિનારા અંદરથી પોલા રાખી તેમાં ઉપરનીચે આવવાજવા ગોળ ફરતાં પગથિયાં છે. મિનારામાં પ્રવેશવા માટે મસ્જિદની ચાર ફૂટ પહોળી દીવાલમાં બે ફૂટ પહોળો પ્રવેશમાર્ગ છે જેમાંનાં આઠ પગથિયાં પછી થોડો સપાટ વિસ્તાર છે ને ત્યાંથી ઉપર જવાની ૭૧ પગથિયાંવાળી ગોળ સીડીનો આરંભ થાય છે (જુઓ આકૃતિ ૧). બહારથી આ મિનારા, કાંગરા બાદ કરતાં ૨૮'-૬'' ઊંચી મસ્જિદની દીવાલ સાથે જોડાએલા છે. મસ્જિદની દીવાલની ઊંચાઈથી આગળ મિનારામાં બાવન પગથિયાં જેટલું ઊંચાણ છે.

અંદરથી પોલા આ મિનારાની દીવાલ જે નીચે ૨'-૬'' જેટલી જાડી છે તે ઉપર જતાં છેલ્લે ૧'-૬'' જેટલી થઈ રહે છે, પણ અંદરના પોલાણનો વ્યાસ ૪'-૬'' થી શરૂ થઈ ઉપર ૩'-૯'' થવા જેટલો ઘટે છે. એટલે કે સરેરાશ છ ફૂટે એક ઈંચ જેટલો જ ઘટાડો થાય છે. ઉપર સીડી જ્યાં પૂરી થાય છે ત્યાં માણસ ઊભો રહી શકે એટલું અંતર રાખીને પછી ટોચની રચના કરી છે. ત્યાં ઉપરના છેલ્લા ઝરૂખામાં ઊભા રહીને બળપૂર્વક જો મિનારાને હલાવીએ તો થોડા ધક્કા પછી મિનારામાં કંપન શરૂ થાય છે. આ કંપન ચાલુ થયા પછી ધક્કા મારવાનું બંધ



આકૃતિ ૧. બીબીજીના મિનારાની રચના. આકૃતિ ૨ ને ૩ સીદી બશીરના મિનારાની રચના અને તેના ગતિસંચારની દિશા



આકૃતિ ૪. પથ્થરના બે પડની મિનારાની દીવાલ છે. તેની અંદરના (अ) પોલાણમાં ગોઠવેલી ગોળ સીડીનાં પગથિયાંનો બહારનો છેડો (व) એની અંદર જડેલો છે જ્યારે અંદરનો છેડો (क) એકબીજા પર માત્ર મૂકેલો છે. દીવાલના પથ્થરો વચ્ચે ચૂનાનું કૉંક્રેટ (ड) છે જે બે પડ વચ્ચે 'બફર'નું કામ કરે છે.

કરી દેતાં યે તે ચાલુ રહી થોડી વારે આપમેળે બંધ થઈ જાય છે.

મિનારાની દીવાલ પથ્થરના બે પડની હોઈ એ બંને પડ વચ્ચે સળંગ ચૂનાના કૉંક્રેટનો થર આવી જાય છે. અંદરની સીડીનું પગથિયું પણ અંદરના થરમાં આ જ રીતે જોડાએલું છે. (જુઓ આકૃતિ ૪) એટલે મિનારાને હલાવતાં બંને થર વચ્ચે ઘર્ષણ થવાને બદલે તેની વચ્ચેનો કૉંક્રેટ 'બફર' તરીકે કામ કરે છે. આ જ રીતે પગથિયાં બીજે છેડે એટલે કે સીડીની મધ્યરેખામાં જ્યાં જોડાએલાં છે તે એક સ્તંભ રચે છે તેથી એક ધરી બને છે. વળી, મસ્જિદની દીવાલથી ઉપરના –અને લગભગ દોઢી ઊંચાઈના મિનારાના ખુલ્લા ભાગથી હવામાં 'કૅન્ટિલીવર' થાય છે. જ્યારે એનો નીચેનો છેડો દીવાલ સાથે જડાએલો છે, એટલે ખુલ્લો છેડો થોડું કંપન અનુભવે છે. જો આ મિનારા ઉપર જતાં છે એથી વધુ સાંકડા હોત તો આવું કંપન શક્ય ન રહેત. પણ અહીં નીચેની અને ઉપરની એની પહોળાઈના પ્રમાણનો તફાવત ઘણો ઓછો છે. વળી, અંદર પોલાણ છે અને પગથિયાંના જોડાણથી બનતો કેન્દ્રનો ધરી રૂપ સ્તંભ પણ છૂટા ભાગોનો બનેલો હોઈ મિનારાનું કંપન શક્ય બનાવે છે. પગથિયાંને જોડતો એ ભાગ એક જ પથ્થરનો હોત તો અને જો આ મિનારાની ઊંચાઈ મસ્જિદની દીવાલની ઊંચાઈ જેટલી જ અથવા છે તેથી ઓછી હોત તો આ મિનારા હાલી શકત નહિ. વળી, જો એની ઊંચાઈ છે એથી હજી યે વધારે હોત તો પવનના જોરદાર ઝાપટાથી પણ એ હલી ઊઠત, એટલું જ નહિ પણ જતે દહાડે એ જ કારણથી તૂટી પણ જાત. પણ અહીં મધ્યમસરની ઊંચાઈ છે અને ચણતર એટલું બધું સ્થિતિસ્થાપક નથી. એટલે આયાસથી જ તેમાં કંપન ઊભું કરી શકાય છે.

મિનારાનો નીચેનો ભાગ મસ્જિદની દીવાલના જ અંગ રૂપે ચણાએલો છે એ પણ નોંધપાત્ર છે. જ્યાંથી મિનારાનું અંદરનું પોલાણ શરૂ થાય છે તે મસ્જિદની દીવાલની બહારની બાજુએ જ આવી જાય છે. આથી મિનારાના કંપનની અસર મસ્જિદની દીવાલના સમગ્ર બાંધકામને નહિવત્ જ થાય છે. આમ, મિનારાને હલવામાં મદદરૂપ થનારાં પરિબળો નીચે પ્રમાણે તારવી શકાય.

૧. મસ્જિદની દીવાલ અને મિનારાની ઊંચાઈનો તફાવત ૧ : ૧½ કે તેથી થોડો વધુ છે.

૨. દીવાલની ઊંચાઈ કરતાં દોઢું કૅન્ટિલીવર.

૩. મિનારાની અંદરનું એકસરખું પોલાણ.

૪. મિનારાની દીવાલના પથ્થરના બે થર વચ્ચે સ્થિતિસ્થાપકતા સર્જતું કૉન્ક્રિટ.

૫. ગોળફરતી સીડીના કેન્દ્રનું ધરીના સ્તંભરૂપ થવું અને તે સળંગ ન હોતાં તેમાં સ્થિતિસ્થાપકતા.

૬. પગથિયાંના સ્તંભની આસપાસ બહારની દીવાલ સહિત પોલાણના હિસાબે માનવશક્તિના ધક્કા સામે પથ્થરના એ સમગ્ર વિસ્તારની કંઈક ઓછી પ્રતિક્રિયાશક્તિ હોવી.


આવી રચનાને કારણે મિનારાના ઉપરના ભાગો ગુરુત્વાકર્ષણની સામે સામાન્ય સંજોગોમાં ટકી રહે, પણ ભારે વાવાઝોડું કે ધરતીકંપનાં આડાં મોજાં આવે તો આ મિનારામાં એની પ્રતિકારશક્તિ કરતાં યે વધુ કંપન પેદા થઈ એને તોડી નાખી શકે. ઈ. ૧૮૧૯ના ધરતીકંપ સામે આ કારણે જ કેટલાક મિનારા તૂટી પડેલા.

હવે સીદી બશીરના મિનારાની રચના જોઈએ એના તો બંને મિનારા અખંડ છે. અહીં પણ મસ્જિદની દીવાલ અને એની ઉપરના મિનારાના ભાગની ઊંચાઈનું પ્રમાણ ૨૮' : ૪૨' એટલે લગભગ ૧ : ૧½ જેવું જ છે. આ બંને મિનારાને જોડતો મસ્જિદની દીવાલનો ભાગ કમાન જેવો છે. (જુઓ આકૃતિ ૨) આ દીવાલમાં થઈને મિનારામાં જવા માટે ૧૭–૧૭ પગથિયાં છે. મિનારાના છેડાથી જરા આગળ જઈ એ પૂરાં થાય છે. મૂળ આ મિનારાની બંને બાજુ મસ્જિદની દીવાલ હતી, પણ મરાઠાઓની ચડાઈમાં એ ભાગ તૂટી પડયો. પાછળથી મરામત કરી પગથિયાં અગાઉ જે અગાશીમાં પૂરાં થતાં હતાં ત્યાં ઝરૂખા જેવું બનાવી દેવાયું છે. મિનારાને જોડતી પ્રવેશદ્વારની દીવાલની જાડાઈ ૪ ફૂટ છે. તેમાં વચ્ચે બે ફૂટના પોલાણમાં આ પગથિયાં આવે છે, જે આ દીવાલની ટોચ સુધી પહોંચે છે. અહીં મિનારામાં જવાની ગોળાકાર સીડી ને મિનારાનું પોલાણ મસ્જિદની દીવાલની ટોચેથી નહિ પણ જરા ઊંડેથી શરૂ થાય છે. એની ગોળાકાર સીડીની બાંધણી પણ ગોમતીપુર મસ્જિદની પેઠે સ્થિતિસ્થાપક રહી શકે એવી જ છે. મિનારાને હાલવામાં જે સિદ્ધાંત પેલી મસ્જિદમાં લાગુ પડે છે તે જ અહીં પણ લાગે છે. પણ બંને મિનારા અખંડ હોઈ અહીં એક વિશેષતા છે. એક મિનારાને હલાવતાં થોડી વારે સામેના બીજા મિનારામાં પણ કંપન અનુભવાય છે. એનું પૃથક્કરણ આમ છે:

૧. મિનારાની બંને બાજુની મસ્જિદની દીવાલ તૂટી ગઈ છે અને એમની વચ્ચેની કમાનવાળી દીવાલ જ એ બંનેને જોડનારું માધ્યમ બને છે અને તે પણ વચ્ચેથી પોલું છે.

૨. કમાનની જાડાઈ વચ્ચેના ભાગમાં ૪ ફૂટ છે. અને તેનો મથાળાનો ભાગ સપાટ છે જે બંને મિનારાને જોડતા પુલ સમાન બને છે.

૩. દીવાલની જાડાઈમાં વચ્ચે છેક અગાસી સુધી પહોંચતાં પગથિયાં ૨ ફૂટ પહોળો પોલો કણું બનાવે છે.



૪. મિનારા દીવાલની ૧ ફૂટ જાડાઈવાળા ભાગમાં જોડાએલા છે. (જુઓ આકૃતિ) તે પછી દીવાલની વચ્ચેની પગથિયાંની બે ફૂટ પોલી જગ્યા છે. જે મિનારાને પૂર્ણતઃ જમીન સાથે જકડી રાખવાને બદલે થોડા હળવા રાખે છે. આથી તેના પરનું દબાણ કે ધક્કો છેક જમીનમાં ઊતરી ન જતાં પોલાણને કારણે પાછો વળી કમાનમાં થઈને બીજા મિનારાને લાગે છે.

ધારો કે (આ. ૩માં દર્શાવ્યા પ્રમાણે) ડાબી બાજુના મિનારાને છેક ઉપર જઈ હલાવીએ તો એમાં ધક્કાની દિશા મસ્જિદની દીવાલને સમાંતર હશે તો જ તે મિનારો સરળતાથી હલશે, અન્યથા ઘણી મુશ્કેલી પડશે. પણ દીવાલની દિશામાં એને બંધન નથી તથા તે બીજી બધી રીતે ગોમતીપુરની મસ્જિદના મિનારા જેવો જ હોઈ એમાં ધીરેધીરે જે ગતિસંચાર થાય છે તે સૂક્ષ્મ લંબગોળાકારે હશે. આ

કોનું કેટલું ગળપણ? જીભને ગળપણ બહુ ગમે છે અને તેને માટે આપણે સાકર વાપરીએ છીએ. ખાંડ, ગોળ, મધ, વિવિધ ફળો, ખજૂર વગેરે બધાંની મીઠાશ તેમાં રહેલી શર્કરાઓને આભારી છે. પણ વિજ્ઞાને બીજા ઘણા મીઠા પદાર્થો શોધ્યા છે. સેકેરિન સીધી લેવાથી કડવી લાગે છે, પણ મંદ દ્રાવણમાં મીઠી લાગે છે. સાકરના ગળપણને ૧૦૦નો આંક આપીએ તો બીજા પદાર્થોનું ગળપણ નીચે પ્રમાણે છે :

સુક્રોઝ સાકર	૧૦૦	ગ્લુકોઝ સીરપ	૨૩	મૉલ્ટ સીરપ	૨૦
મધ	૭૦-૮૦	સ્વીટોઝ	૪૦	મેપલ સીરપ	૮૭
ઈનવર્ટ ખાંડ	૯૩	ગ્લીસીરહીઝીન	૬૦	ડલસીન	૨૦,૦૦૦
ફ્રુક્ટોઝ	૧૧૦	ગૉલ્ડન સીરપ	૯૦	સેકેરિન (અદ્રાવ્ય)	૫૫,૦૦૦
ડેક્સટ્રોઝ (એનહાઈડ્રસ પ્રકાર)	૭૪	લેક્ટોઝ	૧૬	સેકેરિન (દ્રાવ્ય)	૪૫,૦૦૦
ડેક્સટ્રોઝ (હાઈડ્રસ)	૬૭	માલ્ટોઝ	૩૩	જલદ સેકેરિન દ્રાવણ	૧૧,૦૦૦

ગતિ નીચે ઊતરી, કર્ણમાં થઈને કમાનવાળા ભાગમાં જઈ એ દીવાલને મથાળે થઈને સામેના કર્ણમાં ઊતરી બીજા મિનારાને અસર કરે છે. વચ્ચેની કમાન પરની અગાસીમાં આ ગતિસંચાર વરતાતો નથી તેનું કારણ એ છે કે એ કમાનની દીવાલ સાથે અને બંને મિનારા સાથે જોડાએલી તેમજ આડી છે. એટલે એમાંથી પસાર થએલી ગતિથી તેની મિનારા સાથે જોડાએલી બાજુમાં જ સંચાર થાય છે. આ ગતિ બીજા મિનારામાં નીચેથી પ્રવેશે છે. પણ અગાશીમાં થએલા મરડાટને લીધે એ મિનારો જુદી દિશામાં હલે છે. એટલે કે પહેલો મિનારો ઉત્તર દક્ષિણ હલે તો બીજો પૂર્વપશ્ચિમ.

આમાં દીવાલની બંને બાજુ મિનારા જોડાએલા નથી તેથી ગતિસંચારમાં મરડાટ આવે છે. વળી, કાળનું પરિબળ પણ મિનારાને હાલવામાં મદદરૂપ થાય છે.

આ મિનારાને વધુ હલાવવામાં એ ભીતિ અચૂક રહી છે કે સમય જતાં આપમેળે એ ઢીલા પડી જઈ તૂટી જાય. દિનપ્રતિદિન તે નબળા પડતા જાય છે ને એથી થોડાં વર્ષો બાદ આપમેળે યા ધરતીકંપના મોટા આંચકાથી એ પડી જવાનો પૂરતો સંભવ છે. ડૉ. પનુભાઈ ભટ્ટ

આવતી કાલના વસવાટ

એક દિવસ એવો આવશે કે જ્યારે સ્થપતિઓ ને નગર નિયોજકો પ્લાસ્ટિકના પરપોટા તળે, શહેરો અને પાણીની અંદરના રહેણાકો દ્વારા માનવ-વસવાટનો પ્રશ્ન ઉકેલશે ઈ ૧૯૩૧માં જ્યારે જાણીતા સોવિયેટ વિજ્ઞાની 'આયોફે' આવી રીતે 'એક જ છાપરા તળે નવાં નગર'ની કલ્પના રજૂ કરી ત્યારે જે માત્ર એક તરંગ જ ગણાતો હતો એ ખયાલ હવે લગભગ વાસ્તવિક બનવાનો સંભવ છે ફ્લોરિડા (અમેરિકા)માં વૉલ્ટ-ડિઝની ઑર્ગેનિઝેશન આવું, તદ્દન કાચના ઘુમ્મટ તળે રક્ષાએલું વાતાનુકૂલિત ગામ બનાવવા ધારે છે.

આ 'એપ્કૉટ (EPCOT=એક્સપેરિમેન્ટલ પ્રોટોટાઈપ કૉમ્યુનિટી ફૉર ટુમોરો)એના પ્રયોજકોના માનવા પ્રમાણે આ યોજના ભાવિનગર પ્રતિનું એક અગત્યનું પગલું બની રહેશે. લગભગ એક વર્ષ પહેલાંથી આયોફના સિદ્ધાંતાનુસાર સાઇબિરિયામાં બાનટાઈકા નદીને કાંઠે ઉત્તરધ્રુવ વર્તુળના વિસ્તારમાં સ્નેઝનોગોર્સ્ક ખાતે રશિયા આવું એક છત્ર તળેનું નગર બનાવવા માટે યોજના કરી રહ્યું છે. આ વિસ્તારમાં વર્ષના માત્ર ૮૦ દિવસોમાં જ શીતબિંદુથી વધારે ઉષ્ણતામાન હોય છે, બાકીના ગાળામાં શૂન્ય નીચે ૪૦ અંશ સેન્ટીગ્રેડ જેટલો પારો ઊતરી જાય છે. યોજના પ્રમાણે આ અભિનવ નગરીમાં ઉનાળામાં મૉસ્કોમાં હોય છે એટલા ઉષ્ણતામાન વચ્ચે ૧૦ કિલોમીટર વ્યાસ વાળા અને દસ માળના ગંજાવર મકાનમાં દસેક લાખ માણસો વસી શકશે. મનાય છે કે એ લોકો સામાન્ય બાહ્ય વાતાવરણમાં આઠ કલાકે જેટલું કામ થઈ શકે એટલું કાર્ય તેઓ પાંચ કલાકમાં પતાવી શકવા જેટલી સ્ફૂર્તિ અનુભવતા હશે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં • વ્ય.વિ. • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: એડમંડ ડ્યુલાક



એક દાયકા પહેલાંની છેલ્લી બે પેઢીનાં અંગ્રેજ વાચકો આગળ પરીકથાની સૃષ્ટિને અનન્યરીતે સજીવ કરનાર બે જ કલાકાર એમનાં હૃદયમાં સ્વામી થયા છે: આર્થર રૅકહામ અને એડમંડ ડ્યુલાક. રેકહામ, ડાકણો, વેંતિયાં વગેરેનાં અપરૂપ આલેખનો તથા ગૂઢ, ભેદી ને ભયાનક વાતાવરણ દર્શાવતાં ચિત્રોના સર્જક તરીકે અને ડ્યુલાક શોભનમાધુર્યવાળાં કવિતારંગી ચિત્રો માટે. રંગભૂમિનાં નેપથ્યવિધાન ને વેશભૂષાથી માંડીને ગંજીપાનાં પાનાંની પીઠની ડિઝાઈનો સુધીનાં કલાલેખનોના બહોળા વિસ્તારમાં ભાગ્યે જ કોઈ શાખા એવી હશે જેના પર ડ્યુલાકની કલમ નહિ ચાલી હોય. ટિકિટો, ચંદ્રકો, સિક્કાઓ ચલણી નોટો વગેરેની એમની ડિઝાઈનો ચાલુ ધરેડથી અલગ પડીને શોભનમાધુર્યનો એક વિશિષ્ટ નમૂનો બની રહેતી.

પણ આ બધાં તો એમનાં પાછલા જીવનનાં ગૌણ કાર્યક્ષેત્રો હતાં. એમની પીછીની ખરી લાક્ષણિકતા તો પૂર્વની ઢબે સપાટ શૈલીનાં આલેખનોની જે આગવી ચિત્રણા એમણે નિર્માણ કરી એમાં હતી. અને એ જ એમની કીર્તિદા બની હતી. એ ઢબે એમણે મોટે ભાગે અરેબિયન નાઈટ્સ, ઉમર ખય્યામની રુબાયાત, ગ્રિમ તથા હૅન્સ ઍન્ડર્સનની પરીકથાઓ, સિંદબાદની સફરો, ખજાનાનો ભેદી ટાપુ, પ્રાચીન ગ્રીસની દંતકથાઓ વગેરે જેવી શિષ્ટમાન્ય કલ્પનાકથાઓ તથા લોકવાર્તાઓનાં ચિત્રો કરીને એ કથાસાહિત્યને વિભૂષિત કર્યું છે અને પોતાની કવિતારંગી શૈલીથી એ બધી કથાઓને એમણે એવી તો અનોખી સ્વપ્નસૃષ્ટિના રૂપમાં ખડી કરી છે કે ઇંગ્લંડની પ્રજા એમને પરીકથાઓની કલ્પનાભોમના સર્જક કલાકાર તરીકે બહુ ઊંચા માનથી નવાજે છે.

તેઓ ભલે માત્ર ગ્રંથચિત્રણાના કલાકાર ગણાયા, પણ એની શૈલીએ ભલભલાને આકર્ષ્યા હતા. પોતાની આ આગવી શૈલીનું નિર્માણ પણ એમણે સ્વતંત્રરીતે જ કરેલું, છતાં તેની પ્રેરણાનાં મૂળ તો પૂર્વની કૃતિઓની નાનપણમાં તેમના મન પર પડેલી છાપમાં રહેલાં હતાં. ફ્રાન્સની નૈઋત્યે આવેલા તુલાઉસ શહેરમાં ઈ. ૧૮૮૨ના ઑક્ટોબરની ૨૨મી તારીખે એનો જન્મ થયો. એના કાકા પૂર્વના દેશોમાંથી અનેકવિધ વસ્તુઓની આયાત કરી વેચવાનો ધંધો કરતા. એમના સંગ્રહમાં નાના ડ્યુલાકે પૂર્વની શૈલીનાં સુંદર ચિત્રો જોએલાં, ને તેની અસર તેના પર એવી તો ઘેરી પડી કે મોટપણે પછી એણે સ્વતંત્ર રીતે કરેલાં કથાચિત્રો, તસવીરો ને શોભનાલેખનોમાં એની છાયા સ્પષ્ટપણે ઊતરી આવી.

ઈ. ૧૯૦૪થી એણે કલાકાર તરીકેની કારકિર્દી આરંભી. ૧૯૦૫માં એણે ગ્રેટબ્રિટનમાં વસવાટ કર્યો. ૧૯૦૭માં લીસેસ્ટર ગૅલરીના વાર્ષિક કલાપ્રદર્શનમાં એનાં આલેખનોએ સનસનાટી મચાવી દીધી. અને પછી તો દર વર્ષે ઇંગ્લંડની જનતા આગળ રજૂ થતાં રહેલાં એમનાં ચિત્રો અનોખી મનોભોમકાનાં એવાં કલ્પના સમૃદ્ધ ને રંગમધુર વાતાવરણ સરજતાં રહ્યાં છે કે જેની ભભક એ પછીની પેઢી પણ ભૂલી નહિ શકે.

કલ્પનાભોમના એ કલાકાર એડમંડ ડ્યુલાકનું લંડનમાં ઈ. ૧૯૫૬ના મે માસની ૨૫મી તારીખે ૭૦ વર્ષની વયે અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧૦ પૅસિફિક–ઍટલાન્ટિક મહાસાગરોને જોડતી પનામાની નહેર બંધાઈ રહી, ૧૯૧૩.
તા. ૧૧ અમેરિકામાં વરાળથી ચાલતી પહેલી હોડી ન્યૂ યૉર્ક–હૉબોકેન વચ્ચે ચાલુ થઈ, ૧૮૧૧.
તા. ૧૪ ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયે પહેલી જ વાર સ્ત્રીસ્નાતકોને ઉપાધિ આપવા માંડી, ૧૯૨૦.
તા. ૧૬ વાણી-સ્વાતંત્ર્ય માટે મહાત્માજીએ વૈયક્તિક સત્યાગ્રહનો આરંભ કર્યો, ૧૯૪૦.
તા. ૧૭ ભારતીય ફિલસૂફીના તત્ત્વજ્ઞ યોગી સ્વામી રામતીર્થે જલસમાધિ લીધી, ૧૯૦૬.
તા. ૨૬ વર્ષોની લડત પછી આયર્લૅન્ડ સ્વતંત્ર થયું, ડી'વેલરા પ્રથમ પ્રમુખ ચૂંટાયા, ૧૯૨૨.
તા. ૩૧ 'મુંબાઈના સિંહ' મહાન પારસી નેતા સર ફિરોઝશાહ મહેતાનું અવસાન, ૧૯૧૬.

પ્રસંગવિશેષ: એક અપ્રતિમ જર્મન સાહસ, ૧૩ ઑક્ટોબર, ૧૯૩૯


બીજા વિશ્વયુદ્ધના આરંભમાં એ સમયનાં સંરક્ષણનાં બધાં સાધનોથી રક્ષાઈને બ્રિટિશ નૌકાકાફલો ગ્રેટ બ્રિટનના ઉત્તરે ઑર્કની દ્વીપસમૂહમાં 'સ્કેપા ફલો'માં છુપાઈને પડ્યો હતો. શત્રુઓને જો આ ગુપ્ત આશરાની જાણ થઈ જાય ને હુમલો લઈ આવે તો એ વિસ્તારમાં એને પ્રવેશવાના એકમાત્ર સંભવિત માર્ગ–કર્કની નેળની આસપાસ ચોકી કરતી મનવારો, પાણીમાં ઉતારેલી જાળીઓ, વીજળીક ભયસૂચક આગમચેતીઓ ને કિનારા પરનાં તોપમથકો એ કાફલાનું જે રીતે રક્ષણ કરતાં હતાં એ પરથી ત્યાં શત્રુ ઘૂસી આવે એવો સ્વપ્ને યે ખયાલ નહોતો. વળી, ત્યાંની અનિયમિત ભરતીઓટ, છીછરી ને વાંકીચૂંકી નેળો ને તેના નાકા પર ડાંસી રાખેલાં ત્રણ ચોકિયાત જહાજોનો વ્યૂહ શત્રુની સબમરીનને માટે અભેદ્ય જ હતો. પણ પહેલા વિશ્વયુદ્ધના સમયનો એક જર્મન નૌકા અફસર આલ્ફ્રેડ વ્હેરિંગ યુદ્ધ પછી ગુપ્તચર બન્યો. આલ્બર્ટ ઑર્ટેલના નામે એણે સ્વિસ નાગરિકત્વ મેળવ્યું અને પછી ઇંગ્લંડમાં સ્કેપા ફ્લો નજીક વસવાટ કરી, ૧૯૩૨માં બ્રિટિશ નાગરિક બની એણે ત્યાં ઘડિયાળના વેપારી તરીકે પ્રતિષ્ઠા જમાવી. અહીંથી એણે સતત ૧૫ વર્ષ સુધી જર્મનીને આ વિસ્તારની બધી જ હિલચાલની, સંરક્ષણ યોજનાની, અને રોજરોજના ભરતીઓટના સમય સુધ્ધાંની માહિતી પહોંચાડ્યા કરી હતી. એના આધારે જ યુદ્ધ જાગતાં ખુદ બ્રિટનના જ ગૃહવિસ્તારમાં પ્રવેશી એને થપ્પડ મારવાની જર્મનીએ યોજના કરી. એક યુવાન કમાન્ડર ગન્થર પ્રીનને એની જવાબદારી સોંપાઈ. ખૂબ જ ગુપ્ત રીતે એણે પોતાની સબમરીન 'યુ-૪૭'ને બે ચોકિયાત જહાજોની વચ્ચે થઈને કર્કની નેળમાંથી સિફતથી પસાર કરી દઈ ઈ. ૧૯૩૯ની ૧૩ ઑક્ટોબરે રાત્રે બ્રિટિશ કાફલાનાં અન્ય યુદ્ધજહાજો વચ્ચે ઊભેલી 'રૉયલ ઑક' અને 'રીપલ્સ' પર ત્રણ ટૉર્પિડો છોડી. એકાએક થએલા ધડાકાનું કારણ સ્પષ્ટ થાય તે પહેલાં ફરી ત્રણ ટૉર્પિડો છોડીને 'રૉયલ ઑક'ના ફુરચા ઉડાડી દીધા ને ખળભળી ઊઠેલા કાફલાની સર્ચલાઈટ ને તોપમારાની વચ્ચેથી તથા પાછળ પડેલી વિનાશિકાને થાપ આપી 'યુ ૪૭' કર્કની નેળમાં થઈને જ સલામત નાસી ગઈ. માત્ર ચોવીસ જ મિનિટમાં પોતાનું કામ પતાવી દઈ કમાન્ડર પ્રીને જે અપ્રતિમ સાહસ સિદ્ધ કર્યું એને ખુદ હિટલરે જાતે મુલાકાત આપીને ને આયર્ન ક્રૉસના માનથી તો નવાજ્યું જ પણ બ્રિટનમાં ચર્ચિલે પણ તેને એક 'અદ્ભુત સાહસ' તરીકે બિરદાવેલું.

જગતના ઘાવ સામે તું અડગ થઈને રહે 'બેફામ',
કે પર્વતને કોઈ પથ્થર કદી વાગી નથી શકતો.
—'બેફામ'


ઇંગ્લેંડના પોએટ લૉરીએટ (રાજકવિ)નું પદ ત્રણ કવિઓએ નકારેલું: ગ્રે, સર વૉલ્ટર સ્કૉટ ને વર્ડ્ઝવર્થ. એમાંથી વર્ડ્ઝવર્થે પાછળથી એનો સ્વીકાર કરેલો. બધા જ રાજકવિઓને સુખદ જીવન પ્રાપ્ત નહોતું થયું. એમાંથી ૩ પદભ્રષ્ટ થએલા, ૨ જેલમાં પડેલા અને ૧ રાજકવિ તો દેવાને કારણે જેલમાં પડેલો તે ત્યાં જ મરી ગએલો!

ગણિતગમ્મત: ૨૧, ૪૨, ૬૩, ૮૪, ૧૦૫, ૧૨૬, ૧૪૭, ૧૬૮, ૧૮૯;–૨૧ના ઘડિયાની આ નવે રકમો અજબ છે. એમાંની કોઈ પણ રકમનો એકમનો આંક બાકી વધતી રકમમાં ઉમેરો અને જે જવાબ આવે, તે જ જવાબ, એ રકમને સાત વડે ભાગવાથી પણ આવશે. દાખલા તરીકે, ૨૧: ૨+૧=૩; અને ૨૧÷૭=૩ અથવા તો ૧૬૮: ૧૬+૮=૨૪; ને ૧૬૮÷૭=૨૪. આવી બીજી સંખ્યાઓ શોધી શકશો? —કા. મ. જોષી

કહેવતો: 'સત્તરસોના સરવાળામાં ઓગણીસસોની ભૂલ'–જાતે જ સ્ફુટ એવી આ કહેવત આંખે તરી આવે એવી ભૂલ કરનારની મૂર્ખાઈ માટે ઉપાલંભ તરીકે વપરાય છે. એને મળતી બીજી કહેવતો: 'વાસીદામાં સાંભેલું', 'આખું કોળું શાકમાં.' બીજી તમે શોધો.



ત્રણેક ફીટ લાંબી, વચ્ચે દબાતાં અંદરનું પાણી અટકે નહિ એવી, જાડી રબ્બરની નળીને માટીના ઘડામાં નીચે કાણું પાડીને તેમાં સજ્જડ બેસાડી દો. એટલે તે પાણીના નળ જેવું ઉત્તમ કામ આપશે. નળી ઘડાને ગળે વીંટી દેવાથી નળ બંધ રહેશે. ઘડો મૂકવા માટે આલમારી જેવી સગવડ ન હોય તો છીકાની પેઠે ટાંગી પણ શકાશે.




ભારતીય વાયુસેનાની પહેલી સ્કવૉડ્રનને મળનારો ધ્વજ. એમાં અશોકના પાન અને કમળની કિનાર વચ્ચે ભૂરી ભોંય પર આ સ્કવૉડ્રનની સંજ્ઞા ને સૂત્ર તથા તેની બંને બાજુ એણે લડેલી લડાઈઓને બિરદાવતી સંજ્ઞાઓ છે.



ઘરમાં કાચનાં બારીબારણાં પવનથી દીવાલ સાથે અથડાતાં હોય, તો તેનાં બારીબારણાની બાજુએ એક એક બૂચને સ્ક્રૂથી જડી દો. તેથી તેના કાચ ભાંગતાં અટકશે.

સોડાબાઈ કાર્બ અને વેસેલિનનો મલમ બનાવીને તૈયાર રાખવાથી દાઝવા ઉપર તરત કામ લાગશે. દઝાયું હોય ત્યાં જાડો જાડો થર તરત લગાડી દેવાથી ફોલ્લો ઊપડશે નહિ.



દૃષ્ટિભ્રમનો અચ્છો નમૂનો: એકીનજરે જોવાથી ચણતરની એવી એક બેઠકનો ખ્યાલ આપશે કે જેનો આગલો સફેદ ભાગ આપણી બાજુએ જમણી તરફ આગળ લંબાએલો છે અને જેનો પાછલો ભાગ પીઠ બને છે. બીજી નજરે જોવાથી એ જ બેઠક જાણે ઊંધી બની ગઈ હોય તેમ જણાશે કે જેમાં સફેદ પીઠ અને બાજુનું અઢેલણ નીચે છે અને બેઠકનો ભાગ ઊંચે ચડી ડાબી તરફ તેનો સફેદ ચોરસ લંબાએલો છે. આ ચિત્રને ઉલટાવીને જોવાથી એ જ જ રીતનો એકસરખો દૃષ્ટિભ્રમ થશે.

અથાણું

શેઠ ઘેર આવ્યા. તરુણ નોકરાણીએ બારણું ખોલ્યું, એટલે એને જોઈ તુરત શેઠે કહ્યું: 'તારો ફ્રેન્ડ બસ સ્ટૅન્ડ પાસે તારી રાહ જુએ છે.'

'આપે કેમ જાણ્યું એ મારો જ ફ્રેન્ડ છે?'

'એના ગળામાં મારી ટાઈ બાંધેલી છે.'

'તમે એવું તે શું કર્યું કે તમારા બગીચામાં નુકસાન કરી જતી પડોશીની મુરઘીઓ અહીં આવતી જ બંધ થઈ ગઈ?'

'કંઈ જ નહિ. એક સાંજે મેં થોડાં ઇંડાં બગીચાની વાડમાં સંતાડી દીધાં ને બીજી સવારે પેલો પડોશી જુએ એમ એ વાડમાંથી ઉપાડી ઘરમાં મૂકી દીધાં. બસ, ત્યાર પછી એની મરઘીઓ મારા બગીચામાં નથી આવી.'

પીધેલી હાલતમાં ઘેર જતો દારૂડિયો પોતાના ઘરને બદલે રસ્તે મ્યુનિસિપલ બત્તીના થાંભલામાં લથડતે હાથે ચાવી લગાડી બારણું ઉઘાડવા મથતો હતો, તેને એક સિપાઇએ મજાકમાં કહ્યું: 'ઘેર કોઈ લાગતું નથી!'

દારૂડિયો: 'અરે, ન શું હોય! મેડા પર બત્તી બળે છે ને?'

મરવા પડેલા પૈસાદાર બાપના કંજૂસ દીકરા ચર્ચા કરી રહ્યા હતા કે સ્મશાનયાત્રા ઓછા ખર્ચે કેમ કાઢવી. એકે કહ્યું: 'ઍમ્બ્યુલન્સ મંગાવીએ.' બીજાએ કહ્યું: 'ખટારો ચાલશે.'

ત્રીજાએ કહ્યું: 'નનામી શું ખોટી છે?'

મરણપથારીએ પડેલા બાપથી રહેવાયું નહિ. તે બોલ્યો: 'મારાં કપડાં અને જોડા આપોને, હું ચાલીને જઈશ.'

'મેં લાગટ ત્રણ વરસ સુધી એને રોજેરોજ પ્રેમપત્રો લખ્યા તે ય એળે ગયા!'

'કેમ, શું થયું?'


'એ પોસ્ટમૅનને પરણી ગઈ!'



ચાંદીના જડતરથી મઢેલું પિત્તળનું આ ચમચા જેવું પાત્ર એના પરના શોભનને કારણે ન જાણે કેવા યે મહત્ત્વનું લાગે છે. પણ એ છે માત્ર સગડી પેટાવવાનું સાધન. એની કારીગરી એ તો કેરાળાની પ્રજાના રોજિંદા જીવનમાં પ્રસરેલા કલાવૈભવની દ્યોતક છે.




કેદારનાથ [ફોટો : ટી. કાશીનાથ] હિમાચ્છાદિત મહાપંથ શિખરની તળેટીમાં, સમુદ્રની સપાટીથી ૧૧,૭૫૩ ફૂટ ઊંચે આવેલા તીર્થધામનું ભવ્ય મનોહર દર્શન



મિહરાબ • મુસલમાન મસ્જિદોમાં અદૃશ્ય નિરાકાર સર્વવ્યાપી ખુદાની બંદગી થાય છે. મસ્જિદની પશ્ચિમ દિશાની ભીંતમાં કરેલા આવા મિહરાબનો હેતુ આબિદને મક્કાની દિશા બતાવી 'એ તમારી સામે છે' એમ કહેવાનો છે. મુસ્લિમ ધર્મમત પ્રમાણે કોઈ પણ જીવની આકૃતિ તો મુકાય નહિ એટલે અહીં માત્ર ફૂલવેલનાં જ શોભન છે અને તેમાં હિંદુ સ્થાપત્યની અસર સ્પષ્ટ દેખાય છે. અમદાવાદના હિંદુ-મુસ્લિમ સ્થાપત્યના સંમિશ્રણમાંથી સરજાએલું આવું અનુપમ લાવણ્ય અન્યત્ર ક્યાં યે જોવા મળતું નથી.

ફોટો • આર. આર. ભારદ્વાજ

[ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા આ માસમાં એમનાં ફોટોચિત્રોનું એક પ્રદર્શન અમદાવાદમાં યોજાયું છે.]



કાનની રચના દર્શાવતું સરળ આલેખન

કાન (કાયાની કરામત-૧૫) જીવનવ્યવહારમાં આંખ પછી એટલું જ ઉપયોગી અંગ કાન છે. એની રચનાનો આપણે પ્રથમ આછો ખ્યાલ મેળવીએ. શ્રવણ માટેના આ સમગ્ર અંગ-કાનના મુખ્ય ત્રણ ભાગ પડે છે: બહારનો કાન, વચલો કાન અને અંદરનો કાન. ઉપર એ દર્શાવતી સરળ આકૃતિ આપી છે. કૂર્ચાનો બનેલો બહારનો કાન છીપ-આકારનો અને મૃદુ છે. અવાજનાં આંદોલનોને ઝીલીને એ એકાદ ઇંચ લાંબી **કાનની નેળ** (meatus)ના માર્ગે અંદર કાનના પડદા **કર્ણપટ** (ear-drum) ભણી મોકલે છે. કાનની નેળમાં ૨૦૦૦ જેટલી મેદસ્વી ગ્રંથિઓ છે, જેનો પીળો ને ચીકણો સ્રાવ એ નેળ તથા કર્ણપટને સ્નિગ્ધ રાખે છે. આ સ્રાવને આપણે 'મેલ' કહીએ છીએ. કર્ણપટ ઝાંખા સફેદ કે ગુલાબી રંગનો છે. અને તેની ઉપરનો છેડો સહેજ ઢીલો રહે છે. આથી તે હવાના દબાણના ફેરફારો સહન કરી શકે છે અને અવાજનાં આંદોલનો અનુસાર ધ્રુજે છે. અહીં બહારનો કાન પૂરો થાય છે. વચલા કાનમાં કર્ણપટ પછી ત્રણ હાડકાં છે જે શરીરનાં નાનામાં નાનાં—આ અક્ષરો જેટલા સૂક્ષ્મ છે અને સંધિબંધનોથી જોડાએલાં છે. આકાર પ્રમાણે એને અનુક્રમે **હથોડી** (hammer), **એરણ** (anvil) અને **પેંગડું** (Stirrup) કહે છે. કર્ણપટમાં થએલું કંપન આ ત્રણ હાડકાં (ossicles) દ્વારા અંદરના કાનના પડદા પર જાય છે. એ પડદો તે અંદરના કાનમાં આવેલા **કર્ણશંખ** (cochlea)ના [illegible] રમાંનું એક દ્વાર છે. આ દ્વાર એના આકાર પરથી 'લંબગોળ' અને 'ગોળ' દ્વાર તરીકે ઓળખાય છે. કર્ણશંખ એ ખરેખર શંખના [illegible] જેવું અઢી આંટાનું અને ત્રણ ખાનાવાળી નળીનું એક ટચૂકડું ગૂંચળું છે. અહીં સુધી પહોંચેલાં અવાજનાં આંદોલનો કર્ણશંખમાં [illegible] પ્રવાહી-ઓમાં કંપન પ્રેરે છે જે કર્ણશંખ સાથે જોડાએલા **શ્રુતિતંતુઓમાં** એક સંવેદન પેદા કરી આપણાં લમણાંના ભાગ પાછળ આવેલા મગજના શ્રવણકેન્દ્રમાં પહોંચે છે. મગજ એનો જે અર્થ ઘટાવે છે તેને આપણે **'સાંભળ્યું'** કહીએ છીએ. કાનની નેળ અ[illegible] કાનમાં ભરાએલી હવાનું દબાણ સરખું જ રહે એ માટે વચલા કાનથી ગળાના પાછલા ભાગ સુધી દોઢેક ઇંચ લાંબી **'યુસ્ટેચિયન ટ્યૂબ'** (eustachian tube)-નળી છે. બગાસું ખાતી વખતે એ નળી દ્વારા વચલા કાનમાં હવા જાય છે. ગળામાં સોજો આવે ત્યારે આ નળીનું દ્વાર અવરોધાવાથી આપણે સાંભળવામાં જે મુશ્કેલી અનુભવીએ છીએ તે કાનની અંદરબહારથી હવાનું સમદબાણ બગડવાથી જ